જૈન સિદ્ધાન્ત ગ્રંથમાળા. મણકો ૫૧ મો

શ્રી શુભચંદ્રાચાર્ય વિરચિત

# જ્ઞાનાર્ણવ

ભાગ પહેલો
સર્ગ ૧ થી ૨૦

મૂળ, મૂળનો અનુવાદ તથા
ટીકાના અનુવાદ સહિત

અનુવાદક
સોભાગચંદ ગો. તુરખીઆ

સંપાદક
નગીનદાસ ગિરધરલાલ શેઠ

# જ્ઞાનાર્ણવ

## ભાગ ૧ લો

## સર્ગ ૧ થી ૨૦

*

**ज्ञानार्णवस्य माहात्म्यं चित्ते को वेत्ति तत्त्वतः ।**
**यज्ज्ञानात्तीर्यते भव्यैर्दुस्तरोऽपि भवार्णवः ॥**

ભવ્ય જીવો જેના જ્ઞાનના આધારે આ દુસ્તર સંસાર-સમુદ્રને પાર કરી જાય છે એવા આ જ્ઞાનાર્ણવ ગ્રંથનું માહાત્મ્ય યથાર્થ રીતે પોતાના ચિત્તમાં કોણ જાણી શકે તેમ છે?

*

વાંચો

વિચારો

મનન કરો

જાતે નિર્ણય કરો

તે પ્રમાણે

વર્તન

કરો

*

જૈન સિદ્ધાન્ત ગ્રંથમાળા. મણકો ૫૧ મો

શ્રી શુભચંદ્રાચાર્ય વિરચિત

# જ્ઞાનાર્ણવ

ભાગ પહેલો

સર્ગ ૧ થી ૨૦

મૂળ, મૂળનો અનુવાદ તથા
ટીકાના અનુવાદ સહિત

અનુવાદક

સોભાગચંદ ગો. તુરખીઆ

સંપાદક

નગીનદાસ ગિરધરલાલ શેઠ

પ્રકાશક
શ્રી જૈન સિદ્ધાંત સભા (રજીસ્ટર્ડ)
ની વતી શેઠ નગીનદાસ ગિરધરલાલ
શાંતિસદન, ૨૫૯ લેમિંગ્ટન રોડ. મુંબઈ-૭ W.B.

*

પહેલી
આવૃત્તિ
ચૈત્ર
૨૦૨૦
એપ્રિલ
૧૯૬૪

વીર સં.
૨૪૯૦

કિંમત
રૂા. ચાર

*

મુદ્રક
પંડિત પરમેષ્ઠીદાસ જૈન
જૈનેન્દ્ર પ્રેસ,
લલિતપુર (ઝાંસી) ઉ. પ્ર.

# પ્રસ્તાવના

આ જ્ઞાનાર્ણવ ગ્રંથ ખરેખર જ્ઞાનનો અર્ણવ, સમુદ્ર જ છે. મોક્ષ-પ્રાપ્તિને માટે જરૂરનું જૈનધર્મનું સર્વ ઉપયોગી જ્ઞાન આ ગ્રંથમાં આવી જાય છે.

આ ગ્રંથના કર્ત્તા દિગંબરાચાર્ય શ્રી શુભચંદ્રાચાર્ય મહા જ્ઞાની યોગી હતા તે તેમના જીવનચરિત્ર ઉપરથી સમજી શકાય છે. અને આ ગ્રંથમાં તેમણે તેમના જ્ઞાનનો નીચોડ સમાવેલો છે એમ જ કહી શકાય અને તેટલા માટે જ આ ગ્રંથનું માહાત્મ્ય દિગંબર સંપ્રદાયમાં ઘણું પ્રસિદ્ધ છે.

આ ગ્રંથની જયપુર નિવાસી સ્વ. પંડિત જયચંદ્ર રાવજીએ ઢૂંઢારી ભાષામાં ટીકા લખેલી તેનો હિંદી અનુવાદ પં. શ્રી પન્નાલાલ બાકલીવાલે કરેલો, તે ઉપરથી શ્રી સોભાગચંદ ગો. તુરખીઆએ ગુજરાતી અનુવાદ તૈયાર કરેલ છે. તેમાં કેટલોક સુધારો વધારો કરી વાંચકને સહેલાઈથી સમજાય તેમ જ કોઈપણ વિષય ગમે ત્યારે શોધી કાઢવામાં સરળતા થાય તેવી રીતે ઠેકઠેકાણે વિષયને અનુરૂપ મથાળાં ગોઠવીને આ પુસ્તક તૈયાર કરવામાં આવેલ છે.

ગ્રંથ બહુ મોટો હોવાથી તેના બે ભાગ કરેલા છે. બીજો ભાગ પણ છપાય છે. તે પણ થોડા વખતમાં બહાર પાડવામાં આવશે.

આશા છે કે વાંચકોને આ પુસ્તક મોક્ષમાર્ગમાં આગળ વધવાને સારી રીતે મદદગાર, ઉપયોગી થશે.

શેઠ નગીનદાસ ગિરધરલાલ.

# અનુક્રમણિકા


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| આચાર્યપ્રવર શ્રી શુભચંદ્રાચાર્યનું જીવન ચરિત્ર .... | ૧૭ |

## પહેલો સર્ગ

### સત્શ્રુત પ્રશંસા

| | |
|---|---|
| મંગળાચરણ. .... .... ... | ૩૧ |
| શ્રી ઋષભદેવ ભગવાનને નમસ્કાર .... .... | ૩૪ |
| શ્રી ચંદ્રપ્રભદેવને નમસ્કાર .... .... | ૩૫ |
| શ્રી શાંતિનાથ પ્રભુને નમસ્કાર .... ... | ૩૬ |
| શ્રી મહાવીર સ્વામીને પ્રાર્થના નમસ્કાર ... | ૩૭ |
| શ્રી ગૌતમ ગણધર મહારાજને નમસ્કાર .... | ૩૭ |
| સત્પુરુષોની વાણી ... .... .... | ૩૮ |
| ગ્રંથરચનાની પ્રતિજ્ઞા .... .... .... | ૪૦ |
| જ્ઞાનાર્ણવનો મહિમા તથા પોતાની લઘુતા .... | ૪૨ |
| પૂર્વના મહાકવિઓનો મહિમા અને પોતાની લઘુતા | ૪૨ |
| પોતાની કૃતિનું પ્રયોજન .... ... | ૪૪ |
| સત્પુરુષોનો શાસ્ત્રરચનાનો વિચાર .... .... | ૪૪ |
| મિથ્યા શાસ્ત્રોનો નિષેધ .... .... .... | ૪૬ |

| વિષય | | | પૃષ્ઠ |
|---|---|---|---|


શાસ્ત્રોના ગુણોનો વિચાર .... .... ૪૭
પરીક્ષાથી ગુણનો નિર્ણય ... .... ૪૮
ગુણદોષો સ્વભાવથી જ થાય છે. .... .... ૪૮
આત્માની શુદ્ધિનો ઉપાય .... .... ૪૯
સત્પુરુષોની ભાવના .... .... .... ૪૯
મોક્ષ કથન .... .... ... .... ૫૨
મોક્ષના સાધન માટેની શિક્ષા .... .... ૫૨
ઉપસંહાર .... .... .... .... ૫૩

## બીજો સર્ગ

**હિતોપદેશ અને બાર ભાવના ... ૫૪**

વૈરાગ્ય ઉત્પાદક ઉપદેશ ... .... .... ૫૪
જીવની ભૂલ .... .... .... ૫૫
બાર ભાવનાનો ઉપદેશ .... .... .... ૫૬
બાર ભાવનાના નામ ... .... ... ૫૭
**૧. અનિત્ય ભાવના** .... .... .... ૫૭
ભોગોનો નિષેધ ... .... .... ૫૯
જીવની અજ્ઞાનતા .... .... .... ૬૦
બંધુજન કેવા છે? .... .... .... ૬૨
જીવોનું આશ્ચર્યકારક પ્રવર્તન .... .... ૬૩
પરિગ્રહથી સંતાપ .... .... .... ૬૪
અજ્ઞાનથી નરક આદિનાં દુઃખ .... .... ૬૪
જીવના કર્તવ્યનો ઉપદેશ .... .... ૬૫
પંખીના મેળા જેવો કુટુંબનો મેળો .... .... ૬૬
જીવોના શરીરની અવસ્થા .... .... ૬૭

| વિષય | | | પૃષ્ઠ |
|---|---|---|---|
| ઐશ્વર્ય આદિની અનિત્યતા | .... | .... | ૬૮ |
| આયુષ્ય અને યૌવનની નશ્વરતા | ... | .... | ૬૮ |
| મનોજ્ઞ વિષયોની ક્ષણિકતા | .... | .... | ૬૯ |
| શરીરની નિઃસારતા .... | ... | .... | ૬૯ |
| જગતમાં મોહનું માહાત્મ્ય | ... | .... | ૭૦ |
| ઉપસંહાર .... .... | .... | .... | ૭૧ |
| સંક્ષેપમાં તાત્પર્ય .... | .... | ... | ૭૧ |
| **૨. અશરણ ભાવના** ... | ... | ... | ૭૨ |
| મૃત્યુ વખતે કોઈ શરણ નથી | ... | ... | ૭૨ |
| કાળ અદ્વિતીય સુભટ છે | ... | ... | ૭૩ |
| મરેલાનો શોક કરવો તે મૂર્ખતા છે | | ... | ૭૩ |
| પૂર્વે મહાન પુરુષો પણ કાળના કોળિયા બની ગયા છે | | | ૭૪ |
| કાળની પ્રબળતા ... | ... | ... | ૭૪ |
| જીવોનું અજ્ઞાનપણું .. | ... | ... | ૭૬ |
| જીવને ઉપદેશ ... | ... | ... | ૭૭ |
| ઉપસંહાર .... | ... | ... | ૭૯ |
| સંક્ષેપમાં તાત્પર્ય ... | ... | ... | ૭૯ |
| **૩. સંસાર ભાવના** ... | ... | ... | ૮૦ |
| પાંચ પ્રકારના પરિવર્તનો .. | ... | ... | ૮૨ |
| ઉપસંહાર .... ... | .... | .... | ૮૪ |
| સંક્ષેપમાં તાત્પર્ય .... | .... | .... | ૮૫ |
| **૪. એકત્વ ભાવના** .... | .... | .... | ૮૫ |
| ઉપસંહાર .... | .... | .... | ૮૮ |
| સંક્ષેપમાં તાત્પર્ય .... | .... | .... | ૮૯ |

| વિષય | | | | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| **૫. અન્યત્વ ભાવના** | .... | .... | .... | ૯૦ |
| ઉપસંહાર | .... | .... | .... | ૯૩ |
| સંક્ષેપમાં તાત્પર્ય | ... | .... | .... | ૯૪ |
| **૬. અશુચિત્વ ભાવના** | .... | .... | .... | ૯૪ |
| ઉપસંહાર .... | .... | .... | .... | ૯૮ |
| સંક્ષેપમાં તાત્પર્ય | .... | .... | ... | ૯૮ |
| **૭. આસ્રવ ભાવના** | .... | ... | .... | ૯૯ |
| ઉપસંહાર .... | .... | .... | .... | ૧૦૧ |
| સંક્ષેપમાં ભાવાર્થ | .... | .... | .... | ૧૦૧ |
| **૮. સંવર ભાવના** | ... | .... | .... | ૧૦૨ |
| આસ્રવોને રોકવાનું વિધાન | | .... | .... | ૧૦૩ |
| સંવરનો મહિમા | .... | .... | .... | ૧૦૪ |
| સંક્ષેપમાં આશય | ... | ... | .... | ૧૦૫ |
| **૯. નિર્જરા ભાવના** | .... | .... | .... | ૧૦૬ |
| ઉપસંહાર .... | ... | ... | ... | ૧૦૮ |
| સંક્ષેપમાં તાત્પર્ય | .... | .... | .... | ૧૦૮ |
| **૧૦. ધર્મ ભાવના** | .... | .... | .... | ૧૦૯ |
| ઉપસંહાર | .... | .... | .... | ૧૧૪ |
| સંક્ષેપમાં આશય | .... | .... | .... | ૧૧૫ |
| **૧૧. લોક ભાવના** | .... | .... | .... | ૧૧૬ |
| ઉપસંહાર | .... | .... | .... | ૧૧૮ |
| સંક્ષેપમાં તાત્પર્ય | .... | .... | .... | ૧૧૮ |
| **૧૨. બોધિદુર્લભ ભાવના** | | .... | .... | ૧૧૯ |
| ઉપસંહાર | .... | .... | .... | ૧૨૩ |
| સંક્ષેપમાં આશય | .... | .... | .... | ૧૨૩ |

| વિષય | | | | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| ભાવનાઓનું ફળ તથા માહાત્મ્ય | .... | | .... | ૧૨૪ |
| પ્રકરણનો સાર | .... | .... | .... | ૧૨૫ |

## ત્રીજો સર્ગ

| | | | | |
|---|---|---|---|---|
| સંક્ષેપમાં ધ્યાનનું સ્વરૂપ | | | .... | ૧૨૮ |
| મોક્ષનું સ્વરૂપ | .... | .... | .... | ૧૨૯ |
| મોક્ષનું શાશ્વત સુખ | .... | .... | .... | ૧૩૦ |
| જ્ઞાન અને ધ્યાનનો ઉપદેશ | | .... | .... | ૧૩૧ |
| ધ્યાનની પ્રધાનતા અને યોગ્યતા | | .... | .... | ૧૩૨ |
| ધ્યાનના ત્રણ પ્રકારના આશય | | .... | .... | ૧૩૬ |
| ઉપસંહાર .... | .... | .... | .... | ૧૩૮ |

## ચોથો સર્ગ

| | | | | |
|---|---|---|---|---|
| ધ્યાતાની યોગ્યાયોગ્યતા | | | .... | ૧૪૦ |
| ધ્યાનના ચાર પ્રકાર | | .... | .... | ૧૪૦ |
| ધ્યાતાનું સ્વરૂપ | .... | .... | .... | ૧૪૨ |
| ગૃહસ્થાવસ્થામાં ઉત્તમ ધ્યાનનો નિષેધ | | | .... | ૧૪૩ |
| મિથ્યાદષ્ટિઓના ધ્યાનની સિદ્ધિનો નિષેધ | | | .... | ૧૪૬ |
| જિનાજ્ઞાથી પ્રતિકૂળ વર્તનાર જૈન મુનિને પણ ધ્યાનની સિદ્ધિ થતી નથી .... | | | .... | ૧૫૩ |
| પાપરૂપ પાંચ ભાવનાઓ | | .... | .... | ૧૫૬ |
| પાપાભિચાર કર્મો | .... | .... | .... | ૧૬૦ |
| ઉપસંહાર | .... | .... | .... | ૧૬૪ |

## પાંચમો સર્ગ

| | | | | |
|---|---|---|---|---|
| ધ્યાતા યોગીશ્વરની પ્રશંસા | | | .... | ૧૬૬ |
| ઉપસંહાર | .... | .... | .... | ૧૭૫ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| **છઠ્ઠો સર્ગ** | |
| **સમ્યગ્દર્શન** | ૧૭૭ |
| રત્નત્રયથી મોક્ષ | ૧૭૭ |
| સમ્યગ્દર્શનનું વર્ણન | ૧૭૯ |
| જીવ તત્ત્વ | ૧૮૧ |
| ૭ દ્રવ્યો અને અજીવ તત્ત્વનું વર્ણન | ૧૮૬ |
| પુદ્ગળ દ્રવ્યનું વર્ણન | ૧૮૭ |
| ધર્મ દ્રવ્ય | ૧૮૮ |
| અધર્મ દ્રવ્ય | ૧૮૮ |
| આકાશ દ્રવ્ય | ૧૮૯ |
| કાળ દ્રવ્ય | ૧૮૯ |
| શંકા–પ્રશ્ન–ઉત્તર | ૧૯૧ |
| દ્રવ્યોના પ્રદેશો | ૧૯૨ |
| બંધતત્ત્વ | ૧૯૩ |
| મોક્ષતત્ત્વ | ૧૯૪ |
| સમ્યગ્દર્શનનું માહાત્મ્ય | ૧૯૫ |
| ઉપસંહાર | ૧૯૭ |
| **સાતમો સર્ગ** | |
| **સમ્યગ્જ્ઞાન** | ૧૯૯ |
| જ્ઞાનના પ્રાંચ પ્રકાર | ૨૦૦ |
| મતિજ્ઞાનના ભેદ | ૨૦૦ |
| શ્રુતજ્ઞાન | ૨૦૧ |
| અવધિજ્ઞાન | ૨૦૧ |

| વિષય | | | | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| મનઃપર્યય જ્ઞાન | .... | .... | .... | ૨૦૨ |
| કેવળજ્ઞાન | .... | .... | .... | ૨૦૨ |
| જ્ઞાનની મહત્તા | .... | .... | .... | ૨૦૩ |
| ઉપસંહાર | .... | .... | .... | ૨૦૭ |
| **આઠમો સર્ગ** | | | | |
| **અહિંસા મહાવ્રત** | | .... | .... | ૨૦૮ |
| ચારિત્રના તેર પ્રકાર | .... | .... | .... | ૨૦૯ |
| અહિંસા મહાવ્રતનું વર્ણન | | .... | .... | ૨૧૦ |
| ઉપસંહાર | .... | .... | .... | ૨૨૮ |
| **નવમો સર્ગ** | | | | |
| **સત્ય મહાવ્રત** | | .... | .... | ૨૨૯ |
| ઉપસંહાર | .... | .... | .... | ૨૪૧ |
| **દશમો સર્ગ** | | | | |
| **અસ્તેય મહાવ્રત** | | .... | .... | ૨૪૩ |
| ઉપસંહાર | .... | .... | .... | ૨૪૯ |
| **અગિયારમો સર્ગ** | | | | |
| **બ્રહ્મચર્ય મહાવ્રત** | | .... | .... | ૨૫૦ |
| બ્રહ્મચર્યની પ્રશંસા | .... | .... | .... | ૨૫૧ |
| મૈથુનના દશ લક્ષણુ | .... | .... | .... | ૨૫૨ |
| મૈથુનનું દુઃખદાયક ફળ .... | | .... | .... | ૨૫૨ |
| બ્રહ્મચર્યથી ભાવશુદ્ધિ | .... | .... | .... | ૨૫૩ |
| મૈથુનથી વિરમવાનો ઉપદેશ અને કામના પ્રકોપથી થતા દોષો | | .... | .... | ૨૫૩ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| કામના દશ વેગ .... .... .... | ૨૫૮ |
| કામદેવનું માહાત્મ્ય .... .... .... | ૨૫૯ |
| કામી પુરુષની સ્થિતિનું વર્ણન .... ... | ૨૬૧ |

## બારમો સર્ગ

| | |
|---|---|
| **સ્ત્રી સ્વરૂપ વર્ણન** .... .... | ૨૬૫ |
| મદોન્મત્ત કામી સ્ત્રીનું વર્ણન .... .... | ૨૬૫ |
| કામી સ્ત્રીથી સંતાપ અને ભય .... .... | ૨૬૬ |
| કામી સ્ત્રી કુળકલંકિની બને છે .... ... | ૨૬૭ |
| કામાંધ સ્ત્રીના દુર્ગુણો .... .... | ૨૬૮ |
| સ્ત્રી સંગ વર્જવાનો ઉપદેશ ... .... | ૨૭૦ |
| વિલાસી સ્ત્રીના સર્જનનું વર્ણન .... .... | ૨૭૧ |
| કામી સ્ત્રીના દુશ્ચરિત્રનો પાર નથી હોતો .... | ૨૭૨ |
| કામાંધ સ્ત્રીઓનાં દુરાચરણોનું વર્ણન .... | ૨૭૩ |
| મહાન યોદ્ધા સ્ત્રી પાસે હારી જાય છે .... | ૨૭૫ |
| વીર પુરુષ પણ સ્ત્રી પાસે નમ્ર બની જાય છે .... | ૨૭૭ |
| સ્ત્રી એ પુરુષને વીંધવાનું શસ્ત્ર છે. .... | ૨૭૭ |
| ઉપસંહારમાં ઉપદેશ .... .... .... | ૨૮૦ |
| શીલવાન સ્ત્રીઓની પ્રશંસા .... .... | ૨૮૧ |

## તેરમો સર્ગ

| | |
|---|---|
| **મૈથુન ત્યાગનો ઉપદેશ** .... | ૨૮૪ |
| સ્ત્રી સંગમાં સુખની ભ્રમણા .... .... | ૨૮૫ |
| સ્ત્રી સંભોગનું દુઃખદ ફળ ... .... | ૨૮૬ |
| મૈથુન અવસ્થાનાં હલકાં કર્મ .... .... | ૨૮૭ |
| સ્ત્રીના અપવિત્ર દેહમાં આસક્તિની નિર્લજ્જતા .. | ૨૮૭ |

| વિષય | | | પૃષ્ઠ |
|---|---|---|---|
| સ્ત્રી સંગથી દૂર રહેવાનો ઉપદેશ | .... | .... | ૨૮૯ |
| મૈથુનથી દુર્ગતિ | .... | .... | ૨૯૦ |
| મૈથુનમાં થતી હિંસા | .... | .... | ૨૯૦ |
| શરીરની બીભત્સતા | .... | .... | ૨૯૧ |

## ચૌદમો સર્ગ

| | | | |
|---|---|---|---|
| **સ્ત્રી સંસર્ગ નિષેધ** | .... | .... | ૨૯૩ |
| સ્ત્રીના સંસર્ગથી થતી અવસ્થાઓ | .... | .... | ૨૯૭ |
| મુનિને ઉપદેશ | .... | .... | ૩૦૫ |
| ઉપસંહાર .... | .... | .... | ૩૦૬ |

## પંદરમો સર્ગ

| | | | |
|---|---|---|---|
| **વૃદ્ધ સેવાની પ્રશંસા** | ... | .... | ૩૦૭ |
| વૃદ્ધ સેવાથી ગુણોની પ્રાપ્તિ | .... | .... | ૩૦૮ |
| વૃદ્ધોનું સ્વરૂપ | .... | .... | ૩૦૮ |
| વૃદ્ધોની સેવા હિતકારી ગુણકારી | .... | .... | ૩૧૦ |
| સંતપુરુષના ગુણગ્રામથી કુવિદ્યાનો નાશ | | .... | ૩૧૪ |
| સત્પુરુષના સંગથી મિથ્યાત્વનો નાશ | | .... | ૩૧૪ |
| ગુરુસેવાથી ઉત્તમ ગતિ | .... | .... | ૩૧૮ |
| ઉપસંહારમાં ઉપદેશ | .... | .... | ૩૨૦ |

## સોળમો સર્ગ

| | | | |
|---|---|---|---|
| **પરિગ્રહત્યાગ મહાવ્રત** | ... | .... | ૩૨૫ |
| બાહ્ય અને આભ્યંતર પરિગ્રહ | .... | .... | ૩૨૫ |
| દશ બાહ્ય પરિગ્રહ | .... | .... | ૩૨૬ |
| પરિગ્રહની ઉત્પત્તિનું સ્થાન-મૂર્છા | .... | .... | ૩૨૬ |
| બાહ્ય પરિગ્રહના પદાર્થો | .... | .... | ૩૨૭ |

| વિષય | | | પૃષ્ઠ |
|---|---|---|---|
| ચૌદ આભ્યંતર પરિગ્રહ | .... | .... | ૩૨૭ |
| સર્વ પરિગ્રહત્યાગનો ઉપદેશ | .... | .... | ૩૨૮ |
| પરિગ્રહથી ગુણનો નાશ | .... | .... | ૩૨૮ |
| બાહ્યાભ્યંતર શુદ્ધિ આવશ્યક | .... | .... | ૩૨૯ |
| પરિગ્રહ એ દુઃખનું મૂળ | .... | .... | ૩૨૯ |
| સંપૂર્ણ પરિગ્રહત્યાગ એ જ મહાવ્રત | | .... | ૩૩૨ |
| ધનવાન અનેક દોષોનું ભાજન | .... | .... | ૩૩૩ |
| ધનવાનના મલિન વિચારો | .... | .... | ૩૩૪ |
| સર્વ પરિગ્રહથી રહિતને જ ધ્યાનની સિદ્ધિ | | .... | ૩૩૪ |
| ધન છોડીને સંતોષ રાખવાનો ઉપદેશ | | .... | ૩૩૭ |
| **સત્તરમો સર્ગ** | | | |
| **આશાની નિંદા** | ... | ... | ૩૩૯ |
| અપરિગ્રહની સિદ્ધિ માટે આશા તૃષ્ણાનો ત્યાગ | | .... | ૩૩૯ |
| આશા વધતાં મોહ વધે | .... | .... | ૩૩૯ |
| આશાના નાશથી સર્વસિદ્ધિ | .... | .... | ૩૪૦ |
| આશા નાશથી આત્મવિશુદ્ધિ | .... | .... | ૩૪૪ |
| **અઢારમો સર્ગ** | | | |
| **પાંચ સમિતિ વિ. નું વર્ણન** | | .... | ૩૪૬ |
| મહાવ્રત શબ્દનો અક્ષરાર્થ | .... | .... | ૩૪૬ |
| મહાવ્રતની શુદ્ધિ માટે ૨૫ ભાવના | .... | .... | ૩૪૭ |
| પાંચ સમિતિઓ .... | .... | .... | ૩૪૭ |
| પાંચ સમિતિ ત્રણ ગુપ્તિનું સ્વરૂપ | .... | .... | ૩૪૮ |
| રત્નત્રયથી મુક્તિ .... | .... | .... | ૩૫૨ |
| નિશ્ચયનયથી રત્નત્રયરૂપ આત્માનું વર્ણન | | .... | ૩૫૩ |
| સાધકને ઉપદેશ .... | .... | .... | ૩૫૫ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|

## ઓગણીસમો સર્ગ
### કષાયની નિંદા

| | |
|---|---|
| **ક્રોધ કષાયનું વર્ણન** .... .... | ૩૫૯ |
| ક્રોધ દૂર કરવાનો આત્માને બોધ .... .... | ૩૬૨ |
| ક્રોધને ક્ષમાથી શાંત કરવો .... .... | ૩૬૩ |
| ક્રોધ જીતવા માટે કરવાના વિચારો .... .... | ૩૬૩ |
| પૂર્વકર્મ શાંતિથી ભોગવી લેવાનો ઉપદેશ .... | ૩૬૭ |
| કર્મ ખપાવવા માટે કરવાના વિચારો .... | ૩૬૭ |
| ઉપસર્ગ પરિસહ શાંતિથી સહન કરવાનો ઉપદેશ .... | ૩૭૨ |
| **માન કષાયનું વર્ણન** .... .... | ૩૭૮ |
| માનથી ભેદજ્ઞાનનો નાશ .... .... | ૩૭૯ |
| માનથી વિવેકનો નાશ .... .... | ૩૭૯ |
| ગુણ વિના માન વ્યર્થ .... .... | ૩૮૦ |
| પ્રશસ્ત અપ્રશસ્ત માન .... .... | ૩૮૧ |
| **માયા કષાયનું વર્ણન** .... .... | ૩૮૨ |
| તપમાં માયાચાર અહિતકારી .... .... | ૩૮૨ |
| માયા એ શલ્ય છે .... .... .... | ૩૮૩ |
| માયા આ લોક પરલોક બન્ને બગાડે છે .... | ૩૮૪ |
| **લોભ કષાયનું વર્ણન** .... .... | ૩૮૫ |
| સર્વ દોષોનું મૂળ–લોભ .... .... | ૩૮૬ |
| ચારે કષાયના ત્યાગનો ઉપદેશ .... .... | ૩૮૬ |

## વીસમો સર્ગ

| | |
|---|---|
| **ઈન્દ્રિયજયની આવશ્યકતા** .... | ૩૮૯ |
| ઈન્દ્રિયોની ઉન્મત્તતાથી કષાયોની વૃદ્ધિ .... | ૩૯૦ |
| ઈન્દ્રિયજનિત સુખ દુઃખરૂપ છે .... | ૩૯૦ |
| અતીંદ્રિય સુખનું વર્ણન .... .... | ૩૯૫ |

# આચાર્યપ્રવર શ્રી શુભચંદ્રનું જીવનચરિત્ર

પ્રાચીન સમયમાં માલવ પ્રાન્તની ઉજ્જયિની નગરીમાં એક સિંહ નામનો રાજા રાજ્ય કરતો હતો. તે મહાન ધર્માત્મા હતો અને પ્રજાનું પુત્રવત્ પાલન પોષણ કરતો હતો. તેના રાજ્યમાં બધા લોકો ખૂબ આનંદથી નિર્ભય બનીને પોતાના દિવસો વ્યતીત કરતા હતા.

રાજાને એક પણ સંતાન ન હોવાથી તે એક દિવસ એકાન્તમાં બેઠેલો ત્યારે એવી ચિંતા ઉત્પન્ન થઈ કે—"અરેરે! મારે કોઈ પણ પુત્ર નથી. પુત્ર વિના આ બધાં સુખ અને વૈભવ શૂન્ય છે! પુત્ર વિના મારા વીરવંશની રક્ષા હવે કેવી રીતે થશે? ખરેખર, પુત્ર વગર સંસાર આનંદ રહિત લાગે છે અને આ જીવન પણ દુઃખમય છે.

આ પ્રમાણે આન્તરિક દુઃખથી વ્યથિત રહેવાને કારણે રાજાની મુખકાંતિ કંઈક મલિન, પ્રભાહીન થવાને કારણે એક દિવસે મંત્રીએ

પૂછ્યું કે, મહારાજ ! આપ શા માટે ઉદાસ રહો છો, આમ દિલગીર રહેવાનું શું કારણ છે ? તે કારણનું નિવારણ અમારા હાથમાં હશે તો અમે જરૂર તે દૂર કરવા પ્રયત્ન કરશું.

મંત્રીના અત્યધિક આગ્રહને કારણે ઈચ્છા ન હોવા છતાં પણ રાજાને પોતાના હૃદયની વ્યથા કહેવી પડી.

બુદ્ધિમાન મંત્રીએ આ દૈવાધીન વાત સાંભળી નિવેદન કર્યું કે મહારાજ ! સંપૂર્ણ સાંસારિક સુખોની પ્રાપ્તિ પુણ્યના પ્રભાવથી થાય છે. પુણ્યોદય વગર કંઈ પણ પ્રાપ્ત થતું નથી. તેથી તેનું શરણ લીધા સિવાય બીજો ઉપાય નથી. એટલે પુણ્યોપાર્જન કરો તો તમારી બધી ઈચ્છાઓ પૂર્ણ થશે.

મંત્રીના આ પ્રકારના સંબોધનથી રાજાને સંતોષ થયો અને તે ધર્મકૃત્યોમાં વિશેષ સાવધાન થઈને રાજ્ય કરવા લાગ્યો.

એક દિવસ રાજા પોતાની રાણી અને મંત્રીને સાથે લઈને વનક્રીડા કરવા માટે ગયો. ત્યાં એક સરોવરની સમીપે મુંજના (કાંસના) ખેતરમાં લટાર મારી રહ્યો હતો ત્યાં અચાનક તેની દૃષ્ટિ એક બાળક ઉપર પડી. તે બાળક મુંજના વૃક્ષોની આડમાં પડ્યો પડ્યો પોતાનો અંગુઠો ચૂસી રહ્યું હતું. તેને જોતાં જ રાજાના હૃદયમાં પ્રેમનો સંચાર થયો. ઝટપટ તે બાળકને ઉપાડી સરોવરને કાંઠે બેઠેલી પોતાની રાણીની પાસે આવ્યો અને તેની ગોદમાં બાળકને મૂકી બોલ્યો– પ્રિયે ! જુઓ આ કેવો પ્યારો લાગે તેવો સંપૂર્ણ શ્રેષ્ઠ લક્ષણોથી યુક્ત બાળક છે ! આને થોડો વખત હૃદય સરસો લગાડી આનંદાનુભવ કરો.

રાણીએ પુત્રને ગોદમાં લીધો અને હસીને બોલી, નાથ ! હમણાં

આપ અહીં હતા અને આટલી જલ્દી આવો મનને ગમી જાય તેવો બાળક ક્યાંથી લાવ્યા ?

રાજાએ કહ્યું–હું આ સામેના ખેતરમાં ફરી રહ્યો હતો ત્યાં અચાનક એક મુંજના વૃક્ષ નીચે પડેલા આ બાળક પર મારી દૃષ્ટિ પડી.

મંત્રીને પણ રાજાએ બધો વૃત્તાન્ત કહી સંભળાવ્યો. તેણે સંમતિ આપી કે, મહારાજ ! આ એક હોનહાર બાળક દેખાય છે. આપના સૌભાગ્યથી આની પ્રાપ્તિ આપને થઈ છે. હવે નગરમાં જઈને મહારાણીના ગૂઢગર્ભની વાત પ્રગટ જાહેર કરી પુત્રોત્સવ મનાવો. તેમ કરવાથી લોકોને કંઈ પણ સંશય થશે નહિ. લોકો સમજશે કે મહારાણીને પહેલાંથી ગર્ભ રહ્યો હશે અને કોઈ કારણે તે પ્રગટ કર્યો નહિ હોય !

મંત્રીની સંમતિ રાજાને પસંદ પડી. અને પછી નગરમાં આવીને એમ જ કર્યું. ઘેર ઘેર તોરણ બંધાયા અને મહોત્સવ ઉજવાવા લાગ્યો. રાજ્ય તરફથી ઈચ્છા મુજબ દાન અપાવા લાગ્યું. ટૂંકમાં–જેવી રીતે પુત્રજન્મોત્સવ ઉજવાવો જોઈએ તેવી જ રીતે ઉજવવામાં આવ્યો. પ્રજાને પણ આ વાતથી સંતોષ થયો કે, અમારા શિરછત્ર મહારાજની ગોદ ભરાઈ ગઇ.

આ બાળક મુંજની નીચેથી મળ્યું હતું, તેથી રાજાએ તેનું નામ મુંજ[1] પાડ્યું. મુંજ રાજકુમાર દિવસે દિવસે મોટો થવા

---

૧–મુંજનું બીજું નામ **વાકપતિરાજ** અથવા અમોઘવર્ષ પણ પ્રસિદ્ધ છે. એક ગ્રંથમાં **ઉત્પલરાજ** પણ તેમનું નામ બતાવવામાં આવ્યું છે. **અમોઘવર્ષ**ના સંબંધમાં કેટલાક વિદ્વાનોનો મત એવો છે કે આ એક પદવી છે, કે જે એક **ચૌલુક્યવંશીય** રાજાને પણ પ્રાપ્ત થઈ હતી.

લાગ્યો. અને થોડા વખતમાં તો ગુરુની પાસે અધ્યયન કરીને સકળ કળાઓમાં કુશળ બની ગયો. યોગ્ય ઉંમર થતાં મહારાજે રત્નાવતી[૨] નામની એક રાજકન્યાની સાથે તેનો વિવાહ કરી દીધો. મુંજકુમાર તેની સાથે આનંદ ક્રીડા કરતો સુખપૂર્વક જીવન યાપન કરવા લાગ્યો.

આ બાજુ થોડા દિવસ વીતતાં મહારાજા સિંહની રાણીએ ગર્ભ ધારણ કર્યો અને દસમે મહિને એક પુત્રને જન્મ આપ્યો. તેનું નામ સિંહલ[૩] (સિન્ધુરાજ) રાખવામાં આવ્યું. આ પુત્રના જન્મનો તેથી પણ વિશેષ મહોત્સવ મનાવવામાં આવ્યો. મહારાજા અને મહારાણીને અવર્ણનીય આનંદ થયો. સિંહલ કુમારના લગ્ન મૃગાવતી નામની રાજકન્યા સાથે કરવામાં આવ્યા હતા.

થોડા સમય બાદ મૃગાવતી ગર્ભવતી થઈ. તેણીએ શુભ મુહૂર્ત નક્ષત્રમાં એક યુગલપુત્ર (જોડકાં) ને જન્મ આપ્યો. મોટાનું નામ શુભચંદ્ર અને નાનાનું નામ ભર્તૃહરિ રાખ્યું. નાનપણથી જ આ બાળકોનું ચિત્ત તત્વજ્ઞાન પ્રત્યે સવિશેષ હતું તેથી યોગ્ય ઉંમર થતાં તેમણે તત્વજ્ઞાનમાં સારી યોગ્યતા સંપાદન કરી. પાછળથી આ બન્ને બાળકો જ પરમયોગી શ્રી શુભચંદ્રાચાર્ય અને રાજર્ષિ ભર્તૃહરિ તરીકે પ્રસિદ્ધ થયા.

---

૨– **પ્રબંધ ચિંતામણિ**માં મુંજની સ્ત્રીનું નામ ભીમરાજાની કન્યા **શ્રીમતી** લખ્યું છે. જેમકે–भीमभूपसुतां सिंहभटेन मेदिनीभुजा। श्रीमतीं सन्महं मुञ्जकुमारः परिणायितः ॥

૩–નાગપુરના એક **શિલાલેખ**થી, શ્વેતાંબર જૈનકવિ **ધનપાલ** કૃત **તિલકમંજરી**થી, **નવસાહસાંકચરિત**થી અને **ઉદયપુર પ્રશસ્તિ**થી ભોજની વંશાવલીમાં સિન્ધુરાજના પિતાનું નામ **સીયકદેવ**, **સીયક** અથવા **શ્રીહર્ષસીયક** માલુમ પડે છે, પરંતુ **સિંહ** એવુ નામ

એક દિવસ આકાશમાં વાદળાંઓને રંગ બદલતા અને વિલીન-લુપ્ત થતા જોઇને મહારાજ સિંહને વૈરાગ્ય ઉત્પન્ન થઈ ગયો. બધા વિષય–ભોગોના સુખોને વાદળાંની જેમ ક્ષણભંગુર જાણીને તેમણે મુંજ અને *સિંહલને રાજનીતિ સંબંધી શિક્ષા આપીને જિનદીક્ષા લઈ લીધી. રાજા મુંજ પોતાના ભાઇની સાથે સુખપૂર્વક રાજ્ય કરવા લાગ્યો.

એક દિવસ રાજા મુંજ વનક્રીડા કરીને પાછા વળી રહ્યા હતા તેવામાં માર્ગમાં એક ઘાંચીને ખંભા ઉપર કોદાળી રાખીને ઊભેલો જોયો. તેને ગર્વોન્મત્ત થઇ ઉભેલો જોઈ મુંજે પૂછયું–આમ શા માટે ઊભો છે ?

તેણે કહ્યું કે મને એક અપૂર્વ વિદ્યા પ્રાપ્ત થઈ છે. તેના પ્રભાવથી મારામાં એટલું બધું બળ ઉત્પન્ન થયું છે કે મને કોઇ પણ જીતી શકે તેમ નથી.

---

કોઈપણ લેખમાંથી પ્રગટ થતું નથી. હા, સીયકદેવના પિતાનું નામ **વૈરિસિંહ** અવશ્ય પ્રસિદ્ધ થયું છે. **એપીગ્રાફિકા ઈંડિકાના** વોલ્યુમ ૧ પાન ૨૨૨–૨૨૫માં સીયકદેવનું એક બીજું નામ **સિંહદન્ત સિંહભટ** એમ બતાવવામાં આવ્યું છે. કદાચ **સિંહદન્ત** સિંહભટને જ આ કથાના લેખકે સંક્ષેપમાં **સિંહ** એવો ઉલ્લેખ કર્યો હોય !

---

૪–**સિંહલ** (સિન્ધુરાજ)ને કેટલાક પાશ્ચાત્ય વિદ્વાનો મુંજનો પુત્ર અને કેટલાક ગ્રંથકારો મુંજનો મોટો ભાઈ માને છે. પરંતુ પ્રબંધચિન્તામણિ વિ. અનેક ગ્રંથોના આધારે નિશ્ચિત થયું છે કે, સિંહલ એ મુંજનો નાનો ભાઇ હતો. આથી વિપરીત માનનારાઓનું ખંડન **સુભાષિત-રત્નસંદોહની** ભૂમિકામાં વિસ્તારથી કરવામાં આવ્યું છે.

આ સાંભળી રાજાએ તિરસ્કાર પૂર્વક પરિહાસ કર્યો કે-શું ઘાંચી પણ કોઈ વખત બળવાન થયા જાણ્યા છે?

તેના ઉત્તરમાં ઘાંચીએ એક લોખંડનો દંડ જોરથી જમીનમાં ખોસી દીધો અને કહ્યું, ઠીક ત્યારે મહારાજ! આપના સામંતોમાં જે કોઈ પણ સામંત બહાદુરપણાનું અભિમાન રાખતો હોય, તે આ દંડને ઉખાડી મારા બળની પરીક્ષા કરી જુએ.

આ સાંભળી મુંજે પોતાના સૈનિકો તરફ જોયું.

સંકેત મળતાં જ સામંતગણ તે ઉખેડવાનો પ્રયત્ન કરી જોર અજમાવવા લાગ્યા. પરંતુ કોઈથી પણ તે રંચમાત્ર પણ હલ્યો નહિ. તે જોઈ રાજા સિંહલ પોતે ઊભો થઈ ત્યાં આવ્યો અને એક હાથે તે લોહદંડને ખેંચી કાઢયો. અને પછી પાછો તે લોહદંડ એક હાથથી જમીનમાં ખૂંતાડી કહ્યું-ઠીક ત્યારે, હવે આ મારા નાખેલા લોહદંડને કોઇ બહાર કાઢે તો તે ખરો.

ત્યારે તે કાઢવા ઘાંચી જોર લગાડી લગાડીને થાકી ગયો પરંતુ લોહદંડ બહાર નીકળ્યો નહિ. બીજા સામંતોએ પણ પોતપોતાનું બળ અજમાવી જોયું. પરંતુ કોઈ પણ સફળ થયું નહિ.

અંતે રાજકુમાર શુભચન્દ્ર અને ભર્તૃહરિ બન્ને જણા મુંજની સામે હાથ જોડી બોલ્યા, તાત! જો આપની આજ્ઞા હોય તો અમે આ લોહદંડને ઉખાડી ફેંકીએ.

આથી રાજા હસીને બોલ્યો-પુત્રો! તમારા જેવાનું આ કામ નથી. હજી તમે બાળક છો, તેથી અખાડામાં જઈને પોતાની જોડીના બાળકોની સાથે કુસ્તી કરો.

બાળકોએ કહ્યું, મહારાજ! સિંહણના બચ્ચાને હાથીનું ગંડ-સ્થલ વિદારતાં કોણ શીખવે છે? અમે આપના સંતાન છીએ.

આ દંડને હાથે ઉખાડવો તેમાં શી મોટી વાત છે? આપ આજ્ઞા આપો તો અમે હાથ લગાડયા વગર જ તેને ઉખેડી બહાર કાઢી શકીએ છીએ, જો અમે તેમ ન કરી શકીએ તો અમને આપે ક્ષત્રિય પુત્રો માનવા નહિ.

આ પ્રાર્થના ઉપર મુંજે કંઈ ધ્યાન આપ્યું નહિ અને તેમને સમજાવી તે વાતને ટાળવા પ્રયત્ન કર્યો પરંતુ બાળહઠ આકરી હોય છે. અંતે આજ્ઞા આપવી જ પડી.

ત્યારે કુમારોએ પોતાના માથાની ચોટલીનો ફાંસો નાખી જોતજોતામાં એક જ ઝટકે લોહદંડને ઉખાડી ફેંકી દીધો. ચારે તરફથી ધન્ય ધન્યનો ધ્વનિ ગુંજવા લાગ્યો. કુમારોનો જય જયકાર થવા લાગ્યો અને ધાંચી મદરહિત થઈને પોતાના પંથે પડયો.

રાજતૃષ્ણા ઘણી ખરાબ વસ્તુ હોય છે. મોટા મોટા વિદ્વાનો તેના ફંદામાં–જાળમાં સપડાઈ ઘણા અનર્થો કરી બેસે છે.

તે દિવસે રાજા મુંજને બાળકોના બળનું કૌતુક જોઈ વિચાર થયો કે, અહો! આ બાળકોના બળનો કંઇ પાર નથી. તેમના જીવતાં મારા રાજ્યસિંહાસનની શું સુરક્ષિતતા રહી શકે? જ્યારે આ બાળકોને ઇચ્છા થશે ત્યારે જરૂર મને સિંહાસનથી ચ્યુત કરી નાખશે અને તેમ કરતાં તેમને વાર પણ નહિ લાગે. જો અત્યારે તેમનું ઉચ્છેદન કરવામાં ન આવે તો રાજનીતિની આ એક મહાન ભૂલ થઈ ગણાશે. વિષવૃક્ષના અંકુરને ઉખેડી નાખવામાં જ બુદ્ધિમાની છે.

તત્કાળ મંત્રીને બોલાવ્યો અને મુંજે પોતાના વિચારો તેની સમક્ષ ખુલ્લા કર્યા અને કહ્યું–હમણાં ને હમણાં અવિલંબ આ બંનેને પરલોકનો માર્ગ દેખાડવાનો બંદોબસ્ત કરો.

મંત્રી આ સાંભળી સુનમુન થઇ ગયો, ઠરી ગયો. છાતી કઠણુ કરી તેણે મુંજને ઘણો સમજાવ્યો કે આવો અનર્થ ન કરશો. રાજકુમારો વિષે આવી કુશંકા કરવાનું કંઇ પણુ કારણુ નથી. તેઓ કોઈ જાતની દુર્મતિ કરે તેમ દેખાતું નથી.

પરંતુ મુંજે મંત્રીની એક પણુ વાત સાંભળી નહિ અને કહ્યું– રાજનીતિતત્વમાં હજી તમે કાચા છો. આ બાબતમાં તમે જરાપણુ વિચારાવિચાર ન કરો અને મારી આજ્ઞાનું પાલન કરો.

મંત્રી હૃદયમાં ખૂબ દુઃખી થઈ ગયો અને 'જેવી આપની આજ્ઞા' કહીને ચાલ્યો ગયો. રાજાજ્ઞાનું પાલન કરવાની ઘણી ચેષ્ટા કરી પરંતુ તેનું હૃદય કોઈ રીતે તૈયાર થયું નહિ.

એકાંતમાં રાજપુત્રોને બોલાવી તેણે મુંજના ભયંકર વિચારો જાહેર કર્યા અને ઉજ્જયિની છોડી ભાગી જવાની સંમતિ આપી.

ત્યારે રાજકુમારોએ પોતાના પિતા સિંહલની આગળ મુંજની ગુપ્તમંત્રણા પ્રગટ કરી પૂછ્યું, હવે અમારું શું કર્તવ્ય છે તે તમે નક્કી કરી દો.

મુંજના આવા પામર હલકા વિચારો સાંભળી સિંહલનો ક્રોધ ભભુકી ઉઠ્યો. તેમણે અધીર બનીને કહ્યું—જો મુંજ આવો નીચ હોય તો તમે ચુપચાપ શા માટે બેઠા છો? જાઓ અને તે ષડયંત્ર કાર્યમાં પરિણુત કરે તે પહેલાં જ તેને યમલોકમાં પહોંચાડી દો. કારણુ કે રાજનીતિમાં "મારે તેને મારી નાખવો" એમ કહ્યું છે.

આ સાંભળી તત્વવિશારદ ઉદાર હૃદય રાજકુમારોએ કહ્યું– તાત! આવું દુષ્કૃત્ય આચરવું તે અમારા માટે યોગ્ય નથી. તેઓ આપની સમાન જ પૂજ્ય પિતાતુલ્ય છે. અમે તેમને મારીને અપ-

યશની ગાંસડી અમારા શિરે ઉપાડવા ઇચ્છતા નથી. વળી કેટલું અમારે જીવવું છે કે જેના માટે આવું કૃત્ય કરીએ ? તેમને તેમના પાપોનો બદલો પોતાની મેળે મળી જશે. અમે તેવો પ્રયત્ન કરીને પોતાને દોષિત શા માટે બનાવીએ ? તેઓ કદાચ પોતાને અમર માનતા હશે પરંતુ અમે તો આ શરીરને ક્ષણભંગુર માનીએ છીએ. તેથી હવે અમે આ બધી ઝંઝટોથી મુક્ત થઈને આ શરીર વડે કંઈક આત્મકૃત્ય કરી લેવા ઇચ્છીએ છીએ. સંસારમાં કોઈ કોઈનું સગું નથી. બધા પોતપોતાના સ્વાર્થના સગાં છે. આ સંસાર બુદ્ધિમાન પુરુષોએ સેવન કરવા યોગ્ય નથી. આ પ્રમાણે પોતાના વિચારો પ્રગટ કરીને બન્ને ભાઈ ત્યાંથી રવાના થયા. પિતા સ્નેહાર્દ્ર નેત્રોથી તેમને જોઈ રહ્યા.

મહામતિ શુભચન્દ્રે કોઈ વનમાં જઈને એક મુનિરાજની સાન્નિધ્યમાં જિનદીક્ષા અંગીકાર કરી અને તેર પ્રકારના ચારિત્રનું પાલન કરતાં કરતાં ઘોર તપશ્ચર્યા આદરી.

પરંતુ ભર્તૃહરિએ એક કૌલ (તંત્રવાદી) તપસ્વી પાસે જઈને તેની સેવામાં મન લગાડયું અને તેની દીક્ષા ગ્રહણ કરી. જટા વધારી, શરીરે ભસ્મ લગાવી.કમંડલુ અને ચીપીયો હાથમાં લીધા અને કંદમૂળથી પોતાનું ઉદર પોષણ કરવા લાગ્યા. એકવાર એક જંગલમાં તેઓ ભૂલથી એક સ્થાને પહોંચ્યા, કે જ્યાં એક યોગી સમાધિ લગાવી પંચાગ્નિ તપ કરી રહ્યો હતો. તેને વિશેષજ્ઞ-વિદ્વાન જાણી તેમણે તેને શિષ્ય બનાવવાની પ્રાર્થના કરી.

તેણે તેમને આ એક રાજપુત્ર છે એમ જાણીને પોતાના શિષ્ય તરીકે સ્વીકાર્યા અને કહ્યું કે-મારી પાસે ઘણી વિદ્યાઓ છે. તમારી જો ઇચ્છા હોય તો ખુશીથી શીખી શકો છો.

ત્યારથી તેઓ તેની પાસે જ રહેવા લાગ્યા અને તેની સેવા કરી પ્રસન્ન કરી તેની પાસેથી વિદ્યા શીખવા લાગ્યા. બાર વર્ષ સુધી રહી ભર્તૃહરિએ ઘણી વિદ્યાઓ, મંત્ર, યંત્ર, તંત્ર શીખીને ત્યાંથી રવાના થવાનો વિચાર કર્યો. તે વખતે યોગીએ તેમને એક સત-વિદ્યા અને રસતુંબી કે જેના સંસર્ગથી તાંબુ સુવર્ણ બની જતું તે આપ્યાં અને પછી જવાની રજા આપી.

ભર્તૃહરિ પ્રણામ કરીને ત્યાંથી રવાના થયા અને એક સ્વતંત્ર જગ્યાએ આસન જમાવીને રહેવા લાગ્યા. ત્યાં તેમના સેંકડો શિષ્ય બન્યા અને તેમની તનમનથી સેવા કરવા લાગ્યા. રસતુંબીના પ્રભાવથી ત્યાં તેમને બધા પ્રકારના સુખો સુલભ બની ગયા.

એક દિવસ તેમને પોતાના ભાઈનો વિચાર આવ્યો કે તેઓ ક્યાં રહેતા હશે? અને કેવી રીતે સુખદુઃખમાં પોતાનું જીવન વીતાવતા હશે? તેથી પોતાના એક શિષ્યને તેમણે શુભચન્દ્રની ખબર કાઢવા માટે મોકલ્યો. ને શિષ્ય અનેક જંગલોને પાર કરી જ્યાં શ્રી શુભ-ચન્દ્ર મુનિ તપસ્યા કરતા હતા, ત્યાં પહોંચ્યો. જોયું તો, તેમના શરીર ઉપર વસ્ત્રનો એક કટકો પણ નથી. અને કમંડલુ સિવાય કંઈ પણ પરિગ્રહ નથી.

શિષ્યજી બે દિવસ રહ્યા. બન્ને દિવસના બે ઉપવાસ કરવા પડયા. ત્યાં કોણ પૂછનાર હતું કે ભાઇ! તમે જમશો કે નહિ. અંતે ત્રીજે દિવસે પ્રણામ કરીને ત્યાંથી પાછા આવ્યા. પોતાના ગુરુદેવ પાસે આવી નિવેદન કર્યું—મહારાજ! આપના ભાઈ તો ખૂબ સંકટમાં છે, બીજું તો ઠીક પરંતુ વેંતની લંગોટી પણ તેમની પાસે નથી. ખાવા પીવાની કંઈ પણ સગવડ નથી. મારે પોતાને પણ બે દિવસના ઉપવાસ કરવા પડયા. આપે તેમને કંઈક સહાયતા કરવાની જરૂર છે કે જેથી તેઓ ઘોર દારિદ્રયથી મુક્ત થઈ જાય.

આ હકીકત સાંભળી ભર્તૃહરિને ઘણું દુઃખ થયું. તેમણે તરત જ તુંબીમાંથી અડધો રસ બીજી તુંબીમાં નાખી તે જ શિષ્યને આપી અને કહ્યું—આ ભાઈને આપી કહેજો કે હવે આ રસથી ઇચ્છા પ્રમાણે સુવર્ણ તૈયાર કરીને દારિદ્રયથી મુક્ત થાઓ અને સુખચેનથી રહો.

શિષ્ય તરત જ ત્યાંથી ઉપડ્યો. મુનિરાજ શુભચન્દ્રની સમીપે જઇને તેણે તે રસતુંબી સમર્પણ કરી અને તેના ગુણનું વર્ણન કરીને ભાઈનો સંદેશો કહી સંભળાવ્યો.

મુનિરાજે કહ્યું—ઠીક છે, હવે આને પથ્થર ઉપર નાખી દો.

શિષ્ય વિસ્મય પામી બોલ્યો–મહારાજ ! આપ શું કહો છો ? આવી અપૂર્વ વસ્તુ આપ વ્યર્થમાં કેમ નખાવો છો ?

તેમણે ઉત્તર આપ્યો–તમારે શું છે ? જ્યારે તમે આ વસ્તુ અમને સમર્પણ કરી દીધી તો પછી તેનું અમે ગમે તે કરીએ. જો એમ ન કરવું હોય તો આને પાછી લઈ જાઓ અને તમારા ગુરુદેવને પાછી આપી દેજો. અમારે તેની જરૂર નથી.

શિષ્ય વિચારમાં પડી ગયો કે, શું કરવું ? અંતે વિચાર કર્યો કે, 'જો રસ પાછો લઈ જઈશ તો ગુરુજી નારાજ થશે, અને જ્યારે આ આમને આપી જ દીધું છે તો તેનું તેઓ ગમે તે કરે તેથી મને શું નુકશાન ? આમનું ભાગ્ય જ એવું છે કે જેથી આવી તેમને મૂર્ખતા સૂઝે છે'

શિષ્ય રસને પથ્થર ઉપર ઢોળી પોતાના ગુરુની પાસે પાછો આવ્યો. આવીને બધા સમાચાર કહી સંભળાવ્યા. તે સાંભળી ભર્તૃહરિને ઘણું દુઃખ થયું. તેમણે મનમાં એમ સમાધાન કર્યું કે આ

શિષ્યે તેમને રસનું યથાર્થ ગુણવર્ણન કર્યું નહિ તેથી જ તેમણે તે રસ ફેંકાવી દીધો હશે, એમ વિચારી પોતાના બીજા અનેક શિષ્યોને સાથે લઈ પોતે જ શુભચન્દ્રમુનિને મળવા ચાલ્યા. પોતાની સાથે જે અડધો રસ બચ્યો હતો તે પણ લીધો. ત્યાં પહોંચી શ્રી શુભચન્દ્રમુનિને ખૂબ નમ્રતાથી નમસ્કાર કરી કુશળ સમાચાર પૂછ્યા. પછી તે રસતુંબી ભેટસ્વરૂપ તેમની આગળ ધરી. મુનિએ પૂછ્યું, આમાં શું છે?

**ભર્તૃહરિ**—આમાં રસ–ભેદી રસ છે. તેના સ્પર્શથી તાંબું સુવર્ણ બની જાય છે. ખૂબ પરિશ્રમથી આ પ્રાપ્ત થયું છે.

**શુભચન્દ્ર**—(તુંબીને પથ્થરની શિલા ઉપર પટકીને) ભાઇ ! આ પથ્થર તો સુવર્ણ થયો નહિ. આનો ગુણ આ પથ્થરમાં લાગતાં ક્યાં ચાલ્યો ગયો?

**ભર્તૃહરિ**—(વિરક્ત થઇને) આ આપે શું કર્યું? મારી બાર વર્ષની કમાણી આપે નષ્ટ કરી દીધી. મને આવી ખબર હોત તો હું આપની પાસે આવત જ નહિ. તુંબીને ફોડીને આપે બુદ્ધિમાનીનું કાર્ય કર્યું નથી. બહુ સારું, હવે આપ આપની પણ કંઇક કળા દેખાડો તો તો ખરા કે, આટલા દિવસોમાં આપે શું સિદ્ધિ પ્રાપ્ત કરી છે?

**શુભચન્દ્ર**—ભૈયા ! શું તમને આ રસના નાશ થવાથી આટલું બધું દુઃખ થયું છે? જો તમને સુવર્ણ કમાવાની ઇચ્છા હતી તો ઘરબાર શા માટે છોડયા? શું આપણા ઘરમાં સોના અને ઝવેરાતની કમી હતી? અરે મૂર્ખ? શું આ સાંસારિક દુઃખોની નિવૃત્તિ આ મંત્ર, તંત્ર અથવા રસોથી થવાની છે? તારું જ્ઞાન ક્યાં ચાલ્યું ગયું કે જરા જેટલા રસને માટે વિવાદ કરીને મારી કળા જાણુવા

ઇચ્છે છે? મારામાં કોઈ કળા નથી કે કોઈ જાદૂ નથી તો પણ તપશ્ચર્યામાં એવી શક્તિ રહેલી છે કે અશુચિની ધારથી આ પર્વત સુવર્ણમય, સોનાનો થઈ શકે છે.

એટલું કહીને શુભચન્દ્રે પોતાના પગ નીચેની થોડીક ધૂળ હાથમાં લઈ તે જ શિલા પર નાખી, નાખતાંવેંત તે વિશાળ શિલા સોનાની થઈ ગઈ.

આ જોઈ ભર્તૃહરિ ચકિત થઈ અવાક્ બની ગયા. તેમના પગમાં પડી બોલ્યા—ભગવન્! ક્ષમા કરો. હું મારી મૂર્ખતાને કારણે આપના મહાત્મ્યને જાણી શક્યો નહિ તેથી મેં આ આપનો અપરાધ કર્યો છે. ખરેખર, મેં આ મંત્રવિદ્યાઓના ફંદમાં પડીને મારો આટલો સમય વ્યર્થ ગુમાવ્યો અને પાપાર્જન કર્યું તે વધારામાં. હવે કૃપા કરીને મને આ લોકોત્તર દીક્ષા આપીને આપની જેવા બનાવી દો, જેથી હું આ દુઃખમય સંસારથી હંમેશાને માટે મુક્ત થવાનો પ્રયત્ન કરી શકું.

ભર્તૃહરિને આ પ્રમાણે ઉપશાંત મનવાળો થયેલો જોઇને શ્રી શુભચન્દ્રમુનિએ વિસ્તારથી ધર્મોપદેશ આપ્યો. સપ્તતત્ત્વ નવપદાર્થોનું વર્ણન કરીને તેમના હૃદયકમાડ ખોલી નાખ્યા. પછી ભર્તૃહરિ તે જ વખતે તેમની પાસે દીક્ષા લઈને દિગંબર થઈ ગયા. ત્યાર પછી ભગવાન શુભચન્દ્રે તેમને મુનિમાર્ગમાં દૃઢ કરવા માટે તથા યોગનો અભ્યાસ કરાવવા માટે જ્ઞાનાર્ણવ (યોગપ્રદીપ) ગ્રન્થની રચના કરી, તેનો અભ્યાસ કરી ભર્તૃહરિ કર્મયોગી બની ગયા.[1]

આચાર્ય વિશ્વભૂષણકૃત ભક્તામરની પીઠિકામાં શુભચન્દ્રજીના સંબંધમાં ઉપરોક્ત કથા મળે છે. મહારાજ સિંહલના સંબંધમાં

---

૧—ઉજ્જયિનીના પાસે એક **ભર્તૃહરિ** નામની ગુફા છે. કહેવાય છે કે ભર્તૃહરિએ તે જ ગુફામાં ઘોર તપશ્ચર્યા કરી હતી.

એટલું કહેવાનું રહી જાય છે કે, રાજા મુંજે રાજ્યતૃષ્ણા અને અસૂયા (ઈર્ષ્યા) થી તેમને પણ મારવાનો પ્રયત્ન કર્યો હતો. એક વખત એક મદોન્મત્ત હાથી તેમની સામે છૂટો મૂકયો હતો પરંતુ તેને તો તેઓએ વશ કરી લીધો હતો. અંતે એક દાસી કે જે તેલ મર્દન કરતી હતી તેની પાસે સિંહલની આંખો ફોડાવી નાખી ત્યારે જ તેને સંતોષ થયો હતો.[1]

તે જ સમયમાં સિંહલના પ્રસિદ્ધ પંડિતમાન્ય અને યશસ્વી ભોજકુમારે જન્મ લીધો. તેથી તેમને પોતાની અન્ય અવસ્થાનું દુઃખ થોડું હળવું થયું. સિંહલને અંધ બનાવવાને લીધે પાછળથી મુંજને ઘણો પશ્ચાતાપ થયો અને ભોજને પોતાના પુત્ર તરીકે ઉછેરી જ્યારે તે સર્વકળા કુશળ થયો ત્યારે તેને રાજ્યસિંહાસન ઉપર બેસાડી પોતે એકાન્તમાં રહીને સુખપૂર્વક કાળયાપન કરવા લાગ્યો.[2] ઈત્યલમ્

---

૧–શ્રી મેરુતુંગસૂરિએ પણ સિન્ધુલની આંખો ફોડાવવા અંગેની વાત લખી છે પરંતુ તેમાં પણ સિંધુલની ઉદ્દંડતા સિવાય બીજું કંઈ કારણ આપ્યું નથી. એક વખત મુંજે સિંધુલને પોતાના દેશમાંથી આજ ઉદ્દંડતાને કારણે કાઢી પણ મૂકચો હતો. ભોજને મારવા માટે મોકલવાની અને પછી તેનો લખેલો **मान्धाता स महीपतिरित्यादि** શ્લોક વાંચીને તેના માટે પશ્ચાતાપ કરવાની વાત પણ મેરુતુંગસૂરિએ લખી છે.

૨–તેલંગ દેશના રાજા તૈલિપદેવે કેદ કરીને રાજા મુંજને તેણે મારી નાખ્યો હતો. તૈલિપદેવની વિધવા બહેન મૃણાલવતીની સાથે અનુચિત પ્રેમ કરવાને કારણે તેને આ સજા મળી હતી. ભર્તૃહરિ અને શુભચન્દ્રના આ શબ્દો સિદ્ધ થયા કે તે પોતાના પાપોનું ફળ પોતે જ ભોગવશે.

૧

# પહેલો સર્ગ

# સત્શ્રુત પ્રશંસા

## મંગળાચરણ

ज्ञानलक्ष्मीघनास्लेषप्रभवानन्दनन्दितम् ।
निष्ठितार्थमजं नौमि परमात्मानमव्ययम् ॥१॥

હું પરમાત્માને નમસ્કાર કરું છું પરા=ઉત્કૃષ્ટ અને મા= લક્ષ્મી. એ જે આત્માને હોય તે પરાત્મા કહેવાય છે. આ વિશિષ્ટ ગુણના ધારક અરિહન્ત તથા સિદ્ધ ભગવાન જ છે. તે પરમાત્મા જ્ઞાનની લક્ષ્મી એટલે સમસ્ત પદાર્થોના જાણવારૂપ તથા વીતરાગતા રૂપી લક્ષ્મીના દૃઢ આલિંગનથી (એકરૂપતાથી) ઉત્પન્ન થયેલા આનંદવડે (પરમ અતીન્દ્રિય અનંત સુખથી) આનંદસ્વરૂપ છે.

આ વિશેષણ, અન્યમતીઓ પરમાત્માના સ્વરૂપનું જે ભિન્ન પ્રકારે વર્ણન કરે છે, તેમનાથી ભિન્નતા દેખાડે છે. જેમકે–કેટલાક વૈષ્ણવો તો "પરમાત્મા પરબ્રહ્મ છે અને સર્વવ્યાપક છે. તેથી

જેટલા સ્ત્રીઓના સ્વરૂપો છે તે બધા પરમાત્માની **શક્તિરૂપ** છે અને જેટલા પુરુષોના સ્વરૂપો છે, તે બધા પરમાત્માના રૂપો છે. આ પ્રમાણે લક્ષ્મી અને પરમાત્માના સંયોગરૂપ દૃઢ આલિંગનથી પરમાત્માને સુખ થાય છે."

આવી કપોળકલ્પના કરીને તેનો વ્યવહાર કરે છે. અને કોઈ કોઈ તો **શ્રીરામ** એવી સંજ્ઞા આપી સ્ત્રી પુરુષના આકારરૂપ મૂર્તિનું સ્થાપન કરે છે, પૂજે છે અને તેનું ધ્યાન ધરે છે. કેટલાક **લક્ષ્મી-નારાયણ** કહે છે. કોઈ **રાધાકૃષ્ણ** કહે છે, તો કોઈ **ગોપીનાથ** કહે છે. તથા કેટલાએક શિવમતીઓ **પાર્વતીનું** સ્થાપન કરે છે. કોઈ કોઈ માત્ર **શિવજીનું** લિંગ તથા **પાર્વતીની** જનનેન્દ્રિયને જ સ્થાપન કરીને પૂજે છે. આ બધા તેમના માનેલા સ્વરૂપોનું આચાર્યે **જ્ઞાનલક્ષ્મી** એ શબ્દથી નિરાકરણ કર્યું.

નૈયાયિકો કહે છે—"જ્ઞાન અને આત્મા ભિન્ન ભિન્ન પદાર્થો છે અને તેમની એકતા સમવાય નામનો એક ભિન્ન પદાર્થ છે, તે કરે છે." પરંતુ ભિન્ન પદાર્થે કરેલી એકતા કદીપણ થઈ શકતી નથી, કારણકે એકતા તો તાદાત્મ્યરૂપ જ હોય છે. આ કારણે **ઘનાશ્લેષ** કહીને તે નૈયાયિકોની કલ્પનાનું નિરાકરણ કર્યું.

સાંખ્યમતી પ્રકૃતિ અને પુરુષનો સંયોગ થવાથી આત્માને જ્ઞાનસુખ થવાનું કહે છે. તેમનાથી પણ 'જ્ઞાનલક્ષ્મીના દૃઢ આલિંગન એટલે તાદાત્મ્ય ભાવથી જ સુખ થાય છે,' એમ કહી ભિન્નતા બતાવી છે. એવી જ રીતે અન્યાન્ય મતવાળા જેઓ પરમાત્માને અન્ય પ્રકારે કહે છે, તે બધાનું પણ નિરાકરણ આ જ વિશેષણથી જાણવું. કારણ કે પરમાત્માને જ્ઞાનાનન્દરૂપથી પરમાનંદ છે, અન્ય પ્રકારે નથી.

વળી જેમના અર્થ, પ્રયોજન નિષ્ઠિત–પરિપૂર્ણ થઈ ગયા છે એવા તે પરમાત્મા કૃતકૃત્ય છે. આ વિશેષણથી, 'નૈયાયિકો જે કહે છે કે પરમાત્મા અથવા ઈશ્વર છે તે જ બધા કાર્યનો કર્તા છે, એટલે કે સૃષ્ટિને બનાવે છે અને બગાડે છે–નાશ કરે છે' તે માન્યતાનું ખંડન કર્યું છે. કારણ કે જે વ્યક્તિ કંઈપણ કાર્ય કરતો રહે છે તે કૃતકૃત્ય કદાપિ બની શકતો નથી.

વળી તે પરમાત્મા અજ છે, અજન્મા છે, એટલે કે તેનો કદીપણ જન્મ થતો નથી. આ વિશેષણથી રામ, કૃષ્ણ વિ. ને જેઓ પરમાત્માના અવતારો માને છે, તેમની કલ્પનાનો નિષેધ કર્યો છે. કારણ કે પરમાત્માનો ફરીથી કદીપણ સંસારમાં જન્મ થતો નથી.

વળી, પરમાત્મા અવ્યય એટલે નાશરહિત—અવિનાશી છે. આ વિશેષણથી જે કોઈ પરમાત્માનો નાશ માને છે તથા સર્વથા અભાવ જ માને છે, તેમની કલ્પના મિથ્યા ઠરે છે.

આ પ્રમાણે આ ચાર વિશેષણો સહિત સમસ્ત મતોથી ભિન્ન જેવું યથાર્થ સ્વરૂપ પરમાત્માનું છે, તેને પ્રગટ કરવા માટે આચાર્ય મહારાજે નમસ્કારરૂપ મંગલાચરણ કર્યું છે. અન્યમતીઓ જે કલ્પના કરીને કહે છે તે યથાર્થ નથી અને જે અયથાર્થ છે તે વસ્તુ નથી. તથા અવસ્તુને નમસ્કાર કરવો તે યોગ્ય નથી.

અહીં કોઈ અન્યમતી પ્રશ્ન કરે કે—"અમે પણ પરમાત્માને તો આ વિશેષણોવાળા કહીએ છીએ તો પછી તેને યથાર્થ કેમ માનતા નથી ? અમે પરમાત્માને સમસ્ત જગતની માયાથી પૃથક્ માનીએ છીએ." તેનો ઉત્તર એ છે કે—

તમે જે કંઈ કહો છો તે એકાન્ત રૂપથી કહો છો. વસ્તુનું સ્વરૂપ સર્વથા એકાન્તરૂપ પ્રમાણસિદ્ધ નથી, કારણ કે વસ્તુનું

સ્વરૂપ જે અનેકાન્તાત્મક છે, તે જ સત્યાર્થ છે. આની ચર્ચા, બાધા, નિર્બાધાસ્વરૂપ જૈનના પ્રમાણુ નયનું કથન કરનારા સ્યાદ્વાદરૂપ જે અનેક શાસ્ત્રો છે, તેમાંથી જાણી લેવી. અહીં તો આટલો જ અભિપ્રાય જાણવો કે–સામાન્ય રીતે તો પરમાત્માને સમસ્ત મતવાળાઓ માને છે, પરંતુ તેના સ્વરૂપમાં વિવાદ છે. અને સમસ્ત મતાવલંબીઓ પરસ્પર વિધિનિષેધ કરે છે. તેમના વિરોધને જૈનોનો સ્યાદ્વાદન્યાય દૂર કરીને યથાર્થ સ્વરૂપનું સ્થાપન કરે છે. તે જ સ્વરૂપ ભવ્યજીવોને શ્રદ્ધાન તથા નમસ્કાર કરવા યોગ્ય છે.

અહીં કોઈ પ્રશ્ન કરે કે, પરમાત્મામાં નમસ્કાર કરવાંની યોગ્યતા કેવી રીતે છે? તેનો ઉત્તર એ છે કે–

આ જીવ નામનો પદાર્થ નિશ્ચયનયથી સ્વયં પરમાત્મા જ છે. પરંતુ અનાદિકાળથી કર્માચ્છાદિત હોવાને લીધે જ્યાં સુધી પોતાના સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી. ત્યાં સુધી તેને જીવાત્મા કહે છે. જીવો અનેક છે, તે કારણે જે જીવો કર્મોને કાપી પરમાત્મા એટલે કે સિદ્ધ થઈ ગયા છે, તેમનું સ્વરૂપ જાણી અને તેમના જેવું જ પોતાનું સ્વરૂપ જાણે તો તેમના સ્મરણ ધ્યાનથી કર્મોને કાપી જીવાત્મા સ્વયં તે પદને પ્રાપ્ત થાય છે. તેથી જ્યાં સુધી કર્મોને કાપી તેમની જેવા ન થવાય ત્યાં સુધી તે પરમાત્માના સ્વરૂપને નમસ્કાર કરવા આવશ્યક છે તથા તેનું સ્મરણ ધ્યાન કરવું પણ ઉચિત છે.

## શ્રી ઋષભદેવ ભગવાનને નમસ્કાર

આ કર્મભૂમિની આદિમાં આદિ તીર્થંકર શ્રી ઋષભદેવ પ્રભુ થયા છે, તેથી તેમને આચાર્યશ્રી નમસ્કાર કરે છે.

भुवनाम्भोजमार्त्तण्डं धर्मामृतपयोधरम् ।
योगिकल्पतरुं नौमि देवदेवं वृषध्वजम् ॥२॥

હું (શુભચન્દ્રાચાર્ય) વૃષધ્વજ એટલે વૃષ છે ધ્વજ-ચિહ્ન જેનું, અથવા વૃષ એટલે ધર્મની ધ્વજાસ્વરૂપ શ્રી ઋષભદેવ આદિ તીર્થંકરને હું નમસ્કાર કરું છું.

ઋષભદેવ દેવદેવ એટલે ચારે પ્રકારના દેવોના પણ દેવ (દેવાધિદેવ) છે. આ વિશેષણથી સમસ્ત દેવો દ્વારા પૂજ્યતા બતાવી. વળી ભુવન એટલે લોકરૂપી કમળને પ્રફુલ્લિત કરવામાં સૂર્યસમાન છે. એ વિશેષણથી ભગવાનના ગર્ભ જન્મ કલ્યાણકમાં અનેક અતિશય ચમત્કારો થયા. તેથી લોકમાં ખૂબ ખૂબ આનંદ પ્રવર્તાયો એમ જણાવ્યું છે.

વળી તે પ્રભુ ધર્મરૂપી અમૃત વરસાવવામાં મેઘસમાન છે. એ વિશેષણથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ પછી દિવ્ય ધ્વનિવાળી દેશનાથી અભ્યુદય નિઃશ્રેયસનો માર્ગ ધર્મ પ્રવર્તાવવાનું બતાવ્યું છે.

વળી તે પ્રભુ યોગીશ્વરોને મનોવાંછિત ફળ આપવા માટે કલ્પવૃક્ષસમાન છે. એ વિશેષણથી યોગીશ્વરોને મોક્ષમાર્ગ સાધનાર ધ્યાનની ઇચ્છા થાય છે. એટલે કે તેમને યથાર્થ ધ્યાનનો માર્ગ બતાવનાર છે-જે ધ્યાન અમે કરીએ છીએ તે જ ધ્યાન તમે કરો. આ પ્રમાણે પરંપરાએ ધ્યાનનો માર્ગ જાણી યોગીશ્વરગણ પોતાની ઇચ્છાને પૂર્ણ કરે છે, એવો આશય બતાવ્યો છે.

## શ્રી ચંદ્રપ્રભદેવને નમસ્કાર

આચાર્ય પોતાના નામના નિમિત્તે સ્મરણમાં આવેલા આઠમા તીર્થંકર શ્રી ચન્દ્રપ્રભદેવને પ્રાર્થનારૂપ વચનો કહે છે—

भवज्वलनसंभ्रान्तसत्त्वशान्तिसुधार्णवः ।
देवश्चन्द्रप्रभः पुष्यात् ज्ञानरत्नाकरश्रियम् ॥३॥

ચન્દ્રપ્રભદેવ જ્ઞાનરૂપી સમુદ્રની લક્ષ્મીને પુષ્ટ કરે. તે ચન્દ્રપ્રભદેવ સંસારરૂપી અગ્નિમાં પરિભ્રમણ કરતા જીવોને માટે અમૃતના સમુદ્ર સમાન છે.

**ભાવાર્થ**—અહીં રૂપ અલંકારની અપેક્ષાએ કહ્યું છે કે, ચન્દ્રપ્રભદેવ ચન્દ્રમાસ્વરૂપ છે. જેમ ચન્દ્રમા સમુદ્રની ભરતીમાં–વૃદ્ધિમાં કારણ થાય છે, તેવી જ રીતે ભગવાન પણ જ્ઞાનરૂપી સમુદ્રને વધારવામાં એક કારણ છે. તેથી તે કારણે આ પ્રાર્થના કરી છે. તેમ જ આ ગ્રંથનું નામ 'જ્ઞાનાર્ણવ' રાખ્યું છે. તેની પુષ્ટિ માટે પણ પ્રાર્થના કરી છે. અને જગતના પ્રાણીઓ સંસારના તાપથી બળી જળી રહ્યા છે. તેમના માટે ચન્દ્રપ્રભ ભગવાન ચન્દ્રસમાન છે, તથા જ્ઞાનરૂપી અમૃતની વર્ષા કરીને તાપને મટાડનાર–દૂર કરનાર છે.

## શ્રી શાંતિનાથ પ્રભુને નમસ્કાર

વિઘ્નનો નાશ કરી શાન્તિ કરવામાં સોળમા તીર્થંકર શ્રી શાંતિનાથ ભગવાન કારણરૂપ છે. તેથી તેમને નમસ્કાર કરે છે—

**सत्संयमपयःपूरपवित्रितजगत्त्रयम् ।**
**शान्तिनाथं नमस्यामि विश्वविघ्नौघशान्तये ॥४॥**

આચાર્ય મહારાજ કહે છે કે—હું સમસ્ત વિઘ્નોના સમૂહની શાન્તિ માટે શ્રી શાન્તિનાથ તીર્થંકર ભગવાનને નમસ્કાર કરું છું. તે પ્રભુજીએ સમ્યક્ચારિત્રરૂપ જળના પ્રવાહથી ત્રણે જગતને પવિત્ર કર્યું છે.

**ભાવાર્થ**—શાન્તિકાર્યોમાં શાન્તિનાથ તીર્થંકરને પ્રધાન મનાય છે. તે કારણે શાસ્ત્રની આદિમાં વિઘ્નનિવારણાર્થે તેમને નમસ્કાર કરવા ઉચિત છે. વળી ચક્રવર્તીપદને છોડી સંયમ અંગી-

કાર કર્યો, તે કારણે અન્યજનોની સંયમમાં રુચિ ઉત્પન્ન કરી તેમને પવિત્ર કર્યા, આ હેતુથી પણ આ વિશેષણ ઉપયુક્ત છે.

### શ્રી મહાવીર સ્વામીને પ્રાર્થના-નમસ્કાર

**श्रियं सकलकल्याणकुमुदाकरचन्द्रमाः ।**
**देवः श्रीवर्द्धमानाख्यः क्रियाद्भव्याभिनन्दिताम् ।।५।।**

શ્રી વર્ધમાન નામના અંતિમ તીર્થંકર દેવ છે. તેઓ ભવ્ય પુરુષો દ્વારા પ્રશંસિત અને ઇચ્છિત લક્ષ્મીને પ્રાપ્ત કરનાર છે. તે પ્રભુજી સમસ્ત પ્રકારના કલ્યાણરૂપી ચન્દ્રવંશી કમળોના સમૂહને પ્રફુલ્લિત કરવામાં ચન્દ્રમાસમાન છે.

**ભાવાર્થ**—ભગવાન સમસ્ત કલ્યાણોથી પરિપૂર્ણ છે. સમસ્ત વિઘ્નો વિનાશ કરનારા છે. અને વર્તમાનકાળે જેમના વચનો મોક્ષમાર્ગના ઉપદેશરૂપે પ્રવર્તે છે. એવા ભગવાન પાસે વાંછિત લક્ષ્મીની પ્રાર્થના કરવી ઉપયુક્ત છે.

### શ્રી ગૌતમગણધર મહારાજને નમસ્કાર

**श्रुतस्कन्धनभश्चन्द्रं संयमश्रीविशेषकम् ।**
**इन्द्रभूतिं नमस्यामि योगीन्द्रं ध्यानसिद्धये ।।६।।**

યોગીઓમાં ઇન્દ્ર સમાન ઇન્દ્રભૂતિ એટલે શ્રી ગૌતમ નામના ગણધર ભગવાનને ધ્યાનની સિદ્ધિ અર્થે હું નમસ્કાર કરું છું. તે ઇન્દ્રભૂતિ શ્રુતસ્કંધ એટલે દ્વાદશાંગરૂપી શાસ્ત્રરૂપ આકાશમાં પ્રકાશ કરવા માટે ચન્દ્રમાસમાન છે. વળી તેઓ સંયમરૂપી લક્ષ્મીની વિશેષ-વૃદ્ધિ કરનાર છે.

**ભાવાર્થ**—શ્રી ગૌતમ ગણધરે શ્રી વર્ધમાન સ્વામીના દિવ્ય

વચનો સાંભળી દ્વાદશાંગરૂપી શાસ્ત્રની રચના કરી અને પોતે સંયમ પાળી, ધ્યાન ધરી અને કેવળ લક્ષ્મીને પ્રાપ્ત કરી મોક્ષે પધાર્યા. ત્યારપછી તેમના વડે ધ્યાનનો માર્ગ પ્રવર્તાયો. તેથી તેમને આ ધ્યાનના (યોગના) ગ્રંથની આદિમાં નમસ્કાર કરવો ઉપયુક્ત સમજી નમસ્કાર કર્યો છે.

**સર્વજ્ઞનું સ્યાદ્વાદરૂપ શાસન જયવંત વર્તો.**

**प्रशान्तमतिगम्भीरं विश्वविद्याकुलगृहम् ।**
**भव्यैकशरणं जीयाच्छ्रीमत्सर्वज्ञशासनम् ॥७॥**

શ્રીમત્ એટલે નિર્બાધ, કોઈ પણ જાતની અંતરાય વગરનું લક્ષ્મીસહિત જે સર્વજ્ઞનું શાસન (આજ્ઞામત) છે, તે જયવંતુ પ્રવર્તો. તે સર્વજ્ઞનું શાસન કેવું છે? વ્યાકરણ, ન્યાય, છન્દ, અલંકાર, સાહિત્ય, યન્ત્ર, જ્યોતિષ, વૈદ્યક, નિમિત્ત અને મોક્ષમાર્ગની પ્રવૃત્તિ આદિ વિદ્યાઓને વસવાનું કુળગૃહ છે. તથા ભવ્યજીવો માટે એકમાત્ર અદ્વિતીય શરણભૂત છે. પ્રશાન્ત છે, તથા સમસ્ત આકુળતા અને ક્ષોભને મટાડનાર છે, તેથી અતિ ગંભીર છે. મંદબુદ્ધિ પ્રાણીઓ તેનો તાગ પામી શકતા નથી.

**ભાવાર્થ**—સર્વજ્ઞનો મત (આદેશ) સમસ્ત જીવોનું હિત કરનાર છે. તે શાસન જયવંતુ પ્રવર્તો. એમ આચાર્ય મહારાજે અનુરાગ સહિત આશીર્વાદ આપ્યો છે.

**સત્પુરુષોની વાણી**

**प्रबोधाय विवेकाय हिताय प्रशमाय च ।**
**सम्यक्तत्त्वोपदेशाय सतां सूक्तिः प्रवर्त्तते ॥८॥**

સત્પુરુષોની જે ઉત્તમ વાણી છે, તે જીવોના પ્રકૃષ્ટ જ્ઞાન, વિવેક, હિત, શાંતિ અને સમ્યક્ પ્રકારે તત્ત્વનો ઉપદેશ આપવા માટે પ્રવર્તે છે.

**ભાવાર્થ**—અહીં પ્રકૃષ્ટ જ્ઞાનનો અભિપ્રાય પદાર્થોનું વિશેષરૂપે જ્ઞાન થયું તે છે, અને વિવેક શબ્દથી પોતાના તથા પરનો ભેદ જાણવાનો અભિપ્રાય લેવો. કારણ કે પદાર્થનું જ્ઞાન સ્વપરના ભેદજ્ઞાન વગર કેવી રીતે થાય? તેમ જ પદાર્થોનું જ્ઞાન સ્વપરના જ્ઞાન વિના નિષ્ફળ છે. તથા હિત શબ્દનો અભિપ્રાય સુખનું કારણ જાણવું. કારણ કે ભેદવિજ્ઞાન પણ થાય પરંતુ તેમાંથી સુખ ઉત્પન્ન ન થાય તો તે ભેદજ્ઞાન કેવું?

વળી પ્રશમ કહેવાનો અભિપ્રાય એ છે કે કષાયોનું મંદ પડવું. જે વાણીથી કષાયો મંદ (ઉપશમભાવરૂપ) ન થાય, તે વાણી દુઃખનું કારણ થાય છે. તેને ગ્રહણ કરવી તે યોગ્ય નથી. તથા સમ્યક્તત્ત્વોપદેશનો અર્થ યથાર્થ તત્વાર્થના ઉપદેશને જાણવો તે છે. જેમાં મિથ્યા તત્ત્વાર્થનો ઉપદેશ હોય, તે વાણી સત્પુરુષોની નથી. આ પ્રમાણે પાંચ પ્રયોજનોની સિદ્ધિ અર્થે સત્પુરુષોની વાણી હોય છે.

અહીં એવો આશય પણ પ્રગટ થાય છે કે અત્રે જે આ શાસ્ત્ર રચીએ છીએ, તે ઉપદેશ સર્વજ્ઞની પરંપરાથી ચાલ્યો આવે છે. તે જ સમસ્ત જીવોનું હિત કરનાર છે તેમની અનુસારે જ અમે કહીએ છીએ. તેથી આમાં પણ ઉપરોક્ત પાંચે પ્રયોજનોનો વિચાર લેવો. અને જે આ પાંચ પ્રયોજનો સિવાયના વચનો હોય તેને સત્પુરુષોના વચનો જાણવા નહિ.

तच्छ्रुतं तच्च विज्ञानं तद्ध्यानं तत्परं तपः ।
अयमात्मा यदासाद्य स्वस्वरूपे लयं व्रजेत् ॥९॥

તે જ શાસ્ત્રનું સાંભળવું છે, ચાતુર્યરૂપ ભેદવિજ્ઞાન છે, તે જ

ધ્યાન અથવા તપ છે, કે જેને પ્રાપ્ત થઈ આ આત્મા પોતાના સ્વરૂપમાં લયલીન થાય છે.

**ભાવાર્થ**—આત્માનું પરમાર્થ (હિત) પોતાના સ્વરૂપમાં લીન થવું તે છે. તેથી જે શાસ્ત્રનું વાંચવું, સાંભળવું, ભેદજ્ઞાન કરવું, ધ્યાન ધરવું અને મહાન તપ કરવો, તે બધા સ્વરૂપમાં લીન થવાનું કારણ થાય છે, તેથી જ તે સફળ છે. અન્ય બધું નિષ્ફળ ખેદમાત્ર છે.

दुरन्तदुरिताक्रान्तं निःसारमतिवञ्चकम् ।
जन्म विज्ञाय कः स्वार्थे मुह्यत्यङ्गी सचेतनः ॥१०॥

જેનો અંત દુઃખકર છે, તથા દુરિતથી (પાપથી) વ્યાપ્ત છે, ઠગ છે, કારણ કે ઠગની જેમ થોડા સુખનું પ્રલોભન બતાવી સર્વસ્વ હરી લે છે, અને નિગોદનો વાસ કરાવે છે. એવા આ સંસારમાંના સ્વરૂપને જાણીને એવો કયો સમજુ માણસ પોતાના હિતનું પ્રયોજન છોડીને મોહને પ્રાપ્ત થાય? કોઈ નહિ. આ પ્રમાણે સંસારનું સ્વરૂપ જાણી જ્ઞાની પુરુષે પોતાનું હિત ભૂલવું ઉચિત નથી.

## ગ્રંથરચનાની પ્રતિજ્ઞા

अविद्याप्रसरोद्भूतग्रहनिग्रहकोविदम् ।
ज्ञानार्णवमिमं वक्ष्ये सतामानन्दमन्दिरम् ॥११॥

હું આ જ્ઞાનાર્ણવ નામના ગ્રંથને કહીશ. આ ગ્રંથ અવિદ્યાના પ્રસારથી (ફેલાવાથી) ઉત્પન્ન થયેલા આગ્રહનો (હઠનો) તથા પિશાચનો નિગ્રહ કરવામાં પ્રવીણ છે તથા સત્પુરુષો માટે આનંદનું મંદિર સમાન છે.

**ભાવાર્થ**—અહીં અવિદ્યા શબ્દથી મિથ્યાત્વકર્મના ઉદયથી અજ્ઞાનનું ગ્રહણ કરવું. તે અજ્ઞાનનો પ્રસાર અનાદિ કાળથી જીવોના હૃદયમાં વ્યાપ્ત હોવાને લીધે ઉત્પન્ન થયેલો જે એકાન્તરૂપ હઠ તેને આ જ્ઞાનાર્ણવ નામનું શાસ્ત્ર તથા તેનું જ્ઞાન નિરાકરણ કરનાર છે. અને એ જ સત્પુરુષોને આનંદિત કરનાર છે. કારણ કે સર્વથા એકાન્ત પક્ષ છે તે વસ્તુનું સ્વરૂપ નથી. અને અવસ્તુમાં ધ્યાતા, ધ્યાન અને ધ્યેય ફળ ક્યાંથી હોઈ શકે ?

શાસ્ત્રોમાં મિથ્યાત્વ બે પ્રકારનું કહ્યું છે. એક અગૃહીત અને બીજું ગૃહીત. તેમાંથી અગૃહીત મિથ્યાત્વ તો જીવોને વગર ઉપદેશે જ અનાદિ કાળથી વિદ્યમાન છે. તેમાં એકાન્ત રીતે સંસાર, દેહ તથા ભોગોને જ પોતાનું હિત સમજી લેવાથી જીવોને આર્ત્ત રૌદ્ર-ધ્યાન સ્વયમેવ પ્રવર્તે છે. અને ગૃહીત મિથ્યાત્વ ઉપદેશજન્ય છે.

આ બન્ને પ્રકારના મિથ્યાત્વથી જીવ વસ્તુનું સ્વરૂપ સર્વથા સત્ અથવા અસત્ સર્વથા નિત્ય તથા અનિત્ય તથા સર્વથા એક તથા અનેક, સર્વથા શુદ્ધ અથવા અશુદ્ધ વિ. ભિન્ન ધર્મી, અન્ય-મતીઓનું કહેલું સાંભળી તે જ પક્ષને દૃઢ કરી તેને જ મોક્ષમાર્ગ સમજી લે છે, અથવા શ્રદ્ધાન કરે છે. પરંતુ તે શ્રદ્ધાનથી કંઇપણ કલ્યાણની સિદ્ધિ નથી. તેથી જ્યારે સ્યાદ્વાદનું કથન સાંભળે ત્યારે જ એકાંત હઠનું નિરાકરણ સર્વથા પ્રકારે થાય.

વસ્તુનું યથાર્થ સ્વરૂપ જાણે અને શ્રદ્ધાન કરે, ત્યારે ધ્યાતા, ધ્યાન અને ધ્યેયના ફળની સંભવિતતા અથવા અસંભવિતતાનો નિશ્ચય થાય. આ અભિપ્રાયથી જ આચાર્ય મહારાજે આ જ્ઞાનાર્ણવ શાસ્ત્રની રચના કરી છે. તેના વડે સમસ્ત સંભવાસંભવ જાણી શકાશે એમ આશય વ્યક્ત થાય છે.

## જ્ઞાનાર્ણવનો મહિમા તથા પોતાની લઘુતા

अपि तीर्येत बाहुभ्यामपारो मकरालयः ।
न पुनः शक्यते वक्तुं मद्विधैर्योगिरञ्जकम् ॥१२॥

મકરાલય એટલે કે સમુદ્ર અપાર છે. તો પણ અનેક સમર્થ પુરુષો તેને તરી શકે છે. પરંતુ આ જ્ઞાનાર્ણવ તો યોગિયોને રંજાયમાન કરનાર, આનંદ પમાડનાર અથાગ છે, અપાર છે તેને અમારા જેવાથી પાર કરી શકાય તેમ નથી.

महामतिभिर्निःशेषसिद्धान्तपथपारगैः ।
क्रियते यत्र दिग्मोहस्तत्र कोऽन्यः प्रसर्पति ॥१३॥

જ્યાં મહા બુદ્ધિશાળી સમસ્ત સિદ્ધાંત માર્ગના પારગામી પણ દિશા ભૂલી જાય છે, ત્યાં બીજા લોકો તેને કેવી રીતે પાર પામી શકે?

**ભાવાર્થ**—આ જ્ઞાનાર્ણવ અથાગ છે. તેમાં મોટા મોટા બુદ્ધિમાન પુરુષો પણ ચક્કર ખાઈ જાય છે તો બીજાની તો વાત જ શી કરવી?

## પૂર્વના મહાકવિઓનો મહિમા અને પોતાની લઘુતા

समन्तभद्रादिकवीन्द्रभास्वतां स्फुरन्ति यत्रामलसूक्तिरश्मयः ।
व्रजन्ति खद्योतवदेव हास्यतां न तत्र किं ज्ञानलवोद्धता जनाः ॥१४॥

જ્યાં સમન્તભદ્રાદિક કવીન્દ્રરૂપી સૂર્યોની નિર્મળ ઉત્તમ વચનરૂપી કિરણો ફેલાય છે, ત્યાં જ્ઞાનલવથી ઉદ્ધત ખદ્યોત (આગીઆ) સમાન મનુષ્ય શું હાસ્યને પ્રાપ્ત નહિ થાય? અવશ્ય થશે જ.

**ભાવાર્થ**—સૂર્યની સામે આગીઆ જેવા જંતુને પ્રકાશ શું પ્રકાશ કરી શકે તેમ છે? તેનું શું ગજું?

**अपाकुर्वन्ति यद्वाचः कायवाक्चित्तसम्भवम् ।**
**कलङ्कमङ्गिनां सोऽयं देवनन्दी नमस्यते ॥१५॥**

જેમના વચનો જીવોના મન, વચન અને કાયાથી ઉત્પન્ન થતા મળોને નષ્ટ કરે છે, એવા દેવનંદી નામના મુનીશ્વરને (પૂજ્યપાદ સ્વામીને) અમે નમસ્કાર કરીએ છીએ.

**जयन्ति जिनसेनस्य वाचस्त्रैविद्यवन्दिताः ।**
**योगिभिर्यत्समासाद्य स्खलितं नात्मनिश्चये ॥१६॥**

જિનસેન આચાર્ય મહારાજના વચનો છે તે જયવંત છે. કારણ કે યોગીશ્વરો તેમના વચનોને પ્રાપ્ત થઈ આત્માના નિશ્ચયમાં સ્ખલિત થતા નથી એટલે કે યથાર્થ નિશ્ચય કરી લે છે. તથા તેમના વચનો ન્યાય, વ્યાકરણ અને સિદ્ધાન્ત આ ત્રણ વિદ્યાઓના જ્ઞાતા પુરુષો દ્વારા વંદનીય છે.

**श्रीमद्भट्टाकलङ्कस्य पातु पुण्या सरस्वती ।**
**अनेकान्तमरुन्मार्गे चन्द्रलेखायितं यया ॥१७॥**

શ્રીમત્ એટલે શોભાયમાન નિર્દોષ ભટ્ટાકલંક નામના આચાર્યની પવિત્ર વાણી છે, તે અમને પાવન કરે અને અમારી રક્ષા કરે. તેમની વાણી અનેકાન્ત સ્યાદ્વાદરૂપી આકાશમાં ચન્દ્રમાની રેખા-સમાન આચરણ કરે છે.

**ભાવાર્થ**—ભટ્ટાકલંક નામના આચાર્ય સ્યાદ્વાદ વિદ્યાના અધિકારી થયા. તેમની વાણીરૂપી ચન્દ્રમાના કિરણો સ્યાદ્વાદરૂપી આકાશમાં પ્રકાશ કરે છે.

## પોતાની કૃતિનું પ્રયોજન

भवप्रभवदुर्वारक्लेशसन्तापपीडितम् ।
योजयाम्यहमात्मानं पथि योगीन्द्रसेविते ॥१८॥

આ ગ્રંથની રચના વડે સંસારમાં જન્મ ગ્રહણ કરવાથી ઉત્પન્ન થયેલા દુર્નિવાર ક્લેશોના સંતાપથી પીડિત એવો હું (શુભચંદ્રાચાર્ય) મારા આત્માને યોગીશ્વરોથી સેવિત જ્ઞાનધ્યાનરૂપી માર્ગમાં જોડું છું.

**ભાવાર્થ**—અહીં કર્ત્તાએ પોતાનું પ્રયોજન સંસારના દુઃખો દૂર કરવાનું જ જણાવ્યું છે.

न कवित्वाभिमानेन न कीर्तिप्रसरेच्छया ।
कृतिः किन्तु मदीयेयं स्वबोधायैव केवलम् ॥१९॥

આ ગ્રંથરૂપી મારી કૃતિ (કાર્ય) છે, તે માત્ર પોતાના જ્ઞાનની વૃદ્ધિ માટે છે. કવિતાના અભિમાનથી અથવા જગતમાં મારી કીર્તિ પ્રસરશે એવા અભિપ્રાયથી આ રચના કરી નથી. (અહીં આચાર્ય મહારાજે ગ્રન્થરચનામાં લૌકિક પ્રયોજન સાધવાનો નિષેધ કર્યો છે.)

## સત્પુરુષોને શાસ્ત્ર રચવાનો વિચાર ઉત્પન્ન થવાનું કારણ

अयं जागर्ति मोक्षाय वेत्ति विद्यां भ्रमं त्यजेत् ।
आदत्ते समसाम्राज्यं स्वतत्त्वाभिमुखीकृतः ॥२०॥

સત્પુરુષો એમ વિચારે છે કે, આ પ્રાણી પોતાના નિજસ્વરૂપ તત્ત્વને સન્મુખ કરવાથી મોક્ષને માટે જાગૃત થાય છે. મોહનિદ્રાને છોડી સમ્યગ્જ્ઞાનને જાણે છે. તથા ભ્રમ એટલે અનાદિ અવિદ્યાને છોડી ઉપશમભાવરૂપી (મંદકષાય રૂપી) સામ્રાજ્યને ગ્રહણ કરે છે.

न हि केनाप्युपायेन जन्मजातङ्कसंभवा ।
विषयेषु महातृष्णा पश्य पुंसां प्रशाम्यति ॥ २१ ॥

અને જુઓ, પુરુષોને વિષયોમાં મહાતૃષ્ણા છે. આ તૃષ્ણા કેવી જન્મથી (સંસારથી) ઉત્પન્ન થયેલ આતંક–દાહરોગથી ઉત્પન્ન થયેલ છે. તેથી તે કોઈપણ ઉપાયે નષ્ટ થતી નથી.

**तस्याः प्रशान्तये पूज्यैः प्रतीकारः प्रदर्शितः ।**
**जगज्जन्तूपकाराय तस्मिन्नस्यावधीरणा ॥ २२ ॥**

તે તૃષ્ણાની પ્રશાંતિ અર્થે પૂજ્ય પુરુષોએ પ્રતિકાર (ઉપાય) બતાવ્યો છે, અને તે જગતના જીવોના ઉપકાર અર્થે જ બતાવ્યો છે. પરંતુ આ જીવ તે પ્રતિકારની અવજ્ઞા (અનાદર) કરે છે.

**अनुद्विग्नैस्तथाप्यस्य स्वरूपं बन्धमोक्षयोः ।**
**कीर्त्यते येन निर्वेदपदवीमधिरोहति ॥ २३ ॥**

તો પણ ઉદ્વેગ રહિત પૂજ્ય પુરુષો દ્વારા આ પ્રાણીને હિતાર્થ બંધમોક્ષનું સ્વરૂપ વર્ણવવામાં આવે છે કે જેથી આ જીવ વૈરાગ્યપદવીને પ્રાપ્ત થાય.

**निरूप्य सच्च कोऽप्युच्चैरुपदेशोऽस्य दीयते ।**
**येनादत्ते परां शुद्धिं तथा त्यजति दुर्मतिम् ॥ २४ ॥**

તે માટે કંઈક અતિશય સમીચીન (સુંદર–યોગ્ય) ઉપદેશ, વિચાર કરીને આ જીવને આપવો જોઇએ, જેથી આ પ્રાણી ઉત્કૃષ્ટ શુદ્ધતાને ગ્રહણ કરે અને દુર્બુદ્ધિને છોડી દે.

**ભાવાર્થ**—સત્પુરુષો આ પ્રમાણે વિચાર કરીને જીવોને સંસાર સંબંધી દુઃખો દૂર કરવા માટે આવો ઉપદેશ આપે છે અથવા શાસ્ત્રોની રચના કરે છે.

હવે ગ્રંથકર્ત્તા આચાર્ય મહારાજ કહે છે કે, અમને પણ આવો જ વિચાર ઉત્પન્ન થયો છે.

अहो सति जगत्पूज्ये लोकद्वयविशुद्धिदे ।
ज्ञानशास्त्रे सुधीः कः स्वमसच्छास्त्रैर्विडम्बयेत् ॥ २५ ॥

અહો ! જગત્પૂજ્ય અને લોક-પરલોકમાં વિશુદ્ધિને આપનારા સમીચીન જ્ઞાનશાસ્ત્રો હોવા છતાં પણ એવો કોણ સુબુદ્ધિ વાળો હોય કે જે મિથ્યાશાસ્ત્રો વડે પોતાના આત્માને વિડંબનારૂપ કરે?

## મિથ્યાશાસ્ત્રોનો નિષેધ

असच्छास्त्रप्रणेतारः प्रज्ञालवमदोद्धताः ।
सन्ति केचिच्च भूपृष्ठे कवयः स्वान्यवञ्चकाः ॥ २६ ॥

આ પૃથ્વીતળમાં બુદ્ધિના અંશમાત્રથી મદોન્મત્ત થઈ અસત્ શાસ્ત્રોના રચનારા અનેક કવિઓ થઈ ગયા. તેઓ કેવળ પોતાના આત્મા તથા અન્ય ભોળાં અજ્ઞાની જીવોને ઠગનારા જ છે.

स्वतत्त्वविमुखैर्मूढैः कीर्तिमात्रानुरञ्जितैः ।
कुशास्त्रछद्मना लोको वराको व्याकुलीकृतः ॥ २७ ॥

તથા આત્મતત્વથી વિમુખ, પોતાની કીર્તિથી પ્રસન્ન થનારા મૂઢ છે. અને તે મૂઢોએ જ આ અજ્ઞાન જગતને પોતાના બનાવેલા મિથ્યાશાસ્ત્રોના બહાને વ્યાકુળ બનાવી દીધું છે.

अधीतैर्वाश्रुतैर्ज्ञातैः कुशास्त्रैः किं प्रयोजनम् ।
यैर्मनः क्षिप्यते क्षिप्रं दुरन्ते मोहसागरे ॥ २८ ॥

એવા શાસ્ત્રો વાંચવા, સાંભળવા અને જાણવાથી શું પ્રયોજન (લાભ) થાય કે જેનાથી ચિત્ત (મન) દુસ્તર (દુરંત) અને દુર્નિવાર મોહસમુદ્રમાં પડી જાય છે.

क्षणं कर्णामृतं सूते कार्यशून्यं सतामपि ।
कुशास्त्रं तनुते पश्चादविद्यागरविक्रियाम् ॥ २९ ॥

કુશાસ્ત્રો સાંભળતાં ક્ષણભર માટે અમૃતની વર્ષા થતી હોય તેવું લાગે છે, પરંતુ કાળાંતરે તે સત્પુરુષોના કાર્યથી રહિત અવિદ્યારૂપી વિષના વિકારને વધારે છે. એટલે કે વિષયોની તૃષ્ણાને વધારે છે.

अज्ञानजनितश्चित्रं न विद्मः कोऽप्ययं ग्रहः ।
उपदेशशतेनापि यः पुंसामपसर्प्पति ॥ ३० ॥

એ મહાન આશ્ચર્ય છે કે અજ્ઞાનથી ઉત્પન્ન થયેલા જીવોનો આગ્રહ સેંકડો ઉપદેશ આપવા છતાં પણ દૂર થતો નથી. અમે જાણતા નથી કે આમાં શું ભેદ છે?

**ભાવાર્થ**—એક વખત મિથ્યાશાસ્ત્રની યુક્તિ ભોળા જીવોના મનમાં એવી પેસી જાય છે કે પછી સેંકડો ઉત્તમોત્તમ યુક્તિઓ સાંભળે તો પણ તે તેમના મનમાં પ્રવેશી શકતી નથી. સંસ્કારનું એવું જ કંઈક નિમિત્ત છે કે જેથી મિથ્યા આગ્રહ કદીપણ દૂર થતો નથી.

## શાસ્ત્રોના ગુણોનો વિચાર

सम्यग्निरूप्य सद्वृत्तैर्विद्वद्भिर्वीणमत्सरैः ।
अत्र मृग्या गुणा दोषाः समाधाय मनः क्षणम् ॥ ३१ ॥

જેમને મત્સર એટલે દ્વેષ નથી એવા સદાચારી પુરુષોએ આ શાસ્ત્ર (ગ્રંથ) તથા પ્રવૃત્તિમાં મનનું સમાધાન કરીને ગુણદોષનો સમ્યક્ પ્રકારે વિચાર કરવો જોઈએ.

स्वसिद्ध्यर्थं प्रवृत्तानां सतामप्मि च दुर्धियः ।
द्वेषबुद्ध्या प्रवर्त्तन्ते केचिज्जगति जन्तवः ॥ ३२ ॥

આ જગતમાં અનેક દુર્બુદ્ધિ જનો એવા છે કે જેઓ પોતાની સિદ્ધિને અર્થે પ્રવૃત્ત થયેલા સત્પુરુષો ઉપર દ્વેષબુદ્ધિનો વ્યવહાર કરે છે.

**ભાવાર્થ**—દુષ્ટ પ્રાણીઓ સત્પુરુષો ઉપર દ્વેષ રાખે છે.

## પરીક્ષાથી ગુણનો નિર્ણય

**साक्षाद्वस्तुविचारेषु निकषग्रावसन्निभाः ।**
**विभजन्ति गुणान्दोषान्धन्याः स्वच्छेन चेतसा ॥ ३३ ॥**

તે સત્પુરુષો ધન્ય છે કે જે પોતાના નિષ્પક્ષ ચિત્તથી વસ્તુનો વિચાર કરવામાં કસોટી સમાન છે અને ગુણ તથા દોષોને ભિન્ન-ભિન્ન પણે જાણી લે છે.

## ગુણદોષો સ્વભાવથી જ થાય છે

**प्रसादयति शीतांशुः पीडयत्यंशुमाञ्जगत् ।**
**निसर्गजनिता मन्ये गुणदोषाः शरीरिणाम् ॥ ३४ ॥**

જુઓ, ચન્દ્રમા જગતને પ્રસન્ન કરે છે અને તાપને નષ્ટ કરે છે. સૂર્ય પીડા આપે છે એટલે કે તાપ ઉત્પન્ન કરે છે. આ પ્રમાણે જીવોના ગુણદોષ સ્વભાવથી જ થયા કરે છે, એમ હું માનું છું.

**दूषयन्ति दुराचारा निर्दोषामपि भारतीम् ।**
**विधुबिम्बश्रियं कोकाः सुधारसमयीमिव ॥३५॥**

જે દુષ્ટ પુરુષો છે તેઓ નિર્દોષ વાણીને પણ દૂષણ લગાડે છે. જેમકે—સુધારસમય ચન્દ્રમાના બિંબની શોભાને ચકવાકો દૂષણ આપે છે કે, ચન્દ્રમા જ ચકવીથી અમારો વિયોગ કરાવે છે.

## આત્માની શુદ્ધિનો ઉપાય

अयमात्मा महामोहकलङ्की येन शुद्ध्यति ।
तदेव स्वहितं धाम तच्च ज्योतिः परं मतम् ॥३६॥

આત્મા મહામોહથી (મિથ્યાત્વ કષાયથી) કલંકિત અને મલિન છે. માટે જેનાથી આત્મા શુદ્ધ થાય, તે જ પોતાનું હિત છે, તે જ પોતાનું ઘર છે અને તે જ પરમજ્યોતિ અથવા પ્રકાશ છે.

**ભાવાર્થ**—મલિનતા નષ્ટ થવાથી ઉજ્જ્વળતા પ્રગટ થાય છે. આત્મા નિશ્ચયથી તો અનંતજ્ઞાનાદિ પ્રકાશસ્વરૂપ છે, પરંતુ મિથ્યાત્વ કષાયાદિથી મલિન થઈ રહ્યો છે. તેથી જ્યારે મિથ્યાત્વ-કષાયરૂપી મેલ નાશ પામે ત્યારે નિજસ્વરૂપનો પ્રકાશ થાય. મિથ્યાત્વ કષાયાદિને નષ્ટ કરવાનો ઉપાય જિનાગમમાં કહ્યો છે છે તે જ જાણવો.

विलोक्य भुवनं भीमयमभोगीन्द्रशङ्कितम् ।
अविद्याव्रजमुत्सृज्य धन्या ध्याने लयं गताः ॥३७॥

આ જગતને ભયાનક કાળરૂપી સર્પથી શંકિત થયેલું, ડસાયલું જોઈને જેઓ મિથ્યાજ્ઞાન અને મિથ્યા આચરણના સમૂહને છોડી નિજસ્વરૂપના ધ્યાનમાં લયલીન બની જાય છે, તે પુરુષો ધન્ય છે.

## સત્પુરુષોની ભાવના

हृषीकराक्षसाक्रान्तं स्मरशार्दूलचर्वितम् ।
दुःखार्णवगतं विश्वं विवेच्य विरतं बुधैः ॥३८॥

જેઓ બુદ્ધિમાન છે, તેમણે આ જગતને, ઈન્દ્રિયરૂપી રાક્ષસોથી

વ્યાપ્ત તથા કામરૂપી સિંહથી ચર્વિત અને દુઃખરૂપી સમુદ્રમાં ડૂબેલું છે એમ સમજીને, છોડી દીધું છે.

**ભાવાર્થ**—જે જગ્યાએ રાક્ષસો વિચરતા હોય, સિંહ, વાઘ વિ. ભક્ષણ કરી જતા હોય અને જ્યાં દુઃખ ને દુઃખ જ દેખાતું હોય, એવી જગ્યાએ વિવેકી જન કેવી રીતે વાસ કરી શકે ?

**जन्मजातङ्कदुर्वारमहाव्यसनपीडितम् ।**
**जन्तुजातमिदं वीक्ष्य योगिनः प्रशमं गताः ॥३९॥**

સંસારથી ઉત્પન્ન થયેલા દુર્નિવાર એવાં આતંક (દાહરોગ) રૂપી મહાકષ્ટથી પીડાયેલા આ જીવસમૂહને જોઈને જ યોગીજનો શાંતભાવને પામ્યા છે.

**भवभ्रमणविभ्रान्ते मोहनिद्रास्तचेतने ।**
**एक एव जगत्यस्मिन् योगी जागर्त्यहर्निशम् ॥४०॥**

**ભાવાર્થ**—સંસારમાં જીવોને પ્રત્યક્ષ દુઃખી જોઈને જ્ઞાની જનો વિરક્ત બની શાંત ભાવને પામ્યા છે.

સંસાર ભ્રમણથી વિભ્રાન્ત અને મોહરૂપી નિદ્રાથી જેમની ચેતના નાશ પામી છે એવા આ જગતમાં મુનિગણ જ નિરંતર જાગે છે.

**ભાવાર્થ**—જેવી રીતે નિરંતર પરિભ્રમણ કરવાથી શરીર ખેદખિન્ન બની જાય છે અને તેથી પ્રગાઢ નિદ્રા આવે છે ત્યારે આ જીવ પોતાના સ્વરૂપને ભૂલી જાય છે. એમ સમજીને જ્ઞાનીજન નિરંતર સાવધાન જ રહે છે.

**रजस्तमोभिरुद्धतं कषायविषमूर्च्छितम् ।**
**विलोक्य सत्त्वसंतानं सन्तः शान्तिमुपाश्रिताः ॥४१॥**

જે સત્પુરુષો છે તેઓ રજ એટલે જ્ઞાનાવરણ, દર્શનાવરણ વિ. કર્મ અને તમ એટલે મિથ્યાજ્ઞાનથી અથવા રજોગુણ અને તમોગુણથી કંપાયમાન તથા કષાયરૂપી વિષથી મૂર્છિત જગતને જોઇને શાંતભાવને ગ્રહણ કરે છે.

**मुक्तिस्त्रीवक्त्रशीतांशुं द्रष्टुमुत्कण्ठिताशयैः ।**
**मुनिभिर्मथ्यते साक्षाद्विज्ञानमकरालयः ॥४२॥**

મુક્તિરૂપી સ્ત્રીના મુખરૂપી ચન્દ્રમાને જોવા માટે ઉત્સુક થયેલા મુનિગણ સાક્ષાત્ વિજ્ઞાનરૂપી સમુદ્રનું મંથન કરે છે.

**ભાવાર્થ**—લોકમાં આ વાત પ્રચલિત છે કે, નારાયણે સમુદ્રને મથીને ચન્દ્રમાને બહાર કાઢયો. આ વાત અહીં અલંકારિક ભાષાથી કહી છે કે, મુનિગણ મુક્તિરૂપી સ્ત્રીના મુખરૂપી ચન્દ્રમાને જોવાની અભિલાષાથી જ્ઞાનરૂપી સમુદ્રનું મંથન કરે છે. કારણ કે જ્ઞાનના ધ્યાનથી મોક્ષની પ્રાપ્તિ થાય છે.

**उपर्युपरिसंभूतदुःखवह्निक्षतं जगत् ।**
**वीक्ष्य सन्तः परिप्राप्ताः ज्ञानवारिनिधेस्तटम् ॥४३॥**

વારંવાર ઉત્પન્ન થયેલ દુઃખાગ્નિથી ક્ષય થતા જગતને જોઈ સત્પુરુષો જ્ઞાનરૂપી સમુદ્રને તીરે પહોંચ્યા.

**ભાવાર્થ**—સંસારના દુઃખરૂપી અગ્નિને ઠારવામાં–બુઝાવવામાં જ્ઞાન જ એક માત્ર કારણ છે.

**अनादिकालसंलग्ना दुस्त्यजा कर्मकालिका ।**
**सद्यः प्रक्षीयते येन विधेयं तद्धि धीमताम् ॥४४॥**

અનાદિ કાળથી લાગેલી કર્મરૂપી કાલિમા મહાકષ્ટે ત્યાજ્ય છે.

તે માટે એ કાલિમા જે વડે શીઘ્ર નાશ પામે એવો જ ઉપાય બુદ્ધિમાનોએ કરવો જોઇએ. અન્ય ઉપાય કરવો વ્યર્થ છે.

**મોક્ષકથન**

**निष्कलङ्कं निराबाधं सानन्दं स्वस्वभावजम् ।**
**वदन्ति योगिनो मोक्षं विपक्षं जन्मसन्ततेः ॥४५॥**

પ્રાણીનું હિત મોક્ષ (કર્મોથી છૂટવું તે) છે. તે સમસ્ત પ્રકારની કાલિમા–કલંકથી રહિત નિષ્કલંક છે. બાધા (પીડા) રહિત છે, આનંદ સહિત છે, જેમાં કોઈપણ પ્રકારનું દુઃખ નથી. તથા પોતાના સ્વભાવથી ઉત્પન્ન છે. કારણ કે જો પરનું ઉપજાવેલું હોય તો તે તેનો નાશ પણ કરી શકે છે. પરંતુ જે સ્વભાવથી ઉત્પન્ન થયેલ હોય, તેનો કદી પણ નાશ થતો નથી. અને તે સંસારનો વિપક્ષી એટલે શત્રુ છે. યોગી ગણ મોક્ષનું સ્વરૂપ આ પ્રમાણે બતાવે છે.

**મોક્ષના સાધન માટેની શિક્ષા**

**जीवितव्ये सुनिःसारे नृजन्मन्यतिदुर्लभे ।**
**प्रमादपरिहारेण विज्ञेयं स्वहितं नृणाम् ॥४६॥**

મનુષ્ય જન્મ અતિ દુર્લભ છે. જીવિતવ્ય છે તે નિઃસાર છે આવી અવસ્થામાં મનુષ્યે આળસનો ત્યાગ કરી પોતાના હિતને જાણવું જોઈએ, તે હિત મોક્ષ જ છે.

**विचारचतुरैर्धीरैरत्यक्षसुखलालसैः ।**
**अत्र प्रमादमुत्सृज्य विधेयः परमादरः ॥४७॥**

જેઓ ધીર અને વિચારશીલ પુરુષો છે અને અતીન્દ્રિય સુખ (મોક્ષસુખ)ની અભિલાષા રાખે છે, તેઓએ તો પ્રમાદને છોડી મોક્ષમાં જ પરમ આદર કરવો જોઈએ.

न हि कालकलैकापि विवेकविकलाशयैः ।
अहो प्रज्ञाधनैर्नेया नृजन्मन्यतिदुर्लभे ॥४८॥

અહો ભવ્ય જીવો ! આ મનુષ્ય-જન્મ ઘણો દુર્લભ છે અને તે વારંવાર મળવો ઘણો જ કઠણ છે. માટે બુદ્ધિમાનોએ વિચાર-શૂન્ય હૃદયવાળા બની કાળની એક કળાને (સમય માત્રને) પણ વ્યર્થ જવા દેવી ન જોઈએ.

## ઉપસંહાર

भृशं दुःखज्वालानिचयनिचितं जन्मगहनम्,
यदक्षाधीनं स्यात्सुखमिह तदन्तेतिविरसम् ।
अनित्या कामार्थौ क्षणरुचिचलं जीवितमिदं,
विमृश्योच्चैः स्वार्थे क इह सुकृती मुह्यति जनः ॥४९॥

આ સંસાર મહાન ગહન વન જ છે. કારણ કે દુઃખરૂપી અગ્નિની જ્વાળાથી વ્યાપ્ત છે. આ સંસારમાં ઈન્દ્રિયાધીન સુખ છે તે અંતે વિરસ છે, દુઃખનું કારણ છે, તથા દુઃખની સાથે ભળેલું છે. અને જે કામ તથા અર્થ છે તે અનિત્ય છે, સદૈવ રહેતા નથી. તથા જીવતર છે તે વીજળી સમાન ચંચળ છે. આ પ્રમાણે સમીચીનપણે વિચાર કરનાર જે પોતાના સ્વાર્થમાં સુકૃતી, પુણ્ય-વાન સત્પુરુષો છે તેઓ મોહને કેમ પ્રાપ્ત થાય ? કદી પણ નહિ.

**ભાવાર્થ**—આ સંસારમાં સમસ્ત વસ્તુઓ દુઃખરૂપ નિઃસાર જાણી બુદ્ધિમાનોએ પોતાના હિતરૂપ મોક્ષનું સાધન સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર ધારણ કરવા પૂર્વક ધ્યાનનો અભ્યાસ કરવો જોઈએ. એવો શ્રી સદ્ગુરુનો ઉપદેશ છે.

## २

## દ્વિતીય સર્ગ

# હિતોપદેશ અને બાર ભાવના

### વૈરાગ્ય ઉત્પાદક ઉપદેશ

सङ्गैः किं न विषाद्यते वपुरिदं किं छिद्यते नामयैः,
मृत्युः किं न विजृम्भते प्रतिदिनं द्रुह्यन्ति किं नापदः ।
श्वभ्राः किं न भयानकाः स्वपनवद्भोगा न किं वञ्चकाः,
येन स्वार्थमपास्य किन्नरपुरप्रख्ये भवे ते स्पृहा ॥१॥

સંયોગથી શું વિષાદ ના? શરીર શું રોગોથી છેદાય ના?
મૃત્યુ શું તત્પર પ્રતિદિન ના? શું આપદ કરે દ્રોહ ના?
નર્કો શું ન ભયાનક? સ્વપ્ન–શા ભોગો ઠગો શું નહિ?
જેથી કિન્નર પુર-શો ભવ સ્પૃહે, તું સ્વાર્થ છાંડી અહીં? ૧

હે આત્મા! આ સંસારમાં સંગ એટલે ધન, ધાન્ય, સ્ત્રી, કુટું-
આદિનો સંયોગરૂપ જે પરિગ્રહ છે તે શું તને વિષાદરૂપ થતો

નથી? આ શરીર શું રોગોથી પીડાતું છિન્નભિન્ન થતું નથી? શું મૃત્યુ તને ગ્રસવા માટે, કોળિયો કરવા માટે પ્રતિદિન મોઢું ફાડી ઊભું નથી? વિપત્તિઓ શું તારો દ્રોહ કરતી નથી? શું તને નરક ભયાનક દેખાતું નથી? અને આ ભોગો છે તે શું સ્વપ્ન સમાન તને છેતરનારા, ઠગનારા નથી? કે જેથી ઇન્દ્ર-જાળથી રચેલા તારા સ્વર્ગ સમાન આ અસાર સંસારમાં તારી ઇચ્છા એમ ને એમ બનેલી છે.

**ભાવાર્થ**—સંસાર, દેહ, ભોગોને ઉપરોક્ત પ્રકારે જાણીને પણ જે જીવ પોતાના પ્રયોજનમાં સાવધાન થતા નથી, તેમનું અજ્ઞાનપણું સ્પષ્ટ દેખાય છે.

## જીવની ભૂલ

**नासादयसि कल्याणं न त्वं तत्त्वं समीक्षसे ।**
**न वेत्सि जन्मवैचित्र्यं भ्रातर्भूतैर्विडम्बितः ॥२॥**

**ભ્રાત! પામ કલ્યાણ ના, તત્ત્વ સમીક્ષે નાંહિ,**
**જાણ ન ભવવૈચિત્ર્ય તું, ભૂત વિડંબિત આંહીં. ૨**

હે ભાઈ! તું મોહરૂપી ભૂતથી વિડંબનારૂપ (દુઃખી) થઈને પોતાના કલ્યાણમાં લાગતો નથી, અને તત્ત્વો (વસ્તુસ્વરૂપ)નો વિચાર કરતો નથી. તથા સંસારની વિચિત્રતાને જાણતો નથી, આ તારી મોટી ભૂલ છે.

**असद्विद्याविनोदेन मात्मानं मूढ वञ्चय ।**
**कुरु कृत्यं न किं वेत्सि विश्ववृत्तं विनश्वरम् ॥३॥**

**અસદ્ વિદ્યા વિનોદથી, મ આત્માને મૂઢ વંચ !**
**કર કૃત્ય જાણે ન શું, નશ્વર વિશ્વ પ્રપંચ ? ૩**

હે મૂઢ પ્રાણી ! અનેક અસત્ કળા, ચાતુર્ય, શૃંગાર શાસ્ત્રાદિ અસત્ વિદ્યાઓના કૌતુકથી પોતાના આત્માને ઠગીશ નહિ અને તારે કરવા યોગ્ય જે કંઈ હિતકાર્ય હોય તેને તું કરી લે. કારણ કે જગતના આ સમસ્ત પ્રવર્તનો વિનાશક છે. શું તું આ બધી બાબતો જાણતો નથી ?

**समत्वं भज भूतेषु निर्ममत्वं विचिन्तय ।**
**अपाकृत्य मनःशल्यं भावशुद्धिं समाश्रय ॥४॥**

**ભજ સમત્વ ભૂતો પ્રતિ, ચિંત અમમત્વ ભાવ,**
**મનઃ શલ્ય દૂરે કરી, ભાવ શુદ્ધિ ધર સાવ. ૪**

હે આત્મા ! તું સમસ્ત જીવોને એક સમાન જાણ. મમત્વને છોડી નિર્મમત્વનું ચિંતવન કર. મનના શલ્યને દૂર કર એટલે કે કોઈ પ્રકારનું શલ્ય (કલેશ) તું તારા મનમાં રાખીશ નહિ. અને પોતાના ભાવોની શુદ્ધતાને અંગીકાર કર.

## બાર ભાવનાનો ઉપદેશ

**चिनु चित्ते भृशं भव्य भावना भावशुद्धये ।**
**याः सिद्धान्तमहातन्त्रे देवदेवैः प्रतिष्ठिताः ॥५॥**

**ભવ્ય ! ભાવના ભર મને, ભાવ શુદ્ધિને કાજ,**
**જેહ દેવના દેવથી, સ્થાપિત આગમમાં જ. ૫**

હે ભવ્ય ! તું તારા ભાવોની શુદ્ધિ અર્થે તારા મનમાં બાર ભાવનાઓનું ચિંતવન કર કે જે ભાવનાઓને દેવાધિદેવ શ્રી તીર્થંકર ભગવાને સિદ્ધાંતોમાં પ્રતિષ્ઠિત કરી છે.

ताश्च संवेगवैराग्ययमप्रशमसिद्धये ।
आलानिता मनःस्तम्भे मुनिभिर्मोक्तुमिच्छुभिः ॥६॥

**તે યમ શમ સંવેગ ને, વૈરાગ્ય સિદ્ધિ કાજ,**
**બાંધે છે મન-સ્તંભમાં, મુમુક્ષુઓ મુનિરાજ. ૬**

તે ભાવનાઓને મોક્ષાભિલાષી મુનિઓએ પોતાનામાં સંવેગ (ધર્માનુરાગ), વૈરાગ્ય (સંસારથી ઉદાસીનતા) યમ (મહાવ્રતાદિ ચારિત્ર) અને પ્રશમની (કષાયોના અભાવરૂપ શાંત ભાવોની) સિદ્ધિ માટે પોતાના ચિત્તમાં સ્થિર કરી છે, બાંધી રાખી છે.

**ભાવાર્થ**—મુનિગણ નિરંતર તેનું ચિંતવન કર્યા કરે છે.

### બાર ભાવનાના નામ

अनित्याद्याः प्रशस्यन्ते द्वादशैता मुमुक्षुभिः ।
या मुक्तिसौधसोपानराजयोऽत्यन्तवन्धुराः ॥७॥

**મુમુક્ષુઓથી પ્રશસ્ત આ, અનિત્ય આદિ બાર,**
**જેહ મુક્તિ પ્રસાદની, સોપાન પંક્તિ સાર. ૭**

આ ભાવના અનિત્ય (૧) અશરણ (૨) સંસાર (૩) એકત્વ (૪) અન્યત્વ (૫) આસ્રવ (૬) બંધ (૭) સંવર (૮) નિર્જરા (૯) લોક (૧૦) બોધિદુર્લભ (૧૧) અને ધર્મ (૧૨) એમ બાર પ્રકારની છે. તે ભાવનાઓને મોક્ષાભિલાષી મુનિગણોએ પ્રશંસી છે. કારણ કે આ બધી ભાવનાઓ મોક્ષરૂપી મહેલમાં ચડવા માટે અતિ ઉત્તમ સીડીઓની પંક્તિ સમાન છે.

---

### અનિત્ય ભાવના

हृषीकार्थसमुत्पन्ने प्रतिक्षणविनश्वरे ।
सुखे कृत्वा रतिं मूढ विनष्टं भुवनत्रयं ॥८॥

**ઇંદ્રિયાર્થથી ઉપજતું, ક્ષણ ક્ષણ નશ્વર જેહ,**
**રતિ એવા સુખમાં કરી, વિનષ્ટ ત્રિભુવન એહ. ૮**

હે મૂઢ! ક્ષણે ક્ષણે નાશ પામનારા ઇન્દ્રિયજનિત સુખમાં પ્રીતિ કરીને આ ત્રણે ભુવનનો નાશ થઈ રહ્યો છે. તેને તું કેમ જોતો નથી?

**भवाब्धिप्रभवाः सर्वे सम्बन्धा विपदास्पदम् ।**
**सम्भवन्ति मनुष्याणां तथान्ते सुष्ठुनीरसाः ॥९॥**

**ભવ-સાગરમાં ઉપજતા, સર્વ સંબંધ ભાવ,**
**નરને, વિપદા સ્થાન ને, અંતે નીરસ સાવ. ૯**

આ સંસારરૂપી સમુદ્રમાં ભ્રમણ કરતાં કરતાં મનુષ્યોને જેટલા સંબંધો થાય છે તે બધા જ આપદા-દુઃખોના ઘર છે. કારણ કે અંતમાં બધા સંબંધો લગભગ નીરસ (દુઃખદાયક) બની જાય છે. આ પ્રાણી તે સંબંધોથી સુખ માને છે, તે તો ભ્રમ માત્ર છે.

**वपुर्विद्धि रुजाक्रान्तं जराक्रान्तं च यौवनम् ।**
**ऐश्वर्यं च विनाशान्तं मरणान्तं च जीवितम् ॥१०॥**

**દેહ રોગ આક્રાંત છે, તારુણ્ય જરા ક્રાંત,**
**વૈભવ અંત વિનાશ છે, ને જીવિત મરણાંત. ૧૦**

હે આત્મા! શરીરને તું રોગોથી ઘેરાયેલું, રોગનું ઘર સમજ અને યૌવનને વૃદ્ધાવસ્થાથી ઘેરાયેલું જાણ, ઐશ્વર્ય સંપત્તિને વિનશ્વર જાણ અને જીવનને અંતે મરણ છે, એટલે કે જીવન મરણ સહિત છે એમ તું જાણ.

**ભાવાર્થ**—આ બધા પદાર્થો પ્રતિપક્ષી-વિરોધવાળા છે એમ તું સમજ.

ये दृष्टिपथमायाताः पदार्थाः पुण्यमूर्त्तयः ।
पूर्वाह्ने न च मध्यान्हे ते प्रयान्तीह देहिनाम् ॥११॥

દૃષ્ટિપથમાં જે પડ્યા, પુણ્ય પદાર્થ પ્રભાત,
મધ્યાન્હે તે પ્રાણીના, દીસે નહિ અહીં ભ્રાત ! ૧૧

આ સંસારમાં જેમને ત્યાં પ્રભાતે પુણ્યના સાક્ષાત્ મૂર્તિ-સ્વરૂપ ઉત્તમોત્તમ પદાર્થો દૃષ્ટિગોચર થતા હતા, તે મધ્યાન્હકાળે જોવામાં આવતા નથી એટલે કે નષ્ટ થઈ જાય છે. હે આત્મા ! આ બધાનો તું વિચાર કર અને જગતને જો.

यज्जन्मनि सुखं मूढ ! यच्च दुःखं पुरःस्थितम् ।
तयोर्दुःखमनन्तं स्यात्तुलायां कल्प्यमानयोः ॥१२॥

સંસારે જે સુખ અને, દુઃખ જે તેની પાસ,
તુલા વિષે તે તોલતાં, દુઃખ અનંત પ્રકાશ. ૧૨

હે મૂઢ પ્રાણી ! આ સંસારમાં તારી સન્મુખ જે કંઈ સુખ કે દુઃખ છે, તે બન્નેને જ્ઞાનરૂપી ત્રાજવામાં મૂકી તોળીશ તો તને સુખથી દુઃખ જ અનંતગણું જણાશે. કારણ કે આ વાત પ્રત્યક્ષ અનુભવગોચર છે.

### ભોગોનો નિષેધ

भोगा भुजङ्गभोगाभाः सद्यः प्राणापहारिणः ।
सेव्यमानाः प्रजायन्ते संसारे त्रिदशैरपि ॥१३॥

ભોગો ભુજંગ-ભોગ-શા, શીઘ્ર પ્રાણ હરનાર,
દેવો પણ જે સેવતાં, ભવ ભ્રમણે ભમનાર. ૧૩

આ સંસારમાં ભોગો સર્પની ફેણ સમાન છે. કારણ કે તેમનું સેવન કરવાને લીધે દેવો પણ પ્રાણાંતે હલકી ગતિમાં જાય છે.

**ભાવાર્થ**—દેવો પણ ભોગો ભોગવવાને લીધે જ્યારે મરીને એકેન્દ્રિયમાં જાય છે તો મનુષ્ય તો અવશ્ય નરકાદિમાં જાય તેમાં શંકા નથી.

## જીવની અજ્ઞાનતા

**वस्तुजातमिदं मूढ प्रतिक्षणविनश्वरम् ।**
**जानन्नपि न जानासि ग्रहः कोऽयमनौषधः ॥१४॥**

**વસ્તુ માત્ર આ પ્રતિક્ષણે, છે ક્ષણભંગુર મૂઢ,**
**જાણે તોય ન જાણ આ, કયું અનૌષધ ભૂત. ૧૪**

હે મૂઢ પ્રાણી ! આ પ્રત્યક્ષ અનુભવની વાત છે કે, આ સંસારમાં જે વસ્તુઓનો સમૂહ છે તે પર્યાયથી ક્ષણે ક્ષણે નાશ પામનારો છે. આ વાત જાણવા છતાં પણ તું અજાણ બની રહ્યો છે તો આ શું તારો હઠાગ્રહ નથી ? કે તારા ઉપર કોઈ ભૂત-પિચાશ સવાર થયો છે કે જેની કોઈ ઔષધિ—દવા જ નથી ?

**क्षणिकत्वं वदन्त्यार्या घटीघातेन भूभृताम् ।**
**क्रियतामात्मनः श्रेयो गतेयं नागमिष्यति ॥१५॥**

**ઘટી ડંકા પરથી કથે, આર્યજનો આ સાર,**
**શ્રેય કરી લ્યો આત્મનું, ગઈ ના'વે ફરીવાર. ૧૫**

આ લોકમાં રાજાઓને ત્યાં જે ઘડિયાળનો ઘંટ વાગે છે અને શબ્દ કરે છે, તે બધાના ક્ષણિકપણાને પ્રદર્શિત કરે છે, એટલે કે જગતને જાણે પોકારી પોકારીને કહેતો ન હોય કે હે જગતના જીવો ! જો તમે તમારું કલ્યાણ કરવા ઇચ્છતા હો તો તમારું હિત થાય તેવું કાર્ય ત્વરિત—શીઘ્ર કરી લ્યો, નહિતર પછી પસ્તાવું પડશે. કારણ કે આ જે ઘડી વીતી ગઈ છે તે કોઈ રીતે કદી પણ

ફરી આવે તેમ તથી. તેથી જો આવતી બીજી ઘડીને પણ આમ વ્યર્થમાં જ ગુમાવી દેશો તો તે પણ વીતી જશે અને પાછી આવશે નહિ.

यद्यपूर्वं शरीरं स्याद्यदि वात्यन्तशाश्वतम् ।
युज्यते हि तदा कर्तुमस्यार्थे कर्म निन्दितम् ॥१६॥

**અપૂર્વ જો તુજ દેહ આ, વા શાશ્વત અત્યંત,**
**નિંદ્ય કર્મ તે અર્થ તો, કરવું યુક્ત ઠરંત. ૧૬**

હે પ્રાણી! જો આ શરીર અપૂર્વ હોય એટલે કે પૂર્વે કદી તને મળ્યું ન હોય અથવા અત્યન્ત અવિનશ્વર હોય તો તો તેને માટે તારે નિંદ્ય કાર્ય કરવું તે યોગ્ય છે, પરંતુ વાત તો આવી છે નહિ. કારણ કે આવા શરીરો તો તેં અનંતીવાર ધારણ કર્યા છે અને છોડચા પણ છે, તો પછી આવા શરીરને માટે નિંદ્ય કાર્ય કરવું તારા માટે જરા પણ ઉચિત નથી. તેથી હવે એવું કાર્ય કર કે જેથી તારું વાસ્તવમાં કલ્યાણ થાય.

अवश्यं यान्ति यास्यन्ति पुत्रस्त्रीधनबान्धवाः ।
शरीराणि तदैतेषां कृते किं खिद्यते वृथा ॥१७॥

**અવશ્ય જાય જશે વળી, સુત સ્ત્રી બાંધવ અર્થ,**
**ને શરીરો તે માટે કાં, ઘટે ખેદ તું વ્યર્થ. ૧૭**

પુત્ર, સ્ત્રી, બાંધવ, ધન, શરીરાદિ ચાલ્યા જાય છે અને જે છે, તે પણ અવશ્ય ચાલ્યા જશે. તો પછી તેમની પ્રાપ્તિ માટે આ જીવ શા માટે વૃથા ખેદ કરે છે?

नायाता नैव यास्यन्ति केनापि सह योषितः ।
तथाप्यज्ञाः कृते तासां प्रविशन्ति रसातलम् ॥१८॥

**નથી આવી ને ન જ જશે, સ્ત્રીઓ કોઈની સાથ,**
**પેસે તોય રસાતલે, અજ્ઞજનો તે માટ. ૧૮**

આ સંસારમાં સ્ત્રીઓ નથી કોઈની સાથે આવી અને નહિ કોઈની સાથે જશે. તો પણ મૂઢજન તેમને માટે નિંદ્ય કાર્યો કરીને નરકાદિમાં પ્રવેશ કરે છે. આ એક મહાન અજ્ઞાન છે.

## બંધુજન કેવા છે?

**ये जाता रिपवः पूर्वं जन्मन्यस्मिन्विधेर्वशात् ।**
**त एव तव वर्त्तन्ते बान्धवा बद्धसौहृदः ॥१९॥**

**પૂર્વે જે જન્મ્યા રિપુ, એહ જન્મમાં તે જ,**
**મૈત્રી ધરતા બાંધવો, વિધિવશથી વર્તે જ. ૧૯**

હે આત્મા! પૂર્વજન્મમાં જે તારા શત્રુઓ હતા, તેઓ જ આ જન્મમાં તારા અતિ સ્નેહી બનીને તારા બંધુ બની ગયા છે, એટલે કે તું તેમને હિતેચ્છુ અથવા મિત્ર સમજે છે, પરંતુ તેઓ તારા હિતેચ્છુ કે મિત્ર નથી, પરંતુ પૂર્વજન્મના શત્રુ છે.

**रिपुत्वेन समापन्नाः प्राक्तनास्तेऽत्र जन्मनि ।**
**बान्धवाः क्रोधरुद्धाक्षा दृश्यन्ते हन्तुमुद्यताः ॥२०॥**

**પૂર્વે જે તુજ બાંધવો, એહ જન્મમાં તેહ,**
**રક્તનેત્ર શત્રુ દીસે, હણવા તત્પર જેહ. ૨૦**

અને જેઓ પૂર્વ જન્મમાં તારા બાંધવો હતા, તેઓ જ આ જન્મમાં શત્રુતાને પ્રાપ્ત થઇ તથા ક્રોધયુક્ત લાલનેત્ર કરી તને મારવા માટે ઉદ્યત થયેલા છે. તે પ્રત્યક્ષ જોવામાં આવે છે.

अङ्गनादिमहापाशैरतिगाढं नियन्त्रिताः ।
पतत्यन्धमहाकूपे भवाख्ये भविनोऽध्वगाः ॥२१॥

**સ્ત્રી આદિ દૃઢ પાશથી, જકડાએલા ગાઢ,**
**સંસારી પથિકો પડે, ભવાંધ કૂપ અગાધ. ૨૧**

આ સંસારમાં નિરંતર ફરનારા–પરિભ્રમણ કરનારા પ્રાણીરૂપી પથિકો સ્ત્રી વિ. ના મોટા મોટા દોરડાંઓથી અતિશય કસીને બંધાયેલા સંસાર નામના મહાન્ધ કૂપમાં જઈને પડે છે.

**ભાવાર્થ**—જેવી રીતે નેત્રાંધ પુરુષ માર્ગમાં ચાલતા ચાલતા અંધકૂપમાં પડી જાય છે, તેવી જ રીતે આ જીવો પણ દેખતા છતાં અંધ પુરુષ સમાન સંસારરૂપી કૂવામાં લપસી પડે છે.

पातयन्ति भवावर्त्ते ये त्वां ते नैव बान्धवाः ।
बन्धुतां ते करिष्यन्ति हितमुद्दिश्य योगिनः ॥२२॥

**ભવ-વમળે પાડે તને, તે તુજ બાંધવ ના જ,**
**કરશે તુજ બાંધવપણું, યોગિરાજ હિત કાજ. ૨૨**

હે આત્મા ! જે તને સંસારના ચક્રમાં નાખે છે તે બાંધવો તારા હિતૈષી નથી. પરંતુ જે મુનિગણ (ગુરુ મહારાજ) તારા હિતની વાંચ્છા કરી બંધુતા કરે છે એટલે કે હિતનો ઉપદેશ કરે છે, સ્વર્ગ અને મોક્ષનો માર્ગ બતાવે છે, તેઓ જ તારા વાસ્તવમાં સાચા અને પરમ મિત્રો છે.

### જીવોનું આશ્ચર્યકારક પ્રવર્તન

शरीरं शीर्यते नाशा गलत्यायुर्न पापधीः ।
मोहः स्फुरति नात्मार्थः पश्य वृत्तं शरीरिणाम् ॥२३॥

**દેહ જરે આશા નહિ, ગળે આયુ ન, કુબુદ્ધ,**
**સ્ફુરે મોહ આત્માર્થના, જો જીવ વૃત્ત વિરુદ્ધ. ૨૩**

અહો જુઓ! આ જીવોનું પ્રવર્તન કેવું આશ્ચર્યકારક છે કે, શરીર તો પ્રતિદિન ગળતું જાય છે, ક્ષય પામતું જાય છે પરંતુ આશા ગળતી નથી, ઘટતી નથી ઊલટી વધતી જ જાય છે. વળી આયુષ્યબળ તો ઘટતું જાય છે અને પાપકાર્યોમાં બુદ્ધિ વધતી જાય છે. મોહ તો હંમેશા સ્ફુરાયમાન થાય છે અને છતાં આ જીવ પોતાના હિત અથવા કલ્યાણ માર્ગમાં લાગતો નથી. આ કેવું અજ્ઞાનનું માહાત્મ્ય છે?

### પરિગ્રહથી સંતાપ

यास्यन्ति निर्दया नूनं यद्दत्वा दाहमूर्जितम् ।
हृदि पुंसां कथं ते स्युस्तव प्रीत्यै परिग्रहाः ॥२४॥

**પુરુષ હૃદયમાં દાહ દઈ, જશે જ નિર્દય જેહ,**
**તુજ પ્રીત્યર્થે થાય કાં, પરિગ્રહો રે! તેહ? ૨૪**

હે આત્મન્! આ બધા પરિગ્રહો પુરુષોના હૃદયમાં અતિશય દાહ એટલે સંતાપ આપીને અવશ્ય ચાલ્યા જાય છે, વિલીન થઈ જાય છે. એટલા માટે આ પરિગ્રહ ઉપર તારે પ્રીતિ કરવી કેવી રીતે ઉચિત હોઈ શકે?

**ભાવાર્થ**—તું વૃથા આ ધન-ધાન્યાદિ પરિગ્રહોની સાથે પ્રીતિ ન કર, કારણ કે આ પરિગ્રહ કોઈ પણ રીતે તારી પાસે રહેવાનો નથી.

### અજ્ઞાનથી નરક આદિના દુઃખ

अविद्यारागदुर्वारप्रसरान्धीकृतात्मनाम् ।
श्वभ्रादौ देहिनां नूनं सोढव्या सुचिरं व्यथा ॥२५॥

મિથ્યાજ્ઞાન જનિત રાગોના દર્નિવાર વિસ્તરણથી અંધ બનેલા જીવોને અવશ્યમેવ નરકાદિમાં લાંબા કાળ સુધી દુઃખો સહન કરવા પડશે, તેનું જીવોને ભાન પણ નથી.

वन्हिं विशति शीतार्थं जीवितार्थं पिबेद्विषम् ।
विषयेष्वपि यः सौख्यमन्वेषयति मुग्धधीः ॥२६॥

જે મૂઢ મતિ પંચેન્દ્રિયોના વિષય સેવનમાં સુખને શોધે છે, તેઓ જાણે શીતલતા માટે અગ્નિમાં પ્રવેશ કરે છે, અને લાંબું આયુષ્ય જીવવા માટે વિષપાન કરે છે. તેમને આ વિપરીત બુદ્ધિથી સુખને બદલે દુઃખ જ થશે.

कृते येषां त्वया कर्म कृतं श्वभ्रादिसाधकम् ।
त्वामेव यान्ति ते पापा वञ्चयित्वा यथायथम् ॥२७॥

હે આત્મન્! પોતાના સ્વજન કુટુંબીઓ માટે તેં નરકાદિમાં નાખી ભયંકર દુઃખ ઉત્પન્ન કરે એવા પાપકર્મો ઉપાર્જન કર્યાં, પરંતુ તે પાપીઓ તને અવશ્ય દગો કરી પોતપોતાની ગતિમાં ચાલ્યા જશે અને તેમને માટે તેં જે પાપકર્મો કર્યા તેનું ફળ તો તારે એકલાને જ ભોગવવું પડે છે અથવા ભોગવવું પડશે.

### જીવના કર્તવ્યનો ઉપદેશ

अनेन नृशरीरेण यल्लोकद्वयशुद्धिदम् ।
विवेच्य तदनुष्ठेयं हेयं कर्म ततोऽन्यथा ॥२८॥

પ્રત્યેક પ્રાણીએ આ મનુષ્ય દેહ વડે ઉભય લોકમાં શુદ્ધતા આપનાર કાર્યનો વિચાર કરી અનુષ્ઠાન કરવું જોઇએ. અને તેથી ભિન્ન અન્ય બધા કાર્યો છોડી દેવા જોઇએ. આ સામાન્ય-સર્વ પ્રાણીઓ સંબંધી ઉપદેશ છે.

वर्द्धयन्ति स्वघाताय ते नूनं विषपादपम् ।
नरत्वेऽपि न कुर्वन्ति ये विवेच्यात्मनो हितम् ॥२९॥

જેમાં સમસ્ત પ્રકારનો વિચાર કરવાનું સામર્થ્ય છે તથા જેને પ્રાપ્ત કરવો દુર્લભ છે એવો મનુષ્ય-જન્મ પ્રાપ્ત કરીને પણ જેઓ પોતાનું હિત કરતા નથી, તેઓ પોતાના ઘાત માટે વિષવૃક્ષને ઉછેરે છે, મોટું કરે છે.

**ભાવાર્થ**—પાપકાર્ય વિષવૃક્ષ સમાન છે, તેથી તેનું ફળ પણ ઘાત કરનારું છે.

### પંખીના મેળા જેવો કુટુંબનો મેળો

यद्वद्देशान्तरादेत्य वसन्ति विहगा नगे ।
तथा जन्मान्तरान्मूढ प्राणिनः कुलपादपे ॥३०॥

જેવી રીતે પક્ષીઓ અનેક દેશોથી આવી આવીને સન્ધ્યા સમયે વૃક્ષો ઉપર વસે છે, તેવી જ રીતે આ પ્રાણીજનો અન્યાન્ય જન્મોથી આવી આવીને કુળરૂપી વૃક્ષો ઉપર વાસ કરે છે એટલે કે જન્મ લે છે. અને—

प्रातस्तरुं परित्यज्य यथैते यान्ति पत्रिणः ।
स्वकर्मवशगाः शश्वत्तथैते क्वापि देहिनः ॥३१॥

જેવી રીતે તે પક્ષીઓ પ્રભાતે તે વૃક્ષને છોડીને પોતપોતાનો રસ્તો લે છે, તેવી જ રીતે આ પ્રાણી પણ આયુષ્ય પૂર્ણ થતાં પોતપોતાના કર્માનુસાર પોતપોતાની ગતિમાં ચાલ્યા જાય છે.

गीयते यत्र सानन्दं पूर्वाह्णे ललितं गृहे ।
तस्मिन्नेव हि मध्याह्ने सदुःखमिह रुद्यते ॥३२॥

જે ઘરમાં પ્રભાત સમયે આનંદ અને ઉત્સાહથી સુંદર સુંદર માંગલિક ગીતો ગવાતા હોય છે, તે જ ઘરમાં મધ્યાન્હ સમયે દુઃખ સાથે રુદન–કકળાટ સંભળાય છે. તેમ જ

**यस्य राज्याभिषेकश्रीः प्रत्यूषेऽत्र विलोक्यते ।**
**तस्मिन्नहनि तस्यैव चिताधूमश्च दृश्यते ॥३३॥**

પ્રભાત સમયે જેના રાજ્યાભિષેકની શોભા જોવામાં આવતી હતી, તે રાજાની તે જ દિવસે ચિતા સળગતી જોવામાં આવે છે. આવી સંસારની વિચિત્રતા છે.

## જીવોના શરીરની અવસ્થા

**अत्र जन्मनि निर्वृत्तं यैः शरीरं तवाणुभिः ।**
**प्राक्तनान्यत्र तैरेव खण्डितानि सहस्रशः ॥३४॥**

હે આત્મન્! આ સંસારમાં જે પરમાણુઓથી તારું આ શરીર રચાયું છે, તે જ પરમાણુઓએ આ શરીર પહેલાનાં તારા હજારો શરીરના ખંડ ખંડ–કટકે કટકા કર્યા છે.

**ભાવાર્થ**—જૂના પરમાણુઓ તો આ શરીરમાંથી ખરે છે અને નવા પરમાણુઓ તેની જગ્યાએ ગોઠવાતા જાય છે, સ્થાનાપન્ન થતા જાય છે. તેથી તે જ પરમાણુઓ તો શરીરને રચે છે અને તે જ તેનો નાશ કરે છે. શરીરની આ દશા છે.

**शरीरत्वं न ये प्राप्ता आहारत्वं न येऽणवः ।**
**भ्रमतस्ते चिरं भ्रातर्यन्न ते सन्ति तद्गृहे ॥३५॥**

હે ભાઈ! આ સંસારમાં અનાદિકાળથી–ચિરકાળથી પરિભ્રમણ કરતાં એવો એક પણ પરમાણુ બાકી રહ્યો નથી કે જે તારા શરીરપણા કે આહારપણાને પ્રાપ્ત થયો ન હોય!

**ભાવાર્થ.**—આ શરીરમાં એવા પરમાણુઓ નથી કે જે પૂર્વે અનંત પરાવર્તનમાં શરીરરૂપે કે આહારરૂપે ગ્રહણ કરવામાં ન આવ્યા હોય!

## ઐશ્વર્યાદિની અનિત્યતા

**सुरोरगनरैश्वर्यं शक्रकार्मुकसन्निभम् ।**
**सद्यः प्रध्वंसमायाति दृश्यमानमपि स्वयम् ॥३६॥**

આ જગતમાં જે સુર (કલ્પવાસી દેવ) ઉરગ (ભવનવાસી દેવ) અને મનુષ્યોના ઇન્દ્ર એટલે કે ચક્રવર્તીપણાના જે ઐશ્વર્ય (વૈભવ) છે, તે બધા ઇન્દ્રધનુષ સમાન છે, એટલે કે જોવામાં તો અતિ સુંદર દેખાય છે પરંતુ જોતજોતાંમાં નાશ પામી જાય છે.

**यान्त्येव न निवर्त्तन्ते सरितां यद्वदूर्मयः ।**
**तथा शरीरिणां पूर्वा गता नायान्ति भूतयः ॥३७॥**

જેવી રીતે નદીમાં જે તરંગો–લહેરો થાય છે તે કદી પણ પાછા આવતા નથી, તેવી જ રીતે જીવોની વિભૂતિ–ઐશ્વર્ય જે પહેલાં હોય છે તે નષ્ટ થયા પછી ફરી પાછાં આવતા નથી. તેમાં આ પ્રાણી હર્ષવિષાદ વૃથા જ કરે છે.

**क्वचित्सरित्तरंगाली गतापि विनिवर्त्तते ।**
**न रूपबललावण्यं सौन्दर्यं तु गतं नृणाम् ॥३८॥**

નદીની લહેરો કદાચ કોઈ ઠેકાણે પાછી વળતી હોય તો પણ મનુષ્યોનું ગયેલું રૂપ, બળ, લાવણ્ય અને સૌન્દર્ય ફરી પાછું આવતું નથી. આ પ્રાણી વૃથા જ તેમની આશા લગાડીને બેઠો છે.

## આયુષ્ય અને યૌવનની નશ્વરતા

**गलत्येवायुरव्यग्रं हस्तन्यस्ताम्बुवत्क्षणे ।**
**नलिनीदलसंक्रान्तं प्रायेलमिव यौवनम् ॥३९॥**

જીવોનું આયુષ્યબળ તો અંજલિના પાણીની જેમ ક્ષણે ક્ષણે નિરંતર ઝરતું રહે છે અને યૌવન કમળના પત્ર ઉપર પડેલા જળબિંદુની જેમ તત્કાળ ઢળી પડે છે-લપસી જાય છે. માટે આ જીવ નિરર્થક જ તેમની સ્થિરતાની ઇચ્છા કરે છે.

## મનોજ્ઞ વિષયોની ક્ષણિકતા

**मनोज्ञविषयैः सार्द्धं संयोगाः स्वप्नसन्निभाः ।**
**क्षणादेव क्षयं यान्ति वञ्चनोद्धतबुद्धयः ॥४०॥**

જીવોને મનોજ્ઞ વિષયોની સાથેનો સંયોગ સ્વપ્ન સમાન છે. ક્ષણમાત્રમાં નષ્ટ થઈ જાય છે. જેમની બુદ્ધિ ઠગવામાં નિપુણ છે, એવા ઠગ-ધૂર્તોની જેમ તેઓ થોડો વખત ચમત્કાર બતાવીને-પ્રલોભન આપીને પછી સર્વસ્વ લૂંટી લે છે તેમ તે ભોગ વિષયો જીવના સર્વસ્વને હરનારા છે.

**घनमालानुकारीणि कुलानि च बलानि च ।**
**राज्यालङ्कारवित्तानि कीर्त्तितानि महर्षिभिः ॥४१॥**

મહર્ષિઓએ જીવોના કુળ, કુટુંબ, બળ, રાજ્ય, અલંકાર, ધનાદિકને મેઘોના સમૂહની જેમ જોતજોતાંમાં વિલુપ્ત થનારા બતાવ્યા છે. આ મૂઢ-અજ્ઞાની જીવ તેમાં વૃથા જ નિત્યપણાની અવિનાશીપણાની બુદ્ધિ કરે છે.

## શરીરની નિઃસારતા

**फेनपुञ्जेऽथवा रम्भास्तम्भे सारः प्रतीयते ।**
**शरीरे न मनुष्याणां दुर्बुद्धे विद्धि वस्तुतः ॥४२॥**

હે દુર્બુદ્ધિ, મૂઢ પ્રાણી! વાસ્તવિક રીતે જોવામાં આવે તો

પાણીના ફીણના (ઝાગ) સમૂહમાં તથા કેળના થાંભલામાં તો હજી કંઈક સાર પ્રતીત થાય છે, પરંતુ મનુષ્યોના શરીરમાં તો કંઈપણ સાર જેવું દેખાતું નથી.

**ભાવાર્થ**—આ દુર્બુદ્ધિ પ્રાણી મનુષ્ય શરીરમાં કંઈક સાર સમજે છે તેથી કહ્યું છે કે તેમાં કંઇ પણ સાર જેવું નથી. મરણ પછી આ શરીરને ભસ્મીભૂત કરી દેવામાં આવે છે અને પછી અવશેષ કંઇ પણ રહેતું નથી. માટે જીવ જે શરીરને સારરૂપ સમજે છે, માને છે તે વૃથા–નિરર્થક જ છે.

**यातायातानि कुर्वन्ति ग्रहचन्द्रार्कतारकाः ।**
**ऋतवश्च शरीराणि न हि स्वप्नेऽपि देहिनाम् ॥४३॥**

આ લોકમાં ગ્રહ, ચન્દ્ર, સૂર્ય, તારા તથા છ ઋતુઓ બધાં વારાફરતી જાય છે અને આવે છે એટલે કે નિરંતર ગમનાગમન કરતા રહે છે. પરંતુ જીવોના ગયેલા શરીર ફરી પાછા આવતા નથી. તેથી પ્રાણીઓ જે આમાં પ્રીતિ કરે છે તે વૃથા જ છે.

**ये जाताः सातरूपेण पुद्गलाः प्राङ्मनःप्रियाः ।**
**पश्य पुंसां समापन्ना दुःखरूपेण तेऽधुना ॥४४॥**

હે આત્મન્! આ જગતમાં જે પુદ્ગળ સ્કંધો પૂર્વે જે મનુષ્યોના મનને પ્રિય અને સુખદાયક હતા તે જ અત્યારે દુઃખપ્રદ બની ગયા છે તે તું જો. એટલે કે જગતમાં એવો કોઈ પણ નથી જે શાશ્વત સુખરૂપથી રહેતો હોય.

## જગતમાં મોહનું મહાત્મ્ય

**मोहाञ्जनमिवाक्षाणामिन्द्रजालोपमं जगत् ।**
**मुह्यत्यस्मिन्नयं लोको न विद्मः केन हेतुना ॥४५॥**

આ જગત બધું ઈન્દ્રજાળ જેવું છે. જીવોના નેત્રોને મોહના આંજણની જેમ બધું ભૂલવે છે અને લોકો આમાં મોહ પામી પોતાને ભૂલી જાય છે, એટલે કે લોકો ઠગાય છે. અમે જાણતા નથી કે આ લોકો શા કારણે ભૂલી જાય છે. આ પ્રબળ મોહનું મહાત્મ્ય જ છે.

**ये चात्र जगतीमध्ये पदार्थाश्चेतनेतराः ।**
**ते ते मुनिभिरुद्दिष्टाः प्रतिक्षणविनश्वराः ॥४६॥**

આ જગતમાં જે જે ચેતન અને અચેતન પદાર્થો છે, તેમને બધા મહર્ષિઓએ ક્ષણે ક્ષણે નષ્ટ થનારા અને વિનાશક કહ્યા છે. આ જીવ તેમને નિત્ય સ્વરૂપ માને છે તે તેનો ભ્રમ માત્ર છે.

## ઉપસંહાર

**गगननगरकल्पं सङ्गमं वल्लभानाम्**
**जलदपटलतुल्यं यौवनं वा धनं वा ।**
**सुजनसुतशरीरादीनि विद्युच्चलानि**
**क्षणिकमिति समस्तं विद्धि संसारवृत्तम् ॥४७॥**

હે પ્રાણી! વલ્લભા એટલે પ્યારી સ્ત્રીઓનો સંગમ તે આકાશમાં દેવોએ રચેલા નગર સમાન છે. તેથી તુરત વિલુપ્ત થઇ જાય છે. અને તારું યૌવન અથવા ધન મેઘસમૂહ સમાન છે. તે પણ ક્ષણ માત્રમાં નષ્ટ થઈ જનાર છે. તથા સ્વજન પરિવારના લોકો, પુત્ર, શરીરાદિ વિદ્યુત સમાન ચંચળ છે. આ પ્રમાણે આ જગતની અવસ્થાને તું અનિત્ય જાણ. અને તેમાં નિત્યપણાની બુદ્ધિ ન કર.

## સંક્ષેપમાં તાત્પર્ય

આ લોક ષડ્દ્રવ્યમય છે. તેને દ્રવ્યદષ્ટિથી જોવામાં આવે તો છએ દ્રવ્ય પોતપોતાના સ્વરૂપમાં શાશ્વત એટલે નિત્ય અવ-

સ્થિત રહેલા છે. પરંતુ તેમના પર્યાયો (અવસ્થાઓ) સ્વભાવ-વિભાવરૂપે ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે તેથી તે અનિત્ય છે. સંસારી જીવોને દ્રવ્યના વાસ્તવિક સ્વરૂપનું જ્ઞાન તો હોતું નથી. તેથી તેઓ પર્યાયને જ વસ્તુસ્વરૂપ માનીને તેમાં નિત્યપણાની બુદ્ધિથી મમત્વ, અથવા રાગદ્વેષાદિ કર્યા કરે છે. તેથી જ આ ઉપદેશ કરવામાં આવે છે કે "પર્યાય બુદ્ધિને એકાંતે છોડી દઈ દ્રવ્ય-દૃષ્ટિએ પોતાના સ્વરૂપને કથંચિત્ નિત્ય જાણી અને તેનું ધ્યાન ધરી તેમાં લયલીન બની પોતાના વીતરાગરૂપ વિજ્ઞાનદશાને પ્રાપ્ત કરો."

દોહરો

**દ્રવ્યરૂપ કરિ સર્વ થિર, પરજૈ થિર હૈ કૌન ?**
**દ્રવ્ય દૃષ્ટિ આપા લખૌ, પર્યય નય કરિ ગૌન ॥૧॥**

**ભાવાર્થ**—બધા પદાર્થો દ્રવ્યરૂપે સ્થિર છે, કારણ પર્યાયરૂપે કોણ સ્થિર થયું છે. માટે પર્યાયનયને ગૌણ કરી દ્રવ્યદૃષ્ટિથી પોતાને નિહાળો.

## અશરણ ભાવના

### મૃત્યુ વખતે કોઈ શરણ નથી

**न स कोऽप्यस्ति दुर्बुद्धे शरीरी भुवनत्रये ।**
**यस्य कण्ठे कृतान्तस्य न पाशः प्रसरिष्यति ॥१॥**

હે મૂઢ ! દુર્બુદ્ધિ પ્રાણી ! તું જો કોઈનું શરણ લેવા ઈચ્છતો હો તો સમજી લે કે આ ત્રિભુવનમાં એવો કોઈ પણ શરીરી (જીવ) નથી કે જેના ગળામાં કાળની ફાંસી પડી ન હોય.

**ભાવાર્થ**—સમસ્ત પ્રાણીઓ કાળને વશ પડેલા છે.

**समापतति दुर्वारे यमकण्ठीरवक्रमे ।**
**त्रायते नहि प्राणी सोद्योगैस्त्रिदशैरपि ॥२॥**

જ્યારે આ પ્રાણી (જીવ) દુર્નિવાર એવા કાળરૂપી સિંહના પંજામાં સપડાઈ જાય છે ત્યારે પ્રયત્ન કરતાં દેવગણ પણ તેની રક્ષા કરી શકતા નથી. તો પછી અન્ય મનુષ્યોનું તો શું સામર્થ્ય, શું ગજું છે કે તેની રક્ષા કરી શકે?

**सुरासुरनराहीन्द्रनायकैरपि दुर्द्धरा: ।**
**जीवलोकं क्षणार्धेन बध्नाति यमवागुरा ॥३॥**

કાળની જાળ અથવા પાશ-ફંદો એવો છે કે ક્ષણમાત્રમાં જીવોને બાંધી લે છે. અને તે જીવોને સુરેન્દ્ર, અસુરેન્દ્ર, નરેન્દ્ર તથા નાગેન્દ્ર પણ તેમનું નિવારણ કરી શકતા નથી, બચાવી શકતા નથી.

## કાળ અદ્વિતીય સુભટ છે

**जगत्त्रयजयी वीर एक एवान्तक: क्षणे ।**
**इच्छामात्रेण यस्यैते पतन्ति त्रिदशेश्वरा: ॥४॥**

કાળ ત્રણે જગતને જીતનારો અદ્વિતીય સુભટ-યોદ્ધો છે, કારણ કે તેની ઈચ્છા માત્રથી દેવોના ઈન્દ્ર પણ ક્ષણ માત્રમાં ઢળી પડે છે એટલે કે સ્વર્ગથી ચ્યુત થઈ જાય છે. પછી બીજાની તો શી વાત કરવી.

## મરેલાનો શોક કરે તે મૂર્ખતા છે

**शोच्यन्ते स्वजनं मूर्खा: स्वकर्मफलभोगिनम् ।**
**नात्मानं बुद्धिविध्वंसा यमदंष्ट्रान्तरस्थितम् ॥५॥**

જ્યારે કોઈ પોતાનો કુટુંબી-સ્વજન પોતાને કર્મવશાત્ આયુષ્ય પૂરું થતાં મૃત્યુ પામે છે, ત્યારે બુદ્ધિહીન મૂર્ખજનો તેનો શોચ કરે છે. પણ તે પોતે જ યમરાજની દાઢમાં સપડાયેલો છે તેની તે જરા પણ ચિંતા કરતો નથી. આ તેની મહા મૂર્ખતા છે.

## પૂર્વે મહાન પુરુષો પણ કાળના કોળિયા બની ગયા છે

**यस्मिन्संसारकान्तारे यमभोगीन्द्रसेविते ।**
**पुराणपुरुषाः पूर्वमनन्ताः प्रलयं गताः ॥६॥**

કાળરૂપી સર્પથી સેવિત સંસારરૂપી વનમાં પૂર્વકાળે અનેક પુરાણ પુરુષો (શલાકા પુરુષો) પ્રલયને પ્રાપ્ત થયા છે, તેમનો વિચાર કરી શોક કરવો વૃથા છે.

## કાળની પ્રબળતા

**प्रतीकारशतेनापि त्रिदशैर्न निवार्यते ।**
**यत्रायमन्तकः पापी नृकीटैस्तत्र का कथा ॥७॥**

આ પાપસ્વરૂપ યમ (કાળ) દેવોના સેંકડો ઉપાયોથી પણ જ્યારે નિવારી શકાતો નથી ત્યારે મનુષ્યરૂપી કીડાની તો શી વાત કરવી ?

**ભાવાર્થ**—કાળ દુર્નિવાર છે.

**गर्भादारभ्य नीयन्ते प्रतिक्षणमखण्डितैः ।**
**प्रयाणैः प्राणिनो मूढ कर्मणा यममन्दिरम् ॥८॥**

હે મૂઢ પ્રાણી ! આયુષ્ય નામનું કર્મ જીવોને ગર્ભાવસ્થાથી જ નિરંતર ક્ષણે ક્ષણે, પ્રતિક્ષણ પોતાની મંજિલેથી યમમંદિર તરફ લઈ જાય છે, તે તું જો !

**यदि दृष्टः श्रुतो वास्ति यमाज्ञावञ्चको बली ।**
**तमाराध्य भज स्वास्थ्यं नैव चेत्किं वृथा श્રमः ॥९॥**

હે પ્રાણી ! જો તેં યમરાજની આજ્ઞાનો લોપ કરનાર એવો કોઇ બળવાન પુરુષને જોયો હોય અથવા સાંભળ્યો હોય તો તું તેની સેવા કર. એટલે કે તેનું શરણ લઇને નિશ્ચિંત થઇ જા. અને જો તેં એવો કોઇ બળવાન પુરુષ જોયો કે સાંભળ્યો ન હોય તો તારે ખેદ કરવો વ્યર્થ છે.

**परस्येव न जानाति विपत्तिं स्वस्य मूढधीः ।**
**वने सत्त्वसमाकीर्णे दह्यमाने तरुस्थवत् ॥१०॥**

જેવી રીતે અસંખ્ય જીવોથી ભરેલું વન બળી રહ્યું હોય ત્યારે વૃક્ષ ઉપર બેઠેલો માણસ એમ કહે કે જુઓ, આ બધા જીવો બળી રહ્યા છે પરંતુ એમ સમજતો નથી કે જ્યારે વનમાં આ વૃક્ષ પણ બળશે ત્યારે તેના ઉપર બેઠેલો હું પણ તેમની જેમ બળી જઇશ. આ મહાન મૂર્ખતા છે. તેવી જ રીતે બીજા ઉપર આવેલી આપત્તિઓ જોઇને મૂઢ જનો એમ સમજતા નથી કે તેમને પણ એવી જ આપત્તિ આવશે.

**यथा बालं तथा वृद्धं यथाढ्यं दुर्विधं तथा ।**
**यथा शूरं तथा भीरुं साम्येन ग्रसतेऽन्तकः ॥११॥**

કાળ જેમ બાળકને ગ્રસે છે, તેમ જ વૃદ્ધને પણ ગ્રસે છે. જેમ ધનાઢ્ય પુરુષને ગ્રસે છે તેમ દરિદ્રને પણ ગ્રસે છે, તેમ જ જેમ શૂરવીરનો કોળિયો કરે છે તેમ કાયરને પણ ગળી જાય છે. આ પ્રમાણે તે જગતના બધા જીવોને સમાન ભાવે ભક્ષે છે, કોળિયો કરી જાય છે. કોઇમાં પણ તે હીનાધિકપણાનો વિચાર કરતો નથી. તે જ કારણે તેનું એક નામ સમવર્તી પણ છે.

गजाश्वरथसैन्यानि मन्त्रौषधबलानि च ।
व्यर्थीभवन्ति सर्वाणि विपक्षे देहिनां यमे ॥१२॥

જ્યારે કાળ જીવોનો શત્રુ બને છે એટલે કે જગતના જીવોને ગ્રસે છે અને તેમને મારી નાખે છે ત્યારે હાથી, ઘોડા, રથ, સેના, મંત્ર, તંત્ર, ઔષધ, પરાક્રમાદિ બધાં જ વ્યર્થ થઇ જાય છે.

**ભાવાર્થ**—જ્યારે મૃત્યુ (કાળ) આવે છે, ત્યારે આ જીવને કોઈ બચાવી શકતું નથી.

विक्रमैकरसस्तावज्जनः सर्वोऽपि वल्गति ।
न शृणोत्यदयं यावत्कृतान्तहरिगर्जितम् ॥१३॥

જ્યાં સુધી કાળરૂપી સિંહની ગર્જનાનો શબ્દ સંભળાતો નથી ત્યાં સુધી જ અદ્વિતીય પરાક્રમવાળો મનુષ્ય પણ ઉદ્ધત બનીને દોડે છે, કૂદે છે. એટલે કે તારું મૃત્યુ આવ્યું એવો શબ્દ સાંભળતાં જ તે બધું ખેલવું, કૂદવું ભૂલી જાય છે.

अकृताभीष्टकल्याणमसिद्धारब्धवाञ्छितम् ।
प्रागेवागत्य निस्त्रिंसो हन्ति लोकं यमः क्षणे ॥१४॥

કાળ એવો નિર્દયી છે કે, જેમણે પોતાના મનોવાંછિત કલ્યાણરૂપ હિતકારી કાર્યો કર્યા નથી અને પોતાના પ્રારંભ કરેલા કાર્યોને પૂરાં કર્યા નથી એવા લોકોને કાળ સૌથી પહેલાં આવીને તત્કાળ મારી નાખે છે. લોકોના કામો જેમતેમ અધૂરાં જ રહી જાય છે.

## જીવોનું અજ્ઞાનપણું

भ्रूभङ्गारम्भभीतं स्खलति जगदिदं ब्रह्मलोकावसानम्
सद्यस्त्रुट्यन्ति शैलाश्चरणगुरुभराक्रान्तधात्रीवशेन ।
येषां तेऽपि प्रवीराः कतिपयदिवसैः कालराजेन सर्वे
नीता वार्त्ताविशेषं तपदि हतधियां जीवितेऽप्युद्धताशा ॥१५॥

જેમની ભ્રકુટિના વિકાર માત્રથી એટલે ભવાં ચડાવવાનો પ્રારંભ કરવા માત્રથી બ્રહ્મલોક સુધીનું આ જગત ભયભીત બની જાય છે, તથા જેમના ચરણોના ગુરુત્તર ભારને લીધે પૃથ્વી દબાવા માત્રથી પર્વતો તત્કાળ ખંડ ખંડ થઇ જાય છે એવા એવા સુભટો કે જેમની અત્યારે કથા માત્ર સંભળાય છે, તેમને પણ કાળે ગ્રસી લીધા છે, તો પછી આ હીનબુદ્ધિ જીવ પોતાના જીવવાની મહાન આશા રાખે છે, તે તેની કેટલી મોટી ભૂલ છે !

**रुद्राशागजदेवदैत्यखचरग्राहग्रहव्यन्तरा—**
**दिक्पालाः प्रतिशत्रवो हरिबला व्यालेन्द्रचक्रेश्वराः ।**
**ये चान्ये मरुदर्यमादिबलिनः संभूय सर्वे स्वयम्**
**नारब्धं यमकिङ्करैः क्षणमपि त्रातुं क्षमा देहिनम् ॥१६॥**

રુદ્ર, દિગ્ગજ, દેવ, દૈત્ય, વિદ્યાધર, જળદેવતા, ગ્રહ, વ્યન્તર, દિક્પાળ, નારાયણ, પ્રતિનારાયણ, બળભદ્ર, ધરણેન્દ્ર, ચક્રવર્તી તથા પવનદેવ, સૂર્યાદિ બળવાન દેહધારી બધા એકત્ર થઇને પણ કાળના કિંકર સ્વરૂપ–કાળની કળા વડે આરંભ કરાયેલા એટલે કે પકડાયેલા પ્રાણીની ક્ષણમાત્ર પણ રક્ષા કરવામાં સમર્થ નથી.

**ભાવાર્થ**—કોઇ એમ સમજતું હશે કે મૃત્યુથી બચાવનાર કોઇ તો આ જગતમાં અવશ્ય હશે જ પરંતુ તે તેની ભૂલ છે. એમ માનવું સર્વથા મિથ્યા છે, કારણ કે કાળથી–મૃત્યુથી રક્ષા કરનાર આ જગતમાં ભૂતકાળમાં કોઇ થયું નથી અને થશે પણ નહિ.

### જીવને ઉપદેશ

**आरब्धा मृगबालिकेव विपिने संहारदन्तिद्विषा**
**पुंसां जीवकला निरेति पवनव्याजेन भीता सती ।**

त्रातुं न क्षमसे यदि क्रपदप्राप्तां वराकीमिमां
न त्वं निर्घृण लज्जसेऽत्र जनने भोगेषु रन्तुं सदा ॥१७॥

હે મૂઢ પ્રાણી ! જેવી રીતે વનમાં હરણના બાળને સિંહ પકડવા પંજો મારે છે ત્યારે તે ભયભીત બનીને દોડે છે. તેવી જ રીતે જીવોના જીવનની કળા કાળરૂપી સિંહથી ભયભીત થઈને ઉચ્છ્વાસના બહાને બહાર નીકળે છે એટલે કે ભાગે છે. અને જેમ તે મૃગબાળ અંતે સિંહના પગતળે આવી જાય છે, તેમ જીવોના જીવનની કળા કાળાનુક્રમે અંતે પ્રાપ્ત થાય છે એટલે કે મૃત્યુ પામે છે. તેથી તું આ નિર્બળની રક્ષા કરવાને સમર્થ નથી. અને હે નિર્દય ! તું આ જગતમાં ભોગોમાં આનંદ માનવા ઉદ્યમી થઈને પ્રવૃત્તિ કરે છે અને છતાં લજ્જા પામતો નથી. આ તારું નિર્દયપણું છે. કારણ કે સત્પુરુષોની એવી પ્રવૃત્તિ હોય છે કે જે કોઈ અસમર્થ પ્રાણીને સમર્થ દબાવતો હોય તો પોતાના સમસ્ત કાર્યોને છોડી તેની રક્ષા કરવાનો વિચાર કરે છે, અને તું તો કાળથી હણાતા પ્રાણીઓને જોઈને પણ ભોગોમાં આનંદ માને છે–રમે છે અને સુકૃત કરીને પોતાને બચાવતો નથી. આ તારી મહાન નિર્દયતા છે.

पाताले ब्रह्मलोके सुरपतिभवने सागरान्ते वनान्ते
दिक्चक्रे शैलशृङ्गे दहनवनहिमध्वान्तवज्रासिदुर्गे ।
भूगर्भे सन्निविष्टं समदकरिघटासङ्कटे वा बलीयान
कालोऽयं क्रूरकर्मा कवलयति बलाज्जीवितं देहभाजां ।१८॥

કાળ મહા બળવાન અને ક્રૂરકર્મી દુષ્ટ છે. જીવોને પાતાળમાં, બ્રહ્મલોકમાં, ઈન્દ્રના ભવનમાં, સમુદ્રના તટે, વનને પેલે પાર, દિશાઓની છેડે, પર્વતના શિખર ઉપર, અગ્નિમાં, પાણીમાં,

હિમાલયમાં, અંધકારમાં, વજ્રમય સ્થાનમાં, તરવારના પહેરામાં, ગઢ, કોટ કે ભોંયઘરમાં, મદોન્મત્ત હાથીઓના સમૂહમાં વિ. કોઇ પણ વિકટ સ્થાનમાં યત્નપૂર્વક બેસાડીને સાચવો તો પણ આ કાળ બળાત્કાર પૂર્વક જીવોના જીવનને કોળિયો કરી નાખે છે, ગ્રાસ બનાવી ગ્રસી લે છે. કાળની આગળ કોઇનો પણ વશ ચાલતો નથી.

## ઉપસંહાર

**अस्मिन्नन्तकभोगवक्त्रविवरे संहारदंष्ट्राङ्किते**
**संसुप्तं भुवनत्रयं स्मरगरव्यापारमुग्धीकृतम् ।**
**प्रत्येकं गिलतोऽस्य निर्दयधियः केनाप्युपायेन वै**
**नास्मान्निःसरणं तवार्य कथमप्यत्यक्षबोधं विना ॥१९॥**

હે આર્ય સત્પુરુષ ! અન્તસમયરૂપી દાઢથી ચિન્હિત, કાળરૂપી સર્પના મુખરૂપી વિવરમાં, કામરૂપી વિષપાનથી મૂર્ચ્છિત એવા ભુવનત્રયના પ્રાણીઓ ગાઢ નિદ્રામાં સૂઇ રહ્યા છે. તેમાંથી દરેકને આ નિર્દયબુદ્ધિ કાળ ગ્રસી રહ્યો છે. પરંતુ પ્રત્યક્ષજ્ઞાનની પ્રાપ્તિ વિના આ કાળના પંજામાંથી નીકળવાનો બીજો કોઇ ઉપાય નથી એટલે કે પોતાના જ્ઞાન તથા સ્વરૂપનું શરણ લેવાથી જ આ કાળથી રક્ષા થઇ શકે છે.

## સંક્ષેપમાં તાત્પર્ય

નિશ્ચયથી તો સમસ્ત દ્રવ્યો પોતપોતાની શક્તિના ભોક્તા છે અને કોઇ દ્રવ્ય કોઇનો કર્તા-હર્તા નથી. પરંતુ વ્યવહાર દૃષ્ટિએ નિમિત્ત-નૈમિત્તિક ભાવ જોઇને આ જીવ અન્ય કોઇના શરણની કલ્પના કરે છે, તે મોહકર્મના ઉદયનું મહાત્મ્ય છે. તેથી જો નિશ્ચય

દષ્ટિએ વિચારવામાં આવે તો પોતાના આત્માનું જ શરણ છે અને વ્યવહારદષ્ટિએ વિચારવામાં આવે તો પરંપરાએ સુખના કારણભૂત વીતરાગતાને પ્રાપ્ત થયેલા એવા પંચપરમેષ્ઠીનું જ શરણ છે. કારણ કે તેઓ વીતરાગતાના એકમાત્ર કારણ છે. તેથી અન્ય બધાનું શરણ છોડીને ઉપરોક્ત બેનું જ શરણ ગ્રહણ કરવું જોઈએ.

દોહરો

**જગ મેં શરણા દોય શુદ્ધાતમ અરુ પંચગુરુ ।**
**આન કલ્પના હોય, મોહ ઉદય જિયકે વૃથા ॥૨॥**

**ભાવાર્થ**—આ જગતમાં કેવળ બે જ શરણભૂત છે.—એક શુદ્ધાત્મા અને બીજા પંચપરમેષ્ઠી ગુરુ. તે સિવાયના બીજા બધામાં શરણની કલ્પના મોહના ઉદયથી જેને થાય છે તે વૃથા-નિરર્થક છે.

## સંસાર ભાવના

**चतुर्गतिमहावर्त्ते दुःखवाडवदीपिते ।**
**भ्रमन्ति भविनोऽजस्रं वराका जन्मसागरे ॥१॥**

ચારગતિરૂપ મહા આવર્ત્ત (ભ્રમર) વાળા તથા દુઃખરૂપ વડવાનળથી પ્રજ્વલિત આ સંસારરૂપી સમુદ્રમાં જગતના દીન, અનાથ, રાંક બિચારા પ્રાણીઓ નિરંતર પરિભ્રમણ કર્યા કરે છે.

**उत्पद्यन्ते विपद्यन्ते स्वकर्मनिगडैर्वृताः ।**
**स्थिरेतरशरीरेषु संचरन्तः शरीरिणः ॥२॥**

આ બધા જીવો પોતપોતાની કર્મરૂપી બેડીઓથી બંધાયેલા, સ્થાવર અને ત્રસ શરીરોમાં સંચાર કરતા જન્મે છે અને મરે છે.

कदाचिद्दवगत्यायुर्नामकर्मोदयादिह ।
प्रभवन्त्यङ्गिनः स्वर्गे पुण्यप्राग्भारसंभृताः ॥३॥

ક્યારેક તો આ જીવ દેવગતિ–નામકર્મ અને દેવાયુ કર્મના ઉદયથી પુણ્યકર્મના સમૂહોથી ભરેલા સ્વર્ગમાં દેવપણે ઉત્પન્ન થાય છે.

कल्पेषु च विमानेषु निकायेष्वितरेषु च ।
निर्विशन्ति सुखं दिव्यमासाद्य त्रिदिवश्रियम् ॥४॥

અને ત્યાં દેવગતિમાં કલ્પવાસીઓના વિમાનોમાં તથા ભવનવાસી, જ્યોતિષી અને વ્યન્તર દેવોમાં તેમની લક્ષ્મી પ્રાપ્ત કરી દિવ્ય સુખોને ભોગવે છે.

प्रच्यवन्ते ततः सद्यः प्रविशन्ति रसातलम् ।
भ्रमन्त्यनिलवद्विश्वं पतन्ति नरकोदरे ॥५॥

પછી તે દેવગતિમાંથી ચ્યવીને પૃથ્વીતળ ઉપર આવે છે અને ત્યાં પવન સમાન જગતમાં પરિભ્રમણ કર્યા કરે છે અને નરકોમાં દુઃખો ભોગવે છે.

विडम्बयत्यसौ हन्त संसारः समयान्तरे ।
अधमोत्तमपर्यायैर्नियोज्य प्राणिनां गणम् ॥६॥

જુઓ ! આ સંસાર જીવોના સમૂહને બીજા જ સમયે- સમયાન્તરે ઊંચા–નીચા પર્યાયોની સાથે જોડી વિડંબના ઉત્પન્ન કરે છે, અને જીવના સ્વરૂપને અનેક પ્રકારે બગાડી નાખે છે!

स्वर्गी पतति साक्रन्दं श्वा स्वर्गमधिरोहति ।
श्रोत्रियः सारमेयः स्यात् कृमिर्वा श्वपचोऽपि वा ॥७।

અહો ! જુઓ ! સ્વર્ગનો દેવ રોતો ચિલ્લાતો સ્વર્ગથી નીચે પડે છે અને કૂતરો સ્વર્ગમાં જઈને દેવ થાય છે. તેમ જ આ શ્રોત્રિય એટલે ક્રિયાકાંડનો અધિકારી બીજાને અસ્પૃશ્ય માનનાર બ્રાહ્મણ મરીને કૂતરો, કૃમિ અથવા ચાંડાલ વિ. થાય છે ! આ પણ સંસારની વિચિત્રતા અને વિડંબના જ છે ને !

**रूपाण्येकानि गृह्णाति त्यजत्यन्यानि सन्ततम् ।**
**यथा रङ्गेऽत्र शैलूषस्तथायं यन्त्रवाहकः ॥८॥**

આ યન્ત્રવાહક (જીવ) સંસારમાં અનેક રૂપોને ધારણ કરે છે અને અનેક રૂપોને છોડે છે. જેવી રીતે નૃત્યના રંગમંચ ઉપર નૃત્ય કરનાર ભિન્ન ભિન્ન સ્વાંગને ધારણ કરે છે, તેવી જ રીતે આ જીવ નિરંતર ભિન્ન ભિન્ન સ્વાંગ (શરીર)ને ધારણ કરતો રહે છે.

**सुतीव्रासातासंतप्ताः मिथ्यात्वातङ्कतर्किताः ।**
**पञ्चधा परिवर्त्तन्ते प्राणिनो जन्मदुर्गमे ॥९॥**

આ સંસારરૂપી દુર્ગમ વનમાં સંસારી જીવ મિથ્યાત્વરૂપી રોગથી શંકિત અતિશય તીવ્ર અસાતાવેદનીયથી દુઃખી થતો પાંચ પ્રકારના પરિવર્તનોમાં પરિભ્રમણ કરતો રહે છે.

## પાંચ પ્રકારના પરિવર્તનો

**द्रव्यक्षेत्रे तथा काले भवभावविकल्पतः ।**
**संसारो दुःखसंकीर्णः पञ्चधेति प्रपञ्चितः ॥१०॥**

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવ આ પાંચ ભેદથી સંસાર પાંચ પ્રકારના વિસ્તારરૂપ દુઃખોથી વ્યાપ્ત કહેવામાં આવ્યો છે. આ પાંચ પ્રકારના પરિવર્તનોનું સ્વરૂપ વિસ્તારપૂર્વક અન્ય ગ્રન્થોથી જાણવું.

सर्वैः सर्वेऽपि सम्बन्धाः संप्राप्ता देहधारिभिः।
अनादिकालसंभ्रान्तैस्त्रसस्थावरयोनिषु ॥११॥

આ સંસારમાં અનાદિકાળથી ત્રસ સ્થાવર યોનિયોમાં પરિભ્રમણુ કરતા જીવોને સમસ્ત જીવોની સાથે પિતા, પુત્ર, ભાઈ, ભગિની, માતા, પુત્રી, સ્ત્રી આદિના સંબંધો અનેક વાર પ્રાપ્ત થયા છે. એવો કોઈપણુ જીવ કે સંબંધ બાકી રહ્યો નથી કે જે આ જીવને પ્રાપ્ત થયો ન હોય.

**ભાવાર્થ**—બધા જીવોની સાથે બધા જીવોએ બધા પ્રકારના સાંસારિક સંબંધો બાંધ્યા છે.

देवलोके नृलोके च तिरश्चि नरकेऽपि च।
न सा योनिर्न तद्रूपं न तद्देशो न तत्कुलम् ॥१२॥
न तद्दुःखं सुखं किञ्चिन्न पर्यायः स विद्यते।
यत्रैते प्राणिनः शश्वद्यातायातैर्न खण्डिताः ॥१३॥

આ સંસારમાં ચતુર્ગતિમાં પરિભ્રમણુ કરતાં જીવને એવી કોઈ યોનિ અથવા રૂપ, દેશ, કુળ તેમ જ સુખ કે દુઃખ અથવા પર્યાય બાકી રહેલ નથી કે જે નિરંતર ગમનાગમન કરતાં તેને પ્રાપ્ત થયેલ ન હોય.

**ભાવાર્થ**—બધી જ અવસ્થાઓ અનેકવાર ભોગવવી પડી છે, એક પણુ પર્યાય ભોગવ્યા વિનાનો રહેલ નથી.

न के बन्धुत्वमायाताः न के जातास्तव द्विषः।
दुरन्तागाधसंसारपङ्कमग्नस्य निर्दयम् ॥१४॥

હે આત્મન્ ! આ દુરંત અગાધ સંસારરૂપી કાદવમાં ફસાયેલા એવા કોણુ કોણુ જીવો છે કે જે તારા મિત્ર અથવા નિર્દય શત્રુ

થયા નથી ? એટલે કે બધા જીવો તારા શત્રુ અથવા બંધુરૂપ બન્યા છે.

**भूपः कृमिर्भवत्यत्र कृमिश्चामरनायकः ।**
**शरीरी परिवर्त्तेत कर्मणा वञ्चितो बलात् ॥१५॥**

આ સંસારમાં આ પ્રાણી કર્મોથી બળપૂર્વક ઠગાઈ રાજાપણે મૃત્યુ પામી કૃમિ (કીડા) બની જાય છે અને કૃમિથી મરીને અનુક્રમે દેવોનો ઈન્દ્ર બની જાય છે. આ પ્રમાણે પરસ્પર ઊંચી ગતિમાંથી નીચી ગતિ અને નીચીમાંથી ઊંચી ગતિ પલટાયા જ કરે છે.

**माता पुत्री स्वसा भार्या सैव संपद्यतेऽङ्गजा ।**
**पिता पुत्रः पुनः सोऽपि लभते पौत्रिकं पदम् ॥१६॥**

આ સંસારમાં પ્રાણીની માતા, મરીને પુત્રી થઈ જાય છે અને બહેન મરીને સ્ત્રી (પત્ની) બની જાય છે, અને પાછી તે સ્ત્રી મરીને તેની પુત્રીપણે ઉત્પન્ન થઈ જાય છે. એવી જ રીતે પિતા મરીને પુત્ર બને છે અને પાછો તે જ પુત્રનો પુત્ર પણ થાય છે. આ પ્રમાણે પર્યાયો અને સંબંધોનું પરિવર્તન થતું જ રહે છે.

## ઉપસંહાર

**श्वभ्रे शूलकुठारयन्त्रदहनक्षारक्षुरव्याहतै-**
**स्तिर्यक्षु श्रमदुःखपावकशिखासंभारभस्मीकृतैः ।**
**मानुष्येऽप्यतुलप्रयासवशगैर्देवेषु रागोद्धतैः**
**संसारेऽत्र दुरन्तदुर्गतिमये बम्भ्रम्यते प्राणिभिः ॥१७॥**

આ દુર્નિવાર દુર્ગતિમય સંસારમાં જીવો નિરંતર પરિભ્રમણ કરતાં રહે છે, નરકોમાં તો આ જીવો શૂળી, કુહાડા, ઘાણી, અગ્નિ, ક્ષાર, પાણી, છરા, કટાર વિ. તીક્ષ્ણ હથિયારોથી હણાતાં, છેદાતાં,

પીડા પામતાં અનેક પ્રકારના દુઃખોને ભોગવે છે અને તિર્યંચ-ગતિમાં અગ્નિની શિખાના ભારથી ભસ્મરૂપ થઇને ખેદ અને દુઃખ પારાવાર પામે છે. તેમ જ મનુષ્ય ગતિમાં પણ અતુલ્ય ખેદને વશ થઇ અનેક પ્રકારના દુઃખો ભોગવે છે. તેવી જ રીતે દેવગતિમાં રાગભાવથી ઉદ્ધત થઇને દુઃખોને સહન કરે છે. એટલે કે ચારે ગતિમાં દુઃખ જ પ્રાપ્ત થાય છે. કયાંય પણ તેમને સુખનો લવલેશ પણ અનુભવ થતો નથી.

## સંક્ષેપમાં તાત્પર્ય

સંસારનું કારણ અજ્ઞાનભાવ છે. અજ્ઞાનભાવથી પરદ્રવ્યોમાં મોહ તથા રાગદ્વેષની પ્રવૃત્તિ થાય છે. રાગદ્વેષની પ્રવૃત્તિથી કર્મબંધ થાય છે અને કર્મબંધનું ફળ ચારે ગતિમાં ભ્રમણ કરવું એ છે, તે કાર્ય થયું. આમ કાર્ય અને કારણ બન્ને સંસારરૂપ થયા. તે બન્નેને જ સંસાર કહે છે. અહીં કાર્યનું વર્ણન વિશેષપણે કરવામાં આવ્યું છે. કારણ કે વ્યવહારી જીવને કાર્યરૂપ સંસારનો અનુભવ વિશેષરૂપથી થાય છે. પરમાર્થથી (નિશ્ચયથી) તો અજ્ઞાનભાવ જ સંસાર છે.

દોહરો

**પરદ્રવ્યનતેં પ્રીતિ જો, હૈ સંસાર અબોધ ।**
**તાકો ફલ ગતિ ચાર મેં, ભ્રમણ કહ્યો શ્રુતશોધ ॥૩॥**

## એકત્વ ભાવના

**महाव्यसनसंकीर्णे दुःखज्वलनदीपिते ।**
**एकाक्येव भ्रमत्यात्मा दुर्गे भवमरुस्थले ॥१॥**

મહા આપદા અને વિપત્તિયોથી ભરેલા, દુઃખરૂપી અગ્નિથી

પ્રજ્વલિત અને ગહન એવા સંસારરૂપી મરુસ્થળમાં (પાણી વૃક્ષાદિ રહિત રેતીલા રણ પ્રદેશમાં) આ જીવ એકલો જ પરિભ્રમણ કર્યા કરે છે. તેનો કોઈ પણ સાથી આ જગતમાં નથી.

स्वयं स्वकर्मनिर्वृत्तं फलं भोक्तुं शुभाशुभम् ।
शरीरान्तरमादत्ते एकः सर्वत्र सर्वथा ॥२॥

આ સંસારમાં આ આત્મા એકલો જ પોતાના પૂર્વ કર્મોના સુખ દુઃખરૂપ ફળને ભોગવે છે અને સર્વ પ્રકારે એકલો જ બધી ગતિઓમાં એક શરીરથી બીજા શરીરને ધારણ કરે છે.

सङ्कल्पानन्तरोत्पन्नं दिव्यं स्वर्गसुखामृतम् ।
निर्विशत्ययमेकाकी स्वर्गश्रीरञ्जिताशयः ॥३॥

વળી આ આત્મા એકલો જ સ્વર્ગની શોભાથી આનંદિત થઈ સંકલ્પ માત્રથી ઉત્પન્ન થતા દેવ સંબંધી સ્વર્ગસુખરૂપી અમૃતનું પાન કરે છે એટલે કે સુખ પણ એકલો જ ભોગવે છે. ત્યાં પણ તેનો કોઈ સાથી હોતો નથી.

संयोगे विप्रयोगे च संभवे मरणेऽथ वा ।
सुखदुःखविधौ वास्य न सखान्योऽस्ति देहिनः ॥४॥

આ જીવને સંયોગ-વિયોગમાં અથવા જન્મ-મરણમાં તથા સુખ-દુખ ભોગવવામાં કોઈ પણ મિત્ર કે સાથી હોતો નથી. તે બધી અવસ્થા તેને એકલાં જ ભોગવવી પડે છે.

मित्रपुत्रकलत्रादिकृते कर्म करोत्ययम् ।
यत्तस्य फलमेकाकी भुङ्क्ते श्वभ्रादिषु स्वयम् ॥५॥

તેમ જ આ જીવ પુત્ર, મિત્ર, સ્ત્રી વિ. ને માટે જે કંઈ સારું-

નરસું કાર્ય કરે છે, તેનું ફળ પણ નરકાદિ ગતિઓમાં તેને પોતાને એકલાં જ ભોગવવું પડે છે.

सहाया अस्य जायन्ते भोक्तुं वित्तानि केवलम् ।
न तु सोढुं स्वकर्मोत्थं निर्दयां व्यसनावलीम् ॥६॥

આ પ્રાણી સારાં-નરસાં કાર્યો કરીને જે ધન ઉપાર્જન કરે છે, તે ધનને ભોગવવા માટે તો પુત્ર મિત્રાદિ અનેક સાથીદાર બની જાય છે, પરંતુ તે જ ધન માટે પોતાના કર્મોથી ઉપાર્જન કરેલા નિર્દયરૂપ દુઃખના સમૂહને સહન કરવા-ભોગવવા કોઇપણ સાથીદાર થતું નથી. તે દુઃખો આ જીવને એકલાં જ ભોગવવાં પડે છે.

एकत्वं किं न पश्यन्ति जड़ा जन्मग्रहार्दिताः ।
यज्जन्ममृत्युसम्पाते प्रत्यक्षमनुभूयते ॥७॥

આ મૂર્ખ પ્રાણી સંસારરૂપી પિશાચથી પીડાતો હોવા છતાં પોતાની એકતા-એકલપણાને કેમ દેખતો નથી ? કે જે એકલપણાને જન્મ-મરણને પ્રાપ્ત થનારા બધા જ જીવો પ્રત્યક્ષ અનુભવ કરે છે.

**ભાવાર્થ**—જીવ પોતે પોતાની આંખોથી જુએ છે કે, આ જન્મ્યો અને આ મર્યો. જે જન્મ લે છે તે મરે છે. તેનો કોઈ પણ સાથીદાર નથી. આ પ્રમાણે એકલો જોઇને પણ તેને એકલાપણું લાગતું નથી, તે કેટલી મોટી ભૂલ છે ?

अज्ञातस्वस्वरूपोऽयं लुप्तबोधादिलोचनः ।
भ्रमत्यविरतं जीव एकाकी विधिवञ्चितः ॥८॥

આ જીવ પોતાના એકલપણાને જોતો નથી. તેનું કારણ એ છે કે, જ્ઞાનાદિ ચક્ષુનો લોપ થવાથી-આવરણ થવાથી તે પોતાના

સ્વરૂપને સમ્યક્ પ્રકારે જાણતો નથી. અને તે જ કારણે કર્મોવડે ઠગાયેલો આ જીવ એકલો જ આ સંસારમાં પરિભ્રમણ કરતો રહે છે.

**ભાવાર્થ**—તેનું કારણ અજ્ઞાન જ છે.

**यदैक्यं मनुते मोहादयमर्थैः स्थिरेतरैः ।**
**तदा स्वं स्वेन बध्नाति तद्विपक्षैः शिवीभवेत ॥९॥**

આ મૂઢ પ્રાણી જે વખતે મોહના ઉદયથી ચેતન તથા અચેતન પદાર્થોથી પોતાના એકલપણાને માને છે, તે વખતે આ જીવ પોતે પોતાના ભાવો વડે જ બંધાય છે, એટલે કે કર્મબંધ કરે છે. અને જ્યારે તે અન્ય પદાર્થોથી પોતાનું એકલપણું માનતો નથી ત્યારે તે કર્મબંધ કરતો નથી અને કર્મોની નિર્જરાપૂર્વક પરંપરાએ મોક્ષગામી થાય છે. એકત્વભાવનાનું આ જ ફળ છે.

**एकाकित्वं प्रपन्नोऽस्मि यदाहं वीतविभ्रमः ।**
**तदैव जन्मसम्बन्धः स्वयमेव विशीर्यते ॥१०॥**

જે વખતે આ જીવ ભ્રમરહિત થઈ એમ ચિંતવે કે હું એકત્વને પ્રાપ્ત થઈ ગયો છું, તે જ વખતે આ જીવનો સંસાર સાથેનો સંબંધ સ્વયમેવ નષ્ટ થઈ જાય છે. કારણ કે સંસારનો સંબંધ તો મોહના ઉદયથી જ છે. જો મોહ જતો રહે તો પછી તે પોતે તો એકલો જ છે પછી મોક્ષ થતાં શું વાર લાગે? મોક્ષ કેમ ન થાય?

## ઉપસંહાર

**एकः स्वर्गी भवति विबुधः स्त्रीमुखाम्भोजभृङ्गः**
**एकः श्वाभ्रं पिबति कलिलं छिद्यमानः कृपाणैः ।**
**एकः क्रोधाद्यनलकलितः कर्म बध्नाति विद्वान्**
**एकः सर्वावरणविगमे ज्ञानराज्यं भुनक्ति ॥११॥**

આ આત્મા પોતે એકલો જ દેવાંગનાના મુખરૂપી કમળની સુગંધી લેવા માટે ભ્રમરસમાન સ્વર્ગનો દેવ થાય છે અને પોતે એકલો જ કૃપાણ, છરી, તલવાર વિ. થી છિન્નભિન્ન થતો નરક સંબંધી રુધિરને પીએ છે અને પોતે એકલો જ ક્રોધાદિ કષાયરૂપી અગ્નિવાળો થઇને કર્મોને બાંધે છે અને એકલો જ પોતે વિદ્વાન, જ્ઞાની, પંડિત થઇને સમસ્ત કર્મરૂપી આવરણનો નાશ થતાં જ્ઞાનરૂપી રાજ્યને ભોગવે છે.

**ભાવાર્થ**—આત્મા પોતે એકલો જ સ્વર્ગમાં જાય છે, પોતે એકલો નરકમાં જાય છે, પોતે જ કર્મોને બાંધે છે અને પોતે જ કેવળજ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષમાં જાય છે.

## સંક્ષેપમાં તાત્પર્ય

પરમાર્થથી (નિશ્ચયથી) તો આત્મા અનંતજ્ઞાનાદિસ્વરૂપ પોતે એકલો જ છે, પરંતુ સંસારમાં જે અનેક અવસ્થાઓ થાય છે તે કર્મના નિમિત્તથી જ થાય છે. તે અવસ્થાઓમાં પણ પોતે તો એકલો જ છે. તેનો કોઈ બીજો સાથી જ નથી.

દોહરો

**પરમારથ તેં આતમા, એકરૂપ હી જોય ।**
**કર્મનિમિત વિકલપ ઘનેં, તિનિ નાશેં શિવ હોય ॥૪॥**

**ભાવાર્થ**—પરમાર્થ (નિશ્ચયનય)થી તો આત્મા એકરૂપ જ છે પરંતુ વ્યવહારથી કર્મના નિમિત્તે ઘણા વિકલ્પો–અવસ્થાઓ થાય છે, અને તે અવસ્થાઓનો નાશ થયેથી જ શિવ–મોક્ષ થાય છે.

## અન્યત્વ ભાવના

अयमात्मा स्वभावेन शरीरादेर्विलक्षणः ।
चिदानन्दमयः शुद्धो बन्धं प्रत्येकवानपि ॥१॥

આત્માને જો કર્મબંધની દૃષ્ટિએ જોવામાં આવે તો તે બંધ-રૂપ અથવા એકરૂપ છે અને સ્વભાવની દૃષ્ટિએ જોવામાં આવે તો શરીરાદિથી વિલક્ષણ ચિદાનંદમય પરદ્રવ્યથી ભિન્ન છે અને શુદ્ધ છે.

अचिच्चिद्रूपयोरैक्यं बन्धं प्रति व वस्तुतः ।
अनादिश्चानयोः श्लेषः स्वर्णकालिकयोरिव ॥२॥

ચેતન અને અચેતનની બંધદૃષ્ટિની અપેક્ષાએ એકપણું છે પરંતુ વસ્તુતઃ બન્ને ભિન્ન ભિન્ન પદાર્થો છે. એકત્વ–એકપણું બન્નેનું નથી. અનાદિકાળથી આ બન્ને, જડ અને ચેતન એક ક્ષેત્રાવગાહ-રૂપ સંશ્લિષ્ટ–મળેલાં છે. જેવી રીતે સુવર્ણ અને માટીનું ખાણમાં એકપણું દેખાય છે. તેવી જ રીતે જીવ અને પુદ્ગળોની એકતા છે પરંતુ વાસ્તવિક રીતે તો બન્ને ભિન્ન ભિન્ન વસ્તુ છે.

इह मूर्तममूर्त्तेन चलेनात्यन्तनिश्चलम् ।
शरीरमुह्यते मोहाच्चेतनेनास्तचेतनम् ॥३॥

આ જગતમાં મોહને કારણે અમૂર્તિક છતાં ચાલનાર જીવને, મૂર્તિક છતાં અતિનિશ્ચલ (સ્થિર) ચેતનારહિત, જડ શરીરને પોતાની સાથે લગાડીને રહેવું પડે છે.

**ભાવાર્થ**—જીવ અમૂર્તિક અને સચેતન છે પરંતુ મોહને કારણે ચાલવાના સ્વભાવવાળો છે. અને શરીર મૂર્તિક છે, અચેતન છે, ચાલવાની ઈચ્છા રહિતવાળું છે અને અચલ છે. આ જીવ તેને

જીવતો પુરુષ જેમ મડદાંને લઇને ફરે, તેજ રીતે સાથે ફેરવ્યા કરે છે.

**अणुप्रचयनिष्पन्नं शरीरमिदमङ्गिनाम् ।**
**उपयोगात्मकोऽत्यक्षः शरीरी ज्ञानविग्रहः ॥४॥**

જીવોનું આ શરીર પુદ્ગળ પરમાણુઓના સમૂહથી બનેલું છે અને શરીરી એટલે આત્મા ઉપયોગમય છે અને અતીન્દ્રિય છે. તે ઇન્દ્રિયગોચર નથી. વળી જ્ઞાન એ જ તેનું શરીર છે. શરીર અને આત્મામાં આ પ્રકારે અત્યન્ત ભેદ છે.

**अन्यत्वं किं न पश्यन्ति जड़ा जन्मग्रहार्दिता ।**
**यज्जन्ममृत्युसंपाते सर्वेणापि प्रतीयते ॥५॥**

યદ્યપિ ઉપરોક્ત રીતે શરીર અને આત્માનું અન્યપણું પ્રત્યક્ષ છે. તથાપિ સંસારરૂપી પિશાચથી પીડિત મૂઢ પ્રાણી કેમ દેખતા નથી કે આ અન્યપણું જન્મ તથા મરણ વખતે આખા લોકના અનુભવમાં આવેલું છે. એટલે કે જન્મ્યો ત્યારે શરીરને સાથે લાવ્યો નથી અને મરે છે ત્યારે પણ આ શરીર સાથે જતું નથી. આ પ્રમાણે શરીરથી જીવની પૃથક્તા ખરેખર પ્રતીત થાય છે.

**मूर्तैर्विचेतनैश्चित्रैः स्वतन्त्रैः परमाणुभिः ।**
**यद्वपुर्विहितं तेन कः सम्बन्धस्तदात्मनः ॥६॥**

મૂર્તિક, ચેતના રહિત અનેક પ્રકારના સ્વતંત્ર પુદ્ગળ પરમાણુઓથી જે શરીર રચાયું છે તેની સાથે આત્માને શો સંબંધ છે? વિચારો! તેનો વિચાર કરવાથી તેની સાથે કંઇ પણ સંબંધ નથી એવો પ્રતિભાસ થશે.

अन्यत्वमेव देहेन स्याद्भृशं यत्र देहिनः ।
तत्रैक्यं बन्धुभिः सार्धं बहिरङ्गैः कुतो भवेत् ॥७॥

ઉક્ત કથનાનુસાર જ્યારે દેહથી પ્રાણીની અત્યન્ત ભિન્નતા છે, ત્યારે બહિરંગ જે કુટુંબાદિક છે તેમનાથી તો એકતા—અભિન્નપણું ક્યાંથી સંભવે? કારણ કે તે તો પ્રત્યક્ષપણે ભિન્ન દેખાય છે.

ये ये सम्बन्धमायाताः पदार्थाश्चेतनेतराः ।
ते ते सर्वेऽपि सर्वत्र स्वस्वरूपाद्विलक्षणाः ॥८॥

આ જગતમાં જે જે જડ અને ચેતન પદાર્થો સાથે આ પ્રાણીને સંબંધો બંધાણા છે, તે બધા બધે ઠેકાણે પોતપોતાના સ્વરૂપે વિલક્ષણ (ભિન્ન ભિન્ન) છે, આત્મા તો સર્વથી ન્યારો—જુદો છે.

पुत्रमित्रकलत्राणि वस्तूनि च धनानि च ।
सर्वथाऽन्यस्वभावानि भावय त्वं प्रतिक्षणम् ॥९॥

હે આત્મન્! આ જગતમાં પુત્ર, મિત્ર, સ્ત્રી વિ. અન્ય આત્મા-ઓથી તું પોતાને જુદો નિહાળ. નિરંતર સર્વ પ્રકારે અન્ય સ્વભાવની ભાવના કર. તેઓમાં એકપણાની—અભિન્નપણાની ભાવના કદાપિ ન કર.

अन्यः कश्चिद्भवेत्पुत्रः पितान्यः कोऽपि जायते ।
अन्येन केनचित्सार्द्धं कलत्रेणानुयुज्यते ॥१०॥

આ જગતમાં કોઈ બીજો જ જીવ તો પુત્ર થાય છે અને બીજો જ તેનો પિતા થાય છે. અને કોઇ બીજા જીવની સાથે સ્ત્રી—સંબંધ થાય છે. આ પ્રમાણે બધા સંબંધો ભિન્ન—ભિન્ન જીવોની સાથે થાય છે.

त्वत्स्वरूपमतिक्रम्य पृथक्पृथग्व्यवस्थिताः ।
सर्वेऽपि सर्वथा मूढ भावास्त्रैलोक्यवर्त्तिनः ॥११॥

હે મૂઢ પ્રાણી ! ત્રણ લોકવર્તી સમસ્ત પદાર્થો તારા સ્વરૂપથી ભિન્ન સર્વથા પૃથક્ પૃથક્ રહેલા છે. તેમની સાથે તારી અભિન્નતા—એકત્વ નથી એમ તું માન.

## ઉપસંહાર

मिथ्यात्वप्रतिबद्धदुर्णयपथभ्रान्तेन बाह्यानलं
भावान् स्वान् प्रतिपद्य जन्मगहने खिन्नं त्वया प्राक् चिरं ।
संप्रत्यस्तसमस्तविभ्रमभवश्चिद्रूपमेकं परम्
स्वस्थं स्वं प्रविगाह्य सिद्धिवनितावक्त्रं समालोकय ॥१२॥

હે આત્મન્ ! તું આ સંસારરૂપી ગહન વનમાં મિથ્યાત્વના સંબંધથી ઉત્પન્ન થયેલા સર્વથા એકાન્તરૂપ દુર્નયના માર્ગમાં ભ્રમિત થતો, બાહ્ય પદાર્થોને પોતાના માની અને અંગીકાર કરીને, ચિરકાળથી નિરંતર ખેદ પામતો ભટક્યો છે. એટલે હવે સમસ્ત વિભ્રમના ભારને ઉતારી તું તારા પોતાનામાં જ રહેનારા ઉત્કૃષ્ટ ચૈતન્યસ્વરૂપમાં અવગાહન કરી તેમાં મુક્તિરૂપી સ્ત્રીના મુખનું અવલોકન કર (જો).

**ભાવાર્થ**—આ આત્મા અનાદિકાળથી પરપદાર્થોને પોતાના માની તેમાં જ આનંદ માને છે અને તેથી જ સંસારમાં પરિભ્રમણ કર્યા કરે છે. આચાર્ય મહારાજે એવા જ જીવને ઉપદેશ આપ્યો છે કે તું પરભાવોથી ભિન્ન પોતાના ચૈતન્યભાવમાં લીન થઈને મુક્તિને પ્રાપ્ત કર. આ પ્રમાણે આ અન્યત્વ ભાવનાનો ઉપદેશ છે.

## સંક્ષેપમાં તાત્પર્ય

આ લોકમાં સમસ્ત દ્રવ્યો પોતપોતાની સત્તારૂપે ભિન્ન ભિન્ન છે. કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યમાં મળી જતું નથી પરંતુ પરસ્પર નિમિત્ત-નૈમિત્તિક ભાવથી જે કંઈ કાર્ય થાય છે, તેના ભ્રમથી આ પ્રાણી પરમાં અહંકાર મમકાર કરે છે. એટલે જ્યારે તે પોતાનું સ્વરૂપ જાણે ત્યારે અહંકાર મમકાર વિ. પોતાના નથી એમ ભાન થશે. અને પછી પરનો ઉપદ્રવ નહિ થાય. આ અન્યત્વભાવના છે.

દોહરો

**અપને અપને સત્ત્વકૂં, સર્વ વસ્તુ વિલસાય,**
**ઐસેં ચિતવૈ જીવ તબ, પરતૈં મમત ન થાય ॥૫॥**

**ભાવાર્થ**—સર્વ પદાર્થો પોતપોતાના પૃથક્ સત્ત્વપણાથી વિલસે છે–દેખાય છે. એમ જીવ જો વિચાર કરે તો તેને પર પદાર્થો ઉપર મમત્વભાવ થાય નહિ.

## અશુચિત્વ ભાવના

**निसर्गगलिलं निन्द्यमनेकाशुचिसम्भृतम् ।**
**शुक्रादिबीजसम्भूतं घृणास्पदमिदं वपुः ॥१॥**

આ સંસારમાં જીવોને જે જે શરીર પ્રાપ્ત થયેલા છે તે સર્વ પ્રથમ તો સ્વભાવથી જ ગળનરૂપ (ગંદકી, ગંદા પદાર્થો કાઢનાર) છે, નિંદ્ય છે, તથા અનેક ધાતુ–ઉપધાતુઓથી ભરેલાં છે. શુક્ર (વીર્ય) રુધિરના બીજથી ઉત્પન્ન થયેલ છે, તેથી ગ્લાનિ–ઘૃણાનું સ્થાન છે.

अस्रृग्मांसवसाकीर्णं शीर्णं कीकसपञ्जरम् ।
शिरानद्धं च दुर्गन्धं क्व शरीरं प्रशस्यते ॥२॥

આ શરીર રુધિર, માંસ, ચરબીથી ભરેલું સડી–ગળી રહ્યું છે. હાડકાઓનું પિંજર (માળખું) છે અને શિરાઓ (નાડીઓ)થી બંધાયેલું દુર્ગંધમય છે. આ શરીરમાં કયું એવું સ્થાન કે અંગ છે કે જેની પ્રશંસા કરવી ? સર્વત્ર નિંદ્ય વસ્તુ જ દેખાય છે.

प्रस्रवन्नवभिर्द्वारैः पूतिगन्धान्निरन्तरम् ।
क्षणक्षयं पराधीनं शश्वन्नरकलेवरम् ॥३॥

આ મનુષ્યનું શરીર નવ દ્વારોથી નિરંતર દુર્ગન્ધરૂપ પદાર્થોથી ઝરતું–ગળતું રહે છે. તથા ક્ષણ વિધ્વંસી, પરાધીન છે અને નિત્ય અન્નપાણીને ઇચ્છતું રહે છે.

कृमिजालशताकीर्णे रोगप्रचयपीडिते ।
जराजर्जरिते काये कीदृशी महतां रतिः ॥४॥

આ શરીર કીડા અને કૃમિના સેંકડોના સમૂહોથી ભરેલું, રોગોના સમૂહથી પીડિત તથા વૃદ્ધાવસ્થાથી જર્જરિત છે. આવા શરીરમાં મહાન પુરુષોને રતિ (પ્રીતિ) કેમ ઉપજે ? કદી પણ પ્રીતિ સંભવે નહિ.

यद्यद्वस्तु शरीरेऽत्र साधुबुद्ध्या विचार्यते ।
तत्तत्सर्वं घृणा दत्ते दुर्गन्धामेध्यमंदिरे ॥५॥

આ શરીરમાં જે જે પદાર્થો છે તે બધા વિવેકબુદ્ધિથી વિચારો તો ઘૃણાના સ્થાન અને દુર્ગંધમય વિષ્ટાના ઘર જ પ્રતીત થશે. આ શરીરમાં એક પણ પદાર્થ પવિત્ર નથી.

यदीदं शोध्यते दैवाच्छरीरं सागराम्बुभिः ।
दूषयत्यपि तान्येवं शोध्यमानमपि क्षणे ॥६॥

આ શરીરને વિધિવશાત્ સમુદ્રના જળથી પણ જો શુદ્ધ કરવામાં આવે તો તે શુદ્ધ થવાને બદલે તે જ ક્ષણે સમુદ્રના પાણીને અશુદ્ધ (ગંદું) કરી નાખે છે. તો પછી અન્ય વસ્તુઓને અપવિત્ર કરે તેમાં આશ્ચર્ય જેવું શું છે? તેના સંયોગથી બધા પદાર્થો અપવિત્ર થઈ જાય છે.

कलेवरमिदं न स्याद्यदि चर्मावगुण्ठितम् ।
मक्षिकाक्रमिकाकेभ्यः स्यात्त्रातुं कस्तदा प्रभुः ॥७॥

આ શરીર જો બહારની ચામડીથી આચ્છાદિત–ઢંકાયેલું ન હોત તો માખી, કૃમિ તથા કાગડાં ગીધ વિ. થી તેની રક્ષા કરવા કોઈપણ સમર્થ થઈ શકત નહિ. આવા ઘૃણાસ્પદ શરીરને જોઈ સત્પુરુષો જ્યારે તેને દૂરથી જ છોડી દે છે તો પછી તેની રક્ષા બીજું કોણ કરે?

सर्वदैव रुजाक्रान्तं सर्वदैवाशुचेर्गृहम् ।
सर्वदा पतनप्रायं देहिनां देहपञ्जरम् ॥८॥

આ જીવોનું દેહરૂપી પિંજર સદૈવ રોગોથી વ્યાપ્ત, સર્વદા અશુદ્ધિઓનું ઘર અને હંમેશા નાશ થવાના સ્વભાવવાળું છે. એવું કદી પણ માનશો નહિ કે, આ શરીર કોઇક કાળે તો ઉત્તમ અને પવિત્ર બની જશે.

तैरेव फलमेतस्य गृहीतं पुण्यकर्मभिः ।
विरज्य जन्मनः स्वार्थे यैः शरीरं कदर्थितम् ॥९॥

આ શરીર મળ્યાનું ફળ તો તેમને જ પ્રાપ્ત થયું જાણવું કે જેમણે આ સંસારથી વિરક્ત થઈ શરીરને પોતાના આત્મ-કલ્યાણના માર્ગમાં લગાડી સત્કર્મોથી ક્ષીણ બનાવ્યું હોય.

शरीरमेतदादाय त्वया दुःखं विसह्यते ।
जन्मन्यस्मिंस्ततस्तद्धि निःशेषानर्थमन्दिरम् ॥१०॥

હે આત્મન્ ! આ સંસારમાં તેં આ શરીરને પ્રાપ્ત કરીને અનેક દુઃખો ભોગવ્યા અને સહન કર્યા છે. તેથી તું નિશ્ચયથી જાણ કે, આ શરીર જ સમસ્ત અનર્થોનું ઘર છે, તેના સંસર્ગથી સુખ લવલેશ પણ થતું નથી તેમ તું સમજ.

भवोद्भवानि दुःखानि यानि यानीह देहिभिः ।
सह्यन्ते तानि तान्युच्चैर्वपुरादाय केवलम् ॥११॥

આ જગતમાં સંસારથી (જન્મ-મરણથી) ઉત્પન્ન થયેલા જે જે દુઃખો જીવોને સહન કરવા પડે છે તે બધા કેવળ આ શરીરના ગ્રહણથી જ સહન કરવા પડે છે. આ શરીરથી નિવૃત્ત (મુક્ત) થયા પછી કોઈ પણ જાતનું દુઃખ રહેતું નથી.

कर्पूरकुङ्कुमागुरुमृगमदहरिचन्दनादिवस्तूनि ।
भव्यान्यपि संसर्गान्मलिनयति कलेवरं नृणाम् ॥१२॥

કપૂર, કેશર, અગર, કસ્તૂરી, હરિચંદનાદિ સુન્દર સુગંધિત પદાર્થોને પણ આ માનવદેહ સંસર્ગ માત્રથી એટલે કે લગાડતાં-વેંત અશુદ્ધ (મલિન) બનાવી દે છે.

**ભાવાર્થ**—આ શરીર પોતે તો મેલું-અશુદ્ધ છે જ પરંતુ તેના સંસર્ગમાં આવતા ઉત્તમોત્તમ પદાર્થોને પણ મલિન કરી નાખે છે, એ તેની વિશેષતા ખાસિયત છે.

## ઉપસંહાર

अजिनपटलगूढं पञ्जरं कीकसानाम्
कुथितकुणपगन्धैः पूरितं मूढगाढम् ।
यमवदननिषण्णं रोगभोगीन्द्रगेहं
कथमिह मनुजानां प्रीतये स्याच्छरीरम् ॥१३॥

હે મૂઢ પ્રાણી ! આ સંસારમાં મનુષ્યોનું આ શરીર ચામડીના પડદાથી (ચાદરથી) ઢંકાયેલું હાડકાંનું પંજર–માળખું છે. તથા બગડી ગયેલી રાધકી (પાસ–પરૂ)ની દુર્ગંધથી પરિપૂર્ણ છે. અને કાળના મુખમાં બેઠેલા રોગરૂપી સર્પોનું ઘર છે. આવું શરીર પ્રીતિ કરવા યોગ્ય કેવી રીતે થઈ શકે ? આ મહાન આશ્ચર્ય છે.

## સંક્ષેપમાં તાત્પર્ય

આત્મા તો નિર્મળ છે, અમૂર્તિક છે, અને તેને મળ લાગતો જ નથી, પરંતુ કર્મોના નિમિત્તથી જે તેને શરીરની સાથે સંબંધ થયો છે, તેને અજ્ઞાન (મોહ) વશ પોતાનું માની ભલું જાણે છે. પરંતુ વસ્તુતઃ મનુષ્યોનું આ શરીર સર્વથા અપવિત્રતાનું ઘર છે. તે કારણે તેમાં જ્યારે અશુચિપણાની ભાવના જાગે ત્યારે જ તેમાંથી વિરક્તિ થાય અને પોતાના નિર્મળ આત્મસ્વરૂપમાં રમવાની અભિરુચિ થાય. આવો અશુચિ ભાવનાનો આશય છે.

દોહરો

**નિર્મળ અપનો આતમા, દેહ અપાવન ગેહ ।**
**જાનિ ભવ્ય નિજભાવકો, યાસોં તજો સનેહ ॥**

**ભાવાર્થ**—પોતાનો આત્મા નિર્મળ અને પવિત્ર છે અને દેહ તો અપવિત્ર, અશુચિનું ઘર છે. માટે પોતાના ભવ્ય નિજસ્વરૂપને જાણીને આ શરીર પ્રત્યેના મોહને તજી દો.

## આસ્રવ ભાવના

मनस्तनुवचःकर्म योग इत्यभिधीयते ।
स एवास्रव इत्युक्तस्तत्त्वज्ञानविशारदैः ॥१॥

મન-વચન અને કાયાની ક્રિયાને યોગ કહે છે. અને આ યોગને જ તત્ત્વવિશારદો (ઋષિઓ)એ આસ્રવ કહેલ છે! આ જ વાત તત્વાર્થસૂત્રમાં કહી છે.-યથા 'कायवाङ्मनः कर्मयोगः स आस्रवः'

वार्द्धेरन्तः समादत्ते यानपात्रं यथा जलम् ।
छिद्रैर्जीवस्तथा कर्मयोगरन्ध्रैः शुभाशुभैः ॥२॥

જેવી રીતે સમુદ્રમાં તરતું વહાણ છિદ્રો વડે પાણી ગ્રહણ કરે છે, તેવી જ રીતે જીવ શુભાશુભ યોગરૂપ છિદ્રો વડે (મન-વચન કાયાથી) શુભાશુભ કર્મોને ગ્રહણ કરે છે.

यमप्रशमनिर्वेदतत्त्वचिन्तावलम्बितम् ।
मैत्र्यादिभावनारूढं मनः सूते शुभास्रवम् ॥३॥

યમ (અણુવ્રત મહાવ્રત), પ્રશમ (કષાયોની મંદતા), નિર્વેદ (સંસારથી વૈરાગ્ય અથવા ધર્માનુરાગ), તથા તત્વોનું ચિન્તવન વિ. નું અવલંબન લઈ મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ આ ચાર ભાવોની જે મનમાં ભાવના થાય, તે જ મન શુભાસ્રવને ઉત્પન્ન કરે છે. અને—

कषायदहनोद्दीप्तं विषयैर्व्याकुलीकृतम् ।
संचिनोति मनः कर्म जन्मसम्बन्धसूचकम् ॥४॥

કષાયરૂપી અગ્નિથી પ્રજ્જવલિત અને ઇન્દ્રિયોના વિષયોથી વ્યાકુળ મન સંસારમાં જન્મ-મરણ કરાવનાર અશુભ કર્મોનો સંચય કરે છે.

विश्वव्यापारनिर्मुक्तं श्रुतज्ञानावलम्बितम् ।
शुभास्रवाय विज्ञेयं वचः सत्यं प्रतिष्ठितम् ॥५॥

સમસ્ત વિશ્વના વ્યાપારોથી રહિત તથા શ્રુતજ્ઞાનના આધારે જે સત્યરૂપ પ્રમાણિક વચનો છે તે શુભાસ્રવના કારણ બને છે.

अपवादास्पदीभूतमसन्मार्गोपदेशकम् ।
पापास्रवाय विज्ञेयमसत्यं परुषं वचः ॥६॥

અપવાદ (નિંદા)નું સ્થાન, અસત્ માર્ગનો ઉપદેશક, અસત્ય, કઠોર, કાને પડતાં જ જે બીજાના ક્રોધ–કષાયને ઉત્પન્ન કરે, અને જેથી બીજાનું ખરાબ થાય, એવા વચનો અશુભાસ્રવના કારણ-ભૂત થાય છે.

सुगुप्तेन सुकायेन कायोत्सर्गेण वानिशम् ।
संचिनोति शुभं कर्म काययोगेन संयमी ॥७॥

સમ્યક્પ્રકારે ગોપવેલી એટલે કે પોતાને વશીભૂત કરેલી કાયા-વડે તથા નિરંતર કાયોત્સર્ગથી સંયમી મુનિ શુભકર્મનો સંચય (આસ્રવરૂપે) કરે છે.

सतताारम्भयोगैश्च व्यापारैर्जन्तुघातकैः ।
शरीरं पापकर्माणि संयोजयति देहिनाम् ॥८॥

નિરંતર આરંભ કરનાર અને જીવહિંસાના કાર્યોથી તથા વ્યાપારોથી જીવોનું શરીર (કાયયોગ) પાપકર્મોનો સંગ્રહ કરે છે, એટલે કે કાયયોગથી અશુભાસ્રવનો બંધ થાય છે.

## ઉપસંહાર

कषायाः क्रोधाद्याः स्मरसहचराः पञ्चविषया,
प्रमादा मिथ्यात्वं वचनमनसी काय इति च ।
दुरन्ते दुर्ध्याने विरतिविरहश्चेति नियतम्,
स्रवन्त्येते पुन्सां दुरितपटलं जन्मभयदम् ॥९॥

સર્વ પ્રથમ મિથ્યાત્વરૂપ પરિણામ, બીજે ક્રોધાદિ કષાયો, ત્રીજે કામના સહચારી (મિત્ર) પંચેન્દ્રિયોના વિષયો, ચોથે પ્રમાદ વિકથા, પાંચમે મન વચન કાયાના યોગ, છઠે વ્રતરહિત અવિરતિરૂપ પરિણામ અને સાતમે આર્ત્ત–રૌદ્ર બન્ને અશુભ ધ્યાન આ બધા પરિણામો નિયમથી પાપરૂપ આસ્રવોને ઉપજાવે છે. (આ પરિણામોનું વિશેષ કથન તત્ત્વાર્થ સૂત્રની ટીકાઓથી જાણી લેવું).

## સંક્ષેપમાં ભાવાર્થ

યદ્યપિ આ આત્મા શુદ્ધ નિશ્ચયનયની દૃષ્ટિએ તો આસ્રવરહિત કેવળજ્ઞાનસ્વરૂપ છે, તથાપિ અનાદિકર્મના સંબંધથી મિથ્યાત્વાદિ પરિણામરૂપે છે, તેથી નવીન કર્મોનો આસ્રવ થાય છે. જ્યારે તે મિથ્યાત્વાદિ પરિણામોથી નિવૃત્ત થઈ પોતાના સ્વરૂપનું ધ્યાન ધરે છે ત્યારે તે કર્માસ્રવોથી રહિત થઈ મુક્ત થાય છે.

દોહરો

**આતમ કેવળજ્ઞાનમય નિશ્ચયદૃષ્ટિ નિહાર ।**
**સબ વિભાવ પરિણામમય, આસ્રવભાવ વિદાર ॥૭॥**

**ભાવાર્થ**—આ આત્માને તું નિશ્ચયદૃષ્ટિએ કેવળજ્ઞાનમય માત્ર જો, અને આ બધા વિભાવ પરિણામો જેનાથી થાય છે એવા આસ્રવભાવને તું વિદારી નાખ.

## સંવર ભાવના

सर्वास्रवनिरोधो यः संवरः स प्रकीर्तितः ।
द्रव्यभावविभेदेन स द्विधा भिद्यते पुनः ॥१॥

સમસ્ત આસ્રવોના નિરોધને સંવર કહે છે. તે દ્રવ્યસંવર અને ભાવસંવરના ભેદથી બે પ્રકારનું છે.

यः कर्मपुद्गलादानविच्छेदः स्यात्तपस्विनः ।
स द्रव्यसंवरः प्रोक्तो ध्याननिर्धूतकल्मषैः ॥२॥

ધ્યાનવડે પાપોનો નાશ કરનાર ઋષિઓએ કહ્યું છે કે જે તપસ્વી મુનિઓને કર્મરૂપી પુદ્ગળોનો ગ્રહણ કરવાનો (આવવાનો) નિરોધ થાય, તે દ્રવ્યસંવર કહેવાય છે.

या संसारनिमित्तस्य क्रियाया विरतिः स्फुटम् ।
स भावसंवरस्तज्ज्ञैर्विज्ञेयः परमागमात् ॥३॥

સંસારના કારણસ્વરૂપ કર્મગ્રહણની ક્રિયાની વિરતિ એટલે અભાવને ભાવસંવર કહે છે. આ વાત નિશ્ચિત છે. આ હકીકત ઉપરોક્ત ભાવસંવરના જ્ઞાતાઓએ પરમાગમથી જાણવી જોઇએ.

असंयममयैर्बाणैः संवृतात्मा न भिद्यते ।
यमी यथा सुसन्नद्धो वीरः समरसंकटे ॥४॥

જેવી રીતે યુદ્ધ કાળે સારી રીતે બખ્તર, કવચ વિ. થી સજ્જિત વીર પુરુષ બાણોથી ભેદાતો નથી, તેવી જ રીતે સંસારના કારણરૂપ ક્રિયાઓથી વિરતિરૂપ સંવરવાળો સંયમી મુનિ પણ અસંયમરૂપી બાણોથી ભેદાતો નથી.

## આસ્રવોને રોકવાનું વિધાન

जायते यस्य यः साध्यः स तेनैव निरुध्यते ।
अप्रमत्तैः समुद्युक्तैः संवरार्थं महर्षिभिः ॥५॥

પ્રમાદરહિત સંવર માટે ઉદ્યમી મહર્ષિઓએ જે જેનાથી સાધ્ય થાય તેને તેનાથી જ રોકવું જોઈએ.

**ભાવાર્થ**—જે કારણે આસ્રવ થાય, તેને તેના પ્રતિપક્ષી ભાવોથી રોકવો જોઈએ.

क्षमा क्रोधस्य मानस्य मार्दवं त्वार्जवं पुनः ।
मायायाः सङ्गसन्यासो लोभस्यैते द्विषः क्रमात् ॥६॥

ક્રોધ કષાયનો શત્રુ ક્ષમા છે તથા માનકષાયનો શત્રુ મૃદુભાવ (કોમળ ભાવ), માયા કષાયનો ઋજુભાવ (સરળ ભાવ) અને લોભ-કષાયનો પરિગ્રહત્યાગ ભાવ, આ પ્રમાણે અનુક્રમે એકબીજાના પ્રતિપક્ષી-શત્રુ જાણવા. અને—

रागद्वेषौ समत्वेन निर्ममत्वेन वाऽनिशम् ।
मिथ्यात्वं दृष्टियोगेन निराकुर्वन्ति योगिनः ॥७॥

જે યોગી ધ્યાની મુનિ છે, તેઓ નિરંતર સમભાવવડે તથા નિર્મમત્વથી રાગદ્વેષનું નિરાકરણ (પરાજય) કરતા રહે છે. અને નિર્મમત્વ તથા સમ્યગ્દર્શનના યોગથી મિથ્યાત્વરૂપી ભાવોને નષ્ટ કરી નાખે છે.

अविद्याप्रसरोद्भूतं तमस्तत्त्वावरोधकम् ।
ज्ञानसूर्यांशुभिर्बाढं स्फेटयन्त्यात्मदर्शिनः ॥८॥

આત્માનું અવલોકન કરનારા મુનિગણો અવિદ્યા (અજ્ઞાન)ના

વિસ્તારથી ઉત્પન્ન થયેલા અને તત્વજ્ઞાનને રોકનારા અજ્ઞાનરૂપી અંધકારને જ્ઞાનરૂપી સૂર્યના કિરણો વડે સંપૂર્ણપણે દૂર કરી નાખે છે.

असंयमगरोद्गारं सत्संयमसुधाम्बुभिः ।
निराकरोति निःशङ्कं संयमी संवरोद्यतः ॥९॥

સંવર કરવા માટે તત્પર સંયમી અને નિઃશંક મુનિ અસંયમ-રૂપી વિષના સમૂહને સંયમરૂપી અમૃતમય જળથી નષ્ટ કરી દે છે.

द्वारपालीव यस्योच्चैर्विचारचतुरा मतिः ।
हृदि स्फुरति तस्याघसूतिः स्वप्नेऽपि दुर्घटा ॥१०॥

જે પુરુષના હૃદયમાં દ્વારપાલની જેમ અતિ વિચાર કરનારી ચતુર મતિ કિલોલ કરે છે—પહેરો ભરે છે, તેના હૃદયમાં સ્વપ્નમાં પણ પાપની ઉત્પત્તિ થવી મુશ્કેલ છે.

**ભાવાર્થ**—જેવી રીતે ચતુર દ્વારપાલ ગંદા અને અસભ્ય લોકોને ઘરમાં પ્રવેશવા દેતો નથી તેવી જ રીતે સમીચીન બુદ્ધિ પાપબુદ્ધિને હૃદયમાં પ્રવેશવા દેતી નથી.

विहाय कल्पनाजालं स्वरूपे निश्चलं मनः ।
यदाधत्ते तदैव स्यान्मुनेः परमसंवरः ॥११॥

જે સમયે મુનિ સમસ્ત કલ્પનાઓની જાળને છોડીને પોતાના સ્વરૂપમાં મનને નિશ્ચળપણે સ્થિર કરે છે, તે જ સમયે મુનિને પરમસંવર થાય છે.

## સંવરનો મહિમા

सकलसमितिमूलः संयमोद्दामकाण्डः,
प्रशमविपुलशाखो धर्मपुष्पावकीर्णः ।

अविकलफलबन्धैर्बन्धुरो. भावनाभि-
र्जयति जितविपक्षः संवरोद्दामवृक्षः ॥१२॥

ઈર્યાસમિતિ વિ. પાંચ સમિતિઓ જ જેનું મૂળ (જડ) છે, સામાયિક વિ. સંયમ જેના સ્કન્ધ છે અને પ્રશમરૂપ (વિશુદ્ધ-ભાવરૂપ) જેની મોટી મોટી શાખાઓ છે. ઉત્તમક્ષમાદિ દશ ધર્મ જેના પુષ્પો છે, તથા સુંદર આચારરૂપ અખંડ અને મધુર જેમાં ફળ લાગેલાં છે, એવું બાર ભાવનાઓથી સુશોભિત, સુગંધિત આ સંવરરૂપી મહાવૃક્ષ સર્વોપરી છે.

## સંક્ષેપમાં આશય

આત્મા અનાદિકાળથી પોતાના સ્વરૂપને ભૂલી રહ્યો છે. તેથી આસ્રવરૂપ ભાવો કરીને કર્મોને બાંધે છે અને જ્યારે તે પોતાના સ્વરૂપને જાણીને તેમાં લીન થાય છે, ત્યારે તે સંવરરૂપ બની આવતા કર્મબંધને રોકે છે, અને પૂર્વ કર્મોની નિર્જરા થતાં મુક્ત થઈ જાય છે. તે સંવરના બાહ્યકારણો સમિતિ, ગુપ્તિ, ધર્માનુપ્રેક્ષા પરિસહોને જીતવા તથા ચારિત્ર વિ. ને બતાવવામાં આવ્યા છે. તેમનું વિશેષ કથન તત્ત્વાર્થ સૂત્રની ટીકાઓથી જાણી લેવું.

દોહરો

નિજસ્વરૂપ મેં લીનતા, નિશ્ચય સંવર જાનિ ।
સમિતિ-ગુપ્તિ-સંયમ ધરમ, ધરેં પાપકી હાનિ ॥૮॥

**ભાવાર્થ**—નિજસ્વરૂપમાં લીન થવું તે નિશ્ચયસંવર છે. અને સમિતિ, ગુપ્તિ, સંયમરૂપ ધર્મથી પાપની હાનિ એટલે આસ્રવનો નિરોધ થાય છે.

卐

## નિર્જરા ભાવના

यया कर्माणि शीर्यन्ते बीजभूतानि जन्मन ।
प्रणीता यमिभिः सेयं निर्जरा जीर्णबन्धनैः ॥१॥

જેમના કર્મબંધ નિર્જરાથી જીર્ણશીર્ણ થઈ ગયા છે એવા મુનિજનો, જે વડે સંસારના બીજરૂપ કર્મો ગળે છે, ઝરે છે, ક્ષીણ થાય છે તેને નિર્જરા કહે છે.

सकामाकामभेदेन द्विधा सा स्याच्छरीरिणाम् ।
निर्जरा यमिनां पूर्वा ततोऽन्या सर्वदेहिनाम् ॥२॥

આ નિર્જરા જીવોને સકામ અને અકામ એમ બે પ્રકારની થાય છે. તેમાંથી પહેલી સકામ નિર્જરા તો મુનિઓને થાય છે અને અકામનિર્જરા સમસ્ત જીવોને થાય છે. તેથી એટલે કે અકામનિર્જરાથી તપશ્ચર્યા વગર પણ સ્વયમેવ કર્મો નિરંતર ઉદય-ફળ આપીને ખર્યા જ કરે છે, ઝરતા રહે છે.

पाकः स्वयमुपायाच्च स्यात्फलानां तरोर्यथा ।
तथात्र कर्मणां ज्ञेयः स्वयं सोपायलक्षणः ॥३॥

જેવીરીતે વૃક્ષોનાં ફળ એક તો સ્વયમેવ-પોતાની મેળે જ વૃક્ષ ઉપર પાકે છે અને બીજા ઘાસ વિ. માં નાખવાથી પણ પાકે છે; તેવી જ રીતે કર્મોનું પાકવું પણ થાય છે. એટલે કે એક તો કર્મોની સ્થિતિ પૂરી થતાં ફળ આપી ખરી પડે છે, અને બીજા સમ્યગ્દર્શનાદિ સહિત તપશ્ચર્યા કરવાથી કર્મો નાશ પામે છે.

विशुद्धयति हुताशेन सदोषमपि काञ्चनम् ।
यद्वत्तथैव जीवोऽयं तप्यमानस्तपोग्निना ॥४॥

જેવી રીતે સદોષ-મલિન એવું પણ સુવર્ણ અગ્નિમાં તપાવવાથી વિશુદ્ધ થઈ જાય છે, તેવી જ રીતે આ કર્મરૂપી દોષોથી યુક્ત જીવ તપરૂપી અગ્નિમાં તપાવવાથી વિશુદ્ધ અને નિર્દોષ (કર્મરહિત) બની જાય છે.

चमत्कारकरं धीरैर्बाह्यमाध्यात्मिकं तपः ।
तप्यते जन्मसन्तानशङ्कितैरार्यसूरिभिः ॥५॥

સંસારની પરંપરાથી ભયભીત થયેલા ધીર અને શ્રેષ્ઠ મુનીશ્વરગણ તો ઉપરોક્ત સકામ નિર્જરાનું એકમાત્ર કારણ તપ જ છે, એમ જાણીને બાહ્ય અને આભ્યંતર બન્ને પ્રકારના તપ કરે છે.

तत्र बाह्यं तपः प्रोक्तमुपवासादिषड्विधम् ।
प्रायश्चित्तादिभिर्भेदैरन्तरङ्गं च षड्विधम् ॥६॥

તેમાં અનશન, અવમૌદર્ય, વૃત્તિ પરિસંક્ષેપ, રસપરિત્યાગ, વિવિક્ત શય્યાસન અને કાયક્લેશ આ છ તો બાહ્ય (બહિરંગ) તપ છે અને પ્રાયશ્ચિત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, વ્યુત્સર્ગ અને ધ્યાન આ છ આભ્યંતર તપ છે. તેમનું વિશેષ સ્વરૂપ જાણવું હોય તો તત્ત્વાર્થ સૂત્રની ટીકાઓ જોવાથી જાણી શકાશે.

निर्वेदपदवीं प्राप्य तपस्यति यथा यथा ।
यमी क्षपति कर्माणि दुर्जयानि तथा तथा ॥७॥

સંયમી મુનિ વૈરાગ્ય પદવીને પ્રાપ્ત કરી જેમ જેમ તપ કરે છે તેમ તેમ દુર્જય કર્મોનો ક્ષય કરે છે.

ध्यानानलसमालीढमप्यनादिसमुद्भवम् ।
सद्यः प्रक्षीयते कर्म शुद्ध्यत्यङ्गी सुवर्णवत् ॥८॥

યદ્યપિ કર્મો અનાદિકાળથી જીવની સાથે લાગેલા છે તથાપિ તે કર્મો ધ્યાનરૂપી અગ્નિનો સ્પર્શ થતાં જ તત્કાળ ક્ષયને પામે છે એટલે કે નષ્ટ થઇ જાય છે. તે નષ્ટ થતાં, સુવર્ણ જેમ અગ્નિના તાપથી મેલરહિત શુદ્ધ થાય છે તેમ પ્રાણીઓ પણ તપરૂપ અગ્નિથી કર્મો બળી જવાથી શુદ્ધ, બુદ્ધ અને મુક્ત થાય છે.

## ઉપસંહાર

**तपस्तावद्बाह्यं चरति सुकृती पुण्यचरित-**
**स्ततश्चात्माधीनं नियतविषयं ध्यानपरमम् ।**
**क्षपत्यन्तर्लीनं चिरतरचितं कर्मपटलम्,**
**ततो ज्ञानाम्भोधिं विशति परमानन्दनिलयम् ॥९॥**

પવિત્ર આચરણવાળો સુકૃતિ–ભાગ્યવંત પુરુષ પ્રથમ અનશનાદિ બાહ્યતપોનું આચરણ કરે છે, ત્યાર પછી આત્માધીન આભ્યંતર તપોનું આચરણ કરે છે. અને તેમાં પણ નિયત વિષયવાળા ધ્યાન નામના ઉત્કૃષ્ટ તપને આચરે છે. આ તપ દ્વારા ચિરકાળથી સંચય કરેલા કર્મરૂપી પડદાને (ઘાતીકર્મોને) ક્ષય કરી નાખે છે. અને તત્પશ્ચાત્ પરમાનંદના (અતીન્દ્રિય સુખના) ઘર એવા જ્ઞાનરૂપી સમુદ્રમાં પ્રવેશ કરે છે.

**ભાવાર્થ**—સમ્યગ્દષ્ટિ જીવ બન્ને પ્રકારના તપ વડે, વિશેષપણે ધ્યાન નામના ઉત્કૃષ્ટ તપથી ઘાતિયા કર્મોને નષ્ટ કરી કેવળજ્ઞાનાદિ અનન્ત ચતુષ્ટયને પ્રાપ્ત થાય છે.

## સંક્ષેપમાં તાત્પર્ય

આત્મા અને કર્મનો સંબંધ અનાદિકાળથી છે. કાળલબ્ધિના નિમિત્તથી આ આત્મા જ્યારે પોતાના સ્વરૂપને સંભારે, યાદ કરે

અને તપશ્ચર્યા કરી ધ્યાનમાં લીન થાય ત્યારે સંવરરૂપ થાય છે અને જ્યારે ભવિષ્યમાં આવતા નવા કર્મોને બાંધે નહિ અને જૂના કર્મોની નિર્જરા કરે છે ત્યારે તેને મોક્ષ પ્રાપ્ત થાય છે.

દોહરો

**સંવરમય હૈ આતમા, પૂર્વકર્મ ઝડ જાય ।**
**નિજસ્વરૂપ કો પાયકર, લોકશિખર જબ થાય ॥૯॥**

**ભાવાર્થ**—જ્યારે આત્મા સંવરમય બને છે ત્યારે પૂર્વ કર્મો ખરી જાય છે, નિર્જરી જાય છે, અને જ્યારે નિજસ્વરૂપને પ્રાપ્ત કરી લે છે ત્યારે લોકના શિખરે-અગ્રભાગે (મોક્ષમાં) બિરાજમાન થાય છે.

## ધર્મ ભાવના

**पवित्रीक्रियते येन वेनैवोध्द्रियते जगत् ।**
**नमस्तस्मै दयाद्रीय धर्मकल्पाङ्घ्रिपाय वै ॥१॥**

જે ધર્મથી જગત પવિત્ર થાય છે અને જગતનો ઉદ્ધાર કરાય છે, અને જે દયારૂપી રસથી આર્દ્રિત (ભીનો) અને લીલો છે, તે ધર્મરૂપી કલ્પવૃક્ષને મારા નમસ્કાર.

**दशलक्ष्मयुतः सोऽयं जिनैर्धर्मः प्रकीर्तितः ।**
**यस्यांशमपि संसेव्य विन्दन्ति यमिनः शिवम् ॥२॥**

જેને અંશમાત્ર સેવીને પણ સંયમી મુનિ મુક્તિને પ્રાપ્ત થાય છે, તે ધર્મને જિનેન્દ્ર ભગવાને દશલક્ષણ યુક્ત કહ્યો છે.

**न सम्यग्गदितुं शक्यं यत्स्वरूपं कुदृष्टिभिः ।**
**हिंसाक्षपोषकैः शास्त्रैरतस्तैस्तन्निगद्यते ॥३॥**

મિથ્યાદૃષ્ટિઓ તથા હિંસા અને ઇન્દ્રિયવિષય પોષણ કરનારા શાસ્ત્રો દ્વારા ધર્મનું સ્વરૂપ સમ્યક્ પ્રકારે કહેવાયું નથી, વર્ણવાયું નથી. તેથી ધર્મનું વાસ્તવિક સ્વરૂપ અમે બતાવીએ છીએ.

**चिन्तामणिर्निधिर्दिव्यः स्वर्धेनुः कल्पपादपाः ।**
**धर्मस्यैते श्रिया सार्द्धं मन्ये भृत्याश्चिरन्तनाः ॥४॥**

લક્ષ્મીસહિત ચિંતામણિ, દિવ્ય નવનિધિ, કામધેનુ અને કલ્પવૃક્ષ, આ બધા ધર્મના ચિરકાળથી કિંકર (સેવકો) છે, એમ હું માનું છું.

**धर्मो नरोरगाधीशनाकनायकवाञ्छिताम् ।**
**अपि लोकत्रयीपूज्यां श्रियं दत्ते शरीरिणाम् ॥५॥**

ધર્મ, જીવોને ચક્રવર્તી, ધરણેન્દ્ર તથા દેવેન્દ્રો દ્વારા અભિલષિત અને ત્રૈલોક્ય પૂજ્ય તીર્થંકરના લક્ષ્મી વૈભવને આપે છે.

**धर्मो व्यसनसंपाते पाति विश्वं चराचरम् ।**
**सुखामृतपयःपूरैः प्रीणयत्यखिलं जगत् ॥६॥**

ધર્મ, કષ્ટોમાં આવી પડતાં સમસ્ત જગતના ત્રસ, સ્થાવર જીવોની રક્ષા કરે છે અને સુખરૂપી અમૃતના પ્રવાહોથી સમસ્ત જગતને તૃપ્ત કરે છે.

**पर्जन्यपवनार्केन्दुधराम्बुधिपुरन्दराः ।**
**अमी विश्वोपकारेषु वर्त्तन्ते धर्मरक्षितः ॥७॥**

મેઘ, પવન, સૂર્ય, ચંદ્ર, પૃથ્વી, સમુદ્ર અને ઇન્દ્ર એ બધા પદાર્થો જગતના ઉપકારરૂપ પ્રવર્તે છે પરંતુ તે બધા ધર્મ દ્વારા

રક્ષાયેલા પ્રવર્તે છે, ધર્મ વિના આમાંથી કોઈ પણ ઉપકારી થઈ શકતું નથી.

**मन्येऽसौ लोकपालानां व्याजेनाव्याहृतक्रमः ।**
**जीवलोकोपकारार्थं धर्म एव विजृम्भितः ॥८॥**

ઈન્દ્રાદિક લોકપાલ અથવા રાજાદિકોના વ્યાજથી (બહાને) લોકોના ઉપકાર અર્થે આ ધર્મ જ અવ્યાહત—સતત પ્રસરી રહ્યો છે.

**न तस्त्रिजगतीमध्ये भुक्तिमुक्त्योर्निबन्धनम् ।**
**प्राप्यते धर्मसामर्थ्यान्न यद्यमितमानसैः ॥९॥**

આ ત્રણે જગતમાં ભોગ અને મોક્ષનું એવું એક પણ કારણ કે સાધન નથી કે જેને ધર્માત્મા પુરુષ ધર્મના સામર્થ્યથી પ્રાપ્ત કરી ન શકતો હોય એટલે કે ધર્મના સામર્થ્યવડે સમસ્ત મનોવાંછિત પદ અને પદાર્થ પ્રાપ્ત થાય છે.

**नमन्ति पादराजीवराजिकां नतमौलयः ।**
**धर्मैकशरणीभूतचेतसां त्रिदशेश्वराः ॥१०॥**

જેમના મનમાં એકમાત્ર શરણભૂત ધર્મ જ છે, તેમના ચરણ-કમળોના સમૂહને ઈન્દ્રગણ પણ નમેલા મસ્તકો વડે પ્રણામ કરે છે.

**ભાવાર્થ**—ધર્મના માહાત્મ્યથી જ્યારે તીર્થંકર પદવી પ્રાપ્ત થાય છે ત્યારે ઈન્દ્ર પણ આવીને તેમને નમસ્કાર કરે છે.

**धर्मो गुरुश्च मित्रं च धर्मः स्वामी च बान्धवः ।**
**अनाथवत्सलः सोऽयं संत्राता कारणं विना ॥११॥**

ધર્મ ગુરુ છે, મિત્ર છે, સ્વામી છે, બાંધવ છે, હિતકર છે.

અને ધર્મ જ નિષ્કારણ અનર્થોની પ્રીતિપૂર્વક રક્ષા કરનાર છે. આ પ્રાણીને ધર્મ સિવાય બીજું કોઈપણ શરણભૂત નથી.

**धत्ते नरकपाताले निमज्जज्जगतां त्रयम् ।**
**योजयत्यपि धर्मोऽयं सौख्यमत्यक्षमङ्गिनां ॥१२॥**

ધર્મ નરકોની નીચે જે નિગોદ સ્થાન છે, તેમાં પડતા જગત્ત્રયને ધારણ કરે છે–અવલંબન આપીને બચાવે છે તથા જીવોને અતીન્દ્રિય સુખ પણ પ્રદાન કરે છે.

**नरकान्धमहाकूपे पततां प्राणिनां स्वयम् ।**
**धर्म एव स्वसामर्थ्याद्दत्ते हस्तावलम्बनम् ॥१३॥**

નરકરૂપી મહા અંધકૂપમાં સ્વયં પડતા જીવોને ધર્મ જ પોતાના સામર્થ્યથી હસ્તાવલંબન (હાથનો આધાર) આપીને બચાવે છે.

**महातिशयसम्पूर्णं कल्याणोद्दाममन्दिरम् ।**
**धर्मो ददाति निर्विघ्नं श्रीमत्सर्वज्ञवैभवम् ॥१४॥**

ધર્મ, મહાન અતિશયોવાળા, કલ્યાણોના ઉત્કૃષ્ટ નિવાસસ્થાન અને નિર્વિઘ્ન એવા લક્ષ્મીયુક્ત સર્વજ્ઞ ભગવાનના વૈભવને આપે છે એટલે કે તીર્થંકર પદવીને પ્રાપ્ત કરે છે.

**याति सार्धं तथा पाति करोति नियतं हितम् ।**
**जन्मपङ्कात्समुद्धृत्य स्थापयत्यमले पथि ॥१५॥**

ધર્મ, પરલોકમાં પ્રાણીની સાથે જાય છે, તેની રક્ષા કરે છે, નિશ્ચયથી તેનું હિત કરે છે અને સંસારરૂપી કાદવમાંથી તેને કાઢી નિર્મળ એવા મોક્ષમાર્ગમાં સ્થાપન કરે છે.

न धर्मसदृशः कश्चित्सर्वाभ्युदयसाधकः ।
आनन्दकुजकन्दश्च हितः पूज्यः शिवप्रदः ॥१६॥

આ જગતમાં ધર્મ સિવાય બીજો કોઈ પણ સમસ્ત પ્રકારના અભ્યુદયને સાધનાર નથી. ધર્મ એ મનોવાંછિત સંપદાને આપનાર છે. આનંદરૂપી વૃક્ષનું કન્દ છે એટલે કે એનાથી જ આનંદના અંકુરો ઉત્પન્ન થાય છે તથા હિતરૂપ, પૂજનીય અને મોક્ષને આપનાર પણ તે જ છે.

व्यालानलोरगव्याघ्रद्विपशार्दूलराक्षसाः ।
नृपादयोऽपि द्रुह्यन्ति न धर्माधिष्ठितात्मने ॥१७॥

જે આત્મા ધર્મથી અધિષ્ઠિત (ધર્મનું શરણ લીધેલો) છે, તેની સાથે સર્પ, અગ્નિ, વિષ, વ્યાઘ્ર, હાથી, સિંહ, રાક્ષસ, તથા રાજાદિ પણ તેનો દ્રોહ કરતા નથી. એટલે કે ધર્મ આ બધાના ભયોથી રક્ષા કરે છે. ધર્માત્માઓના તે બધા રક્ષક બને છે.

निःशेषं धर्मसामर्थ्यं न सम्यग्वक्तुमीश्वरः ।
स्फुरद्वक्त्रसहस्रेण भुजगेशोऽपि भूतले ॥१८॥

ધર્મનું સંપૂર્ણ સામર્થ્ય સમ્યક્ પ્રકારે કહેવાને સ્ફુરાયમાન સહસ્ર મુખવાળા નાગેન્દ્ર પણ આ પૃથ્વી ઉપર સમર્થ નથી. તો પછી અમે ક્યાંથી કહેવા સમર્થ થઈ શકીએ? અર્થાત્ અમે સંપૂર્ણ સામર્થ્યથી કહી શકતા નથી.

धर्मधर्मेति जल्पन्ति तत्त्वशून्याः कुदृष्टयः ।
वस्तुतत्त्वं न बुध्यन्ते तत्परीक्षाऽक्षमा यतः ॥१९॥

તત્ત્વોના યથાર્થ જ્ઞાનથી શૂન્ય મિથ્યાદૃષ્ટિઓ 'ધર્મ ધર્મ' એમ તો કહે છે, પરંતુ તેઓ વસ્તુના યથાર્થ સ્વરૂપને જાણતા

નથી. કારણ કે તેઓ તેની પરીક્ષા કરવાને અસમર્થ છે.

**ભાવાર્થ**—નામમાત્રથી 'ધર્મ ધર્મ' એમ તો કહે છે, પરંતુ વસ્તુનું યથાર્થ સ્વરૂપ જાણ્યા વિના તેની સત્ય પરીક્ષા કેવી રીતે થઇ શકે? આ પરીક્ષા જિનાગમ વડે જ થઈ શકે તેમ છે.

**तितिक्षा मार्दवं शौचमार्जवं सत्यसंयमौ ।**
**ब्रह्मचर्यं तपस्त्यागाकिञ्चन्यं धर्म उच्यते ॥२०॥**

૧. ક્ષમા, ૨. માર્દવ, ૩. શૌચ, ૪. આર્જવ, ૫. સત્ય, ૬. સંયમ, ૭. બ્રહ્મચર્ય, ૮. તપ, ૯. ત્યાગ અને ૧૦. આકિંચન્ય–આ દશ પ્રકારના ધર્મ છે. તેમનું વિશેષ સ્વરૂપ અન્ય ગ્રંથોથી જાણવું. (જુઓ, અમારું "દશ લક્ષણ ધર્મ" પુસ્તક)

**यद्यत्स्वस्यानिष्टं तत्तद्वाकूचित्तकर्म्मभिः कार्यम् ।**
**स्वप्नेऽपि नो परेषामिति धर्मस्याग्रिमं लिङ्गम् ॥२१॥**

ધર્મનું મુખ્ય (પ્રધાન) લક્ષણ એ છે કે, જે જે ક્રિયાઓ પોતાને અનિષ્ટ (ખરાબ) લાગતી હોય, તે તે ક્રિયાઓ અન્ય પ્રતિ મન, વચન અને કાયાથી સ્વપ્નમાં પણ કરવી ન જોઈએ.

## ઉપસંહાર

**धर्मः शर्म भुजंगपुंगवपुरीसारं विधातुं क्षमो**
**धर्मः प्रापितमर्त्यलोकविपुलप्रीतिस्तदाशंसिनां ।**
**धर्मः स्वर्नगरीनिरन्तरसुखास्वादोदयस्यास्पदम् ।**
**धर्मः किं न करोति मुक्तिललनासंभोगयोग्यं जनम् ॥२२॥**

ધર્મ ધર્માત્મા પુરુષોને ધરણેન્દ્રપુરીના સંપૂર્ણ સુખોને આપવા સમર્થ છે. તેમ જ ધર્મના વાંચ્છક અને તેનું પાલન કરનારા પુરુષોને મનુષ્ય લોકમાં વિપુલ પ્રીતિ (સુખ) પ્રાપ્ત કરાવે છે. ધર્મ

સ્વર્ગ સુખોના નિરંતર આસ્વાદનું ઉદયસ્થાન છે, તેમ જ મનુષ્યને મુક્તિ લક્ષ્મીનો સમાગમ કરાવવાને સમર્થ બનાવે છે. ધર્મ શું શું નથી કરતો ? સર્વ કાર્ય કરે છે.

यदि नरकनिपातस्त्यक्तुमत्यन्तमिष्ट-
स्त्रिदशपतिमहर्द्धिं प्राप्तुमेकान्ततो वा ।
यदि चरमपुमर्थः प्रार्थनीयस्तदानीं
किमपरमभिधेयं नाम धर्मं विधत्त ॥२३॥

હે આત્મન્! જો તને નરકના સ્થાનોમાં જવું ઇષ્ટ ન હોય, ઇન્દ્રનો મહાન વૈભવ પ્રાપ્ત કરવો ઇષ્ટ હોય, જો ચારે પુરુષાર્થમાં અંતિમ પુરુષાર્થ (મોક્ષ)ની અભિલાષા હોય તો તને વિશેષ શું કહેવું, કેવળ તું એકમાત્ર ધર્મનું સેવન કર. કારણ કે ધર્મથી જ સમસ્ત પ્રકારના અનિષ્ટો નષ્ટ થાય છે અને સમસ્ત પ્રકારના ઇષ્ટની પ્રાપ્તિ થાય છે.

## સંક્ષેપમાં આશય

જિનાગમોમાં ચાર પ્રકારે ધર્મનું વર્ણન કરવામાં આવ્યું છે, એટલે કે વસ્તુસ્વભાવરૂપ (૧), ઉત્તમક્ષમાદિ દશરૂપ (૨), રત્નત્રય (સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર) રૂપ (૩) અને દયામય (૪). નિશ્ચય વ્યવહારરૂપ નયથી સાધવામાં આવતો આ ધર્મ એકરૂપે અને અનેકરૂપે સધાય છે. અહીં વ્યવહારનયની પ્રધાનતાથી વર્ણન કર્યું છે એટલે કે ધર્મનું સ્વરૂપ, મહિમા તથા ફળ અનેક પ્રકારે વર્ણન કરેલ છે, તેનો સમ્યક્પણે વિચાર કરી ધર્મની ભાવના નિરંતર ચિત્તમાં રાખવી જોઇએ.

દોહરો

દર્શ-જ્ઞાનમય ચેતના, આતમધર્મ બખાનિ ।
દયા-ક્ષમાદિક રતનત્રય, યામેં ગર્ભિત જાનિ ॥૧૦॥

**ભાવાર્થ**—જ્ઞાન, દર્શનમય ચેતનાને નિશ્ચયથી આત્મધર્મ કહેલ છે. તેમાં દયા–ક્ષમાદિ તથા રત્નત્રય વિ. નો સમાવેશ થઈ જાય છે.

## લોક ભાવના

**यत्र भावा विलोक्यन्ते ज्ञानिभिश्चेतनेतराः ।**
**जीवादयः स लोकः स्यात्ततोऽलोको नभः स्मृतः ॥१॥**

આકાશમાં જેટલા જીવાદિક ચેતન, અચેતન પદાર્થો જ્ઞાની પુરુષોએ જોયા છે, તે બધો લોક છે. તેની બહાર જ્યાં કેવળ આકાશ જ છે, તેને અલોક અથવા અલોકાકાશ કહે છે.

**वेष्टितः पवनैः प्रान्ते महावेगैर्महाबलैः ।**
**त्रिभिस्त्रिभुवनाकीर्णो लोकस्तालतरुस्थितिः ॥२॥**

ત્રણ ભુવનવાળો આ લોક, છેડે બધી બાજુએ અતિશય વેગ-વાળા, બળવાન એવા ત્રણ વાતવલયોથી વેષ્ટિત છે–વીંટળાયેલો છે. અને તાડવૃક્ષના આકાર સરખો છે એટલે કે નીચે પહોળો, વચ્ચે સરળ અને પાતળો અને ઉપર વિસ્તારવાળો છે.

**निष्पादितः स केनापि नैव नैवोद्धृतस्तथा ।**
**न भग्नः किन्त्वनाधारो गगने स स्वयं स्थितः ॥३॥**

આ લોક કોઈએ બનાવ્યો નથી. એટલે કે અનાદિનિધન (અનંત) છે. અન્યમતીઓ કેટલાક તેને બ્રહ્માએ બનાવેલો કહે છે. તે મિથ્યા છે. વળી આ લોકને કોઈએ ઉપાડયો છે અથવા ધારણ કર્યો છે કે થોભ્યો છે, તે કથન પણ બરાબર નથી. અન્યમતીઓ તેને કાચબાની પીઠ ઉપર અથવા શેષનાગની ફેણ ઉપર સ્થિર થયેલો બતાવે છે, આ કથન તેમનું ભ્રમવાળું છે.

અહીં કોઈ શંકા કરે કે કોઈના પણ આધાર વિના આકાશમાં લોક કેવી રીતે સ્થિર રહી શકે? પડીને ભાંગી ભુકકો થઇ જશે. તો તેને ઉત્તર આપવો જોઇએ કે, નિરાધાર હોવા છતાં તે પડતો નથી અને ભુકકો થતો નથી- તે તો આકાશમાં વાતવલયને આધારે સ્વયમેવ સ્થિત છે.

**अनादिनिधनः सोऽयं स्वयं सिद्धोऽप्यनश्वरः ।**
**अनीश्वरोऽपि जीवादिपदार्थैः संभृतो भृशम् ॥४॥**

યદ્યપિ આ લોક અનાદિનિધન છે, સ્વયંસિદ્ધ છે, અવિનાશી છે અને તેનો કોઈ ઇશ્વર, સ્વામી કે કર્ત્તા નથી, તથાપિ જીવાદિ પદાર્થોથી ભરેલો છે. અન્યમતીઓ લોક-રચનાની અનેક પ્રકારની કલ્પનાઓ કરે છે. તે બધી સર્વથા મિથ્યા છે.

**अधो वेत्रासनाकारो मध्ये स्याज्झल्लरीनिभः ।**
**मृदङ्गसदृशश्चाग्रे स्यादित्थं स त्रयात्मकः ॥५॥**

આ લોક નીચે તો વેત્રાસન એટલે કે મોઢાના આકારવાળો છે. નીચેથી પહોળો છે, પછી ઉપર ઉપર જતાં ઘટતો જાય છે. અને વચ્ચે ઝાલર જેવો છે તથા ઉપર મૃદંગ સમાન છે. એટલે કે બન્ને બાજુ સાંકડો અને વચ્ચે પહોળો છે. આ પ્રમાણે ત્રણ સ્વરૂપાત્મક આ લોક સ્થિત રહેલો છે.

**यत्रैते जन्तवः सर्वे नानागतिषु संस्थिताः ।**
**उत्पद्यन्ते विपद्यन्ते कर्मपाशवशंगताः ॥६॥**

આ લોકમાં બધા પ્રાણીઓ અનેક પ્રકારની ગતિયોમાં ભટકતા પોતપોતાના કર્મરૂપી ફાંસીને વશ થઈ મરે છે અને ઉપજ્યા કરે છે.

## ઉપસંહાર

पवनवलयमध्ये संभृतोऽत्यन्तगाढं
स्थितिजननविनाशालिङ्गितैर्वस्तुजातैः ।
स्वयमिह परिपूर्णोऽनादिसिद्धः पुराणः
कृतिविलयविहीनः स्मर्यतामेष लोकः ॥७॥

આ લોકને આ પ્રમાણે ચિંતવવો જોઇએ–આ લોક ત્રણ વલયોની મધ્યમાં અવસ્થિત છે. પવનોથી અતિશય ગાઢરૂપ ઘેરાયેલો છે. આમતેમ ડોલાયમાન થતો નથી અને ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યવાળા વસ્તુ સમૂહોથી અનાદિકાળથી સ્વયમેવ ભરેલો છે એટલે કે અનાદિસિદ્ધ છે. કોઇનો રચેલો નથી. તેથી જ પુરાણ–સનાતન છે અને ઉત્પત્તિ તથા નાશથી રહિત છે. આ પ્રમાણે લોકનું સ્મરણ કરતા રહેવું એવો લોકભાવનાનો ઉપદેશ છે.

કોઈને લોકના અનાદિનિધન હોવામાં (અકર્ત્તાપણામાં) સંદેહ થાય તો તેને પરીક્ષામુખની પ્રમેયરત્નમાળા, પ્રમેયકમળ માર્તણ્ડ ટીકા તથા અષ્ટસહસ્રી, શ્લોકવાર્તિકાદિ ગ્રંથોને જોવા. તે ગ્રંથમાં કર્તૃત્વવાદનું વિદ્વાનોએ જોવા યોગ્ય વિશેષ પ્રકારે (યુક્તિ અને પ્રમાણોથી) નિરાકરણ કર્યું છે.

## સંક્ષેપમાં તાત્પર્ય

આ લોક તે જીવાદિ તત્ત્વોની રચના છે, કે જે (સમસ્ત દ્રવ્યો) પોતપોતાના સ્વભાવે ભિન્ન–ભિન્નપણે અવસ્થિત રહેલા છે. તેમાં પોતે એક આત્મદ્રવ્ય છે. તેનું યથાર્થ સ્વરૂપ જાણીને, અન્ય પદાર્થોથી મમતા છોડી, આત્મભાવના કરવી તે જ પરમાર્થ છે. વ્યવહારથી સમસ્ત દ્રવ્યોનું યથાર્થ સ્વરૂપ જાણવું જોઈએ, જેથી

મિથ્યા શ્રદ્ધાન (મિથ્યાત્વ) દૂર થઇ જાય છે આ પ્રમાણે લોક-ભાવનાનું ચિંતવન કરવું જોઈએ.

દોહરો

**લોકસ્વરૂપ વિચારિકેં, આતમરૂપ નિહારિ ।**
**પરમારથ વ્યવહાર મુણિ, મિથ્યાભાવ નિવારિ ॥૧૧॥**

**ભાવાર્થ**—લોકસ્વરૂપને વિચારીને, તેમાં પોતાનું આત્મ-સ્વરૂપ નિહાળીને તેમ જ નિશ્ચય (પરમાર્થ) અને વ્યવહારને સમજીને મિથ્યાભાવને ટાળો એવો ઉપદેશ છે.

## બોધિદુર્લભ ભાવના

**दुरन्तदुरितारातिपीडितस्य प्रतिक्षणम् ।**
**कृच्छान्नरकपातालतलाज्जीवस्य निर्गमः ॥१॥**

જેનો અંત (પરિણામ) ખરાબ છે એવા પાપરૂપી વૈરીથી નિરંતર પીડિત આ જીવનું પ્રથમ તો નરકોની નીચે જે નિગોદ-સ્થાન છે ત્યાંથી (નિત્યનિગોદથી) નીકળવું અત્યંત મુશ્કેલ છે. વળી—

**तस्माद्यदि विनिष्क्रान्तः स्थावरेषु प्रजायते ।**
**त्रसत्वमथवाप्नोति प्राणी केनापि कर्मणा ॥२॥**

ત્યાંથી-નિત્યનિગોદથી વિધિવશાત્ બહાર નીકળ્યો તો પછી પૃથ્વીકાયાદિ સ્થાવર જીવોમાં ઉત્પન્ન થાય છે, અને કોઇ પુણ્ય-કર્મના ઉદયથી સ્થાવર કાયામાંથી ત્રસગતિ પ્રાપ્ત કરે છે. અને

**यत्पर्याप्तस्तथा संज्ञी पञ्चाक्षेऽवयवान्वितः ।**
**तिर्यक्ष्वपि भवत्यङ्गी तन्न स्वल्पाशुभक्षयात् ॥३॥**

કદાચિત ત્રસગતિ પણ મળી જાય, તો તિર્યંચ યોનિમાં પર્યાપ્ત-પણે (સંપૂર્ણ ઈન્દ્રિય-પૂર્ણ અવયવોયુક્ત) ઉત્પન્ન થવા માટે ઘણા પાપનો ક્ષય થવો જોઈએ. જરા જેટલા પાપનો ક્ષય કરવાથી પંચેન્દ્રિયપણું પ્રાપ્ત થતું નથી. તેમાં પણ મનસહિત પંચેન્દ્રિય-તિર્યંચ (પશુ)નું શરીર પ્રાપ્ત કરવું ઘણું જ દુર્લભ છે. અને તે સાથે સંપૂર્ણ અવયવો પ્રાપ્ત થવા અતિશય દુર્લભ છે.

**नरत्वं यद्गुणोपेतं देशजात्यादिलक्षितम् ।**
**प्राणिनः प्राप्नुवन्त्यत्र तन्मन्ये कर्मलाघवात् ।।४।।**

આ જીવોનો સમૂહ સંસારમાં મનુષ્યપણું અને તેમાં ગુણ સહિત-પણું તથા ઉત્તમ દેશ, જાતિ, કુળ આદિ સાહિત્ય-સામગ્રી ઉત્તરોતર કર્મોના ક્ષયથી પામે છે. તે બધી સામગ્રી મળવી ઘણી દુર્લભ છે એમ હું માનું છું.

**आयुः सर्वाक्षसामग्री बुद्धिः साध्वी प्रशान्तता ।**
**यत्स्यात्तत्काकतालीयं मनुष्यत्वेऽपि देहिनाम् ।।५।।**

જીવોને દેશ, જાતિ, કુળાદિ યુક્ત મનુષ્યપણું મળવા છતાં પણ દીર્ઘાયુ, પાંચે ઇન્દ્રિયોની સંપૂર્ણ સામગ્રી, વિશિષ્ટ તથા ઉત્તમ બુદ્ધિ, શીતલ મંદકષાયરૂપ પરિણામો થવા – આ બધા કાકતાલીય ન્યાય સમાન દુર્લભ જાણવા. જેમ કોઇ વખતે તાડનું ફળ પાકીને નીચે પડે અને તે જ સમયે કાગડાનું આવવું થાય અને તે તે ફળને અદ્ધર આકાશમાંથી ઝીલી લઇ ખાવા લાગે. આવો યોગ મળવો અત્યંત કઠણ છે.

**ततो निर्विषयं चेतो यमप्रशमवासितम् ।**
**यदि स्यात्पुण्ययोगेन न पुनस्तत्त्वनिश्चयः ।।६।।**

કદાચિત્ મહાન પુણ્યોના યોગથી ઉપરોક્ત બધી સામગ્રી પ્રાપ્ત થઈ જાય તો પણ વિષયોથી વિરક્ત અથવા વ્રતરૂપ પરિણામો તથા યમ-નિયમ, પ્રશમરૂપ શુદ્ધભાવો ચિત્તમાં થવા ઘણા કઠણ છે. કદાચિત પુણ્યના યોગથી તેવા શુદ્ધભાવોની પણ પ્રાપ્તિ થઇ જાય તો પણ તત્ત્વોનો નિર્ણય થવો અત્યંત દુર્લભ છે.

**अत्यन्तदुर्लभेष्वेषु दैवाल्लब्धेष्वपि क्वचित् ।**
**प्रमादात्प्रच्यवन्तेऽत्र केचित्कामार्थलालसाः ॥७॥**

યદ્યપિ પૂર્વોક્ત સામગ્રી અત્યંત દુર્લભ છે, તથાપિ જો દૈવયોગથી પ્રાપ્ત થઈ જાય તો પણ અનેક સંસારી જીવો પ્રમાદને વશ થઇ, કામ અને અર્થમાં લુબ્ધ બની સમ્યક્ માર્ગથી ચ્યુત થઈ જાય છે, અને વિષય કષાયમાં ગૃદ્ધ અને તન્મય બની જાય છે.

**मार्गमासाद्य केचिच्च सम्यग्रत्नत्रयात्मकम् ।**
**त्यजन्ति गुरुमिथ्यात्वविषव्यामूढचेतसः ॥८॥**

વળી કેટલાક જીવો સમ્યક્ રત્નત્રયના માર્ગને પામીને પણ તીવ્ર-મિથ્યાત્વરૂપ વિષથી વ્યામૂઢ-કિંકર્તવ્યવિમૂઢ બનીને સમ્યગ્માર્ગને છોડી દે છે. ગૃહીત મિથ્યાત્વ મહાબળવાન છે, તે એવો છે કે ઉત્તમ માર્ગ મળ્યો હોય તેને પણ છોડાવી દે છે, ભ્રષ્ટ કરી નાખે છે.

**स्वयं नष्टो जनः कश्चित्कश्चिन्नष्टैश्च नाशितः ।**
**कश्चित्प्रच्यवते मार्गाच्चण्डपाषण्डशासनैः ॥९॥**

કોઈ કોઈ તો પોતે જ સમ્યગ્માર્ગથી ચ્યુત થાય છે, તો વળી કોઇ બીજા તે માર્ગથી ચ્યુત થતા વ્યકિત દ્વારા નષ્ટ થાય છે.

અને કેટલાક તો પ્રચંડ પાખંડીઓના ઉપદેશેલા મતોને જોઇને સાચા માર્ગથી ખસી જાય છે.

त्यक्त्वा विवेकमाणिक्यं सर्वाभिमतसिद्धिदम् ।
अविचारितरम्येषु पक्षेष्वज्ञः प्रवर्त्तते ॥१०॥

માર્ગથી ભ્રષ્ટ થયેલા જે અજ્ઞાની જીવો છે, તે સમસ્ત મનોવાંછિત સિદ્ધિને આપનારા વિવેકરૂપી ચિંતામણિ રત્નને છોડી વિચાર કર્યા વગર રમણીક–મનોહર દેખાતા પક્ષોમાં (મતોમાં) પ્રવૃત્તિ કરવા લાગી જાય છે.

अविचारितरम्याणि शासनान्यसतां जनैः ।
अधमान्यपि सेव्यन्ते जिह्वोपस्थादिदण्डितैः ॥११॥

જે પુરુષો જિહ્વા (જીભ) તથા ઉપસ્થાદિ (જનનેન્દ્રિયાદિ) ઇન્દ્રિયોને વશ પડેલા છે, તે અવિચારને લીધે સુંદર મનોહર ભાસતા, દુષ્ટ પુરુષોએ ચલાવેલા અધમ માર્ગો (મતો)નું પણ સેવન કરવા લાગી જાય છે. વિષય કષાયો શું શું અનર્થ કાર્યો નથી કરાવતાં? એટલે કે જગતમાં બધા અનર્થો તેનાથી જ ઉત્પન્ન થાય છે.

सुप्रापं न पुनः पुंसां बोधिरत्नं भवार्णवे ।
हस्ताद्भ्रष्टं यथा रत्नं महामूल्यं महार्णवे ॥१२॥

આ બોધિ એટલે કે જે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ રત્નત્રય છે તે સંસારરૂપી સમુદ્રમાં પ્રાપ્ત થવા સુગમ નથી પરંતુ અત્યંત દુર્લભ છે. તેને પ્રાપ્ત કરીને પણ જે જીવો ગુમાવી દે છે, તેમને પછી, જેમ હાથમાં આવેલું રત્ન કોઈ સમુદ્રમાં નાખી દે

તો ફરી તેને મળવું કઠણ છે, તેમ સમ્યગ્રત્નત્રયનું પ્રાપ્ત થવું ઘણું જ મુશ્કેલ છે.

## ઉપસંહાર

सुलभमिह समस्तं वस्तुजातं जगत्या-
मुरगसुरनरेन्द्रैः प्रार्थितं चाधिपत्यम् ।
कुलबलसुभगत्वोद्दामरामादि चान्यत्
किमुत तदिदमेकं दुर्लभं बोधिरत्नम् ॥१३॥

આ જગતમાં (ત્રિલોકમાં) સમસ્ત દ્રવ્યોનો સમૂહ સુલભ છે. તેમ જ ધરણેન્દ્ર, નરેન્દ્ર અને સુરેન્દ્રો દ્વારા પ્રાર્થના કરવા યોગ્ય અધિપતિપણું (અધિકાર) મળવું તે પણ સુલભ છે, કારણ કે આ બધી વસ્તુઓ કર્મોના ઉદયથી પ્રાપ્ત થાય છે. વળી ઉત્તમકુળ, બળ, સૌભાગ્ય, સુંદર સ્ત્રી વિ. સમસ્ત પદાર્થો પણ સુલભ છે. પરંતુ જગત્પ્રસિદ્ધ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ બોધિરત્ન અત્યંત દુર્લભ છે.

## સંક્ષેપમાં આશય

જો પરમાર્થથી (નિશ્ચયથી) વિચાર કરવામાં આવે તો જણાશે કે જે વસ્તુ પરાધીન હોય છે તે દુર્લભ હોય છે અને જે સ્વાધીન વસ્તુ છે તે સુલભ છે. આ બોધિ (રત્નત્રય) એ આત્માનો સ્વભાવ છે, સ્વાધીન સંપત્તિ છે. જ્યારે તે પોતાનું સ્વરૂપ જાણે કે સમજે તો તે પોતાની નિકટ જ છે, તેથી દુર્લભ નથી. પરંતુ આત્મા જ્યાં સુધી પોતાના સ્વરૂપને જાણે નહિ, ત્યાં સુધી તે કર્મને આધીન છે. આ અપેક્ષાએ પોતાનો બોધિસ્વભાવ પ્રાપ્ત કરવો દુર્લભ છે અને કર્મકૃત બધા જ પદાર્થો સંસારમાં સુલભ છે.

આચાર્ય મહારાજે વ્યવહારનયની મુખ્યતાથી બોધિની દુર્લભતા કહી છે એટલે કે ઉત્તરોત્તર પર્યાયો દુર્લભપણે પ્રાપ્ત કરતાં કરતાં બોધિ યોગ્ય ઉત્તમ પર્યાય મળવો ઘણો જ દુર્લભ છે. અને તેમાં પણ બોધિનું (રત્નત્રયનું) મળવું દુર્લભ છે. આ બોધિને પ્રાપ્ત કર્યા પછી તેને પ્રમાદને વશ થઈ ગુમાવી ન દેવાય તે ધ્યાન રાખવા ઉપદેશ છે.

દોહરો

**બોધિ આપકા ભાવ હૈ, નિશ્ચય દુર્લભ નાહિં ।**
**ભવ મેં પ્રાપતિ કઠિન હૈ, યહ વ્યવહાર કહાહિં ॥૧૨॥**

ભાવાર્થ—બોધિ (સમ્યગ્દર્શન) એ આત્માનો પોતાનો ભાવ છે. નિશ્ચયથી તે દુર્લભ નથી. મનુષ્યભવમાં અથવા સંસારમાં તેની પ્રાપ્તિ થવી કઠણ છે એમ જે કહ્યું તે તો માત્ર વ્યવહારથી કહ્યું છે.

## ભાવનાઓનું ફળ તથા માહાત્મ્ય

दीव्यन्नाभिरयं ज्ञानी भावानाभिर्निरन्तरम् ।
इहैवाप्नोत्यनातङ्कं सुखमत्यक्षमक्षयम् ॥१॥

આ બાર ભાવનાઓથી આત્મામાં નિરંતર રમણ કરતાં જ્ઞાની-જન આ લોકમાં જ રોગાદિની બાધારહિત અતીન્દ્રિય એવા અવિ-નાશી સુખને પ્રાપ્ત કરે છે એટલે કે કેવળજ્ઞાનાનંદને પ્રાપ્ત કરે છે.

**विध्याति कषायाग्निर्विगलति रागो विलीयते ध्वान्तम् ।**
**उन्मिषति बोधदीपो हृदि पुंसां भावनाभ्यासात् ॥२॥**

આ બાર ભાવનાઓનો નિરંતર અભ્યાસ કરવાથી પુરુષોના હૃદયમાં પડેલી કષાયરૂપી અગ્નિ ઓલવાઈ જાય છે, શાંત પડી

જાય છે, તેમ જ પરદ્રવ્યો પ્રત્યેનો રાગભાવ ગળી જાય છે અને અજ્ઞાનરૂપી અંધકારનો વિલય થતાં જ્ઞાનરૂપી દીપકનો પ્રકાશ થાય છે.

**एता द्वादशभावनाः खलु सखे सख्योऽपवर्गश्रिय-**
**स्तस्याः सङ्गमलालसैर्घटयितुं मैत्रीं प्रयुक्ता बुधैः ।**
**एतासु प्रगुणीकृतासु नियतं मुक्त्यङ्गना जायते**
**सानन्दा प्रणयप्रसन्नहृदया योगीश्वराणां मुदे ॥३॥**

હે મિત્ર! આ બાર ભાવનાઓ નિશ્ચયથી મુક્તિરૂપી લક્ષ્મીનો સંગમ કરવાની ઈચ્છાવાળા પંડિતગણોએ મિત્રતા કરવાના અર્થમાં તેમને પ્રયોગરૂપ કહેલ છે. આ ભાવનાઓનો અભ્યાસ કરવાથી મુકિતરૂપી સ્ત્રી આનંદસહિત સ્નેહરૂપ પ્રસન્ન હૃદય બનીને યોગીશ્વરોને આનંદદાયિની થાય છે.

**ભાવાર્થ**—પંડિતોએ ભાવનાઓને મોક્ષની સખીતુલ્ય કહી છે. યોગીશ્વરો તેમને ભાવે છે, તેથી તે ભાવનાઓ તેમને મુકિતરૂપી સુન્દરીની સાથે મેળાપ કરાવી દે છે.

## પ્રકરણનો સાર

આ ગ્રંથમાં ધ્યાનનો અધિકાર છે અને ધ્યાન મોક્ષનું કારણ છે. જ્યાંસુધી જીવોની સંસારમાં પ્રીતિ રહે છે, ત્યાંસુધી તેમનું ધ્યાનની સન્મુખ થવું કઠણ છે. અને આ બાર ભાવનાઓ સંસાર, દેહ, ભોગોથી વૈરાગ્ય ઉત્પન્ન કરાવવામાં નિમિત્તભૂત છે. તેથી તેમનું વર્ણન સર્વપ્રથમ કરવામાં આવ્યું છે.

**પ્રથમ**—તો આ પ્રાણી અનાદિકાળથી પર્યાયબુદ્ધિ રહ્યો છે. તેને દ્રવ્યબુદ્ધિ કદી પણ થઈ નથી, તેથી દ્રવ્યબુદ્ધિ કરવા માટે પર્યા-

યને અનિત્ય બતાવેલ છે. કારણ કે તેથી વૈરાગ્ય થાય છે અને ત્યારબાદ ધ્યાનની રુચિ ઉત્પન્ન થાય છે.

**બીજીમાં**—આ પ્રાણી જ્યાંસુધી અજ્ઞાનવશ પરનું શરણ ગ્રહણ કરવા ઇચ્છે છે ત્યાં સુધી તેને ધ્યાન થતું નથી. તેથી જ પરનું શરણ છોડાવી પોતાનું જ શરણ લેવાનું બતાવ્યું છે.

**ત્રીજીમાં**—સંસારમાં દુઃખ ને દુઃખ જ બતાવ્યા છે.

**ચોથીમાં**—પોતાનું એકલાપણું બતાવ્યું છે. જગતમાં કોઈ પણ સંગી કે સાથી નથી.

**પાંચમીમાં**—અન્યના સંગથી મોહ ઉત્પન્ન થાય છે તેથી પોતાને સર્વથી ભિન્ન બતાવેલ છે.

**છઠ્ઠીમાં**—શરીરની અશુચિનો વિચાર કરવાથી શરીરનો મોહ દૂર થતાં આત્મસન્મુખવૃત્તિ થાય છે.

**સાતમીમાં**—આસ્રવથી કર્મબંધ થવાનું બતાવ્યું છે.

**આઠમીમાં**—સંવરથી કર્મોનું અટકવું અને ધ્યાનની સિદ્ધિ બતાવી છે.

**નવમીમાં**—નિર્જરાનું કારણ ધ્યાન તથા નિર્જરાથી ધ્યાનની વૃદ્ધિ થવાનું બતાવ્યું છે.

**દસમીમાં**—લોકનું સ્વરૂપ જાણવાથી મિથ્યાશ્રદ્ધાન નષ્ટ થાય છે, તેથી લોકનું સ્વરૂપ બતાવ્યું છે.

**અગિયારમીમાં**—ધર્મ ધ્યાનનું સ્વરૂપ છે તેથી તેનું-ધર્મનું સ્વરૂપ બતાવ્યું છે.

**બારમીમાં**—બોધિદુર્લભતા બતાવી છે અને તેનો સંયોગ પ્રાપ્ત થતાં પ્રમાદી બનવું ન જોઇએ એવો ઉપદેશ કર્યો છે.

આ પ્રમાણે બારે ભાવનાનું સ્વરૂપ જાણીને તેમની નિરંતર ભાવના ભાવવાથી ધ્યાનની રુચિ થાય છે તથા ધ્યાનમાં સ્થિર થવાથી કેવળજ્ઞાન થાય છે અને પછી મોક્ષ પ્રાપ્ત થાય છે.

દોહરો

**ઐસે ભાવે ભાવના, શુભ વૈરાગ્ય જુ પાય ।**
**ધ્યાન કરે નિજરૂપકો, તે શિવ પહુંચે ધાય ॥૨॥**

**ભાવાર્થ**—આમ ભાવનાઓ ભાવીને જે શુભ વૈરાગ્યને પ્રાપ્ત કરે છે અને પછી પોતાના સ્વરૂપનું ધ્યાન ધરે છે તે શીઘ્રમેવ શિવલક્ષ્મી (મોક્ષ)ને વરે છે.

## ૩

## ત્રીજો સર્ગ

# સંક્ષેપમાં ધ્યાનનું સ્વરૂપ

अस्मिन्ननादिसंसारे दुरन्ते सारवर्जिते ।
नरत्वमेव दुःप्राप्यं गुणोपेतं शरीरिभिः ॥१॥

દુરંત તથા સારવર્જિત એવા આ અનાદિ સંસારમાં ગુણસહિત મનુષ્યપણું જ જીવોને દુષ્પ્રાપ્ય છે એટલે કે દુર્લભ છે.

काकतालीयकन्यायेनोपलब्धं यदि त्वया ।
तत्तर्हि सफलं कार्यं कृत्वात्मन्यात्मनिश्चयम् ॥२॥

હે આત્મા ! તેં જે આ મનુષ્યપણું કાકતાલીય ન્યાયથી પ્રાપ્ત કર્યું છે તેથી તારે તારામાં જ પોતાનો નિશ્ચય કરીને પોતાનું કર્તવ્ય સફળ બનાવવું જોઈએ. આ મનુષ્યજન્મ સિવાય અન્ય કોઈ જન્મમાં પોતાના સ્વરૂપનો નિશ્ચય થતો નથી, તે કારણે આ ઉપદેશ છે.

नृजन्मनः फलं कैश्चित्पुरुषार्थः प्रकीर्त्तितः ।
धर्मादिकप्रभेदेन स पुनः स्याच्चतुर्विधः ॥३॥

અનેક વિદ્વાનોએ આ મનુષ્ય જન્મનું ફળ પુરુષાર્થ કરવાનું જ કહ્યું છે. અને તે પુરુષાર્થ ધર્માદિના ભેદથી ચાર પ્રકારનો છે.

धर्मश्चार्थश्च कामश्च मोक्षश्चेति महर्षिभिः ।
पुरुषार्थोऽयमुद्दिष्टश्चतुर्भेदः पुरातनैः ॥४॥

પ્રાચીન મહર્ષિઓએ ૧. ધર્મ, ૨. અર્થ, ૩. કામ અને ૪. મોક્ષ આમ ચાર પ્રકારનો પુરુષાર્થ કહ્યો છે.

त्रिवर्गं तत्र सापायं जन्मजातङ्कदूषितम् ।
ज्ञात्वा तत्त्वविदः साक्षाद्यतन्ते मोक्षसाधने ॥५॥

આ ચાર પુરુષાર્થોમાંથી પહેલાના ત્રણ પુરુષાર્થ નાશસહિત અને સંસારના રોગોથી દૂષિત છે, એમ જાણીને તત્ત્વોના જ્ઞાતા જ્ઞાની પુરુષો અન્તિમ પુરુષાર્થ એટલે મોક્ષના સાધન કરવામાં જ યત્ન કરે છે, કારણ કે મોક્ષ નાશરહિત, અવિનાશી છે.

## મોક્ષનું સ્વરૂપ

निःशेषकर्मसम्बन्धपरिविध्वंसलक्षणः ।
जन्मनः प्रतिपक्षो यः स मोक्षः परिकीर्तितः ॥६॥

પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ તથા અનુભાગરૂપ સમસ્ત કર્મોના સંબંધનો સર્વથા નાશરૂપ લક્ષણવાળો તથા જે સંસારનો પ્રતિપક્ષી છે, તે જ મોક્ષ છે.

दृग्वीर्यादिगुणोपेतं जन्मक्लेशैः परिच्युतम् ।
चिदानन्दमयं साक्षान्मोक्षमात्यन्तिकं विदुः ॥७॥

દર્શન અને વીર્યાદિ ગુણસહિત અને સંસારના ક્લેશોથી રહિત, ચિદાનંદમય આત્યન્તિકી અવસ્થાને સાક્ષાત્ મોક્ષ કહે છે.

## મોક્ષનું શાશ્વત સુખ

**अत्यक्षं विषयातीतं निरोपम्यं स्वभावजम् ।**
**अविच्छिन्नं सुखं यत्र स मोक्षः परिपठ्यते ॥८॥**

જેમાં અતીન્દ્રિય (ઇન્દ્રિયોથી અતિક્રાન્ત), વિષયોથી અતીત, ઉપમારહિત, અને સ્વાભાવિક (પોતાના સ્વભાવથી જ ઉત્પન્ન થાય એવું) વિચ્છેદરહિત પારમાર્થિક સુખ થાય, તેને જ મોક્ષ કહેવાય છે.

**निर्मलो निष्कलः शान्तो निष्पन्नोऽत्यन्तनिर्वृतः ।**
**कृतार्थः साधुबोधात्मा यत्रात्मा तत्पदं शिवम् ॥९॥**

જેમાં આ આત્મા નિર્મળ (દ્રવ્યકર્મ નોકર્મરહિત), શરીરરહિત, ક્ષોભરહિત, શાંતસ્વરૂપ, નિષ્પન્ન (સિદ્ધરૂપ), અત્યંત અવિનાશી, સુખરૂપ, કૃતકૃત્ય (જેને હવે કંઈ કરવાનું બાકી રહ્યું નથી એવા) તથા સમીચીન સમ્યગ્જ્ઞાનસ્વરૂપ બની જાય છે, તે પદને (અવસ્થાને) શિવ એટલે કે મોક્ષ કહે છે.

**तस्यानन्तप्रभावस्य कृते त्यक्त्वाखिलभ्रमाः ।**
**तपश्चरन्त्यमी धीराः बन्धविध्वंसकारणम् ॥१०॥**

ધીરવીર પુરુષ આ અનંત પ્રભાવવાળા મોક્ષરૂપી કાર્યના નિમિત્ત એવા સમસ્ત પ્રકારના ભ્રમોને છોડીને કર્મબંધને નષ્ટ કરવાના કારણરૂપ તપને અંગીકાર કરે છે.

**ભાવાર્થ**—સાંસારિક સમસ્ત કાર્યો છોડીને મુનિપદ ધારણ કરે છે.

**सम्यग्ज्ञानादिकं प्राहुर्जिना मुक्तेर्निबन्धनम् ।**
**तेनैव साध्यते सिद्धिर्यस्मात्तदर्थिभिः स्फुटम् ।।११।।**

જિનેન્દ્ર ભગવાન સર્વજ્ઞ છે, તેઓ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રને મુક્તિનું કારણ બતાવે છે. તેથી જેઓ મુક્તિની ઈચ્છા કરે છે, તેઓ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રથી જ મોક્ષને પ્રગટપણે સાધે છે.

**ભાવાર્થ**—જે કાર્યનું જે કારણ હોય છે તેને જ અંગીકાર કરવાથી તે કાર્ય સિદ્ધ થાય છે.

## જ્ઞાન અને ધ્યાનનો ઉપદેશ

**भवक्लेशविनाशाय पिब ज्ञानसुधारसम् ।**
**कुरु जन्माब्धिमत्येतुं ध्यानपोतावलम्बनम् ।।१२।।**

હે આત્મન્! તું સંસારના દુઃખનો વિનાશ કરવા માટે જ્ઞાનરૂપી સુધારસને પી અને સંસારરૂપી સમુદ્રને પાર કરવા માટે ધ્યાનરૂપી વહાણનું અવલંબન કર.

**ભાવાર્થ**—એકતાનરૂપ થવું તે ધ્યાન છે. તેથી જ્યારે પહેલાં જ્ઞાનને અંગીકાર કરશે ત્યારે તેનાથી એકાગ્રતા થશે. એકાગ્રતા થવાથી કર્મોને કાપી સંસારનો પરિત્યાગ કરીને મોક્ષને પ્રાપ્ત કરશે.

**मोक्षः कर्मक्षयादेव स सम्यग्ज्ञानतः स्मृतः ।**
**ध्यानसाध्यं मतं तद्धि तस्मात्तद्धितमात्मनः ।।१३।।**

કર્મોના ક્ષયથી જ મોક્ષ થાય છે. કર્મોનો ક્ષય સમ્યગ્જ્ઞાનથી થાય છે અને તે સમ્યગ્જ્ઞાન ધ્યાનથી સિદ્ધ થાય છે એટલે કે ધ્યાનથી જ્ઞાનની એકાગ્રતા થાય છે. તેથી ધ્યાન એ જ આત્માનું હિત કરનાર છે.

अपास्य कल्पनाजालं मुनिभिर्मोक्तुमिच्छुभिः ।
प्रशमैकपरैर्नित्यं ध्यानमेवावलम्बितम् ॥१४॥

આત્માનું હિતકર ધ્યાન જ છે. માટે જેઓ કર્મોથી મુક્ત થવાની ઇચ્છાવાળા મુનિઓ છે, તેમણે સર્વપ્રથમ કષાયોની મંદતા માટે તત્પર થઈ કલ્પનાના સમૂહોનો નાશ કરીને સદૈવ ધ્યાનનું જ અવલંબન કર્યું છે.

**ભાવાર્થ**—જ્યાં સુધી મુનિને ચિત્તની સ્થિરતા રહે ત્યાંસુધી ધ્યાન કરવું ઇષ્ટ છે. જ્યારે ચિત્તની સ્થિરતા રહેતી નથી, ત્યારે તેઓ શાસ્ત્રવિચારાદિ અન્યક્રિયાઓમાં લાગે છે.

## ધ્યાનની પ્રધાનતા અને યોગ્યતા

मोहं त्यज भज स्वास्थ्यं मुञ्च सङ्गान् स्थिरीभव ।
यतस्ते ध्यानसामग्री सविकल्पा निगद्यते ॥१५॥

હે આત્મન્ ! તું સંસારના મોહને છોડી દે, સ્વાસ્થ્યને ધારણ કર અને પરિગ્રહોને છોડીને સ્થિરીભૂત થા. જેથી અમે તને ધ્યાનની સામગ્રી ભેદ સહિત કહી શકીએ.

उत्तितीर्षुर्महापङ्काज्जन्मसंज्ञाद्दुरुत्तरात् ।
यदि किं न सदा धत्से धैर्यं ध्याने निरन्तरम् ॥१६॥

હે આત્મન્ ! જો તું મહામુશ્કેલીએ પાર કરી શકાય એવા સંસારરૂપી મહાપંક (કાદવ)થી નીકળવાની ઇચ્છા રાખતો હો તો ધ્યાનમાં નિરંતર ધૈર્ય શા માટે ધારણ કરતો નથી.

**ભાવાર્થ**—ધ્યાનમાં ધૈર્યનું અવલંબન ધારણ કર, કારણ કે સંસારરૂપી કાદવથી પાર થવા માટેનું એકમાત્ર કારણ એ જ છે. તે સિવાય બીજો એકે ઉપાય નથી.

चित्ते तव विवेकश्रीर्यद्यशङ्का स्थिरीभवेत् ।
कीर्त्यंते ते तदा ध्यानलक्षणं स्वान्तशुद्धिदम् ॥१७॥

હે ભવ્ય ! જો તારા ચિત્તમાં નિઃશંકપણે વિવેકરૂપી લક્ષ્મી (સંદેહરહિત) સ્થિર થાય તો તારા મનને શુદ્ધતા અર્પનાર એવા ધ્યાનનું લક્ષણ અમે કહીએ છીએ.

**ભાવાર્થ**—જો ચિત્તને સંદેહ રહિત સ્થિર કરીને સાંભળે, તો કહેલા વચનોનું ગ્રહણ થાય છે, અથવા તેની પ્રતીતિ થાય છે. તે માટે એમ કહેવામાં આવ્યું છે.

इयं मोहमहानिद्रा जगत्त्रयविसर्पिणी ।
यदि क्षीणा तदा क्षिप्रं पिब ध्यानसुधारसं ॥१८॥

હે ભવ્ય ! ત્રણે જગતમાં પ્રસરેલી આ તારી અજ્ઞાનરૂપી મહાનિદ્રા ક્ષીણ થઈ ગઈ હોય, નષ્ટ થઈ ગઈ હોય, તો તું ધ્યાનરૂપી અમૃતરસનું પાન કર. કારણ કે સુષુપ્ત અવસ્થામાં તેનું પાન થઈ શકતું નથી.

बाह्यान्तर्भूतनिःशेषसङ्गमूर्च्छा क्षयं गता ।
यदि तत्त्वोपदेशेन ध्याने चेतस्तदार्पय ॥१९॥

હે ભવ્ય ! જો તત્ત્વોના ઉપદેશથી તારી બાહ્ય અને આભ્યંતરની સમસ્ત મૂર્ચ્છા (મમત્વ પરિણામો) નષ્ટ થઈ ગઈ હોય તો તું હવે તારું મન ધ્યાનમાં લગાવ.

**ભાવાર્થ**—પરિગ્રહનો મમત્વ રહેવાથી ધ્યાનમાં ચિત્ત ચોંટતું નથી. તેથી જ આવો ઉપદેશ આપવામાં આવ્યો છે.

प्रमादविषयग्राहदन्तयन्त्राद्यदि च्युतः ।
त्वं तदा क्लेशसङ्घातघातकं ध्यानमाश्रय ॥२०॥

હે ભવ્ય ! જો તું પ્રમાદ અને ઈન્દ્રિયોના વિષયરૂપી પિશાચ અથવા જળરાક્ષસના મુખરૂપી યંત્રમાંથી છૂટી ગયો હો તો કલેશોના સમૂહનો ઘાત તથા નષ્ટ કરનારા એવા ધ્યાનનો આશ્રય કર.

**ભાવાર્થ**—જ્યાંસુધી પ્રમાદ અને ઈન્દ્રિયોના વિષયોમાં ચિત્તની પ્રવૃત્તિ રહે છે, ત્યાં સુધી કોઈ પણ ધ્યાનમાં મન લાગી શકતું નથી તે માટે આવો ઉપદેશ કરેલ છે.

इमेऽनन्तभ्रमासारप्रसरैकपरायणाः ।
यदि रागादयः क्षीणास्तदा ध्यातुं विचेष्टयताम् ॥२१॥

હે ભવ્ય ! અનંત ભ્રમરૂપ નિરંતર વૃષ્ટિનો વિસ્તાર કરવામાં તત્પર એવા તારા રાગદ્વેષ મોહાદિક ભાવો ક્ષીણ થઇ ગયા હોય તો તારે ધ્યાનની ચેષ્ટા કરવી જોઇએ. કારણ કે રાગાદિકનો વિસ્તાર હોય ત્યારે ધ્યાનમાં પ્રવૃત્તિ થઈ શકતી નથી.

यदि संवेगनिर्वेदविवेकैर्वासितं मनः ।
तदा धीर स्थिरीभूय स्वस्मिन् स्वान्तं निरूपय ॥२२॥

હે ધીર પુરુષ ! જો સંવેગ એટલે મોક્ષ અથવા મોક્ષમાર્ગથી અનુરાગ તથા નિર્વેદ એટલે સંસાર દેહ ભોગોથી વૈરાગ્ય અને વિવેક એટલે સ્વપરનું ભેદવિજ્ઞાન—આ બધાથી તારું મન વાસિત હોય તો તું સ્થિર થઈને તારામાં જ તારા મનને તું જો, કે તે કેવું છે ?

**ભાવાર્થ**—સંવેગ, નિર્વેદ અને ભેદવિજ્ઞાન વિના ચિત્તની વૃત્તિ પરમાં જ રહે છે, પોતાના સ્વરૂપ તરફ જતી જ નથી.

**विरज्य कामभोगेषु विमुच्य वपुषि स्पृहाम् ।**
**निर्ममत्वं यदि प्राप्तस्तदा ध्यातासि नान्यथा ॥२३॥**

હે ભવ્ય ! જો તું કામભોગોથી વિરક્ત થયો હો અને શરીરની સ્પૃહા છોડી નિર્મમત્વપણાને પ્રાપ્ત થયો હો તો જ ધ્યાન કરતાં ધ્યાતા બની શકે છે, અન્યથા ધ્યાતા બની શકાય નહિ. કારણ કે જ્યાંસુધી ભોગોની ઇચ્છા અને ભોગ વિલાસમાં જ મન રહેતું હોય ત્યાં સુધી ધ્યાનમાં ચિત્ત કેવી રીતે લાગે ? તેમ જ શરીરમાં અનુરાગ હોય છે ત્યાં સુધી તેની સાર સંભાળ અને પુષ્ટ કરવામાં જ મન લાગ્યું રહે છે, અથવા રોગાદિક થવા તથા નાશ થવાનો ભય નિરંતર રહ્યા કરે છે. એવી સ્થિતિમાં ધ્યાન કરવામાં ચિત્ત કેમ કરીને લાગે ? તેથી ધ્યાતાને ધ્યાન કરવા લાયક પાત્ર બનાવવાથી ધ્યાન થઈ શકે છે.

**निर्विण्णोऽसि यदा भ्रातर्दुरन्ताज्जन्मसंक्रमात् ।**
**तदा धीर परां ध्यानधुरां धैर्येण धारय ॥२४॥**

હે ધીર પુરુષ ! જો તું દુરંત એવા સંસારના પરિભ્રમણથી વિરક્ત હો તો, ઉત્કૃષ્ટ એવી ધ્યાનની ધુરાને ધારણ કર, કારણ કે સંસારથી વિરક્ત થયા વિના ધ્યાનમાં ચિત્ત લાગતું નથી.

**पुनात्याकर्णितं चेतो दत्ते शिवमनुष्ठितम् ।**
**ध्यानतन्त्रमिदं धीर धन्ययोगीन्द्रगोचरम् ॥२५॥**

હે ધીર પુરુષ ! આ ધ્યાનનું તંત્ર (શાસ્ત્ર) સાંભળવાથી ચિત્ત

પવિત્ર થાય છે. તીવ્ર રાગાદિકનો અભાવ કરીને ચિત્તને વિશુદ્ધ બનાવે છે. તેમ જ આચરણ કરવાથી શિવ એટલે કે મોક્ષને આપે છે. યોગીશ્વરોનો આ જાણેલો છે. તેથી તું તેનો આસ્વાદ કર, ધારણ કર અથવા સાંભળ અને પછી ધ્યાનનું આચરણ કર.

विस्तरेणैव तुष्यन्ति केऽप्यहो विस्तरप्रियाः ।
संक्षेपरुचयश्चान्ये विचित्राश्चित्तवृत्तयः ॥२६॥

અનેક પુરુષો તો વિસ્તારથી જ પ્રસન્ન થાય છે અને અનેક સંક્ષેપમાં રુચિ રાખનારા હોય છે. આશ્ચર્ય એ છે કે, ચિત્તની વૃત્તિઓ પણ વિચિત્ર એટલે કે અનેક પ્રકારની હોય છે.

**ભાવાર્થ**—જેવા વકતા અને શ્રોતા હોય છે, તેવું જ કથન અને શ્રવણ થાય છે. તેથી જ સર્વ પ્રથમ આ પ્રકરણમાં સંક્ષિપ્ત રુચિવાળા શ્રોતાઓ માટે ધ્યાનનું સંક્ષિપ્ત સ્વરૂપ બતાવેલ છે.

संक्षेपरुचिभिः सूत्रात्तन्निरूप्यात्मनिश्चयात् ।
त्रिधैवाभिमतं कैश्चिद्यतो जीवाशयस्त्रिधा ॥२७॥

આત્માનો જેમાં નિશ્ચય છે, એવા સૂત્ર દ્વારા નિરૂપણ કરીને કેટલાય સંક્ષેપ રુચિવાળાઓએ માત્ર ત્રણ પ્રકારનું જ ધ્યાન માન્યું છે. કારણ કે જીવનો આશય ત્રણ પ્રકારનો જ છે એટલે કે અધ્યાત્મશાસ્ત્રની અપેક્ષાએ આત્માના ઉપયોગની પ્રવૃત્તિ સંક્ષેપમાં ત્રણ પ્રકારની જ માનવામાં આવી છે.

### ધ્યાનના ત્રણ પ્રકારના આશય

तत्र पुण्याशयः पूर्वस्तद्विपक्षोऽशुभाशयः ।
शुद्धोपयोगसंज्ञो यः स तृतीयः प्रकीर्त्तितः ॥२८॥

તે ત્રણમાં પ્રથમ પુણ્યરૂપ શુભ આશય છે અને તેનો વિપક્ષી બીજો પાપરૂપ અશુભ આશય છે અને ત્રીજો શુદ્ધોપયોગ નામનો આશય છે.

**पुण्याशयवशाज्जातं शुद्धलेश्यावलम्बनात् ।**
**चिन्तनाद्वस्तुतत्त्वस्य प्रशस्तं ध्यानमुच्यते ॥२९॥**

પુણ્યરૂપ આશયને કારણે તથા શુદ્ધલેશ્યાના અવલંબનથી અને વસ્તુના યથાર્થ સ્વરૂપના ચિંતવનથી ઉત્પન્ન થયેલું ધ્યાન પ્રશસ્ત કહેવાય છે. અને—

**पापाशयवशान्मोहान्मिथ्यात्वाद्वस्तुविभ्रमात् ।**
**कषायाज्जायतेऽजस्रमसद्ध्यानं शरीरिणाम् ॥३०॥**

જીવોના પાપરૂપ આશયને લીધે તથા મોહ, મિથ્યાત્વ, કષાય અને તત્ત્વોના અયથાર્થ વિભ્રમને કારણે અપ્રશસ્ત એટલે કે અસમીચીન ધ્યાન થાય છે.

**क्षीणे रागादिसन्ताने प्रसन्ने चान्तरात्मनि ।**
**यः स्वरूपोपलम्भः स्यात्स शुद्धाख्यः प्रकीर्तितः ॥३१॥**

રાગાદિની સંતાન–પરંપરા ક્ષીણ થતાં અને અંતરંગ આત્મા પ્રસન્ન થવા પર જે પોતાના સ્વરૂપનું ઉપલંભન એટલે પ્રાપ્તિ થાય છે, તે શુદ્ધ ધ્યાન છે.

**शुभध्यानफलोद्भूतां श्रियं त्रिदशसंभवाम् ।**
**निर्विशन्ति नरा नाके क्रमाद्यान्ति परं पदम् ॥३२॥**

મનુષ્ય શુભધ્યાનના ફળથી ઉત્પન્ન થયેલ સ્વર્ગની લક્ષ્મીને સ્વર્ગમાં ભોગવે છે અને અનુક્રમે મોક્ષને પ્રાપ્ત થાય છે.

दुर्ध्यानाद्दुर्गतेर्बीजं जायते कर्म देहिनाम् ।
क्षीयते यन्न कष्टेन महतापि कथंचन ॥३३॥

દુર્ધ્યાનથી જીવોને દુર્ગતિના કારણભૂત અશુભ કર્મોનો બંધ થાય છે. કે જે કર્મો મહાકષ્ટે પણ ક્ષય પામતા નથી.

निःशेषक्लेशनिर्मुक्तं स्वभावजमनश्वरम् ।
फलं शुद्धोपयोगस्य ज्ञानराज्यं शरीरिणाम् ॥३४॥

જીવોને શુદ્ધોપયોગનું ફળ સમસ્ત દુઃખોથી રહિત, સ્વભાવથી ઉત્પન્ન અને અવિનાશી જ્ઞાનરૂપી રાજ્યનું મળવું તે છે.

✓ **ભાવાર્થ**—શુદ્ધોપયોગથી જીવોને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

इति संक्षेपतो ध्यानलक्षणं समुदाहृतम् ।
बन्धमोक्षफलोपेतं सङ्क्षेपरुचिरञ्जकम् ॥३५॥

આ પ્રમાણે સંક્ષેપમાં સંક્ષેપરુચિ પુરુષોને રંજન કરનાર બંધ-મોક્ષના ફળ સહિત ધ્યાનનું લક્ષણ બતાવવામાં આવ્યું

**ભાવાર્થ**—શુભધ્યાનથી પુણ્યબંધ તથા અશુભ ધ્યાનથી પાપબંધ થાય છે. અને શુદ્ધ ધ્યાનથી પાપપુણ્યરૂપ બંધોનો નાશ થઈ મોક્ષની પ્રાપ્તિ થાય છે.

## ઉપસંહાર

अविद्याविक्रान्तैश्चपलचरितैर्दुर्नयशतै-
र्जगल्लुप्तालोकं कृतमतिघनध्वान्तनिचितम् ।
त्वयोच्छेद्याशेषं परमततमोव्रातमतुलं
प्रतीतं भव्यानां शिवपदमयानन्दनिलयम् ॥३६॥

અવિદ્યા એટલે મિથ્યાજ્ઞાનથી વિકારરૂપ થઇ અનિશ્ચયરૂપ તથા ભ્રમાત્મક આચરણવાળા મિથ્યાદષ્ટિઓએ સર્વથા એકાન્તરૂપ સેંકડો

દુર્નીતિઓથી આ જગતને અતિ ગાઢ અંધકારના સમૂહમાં પ્રકાશ-રહિત બનાવી દીધું છે એટલે કે હિતાહિતના માર્ગથી વિભ્રમરૂપ કરી દીધેલ છે. તેથી હે જ્ઞાની આત્મા ! તું પરમતપરૂપ અતુલ અંધકારના સમસ્ત સમૂહોને દૂર કરીને ભવ્ય જીવોને આનંદ આપનાર મોક્ષરૂપી ઘરને પ્રાપ્ત કર.

**ભાવાર્થ**—અન્યમતાવલંબી એકાંતવાદી વિદ્વાનોએ સર્વથા એકાંતરૂપ કુનય ગ્રહણ કરીને જગતના જીવોને મિથ્યામાર્ગમાં લગાડી દીધો છે. તેથી જ્ઞાની પુરુષોએ સ્યાદ્વાદ નયને પ્રગટ કરી યથાર્થ માર્ગની પ્રવૃત્તિ કરવી જોઈએ. કારણ કે વસ્તુનું સ્વરૂપ સર્વથા એકાંતરૂપ નથી. એટલે કે સર્વથા નિત્યમાં, સર્વથા અનિત્યમાં, સર્વથા એકમાં કે અનેકમાં તથા સર્વથા શુદ્ધમાં અથવા અશુદ્ધમાં વિ. સર્વથા એકાંતનયથી આત્મામાં ધ્યાતા, ધ્યાન અને ધ્યેય ફળાદિ ભેદરૂપ પરિણામો સિદ્ધ થતા નથી. તેથી અન્યવાદીઓ જે ધ્યાનની વાત કરે છે તે તો ભ્રમમાત્ર છે અને સ્યાદ્વાદથી અનેક ધર્મસ્વરૂપ વસ્તુમાં બધાની સિદ્ધિ થાય છે. તેથી સ્યાદ્વાદ માર્ગનું શરણ લઈને ધ્યાનનું સાધન કરવું ઉચિત છે. એવો ઉપદેશ છે.

દોહરો

**અશુભ ક્રોધાદિક તજો, દયા ક્ષમા શુભ ધારિ ।**
**શુદ્ધભાવમેં લીન હૈ, કર્મપાશ નિરવારિ ॥૬॥**

**ભાવાર્થ**—અશુભ ક્રોધાદિના પરિણામોને છોડો અને દયા, ક્ષમાદિ શુભપરિણામોને ધારણ કરો, પછી બન્ને પ્રકારના કર્મ-પાશને નિવારી શુદ્ધભાવમાં લીન બનો એવો ઉપદેશ છે.

४

## ચોથો સર્ગ

# ધ્યાતાની યોગ્યાયોગ્યતા

यच्चतुर्धा मतं तज्ज्ञैः क्षीणमोहैर्मुनीश्वरैः ।
पूर्वप्रकीर्णकाङ्गेषु ध्यानलक्ष्म सविस्तरम् ॥१॥

ધ્યાનના જાણકાર ક્ષીણમોહ મુનીશ્વરોએ સવિસ્તર ધ્યાનનું લક્ષણ પૂર્વપ્રકીર્ણક સહિત બાર અંગોમાં ચાર પ્રકારનું માન્યું છે.

शतांशमपि तस्याद्य न कश्चिद्वक्तुमीश्वरः ।
तदेतत्सुप्रसिद्ध्यर्थं दिङ्मात्रमिह वर्ण्यते ॥२॥

દ્વાદશાંગ સૂત્રમાં જે ધ્યાનનું લક્ષણ વિસ્તારપૂર્વક કહ્યું છે, તેનો શતાંશ (સોમો ભાગ) પણ આજે કોઈ કહેવા સમર્થ નથી. તથાપિ તેની પ્રસિદ્ધિ માટે આ ગ્રંથમાં દિગ્દર્શન જેટલું માત્ર વર્ણન કરવામાં આવેલ છે.

### ધ્યાનના ચાર પ્રકાર

अन्वयव्यतिरेकाभ्यां गुणदोषैः प्रपञ्चितम् ।
हेयोपादेयभावेन सविकल्पं निगद्यते ॥३॥

ધ્યાનનું લક્ષણ ગુણદોષ અને અન્વય વ્યતિરેકથી જેમ વિસ્તાર-રૂપ છે તેમ હેય–ઉપાદેય ભાવો વડે ભેદોસહિત કહેવામાં આવે છે. અન્વયગુણોથી એટલે કે એવા ગુણો હોય તો ત્યાં ધ્યાન થાય છે અને વ્યતિરેક દોષોથી એટલે કે જ્યાં આવા દોષો હોય ત્યાં ધ્યાન થતું નથી. તથા અપ્રશસ્ત ધ્યાન હેય છે અને પ્રશસ્ત ધ્યાન ઉપાદેય છે. આર્ત્ત, રૌદ્ર, ધર્મ અને શુકલ એમ ધ્યાનના ચાર ભેદ કહ્યા છે. એટલે તેમના વિશેષ વર્ણનથી વિસ્તારરૂપ ધ્યાનનું સ્વરૂપ કહેવામાં આવશે.

ध्याता ध्यानमितस्तदङ्गमखिलं दृग्बोधवृत्तान्वितं
ध्येयं तद्गुणदोषलक्षणयुतं नामानि कालः फलम् ।
एतत्सूत्रमहार्णवात्समुदितं यत्प्राक्प्रणीतं बुधैः
तत्सम्यक्परिभावयन्तु निपुणा अत्रोच्यमानं क्रमात् ॥४॥

પૂર્વકાળના જ્ઞાની પુરુષોએ (પૂર્વાચાર્યોએ) ધ્યાન કરનાર ધ્યાતા, ધ્યાન, ધ્યાનના દર્શન જ્ઞાન ચારિત્ર સહિત સમસ્ત અંગો, ધ્યેય તથા ધ્યેયના ગુણદોષ લક્ષણ સહિત, ધ્યાનના નામ, ધ્યાનનો સમય અને ધ્યાનનું ફળ, એ બધાં જે સૂત્રરૂપ મહાસમુદ્રથી પ્રગટ થઈને બુદ્ધિમાનો દ્વારા પૂર્વમાં પ્રણીત કરવામાં આવ્યા છે તે બધાને આ ગ્રંથમાં અનુક્રમે કહેવામાં આવશે. નિપુણ–બુદ્ધિમાન પુરુષોએ સમ્યક્‌પણે તેમનું પરિશીલન કરવું જોઈએ.

ध्याता ध्यानं तथा ध्येयं फलं चेति चतुष्टयम् ।
इति सूत्रसमासेन सविकल्पं निगद्यते ॥५॥

ધ્યાતા, ધ્યાન, ધ્યેય અને તેનું ફળ આ ચતુષ્ટય સૂત્રરૂપ સંક્ષેપમાં ભેદસહિત કહેવામાં આવે છે.

## ધ્યાતાનું સ્વરૂપ

**मुमुक्षुर्जन्मनिर्विण्णः शान्तिचित्तो वशी स्थिरः ।**
**जिताक्षः संवृतो धीरो ध्याता शास्त्रे प्रशस्यते ॥६॥**

શાસ્ત્રમાં મુમુક્ષુ એટલે કે મોક્ષની ઇચ્છાવાળો હોય એવા ધ્યાતાની પ્રશંસા કરવામાં આવી છે. કારણ કે જો તેમ ન હોય તો પછી મોક્ષના કારણભૂત ધ્યાનને શા માટે કરે?

બીજું તે સંસારથી વિરક્ત હોવો જોઇએ. કારણ કે સંસારથી વિરકત થયા વિના ધ્યાનમાં ચિત્ત કેવી રીતે લાગે?

ત્રીજું ક્ષોભરહિત શાંત ચિત્તવાળો હોવો જોઈએ. કારણ કે વ્યાકુળ ચિત્તવાળાને ધ્યાનની સિદ્ધિ થતી નથી.

ચોથું, તે વશેન્દ્રિય હોવો જોઇએ એટલે કે જેનું મન અને ઈન્દ્રિયો વશમાં હોય. કારણ કે મનને વશ કર્યા વિના તેના તે ધ્યાનમાં કેવી રીતે સ્થિર રહી શકે?

પાંચમું તે સ્થિર હોવો જોઈએ કારણ કે કાયા હાલકડોલક થતી હોય તો ધ્યાનની સિદ્ધિ કેવી રીતે થાય?

છઠ્ઠું, તે જિતાક્ષ (જિતેન્દ્રિય) હોવો જોઈએ. કારણ કે ઇન્દ્રિયોને જીત્યા વિના વિષયોમાં પ્રવૃત્તિ થવાથી ધ્યાનની સિદ્ધિ થઈ શકતી નથી.

સાતમું, સંવૃત એટલે સંવરયુકત હોવો જોઈએ. કારણ કે ખાનપાનાદિમાં વિકલ બની જાય તો ધ્યાનમાં ચિત્ત કેવી રીતે સ્થિર થાય?

આઠમે, તે ધીર હોવો જોઈએ. ઉપસર્ગ આવતાં ધ્યાનથી ડગે

નહિ, ચ્યુત થાય નહિ તો જ ધ્યાનની સિદ્ધિ થાય છે.

આવા આઠ ગુણ સહિત ધ્યાતાને ધ્યાનની સિદ્ધિ થઈ શકે છે, તે સિવાય સિદ્ધિ થવી સંભવ નથી.

## ગૃહસ્થાવસ્થામાં ઉત્તમ ધ્યાનનો નિષેધ

**उदीर्णकर्मेन्धनसंभवेन दुःखानलेनातिकदर्थ्यमानम् ।**
**दन्दह्यते विश्वमिदं समन्तात्प्रमादमूढं च्युतसिद्धिमार्गम् ।।७।।**

જેણે મોક્ષમાર્ગને છોડી દીધો છે એવા પ્રમાદથી મૂઢ બનેલ આ જગતના મનુષ્યો ઉદયમાં આવેલા કર્મરૂપી ઇંધનથી ઉત્પન્ન થયેલ દુઃખરૂપી અગ્નિથી પોડાતા ચારે બાજુથી બળી રહેલ છે.

**दह्यमाने जगत्यस्मिन्महता मोहवह्निना ।**
**प्रमादमदमुत्सृज्य निःक्रान्ता योगिनः परम् ।।८।।**

મહામોહરૂપી અગ્નિથી બળતા આ જગતમાં કેવળ મુનિગણ જ પ્રમાદને છોડીને બહાર નીકળે છે, બીજું કોઈ નીકળતું નથી.

**न प्रमादजयं कर्तुं धीधनैरपि पार्यते ।**
**महाव्यसनसंकीर्णे गृहवासेऽतिनिन्दिते ।।९।।**

અનેક કષ્ટોથી ભરેલા અતિનિંદિત ગૃહવાસમાં મોટા મોટા બુદ્ધિમાનો પણ પ્રમાદને પરાજિત કરવામાં સમર્થ થઈ શકયા નથી. તેથી ગૃહસ્થાવસ્થામાં ધ્યાનની સિદ્ધિ થઈ શકતી નથી.

**शक्यते न वशीकर्तुं गृहिभिश्चपलं मनः ।**
**अतश्चित्तप्रशान्त्यर्थं सद्भिस्त्यक्ता गृहे स्थितिः ।।१०।।**

ગૃહસ્થો પોતાના ઘરમાં રહી પોતાના ચપળ મનને વશ કરવાને અસમર્થ થાય છે. તેથી ચિત્તની શાંતિને માટે સત્પુરુષોએ

ઘરમાં રહેવાનું છોડી દીધું છે અને તેઓ એકાંત સ્થળે રહી ધ્યાનસ્થ થવા ઉદ્યમવંત થયા છે.

**प्रतिक्षणं द्वन्द्वशतार्त्तचेतसां**
**नृणां दुराशाग्रहपीडितात्मनाम् ।**
**नितम्बिनीलोचनचौरसङ्कटे**
**गृहाश्रमे स्वात्महितं न सिद्धयति ॥११॥**

સેંકડો પ્રકારના કલેશ-કજીયાથી જેમનું મન હંમેશા દુઃખી રહે છે, અને ધનાદિની દુરાશારૂપી રાક્ષસીથી પીડિત થયેલા છે એવા મનુષ્યોને પ્રતિક્ષણ સ્ત્રીઓના નેત્રરૂપી ચોરોનો જેમાં ઉપદ્રવ છે, એવા આ ગૃહસ્થાશ્રમમાં પોતાના આત્મહિતની સિદ્ધિ થતી નથી.

**निरन्तरार्त्तानलदाहदुर्गमे**
**कुवासनाध्वान्तविलुप्तलोचने ।**
**अनेकचिन्ताज्वरजिह्मितात्मनां**
**नृणां गृहे नात्महितं प्रसिद्धयति ॥१२॥**

નિરંતર પીડારૂપી આર્ત્તધ્યાનની અગ્નિના દાહથી દુર્ગમ, રહેવાને અયોગ્ય, તથા કામક્રોધાદિ કુવાસનારૂપી અંધકારથી જેમના નેત્રોની દૃષ્ટિ વિલુપ્ત થઈ ગઈ છે, એવા ઘરોમાં અનેક ચિંતારૂપી જ્વરથી વિકારરૂપ મનુષ્યોના પોતાના આત્માનું હિત કદી પણ સિદ્ધ થતું નથી. તો પછી એવા ગૃહસ્થાવાસમાં ઉત્તમ ધ્યાન કેવી રીતે થાય?

**विपन्महापङ्कनिमग्नबुद्धयः**
**प्ररूढरागज्वरयन्त्रपीडिताः ।**
**परिग्रहव्यालविषाग्निमूर्च्छिता**
**विवेकवीथ्यां गृहिणः स्खलन्त्यमी ॥१३॥**

ગૃહસ્થાવસ્થાની આપદારૂપી મહાન કાદવમાં જેમની બુદ્ધિ ફસાયેલી છે, તથા જે પ્રચુરપણે વધેલા રાગરૂપી જ્વરના યંત્રથી પીડિત છે, અને જેઓ પરિગ્રહરૂપી સર્પની વિષજ્વાળાથી મૂર્ચ્છિત થયેલા છે, તે ગૃહસ્થગણ વિવેકરૂપી વીથીમાં (ગલીમાં) ચાલતાં ચાલતાં સ્ખલિત થઈ જાય છે એટલે કે ભ્રષ્ટ થઈ જાય છે. અથવા સમીચીન માર્ગથી (મોક્ષમાર્ગથી) ભ્રષ્ટ થઈ જાય છે.

हिताहितविमूढात्मा स्वं शश्वद्वेष्टयेद् गृही ।
अनेकारम्भजैः पापैः कोशकारः कृमिर्यथा ॥१४॥

જેવી રીતે રેશમનો કીડો પોતાના જ મુખમાંથી તાર કાઢીને તેની જાળમાં પોતાને જ આચ્છાદિત કરી નાખે છે, ઢાંકી લે છે, તેવી જ રીતે હિતાહિતમાં વિચારશૂન્ય–વિવેકરહિત બની ગૃહસ્થ-જન પણ અનેક પ્રકારના આરંભોથી પાપ ઉપાર્જન કરીને તે જ પાપજાળમાં પોતાને શીઘ્ર ફસાવી દીએ છે.

जेतुं जन्मशतेनापि रागाद्यरिपताकिनी ।
विना संयमशस्त्रेण न सद्भिरपि शक्यते ॥१५॥

રાગાદિ શત્રુઓની સેના સંયમરૂપી શસ્ત્ર વિના મોટા મોટા સત્પુરુષો (રાજાઓ) દ્વારા સેંકડો જન્મ લઈને પણ જીતી શકાતી નથી તો પછી અન્યની તો વાત જ શી કરવી ?

प्रचण्डपवनैः प्रायश्चाल्यन्ते यत्र भूभृतः ।
तत्राङ्गनादिभिः स्वान्तं निसर्गतरलं न किम् ॥१६॥

સ્ત્રીઓ પ્રચંડ પવન સમાન છે. પ્રચંડ પવન મોટા મોટા ભૂભૃતો (પર્વતો)ને પણ ઉડાડી નાખે છે અને સ્ત્રીઓ મોટા મોટા ભૂભૃતો (રાજાઓ)ને ચલાયમાન કરી દે છે. તો પછી આવી

સ્ત્રીઓથી, સ્વભાવથી જ ચંચળ એવું મન શું ચલાયમાન નહિ થાય ?

**ભાવાર્થ**—સ્ત્રીઓના સંસર્ગથી ધ્યાન ક્યાંથી સંભવી શકે ?

**खपुष्पमथवा शृङ्गं खरस्यापि प्रतीयते ।**
**न पुनर्देशकालेऽपि ध्यानसिद्धिर्गृहाश्रमे ॥१७॥**

આકાશના ફૂલ અને ગધેડાને સીંગડાં હોતા નથી. ધારો કે કોઈ દેશ અથવા કોઈ કાળમાં તેમના થવાની કદાચ શક્યતા થાય પરંતુ ગૃહસ્થાશ્રમમાં ધ્યાનની સિદ્ધિ થવી તે તો કોઈ કાળ કે કોઇ દેશમાં સંભવ નથી.

**શંકા**—અહીં કોઈ કદાચ એમ પ્રશ્ન કરે કે 'સિદ્ધાંતમાં અવિરતસમ્યગ્દષ્ટિ તથા શ્રાવકને ધર્મધ્યાન હોવાનું કહેલ છે, તો પછી અહીં ગૃહસ્થને સર્વથા ધ્યાનનો નિષેધ કેમ કર્યો ?'

**સમાધાન**—આ ગ્રંથમાં મોક્ષના સાધનરૂપ ધ્યાનનો અધિકાર છે તેથી અપેક્ષાએ મુનિઓને જ ધ્યાનની પ્રધાનતા બતાવી છે. સમ્યગ્દષ્ટિ ગૃહસ્થોને ધર્મધ્યાન જઘન્યપણે થાય છે. તેને અહીં ગૌણ કરેલ છે. સ્યાદ્વાદ મતમાં પ્રધાન અને ગૌણ રૂપે કરેલા કથનમાં વિરોધ હોતો નથી.

## મિથ્યાદૃષ્ટિઓના ધ્યાનની સિદ્ધિનો નિષેધ

**दुर्दृशामपि न ध्यानसिद्धिः स्वप्नेऽपि जायते ।**
**गृह्णतां दृष्टिवैकल्याद्वस्तुजातं यदृच्छया ॥१८॥**

" દૃષ્ટિની વિકલતા-વિપરીતપણાને લીધે વસ્તુસમૂહને પોતાની

ઇચ્છાનુસાર ગ્રહણ કરનારા મિથ્યાદષ્ટિઓને ધ્યાનની સિદ્ધિ સ્વપ્નમાં પણ થતી નથી.

ध्यानसिद्धिर्यतित्वेऽपि न स्यात्पाषण्डिनां क्वचित् ।
पूर्वापरविरुद्धार्थमतसत्तावलम्बिनाम् ॥ १९ ॥

મિથ્યાદષ્ટિને (વિપરીત શ્રદ્ધા કરનાર અન્યમતીને) ગૃહસ્થાવસ્થા છોડી મુનિપણું પ્રાપ્ત કરવા છતાં પણ ધ્યાનની સિદ્ધિ થતી નથી. કારણ કે તેઓ પૂર્વાપર વિરુદ્ધ પદાર્થોના સ્વરૂપમાં સત્યપણું માને છે. એટલે કે અન્યમતમાં સત્તા–યથાર્થતા નથી.

किं च पाषण्डिनः सर्वे सर्वथैकान्तदूषिताः ।
अनेकान्तात्मकं वस्तु प्रभवन्ति न वेदितुम् ॥२०॥

બધા જ અન્યમતી પાખંડીઓ સર્વથા એકાંતવાદથી દૂષિત છે. અને વસ્તુનું સ્વરૂપ અનેકાંતાત્મક છે, તેથી તેઓ તેના યથાર્થ સ્વરૂપને જાણવામાં અસમર્થ છે. સ્યાદ્વાદને જાણ્યા વિના વિરોધ આદિ દૂષણોનો પરિહાર તેમનાથી કરી શકાતો નથી.

नित्यतां केचिदाचक्षुः केचिच्चानित्यतां खलाः ।
मिथ्यात्वान्नैव पश्यन्ति नित्यानित्यात्मकं जगत् ॥२१॥

કેટલાક તો વસ્તુની નિત્યતાને જ સિદ્ધ કરે છે અને કેટલાક તેની અનિત્યતા જ સિદ્ધ કરે છે. પરંતુ આ જગત નિત્ય અને અનિત્ય બન્ને સ્વરૂપવાળું છે એમ તેઓ મિથ્યાત્વના ઉદયને લીધે જોઇ શકતા નથી.

**ભાવાર્થ**—સાંખ્ય, નૈયાયિક, વેદાંત અને મીમાંસક મતવાળા તો આત્માને સર્વથા નિત્ય તથા જગતને અવિદ્યાદિના વિલાસથી

વિભ્રમરૂપ અનિત્ય માને છે અને કહે છે કે 'આત્માને' અનિત્ય માનવાથી આત્માનો નાશ થાય છે અને તેથી નાસ્તિકતાનો મત આવે છે અને નિત્યાનિત્ય બન્ને સ્વરૂપ માનવાથી વિરોધાદિ દૂષણ આવે છે. આ પ્રમાણે પોતાની કપોલકલ્પના કરીને આત્માને સર્વથા નિત્ય જ માને છે.

બૌદ્ધમતીઓ વસ્તુને ક્ષણિક તથા અનિત્યસ્વરૂપ માને છે. નિત્ય માનવાથી અવિદ્યા દોષ બતાવે છે, અને નિત્યાનિત્ય માનવામાં વિરોધાદિ દૂષણો કહે છે. પરંતુ બધાએ જાણવું અને સમજવું જોઇએ કે વાસ્તવિક સ્વરૂપ જે નિત્યાનિત્યરૂપ છે, તે સ્યાદ્વાદથી જ સિદ્ધ થાય છે. તેમાં વિરોધાદિ કોઈપણ દૂષણો આવતા કે લાગતા નથી.

દુઃખની વાત છે કે આવું સ્વરૂપ અન્યમતીઓ સમજતા નથી અને પોતાની બુદ્ધિથી કલ્પના કરીને જેમ તેમ તેની સિદ્ધિ કરીને સંતુષ્ટ થઈ જાય છે. પરંતુ વાસ્તવિક રીતે જો વિચાર કરવામાં આવે તો તેમના ધ્યાતા, ધ્યાન અને ધ્યેયાદિની સિદ્ધિ થતી નથી, તેથી તેમનું કહેવું બધું પ્રલાપમાત્ર જાણવું.

वस्तुतत्त्वापरिज्ञानात्किं ध्येयं क्व च भावना ।
ध्यानाभ्यासस्ततस्तेषां प्रयासायैव केवलम् ॥२२॥

ઉપર બતાવેલ મિથ્યાદષ્ટિ અન્યમતવાદીઓને યથાર્થ સ્વરૂપનું જ્ઞાન ન હોવાથી તેમનું ધ્યેય ક્યાં ? તેથી જ તેમનું ધ્યાન ધરવું તે તો કેવળ પ્રયાસમાત્ર જ છે. એટલે કે નિષ્ફળ, ખેદ કરવા સમાન છે.

અન્ય ગ્રંથોમાં પણ કહ્યું છે કે-

शतमाशीतं प्रथितं क्रियाविदां वादिनां प्रचण्डानाम् ।
चतुरधिकाशीतिरपि प्रसिद्धमहसां विपक्षाणाम् ॥१॥
षष्टिर्विज्ञानविदां सप्तसमेता प्रसिद्धबोधानाम् ।
द्वात्रिंशद्वैनयिका भवन्ति सर्वे प्रवादविदः ॥२॥ (युग्मम्)

પ્રચંડ ક્રિયાવાદીઓના તો વિસ્તારથી એકસો એંસી ભેદ છે અને તેમના વિપક્ષી અક્રિયાવાદીઓના ચોરાસી ભેદ પ્રસિદ્ધ છે. તથા જેઓ જ્ઞાનવાદી છે તેમના સડસઠ ભેદ છે. અને વિનય-વાદીઓના બત્રીસ ભેદ છે. આ પ્રમાણે ત્રણસો ત્રેસઠ પ્રકારના મત તો મહાવીર પ્રભુના વખતમાં જ હતા. અત્યારે તો તેના ભેદ-પ્રભેદ અગણિત થઇ ગયા છે અને થઈ રહ્યા છે.

ज्ञानादेवेष्टसिद्धिः स्यात्ततोऽन्यः शास्त्रविस्तरः ।
मुक्तेरुक्तमतो बीजं विज्ञानं ज्ञानवादिभिः ॥२३॥

જ્ઞાનવાદીઓનો મત એવો છે કે એકમાત્ર જ્ઞાનથી જ ઇષ્ટ-સિદ્ધિ થાય છે. આ સિવાય બીજું જે કાંઇ છે તે તો બધા શાસ્ત્રોનો વિસ્તારમાત્ર છે. આ કારણે મુક્તિનું બીજભૂત વિજ્ઞાન જ છે.

कैश्चिच्च कीर्त्तिता मुक्तिर्दर्शनादेव केवलम् ।
वादिनां खलु सर्वेषामपाकृत्य नयान्तरम् ॥२४॥

અને કેટલાક વાદીઓએ અન્ય સમસ્ત વાદીઓના અન્ય નય પક્ષોનું નિરાકરણ કરીને કેવળ દર્શન (શ્રદ્ધા)થી જ મુક્તિ થવાનું કહ્યું છે.

**अथान्यर्वृत्तमेवैकं मुक्त्यङ्गं परिकीर्तितम् ।**
**अपास्य दर्शनज्ञाने तत्कार्यविफलश्रमे ॥२५॥**

અથવા અન્ય કેટલાક વાદીઓએ ચારિત્રને (ક્રિયાને) જ મુક્તિનું અંગ માન્યું છે અને જ્ઞાનદર્શનને મુક્તિમાર્ગના કાર્યમાં વ્યર્થ માનીને તેનું ખંડન કર્યું છે.

**विज्ञानादित्रिवर्गेऽस्मिन्द्वे द्वे इष्टे तथा परैः ।**
**स्वसिद्धान्तावलेपेन जन्मसन्ततिशातने ॥२६॥**

અને કેટલાય વાદીઓ પોતાના સિદ્ધાન્તના ગર્વથી સંસારની સંતતિના નાશની પરિપાટીમાં વિજ્ઞાન, દર્શન (શ્રદ્ધા) અને ચારિત્ર આ ત્રણમાંથી બબ્બેને ઇષ્ટ કહે છે, એટલે કે કેટલાક તો દર્શન અને જ્ઞાનને જ માને છે. કોઇએ દર્શન અને ચારિત્રને માન્યા છે, તો વળી કેટલાક જ્ઞાન અને ચારિત્રને જ માને છે. આ પ્રમાણે ત્રણ પ્રકારના વાદીઓ છે.

**एकैकं च त्रिभिर्नष्टं द्वे द्वे नष्टे तथाऽपरैः ।**
**त्रयं न रुच्यतेऽन्यस्य सप्तैते दुर्दशः स्मृताः ॥२७॥**

આ વાદીઓમાંથી ત્રણ વાદીઓએ તો એકેકને નષ્ટ કર્યો અને ત્રણ વાદીઓએ બબ્બેને નષ્ટ કર્યા. તે સિવાય એકને તો આ ત્રણેય રુચતા નથી. આ પ્રમાણે મિથ્યામતવાદીઓના સાત ભેદ થયા.

**ભાવાર્થ**—જેણે દર્શન અને જ્ઞાન બેને જ મોક્ષનો માર્ગ માન્યો તેણે તો એક ચારિત્રને નષ્ટ કર્યું. જેણે જ્ઞાન અને ચારિત્ર માન્યા, તેણે એક દર્શનને નષ્ટ કર્યું; અને જેણે દર્શન તથા ચારિત્ર આ બેને માન્યા તેણે એક જ્ઞાનને નષ્ટ કર્યું. આ પ્રમાણે જેણે એક દર્શનને જ માન્યું તેણે જ્ઞાન અને ચારિત્ર બન્નેને નષ્ટ

કર્યા. અને જેણે એક ચારિત્રને જ માન્યું તેણે દર્શન અને જ્ઞાન ઉપર પાણી ઢોળી નાંખ્યું. આ પ્રમાણે ૭ પક્ષ તો આ થયા અને એક નાસ્તિકનો પક્ષ છે કે જે આ ત્રણેમાંથી કોઇને પણ માનતો નથી. આ પ્રમાણે સાત પક્ષ મિથ્યાદષ્ટિઓના છે.

**અન્ય ગ્રંથોમાં પણ કહ્યું છે કે—**

**ज्ञानहीने क्रिया पुंसि परं नारभते फलम् ।**
**तरोश्छायेव किं लभ्या फलश्रीर्नष्टदृष्टिभिः ॥१॥**

જ્ઞાનહીન પુરુષની ક્રિયા ફળદાયક થતી નથી. જેની દૃષ્ટિ નાશ પામી છે તેવો અંધ-નેત્રહીન પુરુષ ચાલતાં ચાલતાં જેમ વૃક્ષની છાયાને પ્રાપ્ત થાય છે તેમ શું તેના ફળને પણ પામી શકે છે? કદાપિ નહિ.

**ज्ञानं पङ्गौ क्रिया चान्धे निःश्रद्धे नार्थकृद्द्वयम् ।**
**ततो ज्ञानं क्रिया श्रद्धा त्रयं तत्पदकारणम् ॥२॥**

પંગુમાં તો વૃક્ષનું ફળ જોઈ લેવા માત્રથી કંઈ પ્રયોજન સધાતું નથી તેમ આંધળામાં ફળ જાણવા માત્રથી તોડવારૂપ ક્રિયાનું પ્રયોજન સધાતું નથી. શ્રદ્ધારહિતને જ્ઞાન અને ક્રિયા બન્ને (દવાસમાન) પ્રયોજન સાધક નથી. તેથી જ જ્ઞાન, ક્રિયા અને શ્રદ્ધા ત્રણે એકત્ર થઈને જ વાંછિત અર્થના સાધક બને છે.

**हतं ज्ञानं क्रियाशून्य हता चाज्ञानिनः क्रिया ।**
**धावन्नप्यन्धको नष्टः पश्यन्नपि च पङ्गुकः ॥३॥**

ક્રિયાહીનપણાથી તો જ્ઞાન નષ્ટ થયું અને અજ્ઞાનીની ક્રિયા

નષ્ટ થઈ. જુઓ, દોડતો દોડતો અંધ નાશ પામ્યો અને જોતો જોતો પંગુ-પાંગળો નાશ પામ્યો.

**ભાવાર્થ**—વનમાં આગ લાગી. આંધળાએ આમતેમ દોડવાની ક્રિયા તો કરી પરંતુ દષ્ટિ વિના આગમાં પડીને બળી મર્યો. અને પંગુ (પાંગળો) કઈ બાજુ આગ છે અને કઈ બાજુ રસ્તો છે તે બધું જુએ તો છે, પરંતુ દોડી શક્યો નહિ તેથી અગ્નિમાં બળી ખાખ થયો. તેથી જ કહે છે કે જ્ઞાન, શ્રદ્ધા અને ક્રિયા આ ત્રણના સંયોગથી જ પ્રયોજનની સિદ્ધિ થાય છે.

**कारकादिक्रमो लोके व्यवहारश्च जायते ।**
**न पक्षेऽन्विष्यमाणोऽपि सर्वथैकान्तवादिनाम् ॥२८॥**

સર્વથા એકાંતવાદીઓના પક્ષનો વિચાર કરવાથી તેમને ત્યાં તેમના મતમાં કર્તા, કર્મ, કરણ વિ. કારકોનો ક્રમ (પરિપાટી અને વ્યવહાર) દષ્ટિગોચર થતાં નથી.

**અન્ય ગ્રંથોમાં પણ કહ્યું છે કે-**

**इदं फलमियं क्रिया करणमेतदेषः क्रमो**
**व्ययोऽयमनुषङ्गजं फलमिदं दशेयं मम ।**
**अयं सुहृदयं द्विषन्नियतदेशकालाविमा-**
**विति प्रतिवितर्कयन्प्रयतते बुधो नेतरः ॥१॥**

જેઓ વિદ્વાન છે, તેઓ વિચાર કરતાં કરતાં પણ પ્રયત્ન કરતા રહે છે કે આ તો ક્રિયા છે, આ કરણ છે અને આ તેનું ફળ છે, આ તેનો ક્રમ છે, આટલો તેમાં વ્યય છે, આ અનુષંગથી ઉત્પન્ન થયેલ તેનું ફળ છે અને આ મારી દશા છે. આ મિત્ર

છે, આ દ્વેષ કરનાર શત્રુ છે અને આ કાર્ય સંબંધી દેશ તથા કાળ છે. આ પ્રકારનો વિચાર વસ્તુનું અનેકાન્ત સ્વરૂપ બતાવે છે, પરંતુ મૂઢજનો તેનો કદીપણ વિચાર કરતા નથી.

यस्य प्रज्ञा स्फुरत्युच्चैरनेकान्ते च्युतभ्रमा ।
ध्यानसिद्धिर्विनिश्चेया तस्य साध्वी महात्मनः ।।२९।।

જે પુરુષની બુદ્ધિ અનેકાન્તમાં ભ્રમરહિત અતિશય સ્ફુરાયમાન છે, તેજ મહાત્માને ઉત્તમ ધ્યાનની સિદ્ધિ નિશ્ચયથી થઇ શકે છે. સર્વથા એકાંત સ્વરૂપ વસ્તુ જ સિદ્ધ ન થાય, ત્યાં ધ્યાનની સિદ્ધિ તો કેવી રીતે થઈ શકે ?

## જિનાજ્ઞાથી પ્રતિકૂળ વર્તનાર જૈન મુનિઓને પણ ધ્યાનની સિદ્ધિ થતી નથી.

ध्यानतन्त्रे निषिध्यन्ते नैते मिथ्यादृशः परं ।
मुनयोऽपि जिनेशाज्ञाप्रत्यनीकाश्चलाशयाः ।।३०।।

સિદ્ધાંતોમાં કેવળ મિથ્યાદષ્ટિઓને ધ્યાનનો નિષેધ કર્યો છે, એમ નથી; પરંતુ જેઓ જિનેન્દ્ર ભગવાનની આજ્ઞાથી પ્રતિકૂળ વર્તે છે, જેમનું ચિત્ત ચલિત–ચંચળ છે અને જેઓ જૈન સાધુ કહેવાય છે તેમને પણ ધ્યાનનો નિષેધ કરવામાં આવ્યો છે. કારણ કે તેમના ધ્યાનની સિદ્ધિ થતી નથી.

योग्यता न यतित्वेऽपि येषां ध्यातुमिह क्षणम् ।
अन्विष्य लिङ्गमेतेषां सूत्रसिद्धं निगद्यते ।।३१।।

આ લોકમાં જેમને મુનિ અવસ્થામાં પણ ધ્યાન કરવાની એક ક્ષણમાત્રની પણ યોગ્યતા નથી તેમની ઓળખાણ સૂત્રસિદ્ધાંત અનુસાર (શાસ્ત્રોક્ત) કરાવવામાં આવે છે.

यत्कर्मणि न तद्वाचि वाचि यत्तन्न चेतसि ।
यतेर्यस्य स किं ध्यानपदवीमधिरोहति ॥३२॥

જે યતિના આચરણ (ક્રિયા)માં હોય તે વચનમાં ન હોય, એટલે કે આચરણ જુદું અને વચનમાં–કથન જુદું, અને જે વચનમાં હોય તે ચિત્ત–મનમાં ન હોય. એવો માયાચારી યતિ શું ધ્યાન પદવીને પ્રાપ્ત કરી શકે છે?

सङ्गेनापि महत्त्वं ये मन्यन्ते स्वस्य लाघवम् ।
परेषां संगवैकल्यात्ते स्वबुद्धयैव वञ्चिताः ॥३३॥

જે મુનિ થઇને પણ પરિગ્રહ રાખે છે અને તે પરિગ્રહથી પોતાનું મહત્ત્વ માને છે તથા બીજાને કે જેમને પરિગ્રહ નથી તેમને હલકા–નીચા ગણે છે, તેઓ પોતાની બુદ્ધિ દ્વારા જ ઠગાયા છે, કારણ કે મુનિનું મહત્ત્વ તો નિર્ગ્રંથપણાથી જ છે.

सत्संयमधुरां धृत्वा तुच्छशीलैर्मदोद्धतैः ।
त्यक्ता यैः सा च्युतस्थैर्यैर्ध्यातुमीशं क्व तन्मनः ॥३४॥

જે નિઃસાર–તુચ્છ સ્વભાવી મદોન્મત્ત મુનિઓએ સુંદર અને સમીચીન એવી સંયમની ધુરાને ધારણ કરી છોડી દીધી અને જેમનું ધૈર્ય ટૂટી ગયું, તેવાઓનું મન શું ધ્યાન કરવા સમર્થ થઈ શકે? કદાપિ નહિ. કારણ કે હીનપ્રકૃતિ, મદોન્મત્ત અને ધૈર્ય રહિત વાળાને ધ્યાનની યોગ્યતા નથી.

कीर्तिपूजाभिमानार्तैर्लोकयात्रानुरञ्जितैः ।
बोधचक्षुर्विलुप्तं यैस्तेषां ध्याने न योग्यता ॥३५॥

જે મુનિ કીર્તિ, પ્રતિષ્ઠા અને અભિમાનના પ્રયોજનમાં આસક્ત છે, દુઃખિત છે તથા લોકયાત્રાથી પ્રસન્ન થાય છે એટલે કે ઘણા

લોકો અમારી પાસે આવે અને અમને માને—એવા પ્રકારની જેઓ ઇચ્છા રાખે છે, તેમણે પોતાના જ્ઞાનરૂપી નેત્રોને ઢાંકી દીધા છે, નષ્ટ કરી દીધા છે, એવા મુનિઓને ધ્યાનની યોગ્યતા આવી શકતી નથી.

अन्तःकरणशुद्ध्यर्थं मिथ्यात्वविषमुद्धतम् ।
निष्ठ्यूतं यैर्न निःशेषं न तैस्तत्त्वं प्रमीयते ॥३६॥

જે મુનિઓએ પોતાના અંતઃકરણની શુદ્ધતા માટે ઉત્કૃષ્ટ—મહા ભયંકર મિથ્યાત્વરૂપી સમસ્ત વિષને જેણે વમન કર્યું નથી, તેઓ તત્ત્વોના યથાર્થપણાને પ્રમાણરૂપ જાણી શકતા નથી. કારણ કે મિથ્યાત્વરૂપી વિષ એવું પ્રબળ છે કે તે જો લેશમાત્ર પણ હૃદયમાં રહે તો તત્ત્વાર્થનું જ્ઞાન, શ્રદ્ધાન પ્રમાણરૂપ થતું નથી. તો પછી આવી અવસ્થામાં ધ્યાનની યોગ્યતા તો ક્યાંથી સંભવે ?

दुःषमत्वादयं कालः कार्यसिद्धेर्न साधकम् ।
इत्युक्त्वा स्वस्य चान्येषां कैश्चिद्ध्यानं निषिध्यते ॥३७॥

કોઈ કોઈ સાધુ તો એમ કહીને પોતાના તથા પરના ધ્યાનનો નિષેધ કરે છે કે 'આ કાળ દુઃષમા (પાંચમો આરો) છે. આ કાળે ધ્યાનની યોગ્યતા કોઈને પણ થતી નથી. આ પ્રમાણે કહેનારાઓને ધ્યાન કેવી રીતે થાય ?

संदिह्यते मतिस्तत्त्वे यस्य कामार्थलालसा ।
विप्रलब्धाऽन्यसिद्धान्तैः स कथं ध्यातुमर्हति ॥३८॥

જેની બુદ્ધિ અન્યમતના શાસ્ત્રોથી ઠગાઈ ગઈ છે તથા જે કામ અને અર્થમાં લુબ્ધ બનીને વસ્તુના યથાર્થ સ્વરૂપમાં સંદિગ્ધરૂપ (સંદેહરહિત) છે તે ધ્યાન કરવાને પાત્ર (લાયક) કેવી રીતે થાય ?

કારણ કે જ્યાં સુધી તત્ત્વોમાં (વસ્તુસ્વરૂપમાં) સંદેહ થાય છે, ત્યાં સુધી મન નિશ્ચળ થઈ શકતું નથી અને જ્યારે મન નિશ્ચલ-સ્થિર ન હોય ત્યાં સુધી ધ્યાન કેવી રીતે થઈ શકે ?

निसर्गचपलं चेतो नास्तिकैर्विप्रतारितम् ।
स्याद्यस्य स कथं ध्यानपरीक्षायां क्षमो भवेत् ॥३९॥

એક તો મન સ્વભાવથી જ ચંચળ છે, અને તેમાં વળી જેનું મન નાસ્તિકવાદીઓ દ્વારા ઠગાયું હોય તે મુનિ ધ્યાનની પરીક્ષામાં કેવી રીતે પાર ઉતરી શકે? એટલે કે પાર પામવા સમર્થ થઈ શકતો નથી. કારણ કે નાસ્તિક મતવાળાઓ ખોટી ખોટી–અસત્ય યુક્તિઓથી આત્માની નારાજી સિદ્ધ કરે છે, તેમની કુયુક્તિઓમાં જેમનું મન ફસાઈ જાય છે, તેમને ધ્યાનની યોગ્યતા ક્યાંથી સંભવી શકે ?

कान्दर्पीप्रमुखाः पञ्च भावना रागरञ्जिताः ।
येषां हृदि पदं चक्रुः क्व तेषां वस्तुनिश्चयः ॥४०॥

જેમના મનમાં રાગથી રંજિત કાંદર્પી (કંદર્પ–કામ પ્રમુખ) આદિ પાંચ ભાવનાઓએ નિવાસ કર્યો છે, તેમને વસ્તુ નિશ્ચય (તત્ત્વાર્થજ્ઞાન) કેવી રીતે થઈ શકે ?

## પાપરૂપ પાંચ ભાવનાઓ

कान्दर्पी कैल्विषी चैव भावना चाभियोगिकी ।
दानवी चापि सम्मोही त्याज्या पञ्चतयी च सा ॥४१॥

કાન્દર્પી (કામચેષ્ટા), કૈલ્વિષી (ક્લેશકારિણી), આભિયોગિકી (યુદ્ધભાવના), આસુરી (સર્વભક્ષિણી) અને સંમોહિની (કુટુંબ-

મોહની) આ પ્રમાણે આ પાંચ ભાવનાઓ પાપરૂપ છે અને તે પાંચેય ત્યાગવા યોગ્ય છે.

**मार्जाररसितप्रायं येषां वृत्तं त्रपाकरम् ।**
**तेषां स्वप्नेऽपि सद्ध्यानसिद्धिर्नैवोपजायते ॥४२॥**

જે મુનિનું ચારિત્ર બિલાડાના કહેલા ઉપાખ્યાન (કથા) સમાન લજ્જાજનક છે, તેને સમીચીન-યથાર્થ ધ્યાનની સિદ્ધિ સ્વપ્નમાં પણ થઈ શકતી નથી.

આ બિલાડાનું ઉપાખ્યાન લોકપ્રસિદ્ધ છે કે—

એક બિલાડો ઉંદરોને કહ્યા કરતો કે મેં તીર્થમાં જઈને ઉંદરને મારવાનો અને ખાવાનો ત્યાગ કરી દીધો છે, માટે તમે મારી પાસે આવતાં જરા પણ ભય કે સંકોચ કરશો નહિ. જ્યારે ઉંદરો નિ:શંક બનીને તે બિલાડાની પાસે આવવા લાગ્યા ત્યારે બિલાડાએ અનુક્રમે તે બધા ઉંદરોને મારી નાખ્યા અને પછી ખાઈ ગયો. એ જ પ્રમાણે જે પુરુષ પહેલાં તો મુનિદીક્ષા લઈને પ્રતિજ્ઞાઓ તો ગ્રહણ કરી લે અને પછી ભ્રષ્ટ થઈ જાય તો એવા પુરુષને ધ્યાનની સિદ્ધિ થઈ શકતી નથી.

**अनिरुद्धाक्षसन्ताना अजितोग्रपरीषहाः ।**
**अत्यक्तचित्तचापल्या प्रस्खलन्त्यात्मनिश्चये ॥४३॥**

જેમણે ઇન્દ્રિયોના વિષયભોગની પ્રવૃત્તિને રોકી નથી, ઉગ્ર પરિષહો જીત્યા નથી અને મનની ચપળતા છોડી નથી તે મુનિઓ આત્માના નિશ્ચયથી ચ્યુત થઈ જાય છે.

**ભાવાર્થ**—જેમને ઇન્દ્રિયો વશમાં નથી અને પરિષહ આવતાં

ક્ષોભ પામે છે, ગભરાય છે, અથવા જેમનું મન ચચળ છે, તેમને આત્માનો નિશ્ચય અથવા ધ્યાનની સ્થિરતા થતી નથી.

अनासादितनिर्वेदा अविद्याव्याधवञ्चिताः ।
असंवर्धितसंवेगा न विदन्ति परं पदम् ॥४४॥

જેઓ વીતરાગપણાને પ્રાપ્ત થયા નથી અને મિથ્યાત્વરૂપી વ્યાધથી (શિકારીથી) ઠગાયા છે તેમ જ જેમને મોક્ષ અથવા મોક્ષમાર્ગમાં અનુરાગ નથી, તેઓ પરમપદ એટલે કે આત્માના સ્વરૂપની પ્રાપ્તિરૂપ મોક્ષને જાણતા નથી.

न चेतः करुणाक्रान्तं न च विज्ञानवासितम् ।
विरतं च न भोगेभ्यो यस्य ध्यातुं न स क्षमः ॥४५॥

જેનું મન કરુણાથી વ્યાપ્યું નથી, ભેદવિજ્ઞાનથી વાસિત થયું નથી, વિષયભોગોથી વિરક્ત થયું નથી, તે પુરુષ ધ્યાન કરી શકવાને સમર્થ નથી.

लोकानुरञ्जकैः पापैः कर्मभिर्गौरवं श्रिताः ।
अरञ्जितनिजस्वान्ता अक्षार्थगहने रताः ॥४६॥
अनुद्धतमनःशल्या अकृताध्यात्मनिश्चयाः ।
अभिन्नभावदुर्लेश्या निषिद्धा ध्यानसाधने ॥४७॥

જે લોકોને રંજન કરનારા પાપરૂપ કાર્યોથી મોટાઈને પામ્યા છે પરંતુ જેમનું ચિત્ત આત્મામાં રંજિત થયું નથી, તથા ઇન્દ્રિયોના વિષયોની ગહનતામાં લીન છે, વળી જેમણે પોતાના મનના શલ્યને દૂર કર્યો નથી તથા અધ્યાત્મનો નિશ્ચય કર્યો નથી અને પોતાના ભાવોથી માઠી લેશ્યાઓને દૂર કરી નથી, એવા પુરુષો ધ્યાન સાધનામાં નિષેધિત છે એટલે કે તેઓને ધ્યાનની સિદ્ધિ થઇ શકતી નથી. કારણ કે તેમને ધ્યાનની યોગ્યતા નથી.

नर्मकौतुककौटिल्यपापसूत्रोपदेशकाः ।
अज्ञानज्वरशीर्णाङ्गा मोहनिद्रास्तचेतनाः ॥४८॥

अनुद्युक्तास्तपः कर्तुं विषयग्रासलालसाः ।
ससङ्गाः शङ्किता भीता मन्येऽमी दैववञ्चिताः ॥४९॥

एते तृणीकृतस्वार्था मुक्तिश्रीसङ्गनिःस्पृहाः ।
प्रभवन्ति न सद्ध्यानमन्वेषितुमपि क्षणं ॥५०॥

જે હાસ્ય, કુતૂહલ, કુટિલતા તથા હિંસાદિ પાપ-પ્રવૃત્તિના શાસ્ત્રોને ઉપદેશનારા છે, તથા મિથ્યાત્વરૂપી જ્વર-રોગથી જેમનો આત્મા શીર્ણ (રોગી) છે, વિકારરૂપ છે, અને મોહરૂપી નિદ્રાથી જેમની ચેતના નાશ પામી છે, જેઓ તપમાં ઉદ્યમવંત નથી, વિષયોની જેમને અતિશય લાલસા-ગૃદ્ધિપણું છે, જેઓ પરિગ્રહ અને શંકાયુક્ત છે, વસ્તુનો જેમને નિર્ણય નથી તથા જેઓ ભયભીત છે-એવા પુરુષો માટે હું એમ માનું છું કે આવા પુરુષો દૈવ વડે ઠગાયા છે. એવા પુરુષોને ધ્યાન કેવી રીતે થઈ શકે ? આ પુરુષોએ પોતાના હિતને તૃણસમાન માન્યા છે તથા મુક્તિ-રૂપી સ્ત્રીનો સંગમ કરવામાં નિસ્પૃહ બની ગયા છે, તેથી તેઓ સમીચીન ધ્યાનનું અન્વેષણ કરવાને ક્ષણમાત્ર પણ સમર્થ થઇ શકતા નથી.

**ભાવાર્થ**—જેમને ખોટી ભાવનાઓ વર્તે છે અને જેમને પોતાના હિતાહિતનું ભાન કે વિચાર નથી, તેઓ સમીચીન-યથાર્થ ધ્યાનનું અન્વેષણ કરી શકતા નથી.

पापाभिचारकर्म्माणि सातर्द्धिरसलम्पटैः ।
यैः क्रियन्तेऽधमैर्मोहाद्धा हतं तैः स्वजीवितं ॥५१॥

જેઓ સાતાવેદનીય જનિત સુખ અને અણિમા, મહિમાદ

તથા ધનાદિક ઋદ્ધિ તથા રસીલા–સ્વાદિષ્ટ ભોજનાદિમાં ગૃદ્ધ–આસક્ત છે, મોહથી પાપાભિચાર કર્મો કરે છે, તે લોકોએ અરેરે! પોતાના જીવનનો નાશ કર્યો અને પોતાને સંસાર-સમુદ્રમાં ડુબાડી દીધો.

## પાપાભિચાર કર્મો

**वश्याकर्षणविद्वेषं मारणोच्चाटनं तथा ।**
**जलानलविषस्तम्भो रसकर्म रसायनम् ।।५२।।**

વશીકરણ, આકર્ષણ, વિદ્વેષણ, મારણ, ઉચ્ચાટન, તથા જળ, અગ્નિ અને વિષનું સ્તંભન, રસકર્મ અને રસાયણ.

**पुरक्षोभेन्द्रजालं च बलस्तम्भो जयाजयौ ।**
**विद्याच्छेदस्तथा वेधं ज्योतिर्ज्ञानं चिकित्सितम् ।।५३।।**

નગરમાં ક્ષોભ ઉત્પન્ન કરવો, ઇન્દ્રજાળ સાધવી, સેનાનું સ્તંભન કરવું, જીતવાનો વિધાન (ઉપાય) બતાવવો, વિદ્યાને છેદવાનું–જૂઠી કરવાનું વિધાન સાધવું, વેધ કરવો, જ્યોતિષનું જ્ઞાન, વૈદ્યક વિદ્યા સાધન.

**यक्षिणीमन्त्रपातालसिद्धयः कालवञ्चना ।**
**पादुकाञ्जननिर्स्त्रिशभूतभोगीन्द्रसाशनं ।।५४।।**

યક્ષિણી મંત્ર, પાતાલ સિદ્ધિના વિધાનનો અભ્યાસ કરવો, કાળવંચના (મૃત્યુ જીતવાનો મંત્ર સાધવો), પાદુકા સાધના (પાદુકા પહેરી આકાશમાં અથવા પાણીમાં વિહાર કરવાની વિદ્યા સાધવી) કરવી, અદશ્ય થવા તથા દાટેલા ધનને જોવાના આંજણની સાધના કરવી, શસ્ત્રાદિકને સાધવા, ભૂત સાધના, સર્પ સાધના.

इत्यादिविक्रियाकर्मरञ्जितैर्दुष्टचेष्टितैः ।
आत्मानमपि न ज्ञातुं नष्टं लोकद्वयच्युतैः ॥५५॥

આ તથા બીજી વિક્રિયારૂપ સાધનામાં–કાર્યોમાં અનુરકત બની જેઓ દુષ્ટ ક્રિયાઓ કરે છે તેઓએ આત્મજ્ઞાનથી પણ હાથ ધોયા અને આ લોક તથા પર લોક એમ બન્ને લોકનું ઈષ્ટ સાધન કાર્ય પણ નષ્ટ કર્યું. આવા પુરુષોને ધ્યાનની સિદ્ધિ થવી ઘણી મુશ્કેલ છે.

यतित्वं जीवनोपायं कुर्वन्तः किं न लज्जिताः ।
मातुः पण्यमिवालम्ब्य यथा केचिद्गतघृणाः ॥५६॥
निस्त्रपाः कर्म कुर्वन्ति यतित्वेऽप्यतिनिन्दितम् ।
ततो विराध्य सन्मार्गं विशन्ति नरकोदरे ॥५७॥

કેટલાક નિર્દય, નિર્લજ્જ પુરુષો સાધુપણામાં પણ અતિશય નિંદા કરવા યોગ્ય કાર્યો કરે છે. તેઓ સમીચીન હિતરૂપ માર્ગનો વિરોધ કરી નરકમાં પ્રવેશે છે. જેવી રીતે કોઈ પોતાની માતાને વેશ્યા બનાવી તેનાથી ધનોપાર્જન કરે છે, તેવી જ રીતે જે માણસ મુનિ થઈને તે મુનિદીક્ષાને પોતાની જીવિકાનું સાધન બનાવે છે અને તે વડે ધનોપાર્જન કરે છે, તે પુરુષો અતિશય નિર્દય તથા નિર્લજ્જ છે.

अविद्याश्रयणं युक्तं प्राग्गृहावस्थितैर्वरम् ।
मुक्त्यङ्गं लिङ्गमादाय न श्लाघ्यं लोकदम्भनं ।।५८॥

જેઓ ગૃહસ્થાવસ્થામાં છે, તેમને તો આવી અવિદ્યાનો આશ્રય લેવો કદાચ યુક્ત પણ કહી શકાય પરંતુ મુક્તિના એક અંગ-સ્વરૂપ મુનિવેશ ધારણ કરીને લોકોને ઠગવા તે કદાપિ પ્રશંસનીય કહી શકાય નહિ.

**ભાવાર્થ**—સાધુનો ભેખ ધારણ કરી કુક્રિયા કરવાથી તો પહેલાની ગૃહસ્થાવસ્થા જ સારી છે, કારણ કે આવી અવસ્થામાં ઉપરોક્ત કાર્ય કરનારાઓની કોઈ વિશેષ નિંદા તો નથી કરતું. યતિનો વેશ લઈ પોતાની નિંદા કરાવવી ન જોઈએ. એવા માણસને ધ્યાન ક્યાંથી થાય ?

**मनुष्यत्वं समासाद्य यतित्वं च जगन्नतुम् ।**
**हेयमेवाशुभं कार्यं विवेच्य सुहितं बुधैः ॥५९॥**

મનુષ્યપણું પ્રાપ્ત કરીને તેમાં વળી જગત્પૂજ્ય મુનિદીક્ષા ગ્રહણ કરીને વિદ્વાનોએ પોતાનું હિત શેમાં છે તે વિચારી અશુભ કર્મોને અવશ્ય છોડી દેવા જોઈએ.

**अहो विभ्रान्तचित्तानां पश्य पुंसां विचेष्टितम् ।**
**यत्प्रपञ्चैर्यतित्वेऽपि नीयते जन्म निःफलम् ॥६०॥**

જુઓ ! વિભ્રાન્ત–મૂઢ ચિત્તવાળા પુરુષોની ચેષ્ટા સાધુપણામાં પણ પાખંડ, પ્રપંચ કરીને જન્મને વ્યર્થ–નિષ્ફળ બનાવી દે છે.

**અન્ય ગ્રંથોમાં પણ કહ્યું છે કે–**

**मुक्ताः श्रियः सकलकामदुघास्ततः किम्**
**सन्तर्पिताः प्रणयिनः स्वधनैस्ततः किम् ।**
**न्यस्तं पदं शिरसि विद्विषतां ततः किम्**
**कल्पं स्थितं तनुभृतां तनुभिस्ततः किम् ॥१॥**

આ જગતમાં જીવોની સમસ્ત કામનાઓ પૂર્ણ કરનારી લક્ષ્મી પ્રાપ્ત થઈ અને તે ભોગવવામાં આવી તો તેથી શું લાભ થયો ? અથવા પોતાની ધનસંપત્તિથી પરિવાર, સ્નેહી મિત્રોને સન્તુષ્ટ

કર્યા તો તેથી શું વળ્યું ? તેમ જ શત્રુઓને જીતીને તેમના માથા ઉપર પગ મૂક્યા તો તેથી કઈ સિદ્ધિની પ્રાપ્તિ થઇ ? વળી એ જ પ્રમાણે આ શરીર ઘણા વર્ષો સુધી સ્થિર રહ્યું તો તે શરીરથી શું લાભ ? કારણ કે તે બધા નિઃસાર અને નાશવંત છે. તેમ જ—

इत्थं न किंचिदपि साधनसाध्यमस्ति
स्वप्नेन्द्रजालसदृशं परमार्थशून्यम् ।
तस्मादनन्तमजरं परमं विकाशि
तद्ब्रह्म वाञ्च्छत जना यदि चेतनास्ति ॥२॥

ઉપર કહ્યા પ્રમાણે જગતમાં કંઇપણ સાધવા યોગ્ય સાધ્ય (કાર્ય) નથી. કારણ કે જગતનું કાર્ય સ્વપ્ન સમાન અથવા ઇન્દ્રજાળ સમાન ક્ષણવિનશ્વર અને પરમાર્થથી શૂન્ય છે. તેથી હે પ્રાણીજનો ! જો તમારામાં ચેતના (બુદ્ધિ) હોય તો આવા પરમ ઉત્કૃષ્ટ પ્રકાશ સ્વરૂપ—જ્ઞાનાનંદ સ્વરૂપ પોતાના આત્માની વાંછા-ઇચ્છા કરો કે જે અંત અને જરારહિત છે. અને અન્ય સમસ્ત પ્રકારની અભિલાષાઓને છોડી દો.

किं ते सन्ति न कोटिशोऽपि सुधियः स्फारैर्वचोभिः परम्
ये वार्तां प्रथयन्त्यमेयमहसां राशेः परब्रह्मणः ।
तत्रानन्दसुधासरस्वति पुनर्निमज्य मुञ्चन्ति ये
सन्तापं भवसम्भवं त्रिचतुरास्ते सन्ति वा नात्र वा ॥६१॥

આ જગતમાં પ્રચુર વચનોની વાક્પટુતા (વ્યાખ્યાનો)થી અમર્યાદ પ્રતાપની રાશિરૂપ પરમાત્માની વાર્તાનો વિસ્તાર કરનારા શું કરોડો વિદ્વાનો નથી થતા ? અવશ્ય થાય છે. પરંતુ આ પરબ્રહ્મ

સ્વરૂપ અમૃતના સાગરમાં નિમગ્ન બની, ડુબકી લગાવી સંસારથી ઉત્પન્ન થયેલા સંતાપને નષ્ટ કરનારા જગતમાં ત્રણ કે ચાર જ હોય છે અથવા નથી પણ હોતા.

**ભાવાર્થ**—પરમાત્માની વાત વિસ્તાર પૂર્વક કહેનારા તો જગતમાં અનેક વિદ્વાનો હોય છે, પરંતુ પરમાત્મ સ્વરૂપમાં લીન થનારા તો વિરલ જ હોય છે. અહીં જે ત્રણ ચાર કહ્યા તે વિરલ એટલે કે થોડા હોય છે એમ સમજવું. ત્રણ ચાર એમ ગણતરી કે સંખ્યાનો નિયમ સમજવો તે ઉચિત નથી. કારણ કે લૌકિકમાં-લોકવ્યવહારમાં પણ થોડા કહેવું હોય ત્યારે પ્રાયે કરી ત્રણ–ચાર એમ વ્યવહાર કરવામાં આવે છે.

## ઉપસંહાર

एते पण्डितमानिनः शमदमस्वाध्यायचिन्ताच्युताः
रागादिग्रहवञ्चिता यतिगुणप्रध्वंसकृष्णाननाः ।
व्याकृष्टा विषयैर्मदैः प्रमुदिताः शङ्काभिरङ्गीकृताः
न ध्यानं न विवेचनं न च तपः कर्तुं वराकाः क्षमाः ॥६२॥

જેઓ પંડિત તો નથી પરંતુ પોતાને પંડિત માને છે, અને શમ, દમ, સ્વાધ્યાયથી રહિત, તથા રાગદ્વેષ મોહાદિ પિશાચોથી ઠગાયેલા છે, અને જેઓ મુનિપણાના ગુણો નષ્ટ કરીને પોતાનું મુખ કલંકિત કરનારા, વિષયોથી આકર્ષિત, મદોથી પ્રસન્ન, શંકા, સંદેહ, શલ્ય, ભયાદિકથી પકડાયેલા છે, એવા રાંક બિચારા પુરુષો ધ્યાન કરવાને સમર્થ નથી, તેમ ભેદજ્ઞાન કરવામાં પણ નિપુણ કે સમર્થ નથી, તેમ તપ પણ કરી શકતા નથી.

દોહરો

**જો ગૃહત્યાગી હોય, સમ્યગ્રત્નત્રય વિના ।**
**ધ્યાન યોગ્ય નહિ સોય, ગૃહવાસી કી કા કથા ॥૪॥**

**ભાવાર્થ**—જે પુરુષ સમ્યક્ રત્નત્રય વિના ગૃહત્યાગી, મુનિવેશધારી બને છે તે ધ્યાનને લાયક-ધ્યાન કરવા યોગ્ય નથી, તો પછી ઘરમાં રહેનારા ગૃહસ્થની તો શી વાત કરવી ?

५

## પાંચમો સર્ગ

# ધ્યાતા યોગીશ્વરોની પ્રશંસા

अथ निर्णीततत्त्वार्था धन्याः संविग्नमानसाः ।
कीर्त्यन्ते यमिनो जन्मसंभूतसुखनिःस्पृहाः ॥१॥

જે સંયમી મુનિ તત્ત્વાર્થનું (વસ્તુનું) યથાર્થ સ્વરૂપ જાણે છે, મનમાં સંવેગ છે, મોક્ષ તથા તેના માર્ગના અનુરાગી છે અને જેઓ સંસારથી ઉત્પન્ન થયેલા સુખોમાં નિઃસ્પૃહ (વાંછારહિત) છે તે મુનીશ્વરો ધન્ય છે. તેમનું કીર્તન, ગુણગ્રામ અને પ્રશંસા કરવામાં આવે છે.

भवभ्रमणनिर्विण्णा भावशुद्धिं समाश्रिताः ।
सन्ति केचिच्च भूपृष्ठे योगिनः पुण्यचेष्टिताः ॥२॥

આ પૃથ્વી ઉપર અનેક યોગીશ્વરો સંસાર-ચક્રથી વિરક્ત છે, ભાવોની શુદ્ધતાવાળા છે તથા પવિત્ર ચેષ્ટાવાળા છે.

(અહીં કોઈ પૂછે કે 'આ કાળમાં તો આવા કોઈ સાધુ દેખાતા નથી.' તો તેનો ઉત્તર આપતાં કહે છે કે—આ ગ્રંથ જ્યારે રચવામાં આવ્યો, તે વખતે એવા અનેક યોગીશ્વરો હતા અને અત્યારે પણ કોઈ કોઈ દૂર ક્ષેત્રમાં હોય તો શું આશ્ચર્ય છે?)

**विरज्य कामभोगेषु विमुच्य वपुषि स्पृहाम् ।**
**यस्य चित्तं स्थिरीभूतं स हि ध्याता प्रशस्यते ॥३॥**

જે મુનિનું ચિત્ત કામભોગોથી વિરક્ત થયું છે અને જે શરીર પ્રત્યેની સ્પૃહા-મમતા છોડી સ્થિરીભૂત થયો છે તેને જ નિશ્ચયથી ધ્યાતા કહેલ છે અને તે જ પ્રશંસનીય ધ્યાતા છે.

**सत्संयमधुरा धीरैर्नहि प्राणात्ययेऽपि यैः ।**
**त्यक्ता महत्त्वमालम्ब्य ते हि ध्यानधनेश्वराः ॥४॥**

જે મુનિઓએ મહાન મુનિપણું અંગીકાર કરીને પ્રાણોનો નાશ થવા છતાં પણ સમીચીન સંયમની ધુરાને છોડી દીધી નથી, તેઓ જ ધ્યાનરૂપી ધનના ઈશ્વર (સ્વામી) બને છે. કારણ કે સંયમથી ભ્રષ્ટ થયા પછી ધ્યાન સંભવતું નથી.

**परीषहमहाव्यालैर्ग्राम्यैर्वा कण्टकैर्दृढैः ।**
**मनागपि मनो येषां न स्वरूपात्परिच्युतम् ॥५॥**

જે મુનિઓનું ચિત્ત પરિષહરૂપી દુષ્ટ હાથીઓ અથવા સર્પોથી તથા ગ્રામીણ મનુષ્યોના દુર્વચનરૂપી કાંટાઓથી કિંચિન્માત્ર પણ પોતાના સ્વરૂપથી ચલિત થયું નથી. તથા—

**क्रोधादिभीमभोगीन्द्रै रागादिरजनीचरैः ।**
**अजय्यैरपि विध्वस्तं न येषां यमजीवितम् ॥६॥**

જે મુનિજનોનું સંયમરૂપી જીવન ક્રોધાદિ કષાયરૂપ સર્પોથી તથા અજેય એવા રાગાદિ નિશાચરોથી નષ્ટ થયું નથી. તેમ જ–

**मनः प्रीणयितुं येषां क्षमास्ता दिव्ययोषितः ।**
**मैत्र्यादयः सतां सेव्या ब्रह्मचर्येऽप्यनिन्दिते ॥७॥**

જે મુનિઓને અનિન્દિત (પ્રશંસનીય) એવું બ્રહ્મચર્ય હોવા છતાં મનને તૃપ્ત કરનારી પ્રસિદ્ધિ, મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ આ ચાર ભાવનારૂપી સુન્દર તથા સમર્થ સ્ત્રીઓ છે, એટલે કે આ ભાવનાઓ ભાવવાથી જેમના ચિત્તમાં કામાદિ વિકારભાવો ઉત્પન્ન થતા નથી. તથા—

**तपस्तरलतीव्रार्चिःप्रचये पातितः स्मरः ।**
**यै रागरिपुभिः सार्द्धं पतङ्गप्रतिमीकृतः ॥८॥**

જે મુનિઓએ તપરૂપી તીવ્ર અગ્નિની જ્વાળાના સમૂહમાં રાગાદિ શત્રુઓની સાથે કામને પણ નાખી દીધો છે અને પતંગીઆની જેમ તેને ભસ્મ કરી દીધો છે. વળી—

**निःसंगत्वं समासाद्य ज्ञानराज्यं समीप्सितम् ।**
**जगत्त्रयचमत्कारि चित्रभूतं विचेष्टितम् ॥९॥**

જેમણે નિષ્પરિગ્રહપણું અંગીકાર કરી ત્રણે જગતમાં ચમત્કાર કરનાર તથા આશ્ચર્યરૂપ ચેષ્ટાવાળા જ્ઞાનરૂપી રાજ્યની ઇચ્છા કરી છે. વળી—

**अत्युग्रतपसाऽऽत्मानं पीडयन्तोऽपि निर्दयम् ।**
**जगद्विध्यापयन्त्युच्चैर्ये मोहदहनक्षतम् ॥१०॥**

જે મુનિ પોતાના આત્માને અતિ તીવ્ર તપ વડે નિર્દય માણુસની જેમ પીડે છે અને તેમ છતાં મોહરૂપી અગ્નિથી બળતા જગતને અતિશયવડે ઓલવે છે–શાંત કરે છે. તેમ જ—

स्वभावजनिरातङ्कनिर्भिरानन्दनन्दिताः ।
तृष्णार्चिःशान्तये धन्या येऽकालजलदोद्गमाः ॥११॥

જે પુણ્યવંત, ધન્ય મુનિ તૃષ્ણારૂપી અગ્નિની જ્વાળાને શાંત કરવા માટે અકાળે (ગ્રીષ્મકાળમાં) સ્વભાવથી ઉત્પન્ન, દાહરહિત પૂર્ણ આનંદથી આનંદસ્વરૂપ મેઘના ઉદય સમાન (વરસવા સમાન) છે. વળી—

अशेषसंगसंन्यासवशाज्जितमनोद्विजाः ।
विषयोद्दाममातङ्गघटासंघट्टघातकाः ॥१२॥

જે મુનિ સમસ્ત પરિગ્રહના ત્યાગને કારણે મનરૂપી ચંચળ પક્ષીને જીતી લેનારા છે તથા વિષયરૂપી મદોન્મત્ત હાથીઓના સમૂહનો નાશ કરનારા છે. તેમ જ—

वाक्पथातीतमहात्म्या विश्वविद्याविशारदाः ।
शरीराहारसंसारकामभोगेषु निःस्पृहाः ॥१३॥

જેમનું માહાત્મ્ય વચનથી (વાણી)થી અગોચર છે, જેઓ સમસ્ત વિદ્યાઓમાં વિશારદ–પારંગત છે અને શરીર, આહાર, સંસાર અને કામભોગોથી તદ્દન નિઃસ્પૃહ (વાંછારહિત) છે, તથા–

विशुद्धबोधपीयूषपानपुण्यीकृताशयाः ।
स्थिरेतरजगज्जन्तुकरुणावारिवार्द्धयः ॥१४॥

જેમનું ચિત્ત નિર્મળ જ્ઞાનરૂપી અમૃતના પાનથી પવિત્ર થયેલું

છે, અને જે સ્થાવર અને ત્રસ એમ ભેદ વાળા જગતના જીવોને માટે કરુણારૂપી જળના સમુદ્રસમાન છે. તથા—

**स्वर्णाचल इवाकम्पा ज्योतिःपथ इवामलाः ।**
**समीर इव निःसङ्गा निर्ममत्त्वं समाश्रिताः ॥१५॥**

મેરુપર્વત સમાન અચળ છે, આકાશવત્ નિર્મળ છે, પવન સમાન નિઃસંગ છે, અને નિર્મમત્વને જેમણે આશ્રય આપ્યો છે એવા છે. તથા—

**हितोपदेशपर्जन्यैर्भव्यसारङ्गतर्पकाः ।**
**निरपेक्षाः शरीरेऽपि सापेक्षाः सिद्धिसंगमे ॥१६॥**

જે મુનિઓ હિતોપદેશરૂપ શબ્દાયમાન મેઘોથી ભવ્ય જીવરૂપી ચાતક અથવા મોરને તૃપ્ત, આનંદિત કરનારા છે, વળી શરીર પ્રત્યે તદ્દન નિરપેક્ષ છે, છતાં મુક્તિ લક્ષ્મીનો સંગમ કરવાને સાપેક્ષ–ઉત્સુક છે.

**इत्यादिपरमोदारपुण्याचरणलक्षिताः ।**
**ध्यानसिद्धेः समाख्याताः पात्रं मुनिमहेश्वराः ॥१७॥**

ઈત્યાદિ પરમ ઉદાર આચરણોથી ચિન્હિત, મુનિઓમાં પ્રધાન, એવા મુનીશ્વરો ધ્યાનની સિદ્ધિના અધિકારી–પાત્ર કહેવાયા છે.

**तवारोढुं प्रवृत्तस्य मुक्तेर्भवनमुन्नतम् ।**
**सोपानराजिकाऽमीषां पादच्छाया भविष्यति ॥१८॥**

હે આત્મન્! મુક્તિરૂપી મંદિર ઉપર ચડવાની પ્રવૃત્તિ કરતાં તને પૂર્વે કહ્યું તે પ્રમાણે મુનિઓના ચરણોની છાયા જ સોપાનની પંક્તિ સમાન બની જશે.

**ભાવાર્થ**—જેમને ધ્યાનની સિદ્ધિ કરવી હોય, તેમણે એવા મુનિઓની સેવા-ભક્તિ કરવી જોઈએ.

ध्यानसिद्धिर्मता सूत्रे मुनीनामेव केवलम् ।
इत्याद्यमलविख्यातगुणलीलावलम्बिनाम् ॥१९॥

સૂત્ર (સિદ્ધાંત)માં ઉપરોક્ત ગુણો આદિમાં છે જેમને એવા નિર્મળ, પ્રસિદ્ધ ગુણોમાં પ્રવર્તનરૂપ ક્રીડાનું અવલંબન કરનારા મુનિઓને જ માત્ર ધ્યાનની સિદ્ધિ માની છે. એટલે કે મુક્તિના કારણસ્વરૂપ ધ્યાનની સિદ્ધિ અન્યને થઈ શકતી નથી.

निष्पन्दीकृतचित्तचण्डविहगाः पञ्चाक्षकक्षान्तकाः
ध्यानध्वस्तसमस्तकल्मषविषा विद्याम्बुधेः पारगाः ।
लीलोन्मूलितकर्मकन्दनिचयाः कारुण्यपुण्याशया
योगीन्द्रा भवभीमदैत्यदलनाः कुर्वन्तु ते निर्वृतिं ॥२०॥

પૂર્વોક્ત ગુણોના ધારક યોગીન્દ્રો ! અમારા તથા ભવ્ય પુરુષોના નિવૃત્તિ (સુખ) રૂપ મોક્ષને કરો. તે યોગીન્દ્રો કેવા છે? જેમણે ચિત્ત-મનરૂપી પ્રચંડ અને ચંચળ પક્ષીને નિશ્ચળ બનાવ્યું છે, પંચેન્દ્રિયરૂપી વનને બાળી ભસ્મીભૂત કર્યું છે, ધ્યાનથી સમસ્ત પાપોને નાશ કર્યા છે, વિદ્યારૂપી સમુદ્રના પારગામી છે, ક્રીડામાત્રથી કર્મોના મૂળને ઉખાડી નાખનારા છે, કરુણાભાવથી પવિત્ર હૃદયવાળા છે અને સંસારરૂપી ભયાનક દૈત્યને ચૂરેચૂરા કરનારા છે.

विन्ध्याद्रिर्नगरं गुहा वसतिकाः शय्या शिला पार्वती
दीपाश्चन्द्रकरा मृगाः सहचरा मैत्री कुलीनाङ्गना ।
विज्ञानं सलिलं तपः सदशनं येषां प्रशान्तात्मनां
धन्यास्ते भवपङ्कनिर्गमपथप्रोद्देशकाः सन्तु नः ॥२१॥

વળી તે પ્રશાંત આત્મા મુનિ મહારાજોને વિન્ધ્યાચળ પર્વત એ નગર છે, પર્વતની ગુફાઓ વસતિકા (ગૃહ) છે, પર્વતની શિલા શય્યાસમાન છે, ચન્દ્રમાના કિરણો દીપકવત્ છે, મૃગ સહચારી છે, સર્વભૂત-મૈત્રી (દયા) એ જેમની કુલીન સ્ત્રી છે, પીવાનું જળ વિજ્ઞાન છે અને તપ એ ઉત્તમ ભોજન છે. તેઓ જ ધન્ય છે. એવા મુનિરાજો અમને સંસારરૂપ કાદવથી બહાર નીકળવાના માર્ગનો ઉપદેશ આપનારા થાઓ.

रुद्धे प्राणप्रचारे वपुषि नियमते संवृतेऽक्षप्रपञ्चे
नेत्रस्पन्दे निरस्ते प्रलयमुपगतेऽन्तर्विकल्पेन्द्रजाले ।
भिन्ने मोहान्धकारे प्रसरति महसि क्वापि विश्वप्रदीपे
धन्यो ध्यानावलम्बी कलयति परमानन्दसिन्धुप्रवेशं ॥२२॥

શ્વાસોચ્છ્વાસને રોકતાં, શરીરને નિશ્ચળ બનાવતાં, ઇન્દ્રિયોના પ્રચાર-સંચારનું સંવરણ કરતાં, નેત્રોની મટમટાવવાની ક્રિયાથી રહિત થતાં, સમસ્ત વિકલ્પરૂપ ઇન્દ્રજાળનો પ્રલય થતાં, મોહાંધકારને દૂર કરતાં અને સમસ્ત વસ્તુઓને પ્રકાશિત કરનારા તેજઃ પુંજને પોતાના હૃદયમાં વિસ્તારતા જે ધન્ય મહાભાગી મુનિ ધ્યાનાવલંબી થાય છે, તેઓ જ પરમાનંદરૂપી સમુદ્રમાં પ્રવેશ કરવાનો અભ્યાસ કરે છે. તે જ મુક્તિસુખને પામી શકે છે.

अहेयोपादेयं त्रिभुवनमपीदं व्यवसितः
शुभं वा पापं वा द्वयमपि दहन्कर्म महसा ।
निजानन्दास्वादव्यवधिविधुरीभूतविषयः
प्रतीत्योच्चैः कश्चिद्विगलितविकल्पं विहरतिः ॥२३॥

જે મુનિને પોતાના સ્વાભાવિક આત્માનંદથી ઇન્દ્રિયના વિષયો દૂર છે, તે મુનિ પોતાના તેજથી શુભાશુભ કર્મોને દહન કરતો,

બાળી નાખતો સમ્યક્ પ્રકારે દૃષ્ટિગોચર કરીને આ હેય–ઉપાદેયરૂપ ત્રિભુવનમાં વિકલ્પ રહિત પરિભ્રમણ કરે છે.

**ભાવાર્થ**—મુનિ ધ્યાનસ્થ હોય ત્યારે તો નિશ્ચળ અવસ્થા છે જ પરંતુ વિહાર કરતી વખતે પણ તે નિશ્ચળ–સમાન છે. એટલે કે, જગતમાં જેને ત્યાગ કરવા જેવું કે ગ્રહણ કરવા જેવું કંઈ પણ નથી અને વિષયોની જેને બિલ્કુલ ઇચ્છા નથી તે જ નિર્વિકલ્પ થઈને કર્મોની નિર્જરા કરતો વિચરે છે.

दुःप्रज्ञा बललुप्तवस्तुनिचया विज्ञानशून्याशयाः
विद्यन्ते प्रतिमन्दिरं निजनिजस्वार्थोद्यता देहिनः ।
आनन्दामृतसिन्धुशीकरचयैर्निर्वाप्य जन्मज्वरं
ये मुक्तेर्वदनेन्दुवीक्षणपरास्ते सन्ति द्वित्रा यदि ॥२४॥

બુદ્ધિબળથી કે તર્કશક્તિથી વસ્તુસમૂહનો લોપ કરનાર (નાસ્તિક) સત્યાર્થ જ્ઞાનથી શૂન્ય ચિત્તવાળા તથા પોતાના વિષયાદિકના પ્રયોજનમાં ઉદ્યમી એવા પ્રાણી તો ઘર ઘરમાં વિદ્યમાન છે, પરંતુ આનંદરૂપી અમૃતના સાગરથી સંસારરૂપી જ્વરના દાહ (અગ્નિ, પીડા) ને બુઝાવી મુક્તિરૂપી સ્ત્રીના મુખરૂપી ચન્દ્રમાનું અવલોકન કરવામાં જે તત્પર છે એવા જો કોઈ મુનિ હોય તો તે આ જગતમાં બેત્રણ[1] જ હશે.

यैः सुप्तं हिमशैलशृङ्गसुभगप्रासादगर्भान्तरे
पल्यङ्के परमोपधानरचिते दिव्याङ्गनाभिः सह ।
तैरेवाद्य निरस्तविश्वविषयैरन्तःस्फुरज्ज्योतिषि
क्षोणीरन्ध्रशिलादिकोटरगतैर्धन्यैर्निशा नीयते ॥२५॥

---

૧–અહીં બેત્રણનો અર્થ વિરલ–થોડા સમજવા. સંખ્યાનો કંઈ નિયમ નથી.

જેમણે પૂર્વાવસ્થામાં હિમાલયના શિખર સમાન સ્વચ્છ, સુંદર મહેલોમાં ઉત્કૃષ્ટ ઉપધાન–હંસગર્ભાદિ વસ્ત્રોથી રચેલી શય્યામાં દેવીસમાન સુંદર સૌંદર્યવંતી સ્ત્રીઓની સાથે શયન કર્યું હતું, તે પુરુષો જ અત્યારે સમસ્ત સંસારના વિષયોને નિરસ્ત–દૂર ફેંકી દઈ, પુણ્યશાળી બની, અન્તરંગમાં જ્ઞાનજ્યોતિનું સ્ફુરણ પ્રગટ થવાથી, પૃથ્વી ઉપર તથા પર્વતોની ગુફાઓમાં અને શિલાઓ ઉપર અથવા વૃક્ષોના પોલાણમાં રાત્રિઓ વિતાવે છે. તેમને ધન્ય છે.

**चित्ते निश्चलतां गते प्रशमिते रागाद्यविद्यामये**
**विद्राणेऽक्षकदम्बके विघटिते ध्वान्ते भ्रमारम्भके ।**
**आनन्दे प्रविजृम्भिते पुरपतेर्ज्ञाने समुन्मीलिते**
**त्वां द्रक्ष्यन्ति कदा वनस्थमभितः पुस्तेच्छया श्वापदाः ॥२६॥**

હે આત્મા! તારા મનમાં નિશ્ચળતા પ્રાપ્ત થતાં, રાગાદિ અવિદ્યારૂપી રોગો ઉપશમતાં, ઈન્દ્રિયોના સમૂહ વિષયોમાં નહિ પ્રવર્તતાં, ભ્રમોત્પાદન કરનારું અજ્ઞાનાંધકાર નષ્ટ થતાં અને આનંદને વિસ્તારતાં, આત્મજ્ઞાન પ્રગટ થતાં એવો કયો શુભદિવસ ઉગશે કે જ્યારે તને વનમાં ચારે બાજુથી મૃગાદિ પશુઓ ચિત્રલિખિત મૂર્તિ અથવા સુકાયલા વૃક્ષના ઠૂંઠા સમાન જોશે? જે સમયે તું આવી નિશ્ચળમૂર્તિ બની ધ્યાનસ્થ થઈશ, ત્યારે જ ધન્ય બનીશ.

**आत्मन्यात्मप्रचारे कृतसकलबहिःसंगसन्यासवीर्या-**
**दन्तर्ज्योतिःप्रकाशाद्विलयगतमहामोहनिद्रातिरेकः ।**
**निर्णीते स्वस्वरूपे स्फुरति जगदिदं यस्य शून्यं जडं वा**
**तस्य श्रीबोधवार्धेर्दिशतु तव शिवं पादपङ्केरुहश्रीः ॥२७॥**

જેને પોતાના આત્મામાં પ્રવર્તન છે, પરદ્રવ્યમાં નથી અને બાહ્ય પરિગ્રહના ત્યાગથી તથા અંતરંગમાં વિજ્ઞાન-જ્યોતિનો પ્રકાશ થવાથી જેની મહામોહરૂપી નિદ્રા ઉડી ગઈ છે અને જેને સ્વ-સ્વરૂપનો નિશ્ચય થવાથી આ જગત્ શૂન્યવત્ અથવા જડવત્ પ્રતિભાસે છે, એવા શ્રી જ્ઞાનસાગરસમા મુનિના ચરણકમળની લક્ષ્મી (શોભા) તમને મોક્ષપદ પ્રદાન કરે, એવો આશીર્વાદાત્મક ઉપદેશ છે.

आत्मायत्तं विषयविरसं तत्त्वचिन्तावलीनं
निर्व्यापारं स्वहितनिरतं निर्वृतानन्दपूर्णं ।
ज्ञानारूढं शमयमतपोध्यानलब्धावकाशं
कृत्वाऽऽत्मानं कलय सुमते दिव्यबोधाधिपत्यम् ॥२८॥

હે સુબુદ્ધિ ! પ્રથમ તો પોતાને આત્માયત્ત એટલે પરાધીનપણામાંથી છોડાવી સ્વાધીન કર. (૨) ઈન્દ્રિયોના વિષયોથી વિરક્ત બનાવ. (૩) તત્ત્વચિન્તનમાં નિમગ્ન (લીન) બનાવ. (૪) સાંસારિક વ્યાપારોથી રહિત, નિશ્ચળ થા. (૫) પોતાના હિતમાં જોડ. (૬) નિવૃત્ત એટલે ક્ષોભરહિત આનંદથી પરિપૂર્ણ કર. (૭) જ્ઞાનારૂઢ કર. (૮) શમ, દમ, યમ અને તપમાંથી અવકાશ–મુક્તિ મળે એવું કરીને પછી દિવ્યબોધ આપ એટલે કે કેવળજ્ઞાનના અધિપતિપણાને પ્રાપ્ત કર.

**ભાવાર્થ**—ઉપરોક્ત આઠ પ્રકારના કાર્યોથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

## ઉપસંહાર

दृश्यन्ते भुवि किं न ते कृतधियः संख्याव्यतीताश्चिरम्
ये लीलाः परमेष्ठिनः प्रतिदिनं तन्वन्ति वाग्भिः परम्
तं साक्षादनुभूय नित्यपरमानन्दाम्बुराशिं पुन-
र्ये जन्मभ्रममुत्सृजन्ति पुरुषा धन्यास्तु ते दुर्लभाः ॥२९॥

આ પૃથ્વી ઉપર પ્રતિદિન પરમેષ્ઠી પરમાત્માની કેવળ વચન માત્રથી ઘણો કાળ સુધી લીલાસ્તવનને કરનારા કૃતબુદ્ધિ જીવો શું ગણતરીથી અતીત નથી એટલે કે ગણનાતીત નથી ? એવા તો અસંખ્ય જોવામાં આવે છે. પરંતુ નિત્ય પરમાનંદામૃતની રાશિરૂપ તે પરમેષ્ઠી પરમાત્માને સાક્ષાત્ અનુભવગોચર કરી સંસારના ભ્રમને દૂર કરે છે, એવા પુરુષો સુદુર્લભ છે અને એવા જ પુરુષો ધન્યવાદને પાત્ર છે.

યદ્યપિ આ પંચમકાળમાં એવા યોગીશ્વરો ક્યાંય જોવામાં આવતા નથી, તો પણ તેમના ગુણાનુવાદ સાંભળી સ્મરણ કરવાથી ભવ્યજીવોનું મન પવિત્ર થાય છે અને અન્ય કુલિંગીઓ મિથ્યાત્વીઓના શ્રદ્ધારૂપ મિથ્યાત્વનો નાશ થાય છે.

દોહરો

**રત્નત્રય કો ધાર જે, શમ દમ યમ ચિત્ત દેંય ।**
**ધ્યાન કરૈં મન રોકિકૈ, ધન તે મુનિ શિવ લેંય ॥**

**ભાવાર્થ**—સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર રૂપી રત્નત્રયને ધારણ કરી જે શમ-સમભાવ, દમ-ઇન્દ્રિયદમન અને યમ-નિયમોમાં પોતાના ચિત્તને-મનને રોકીને ધ્યાન કરે છે તે મુનિ ધન્ય છે. એવા મુનિઓ જ શિવપદને પ્રાપ્ત કરે છે.

૬

## છઠ્ઠો સર્ગ

# સમ્યગ્દર્શન

### રત્નત્રયથી મોક્ષ

सुप्रयुक्तैः स्वयं साक्षात्सम्यग्दृग्बोधसंयमैः ।
त्रिभिरेवापवर्गश्रीर्घनाश्लेषं प्रयच्छति ॥१॥

સમ્યક્ પ્રકારે પ્રયુક્ત કરેલા-અંગીકાર કરેલા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર આ ત્રણેથી એટલે કે ત્રણેની એકતા થવાથી મોક્ષરૂપી લક્ષ્મી તે રત્નત્રયયુક્ત આત્માને સ્વયં દૃઢ આલિંગન આપે છે.

**ભાવાર્થ**—ત્રણેની એકતા એજ મોક્ષમાર્ગ છે, કારણ કે—

तैरेव हि विशीर्यन्ते विचित्राणि बलीन्यपि ।
दृग्बोधसंयमैः कर्मनिगडानि शरीरिणाम् ॥२॥

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્રથી જ જીવોની અનેક પ્રકારની બળવાન કર્મરૂપી બેડીઓ તૂટી જાય છે.

त्रिशुद्धिपूर्वकं ध्यानमामनन्ति मनीषिणः ।
व्यर्थं स्यात्तामनासाद्य तदेवात्र शरीरिणाम् ॥३॥

વિદ્વાનોએ દર્શન, જ્ઞાન, ચારિત્રની શુદ્ધતાપૂર્વક જ ધ્યાન કહ્યું છે. એવી આમ્નાય છે. તેથી આ ત્રણેની શુદ્ધતા થયા વિના જીવોનું ધ્યાન કરવું વ્યર્થ છે. કારણ કે તે ધ્યાન મોક્ષફળને આપનારું નથી.

रत्नत्रयमनासाद्य यः साक्षाद्ध्यातुमिच्छति ।
खपुष्पैः कुरुते मूढः स वन्ध्यासुतशेखरम् ॥४॥

જે પુરુષ સાક્ષાત્ રત્નત્રયને (સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્રને) પ્રાપ્ત કર્યા વગર ધ્યાન કરવા ઇચ્છે છે, તે મૂર્ખ જાણે કે આકાશના પુષ્પો વડે વંધ્યાના પુત્ર માટે હાર બનાવવા ઇચ્છે છે.

**ભાવાર્થ**—રત્નત્રયની પ્રાપ્તિ વિના ધ્યાન થવું અસાધ્ય છે.

तत्त्वरुचिः सम्यक्त्वं तत्त्वप्रख्यापकं भवेज्ज्ञानम् ।
पापक्रियानिवृत्तिश्चरित्रमुक्तं जिनेन्द्रेण ॥५॥

જિનેન્દ્ર ભગવાને તત્ત્વોની રુચિ એટલે કે શ્રદ્ધા-પ્રતીતિને સમ્યક્ત્વ (સમ્યગ્દર્શન), તત્ત્વોને પ્રકર્ષપણે કહેવા અથવા જાણવાને સમ્યગ્જ્ઞાન અને પાપક્રિયાઓથી નિવૃત્ત થવાને સમ્યક્ચારિત્ર કહ્યું છે.

## સમ્યગ્દર્શનનું વર્ણન

यज्जीवादिपदार्थानां श्रद्धानं तद्धि दर्शनम् ।
निसर्गेणाधिगत्या वा तद्भव्यस्यैव जायते ॥६॥

જે જીવાદિ પદાર્થો-તત્ત્વો ઉપર શ્રદ્ધા કરે છે તેજ નિશ્ચયથી દર્શન કહેવાય છે. આ સમ્યગ્દર્શન નિસર્ગથી (સ્વભાવથી) અથવા અધિગમથી (પરોપદેશથી) ભવ્ય જીવોને જ ઉત્પન્ન થાય છે. અભવ્યને થતું નથી.

क्षीणप्रशान्तमिश्रासु मोहप्रकृतिषु क्रमात् ।
तत् स्याद्द्रव्यादिसामग्र्या पुंसां सद्दर्शनं त्रिधा ॥७॥

આ સમ્યગ્દર્શન પુરુષોને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવરૂપ સામગ્રી વડે દર્શન મોહનીય કર્મની ત્રણ પ્રકૃતિઓનો ક્ષય, ઉપશમ તથા ક્ષયોપશમરૂપ થવાથી અનુક્રમે ત્રણ પ્રકારનું થાય છે. ૧. ક્ષાયિક સમ્યક્ત્વ, ૨. ઉપશમ સમ્યક્ત્વ અને ૩. ક્ષયોપશમ સમ્યક્ત્વ.

### અન્ય ગ્રંથોમાં પણ કહ્યું છે કે-

भव्यः पर्याप्तकः संज्ञी जीवः पञ्चेन्द्रियान्वितः ।
काललब्ध्यादिना युक्तः सम्यक्त्वं प्रतिपद्यते ॥१॥

જે ભવ્ય હોય, પર્યાપ્તક હોય, મન સહિત સંજ્ઞી પંચેન્દ્રિય હોય અને કાળલબ્ધિ વિ. સામગ્રી સહિત હોય, તે જ જીવ સમ્યક્ત્વને પ્રાપ્ત થાય છે.

सम्यक्त्वमथ तत्त्वार्थश्रद्धानं परिकीर्त्तितं ।
तस्यौपशमिको भेदः क्षायिको मिश्र इत्यपि ॥२॥

સાત તત્ત્વો ઉપર શ્રદ્ધા કરવી તે સમ્યગ્દર્શન કહેવાય છે. તેના ઉપશમ, ક્ષાયિક અને મિશ્ર એટલે ક્ષયોપશમ આ ત્રણ ભેદ છે.

**सप्तानां प्रशमात्सम्यक् क्षयादुभयतोऽपि च ।**
**प्रकृतीनामिति प्राहुस्तत्त्रविध्यं सुमेधसः ॥३॥**

મોહનીય કર્મની મિથ્યાત્વ, સમ્યગ્ મિથ્યાત્વ, સમ્યક્પ્રકૃતિ મિથ્યાત્વ તથા અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભ આ સાત પ્રકૃતિઓના ઉપશમ, ક્ષય અને ક્ષયોપશમથી ત્રણ પ્રકારનું સમ્યક્ત્વ થાય છે એમ સમ્યગ્જ્ઞાની પંડિતોએ કહ્યું છે.

**ભાવાર્થ**—ઉપશમથી ઉપશમસમ્યક્ત્વ અને ક્ષયથી ક્ષાયિક સમ્યક્ત્વ અને કંઈક ક્ષય તથા કંઈક ઉપશમ થવાથી ક્ષાયોપશમિક સમ્યક્ત્વ થાય છે.

**एकं प्रशमसंवेगदयास्तिक्यादिलक्षणम् ।**
**आत्मनः शुद्धिमात्रं स्यादितरच्च समन्ततः ॥४॥**

એક સમ્યક્ત્વ તો પ્રશમ, સંવેગ, અનુકંપા અને આસ્થાના લક્ષણવાળું છે, જેને સરાગસમ્યક્ત્વ કહે છે. અને બીજું સમસ્ત પ્રકારે આત્માની શુદ્ધિમાત્ર છે, તેને વીતરાગસમ્યક્ત્વ કહે છે.

**द्रव्यादिकमथासाद्य तज्जीवैः प्राप्यते क्वचित् ।**
**पञ्चविंशतिमुत्सृज्य दोषास्तच्छक्तिघातकम् ॥८॥**

અથવા આ સમ્યગ્દર્શન દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવરૂપ સામગ્રી પ્રાપ્ત થતાં તેમ જ સમ્યગ્દર્શનની શક્તિનો ઘાત કરનારા પચીસ દોષોને છોડતાં ક્યારેક જ પ્રાપ્ત થાય છે.

અન્ય ગ્રંથમાં પણ કહ્યું છે કે-

मूढत्रयं मदाश्चाष्टौ तथाऽनायतनानि षट् ।
अष्टौ शङ्कादयश्चेति दृग्दोषाः पञ्चविंशतिः ॥१॥

ત્રણ મૂઢતા, આઠ મદ (ગર્વ), છ અનાયતન અને શંકાદિ આઠ દોષો—આ પ્રમાણે પચીસ દોષો સમ્યગ્દર્શનના કહ્યા છે. તેમના નામ તથા તેમનું સ્વરૂપ શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે. અહીં ગ્રંથવિસ્તાર ભયથી બતાવેલ નથી.

जीवाजीवास्रवा बन्धः संवरो निर्जरा तथा ।
मोक्षश्चैतानि सप्तैव तत्त्वान्यूचुर्मनीषिणः ॥९॥

પંડિતોએ જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ આ સાત જ તત્ત્વો કહ્યા છે.

જીવતત્ત્વ

अनन्तः सर्वदा सर्वो जीवराशिर्द्विधा स्थितः ।
सिद्धेतरविकल्पेन त्रैलोक्यभुवनोदरे ॥१०॥

આ ત્રણ લોકરૂપી ભુવનમાં જીવરાશિ સર્વકાળ સર્વ (અનંત) છે. અને તે બે પ્રકારે છે- ૧. સિદ્ધ તથા ૨. સંસારી.

सिद्धस्त्वेकस्वभावः स्याद्दृग्बोधानन्दशक्तिमान् ।
मृत्यूत्पादादिजन्मोत्थक्लेशप्रचयविच्युतः ॥११॥

આ બે ભેદોમાંથી જે સિદ્ધ છે, તેઓ તો દર્શન-જ્ઞાન-સુખ-વીર્યસહિત એક સ્વભાવ છે અને જન્મ-મરણ આદિ સાંસારિક ક્લેશોથી રહિત છે.

चरस्थिरभवोद्भूतविकल्पैः कल्पिताः पृथक् ।
भवन्त्यनेकभेदास्ते जीवाः संसारवर्तिनः ॥१२॥

અને સંસારી જીવ ત્રસ અને સ્થાવરરૂપ સંસારથી ઉત્પન્ન થયેલા ભેદોથી ભિન્ન અનેક પ્રકારના છે.

पृथिव्यादिविभेदेन स्थावराः पञ्चधा मताः ।
त्रसास्त्वनेकभेदास्ते नानायोनिसमाश्रिताः ॥१३॥

સંસારી જીવોમાં સ્થાવર જીવો પૃથ્વી, અપ, અગ્નિ, વાયુ અને વનસ્પતિના ભેદથી પાંચ પ્રકારના છે અને ત્રસ બેઇન્દ્રિયાદિ ભેદથી અનેક ભેદરૂપ છે અને તેઓ અનેક પ્રકારની યોનિને આશ્રિત રહેલા છે.

चतुर्धा गतिभेदेन भिद्यन्ते प्राणिनः परम् ।
मनुष्यामरतिर्यञ्चो नारकाश्च यथायथम् ॥१४॥

અને સંસારી જીવો ગતિના ભેદથી મનુષ્ય, દેવ, તિર્યંચ અને નારક એમ ચાર પ્રકારના છે.

भ्रमन्ति नियतं जन्मकान्तारे कल्मषाशयाः ।
दुरन्तकर्मसम्पातप्रपञ्चवशवर्त्तिनः ॥१५॥

આ પાપાશયરૂપી સંસારી જીવો દુરંત (મુશ્કેલીએ અંત આવે એવા) કર્મોના સમૂહના પ્રપંચને વશ થઈ સંસારરૂપી વનમાં નિરંતર પરિભ્રમણ કરે છે.

किन्तु तिर्यग्गतावेव स्थावरा विकलेन्द्रियाः ।
असंज्ञिनश्च नान्यत्र प्रभवन्त्यङ्गिन क्वचित् ॥१६॥

પરંતુ સ્થાવર, વિકલેન્દ્રિય (બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિંદ્રિય)

અને અસંજ્ઞી (મનરહિત) પંચેન્દ્રિય આ તિર્યંચગતિમાં જ થાય છે, પરંતુ અન્યત્ર—બીજી ગતિઓમાં થતાં નથી.

उपसंहारविस्तारधर्मा दृग्बोधलाञ्छनः ।
कर्त्ता भोक्ता स्वयं जीवस्तनुमात्रोऽप्यमूर्त्तिमान् ॥१७॥

જીવ સંકોચ–વિસ્તાર સ્વભાવવાળો તેમ જ દર્શન, જ્ઞાન, લક્ષણયુક્ત છે અને સ્વયં કર્તા, ભોક્તા તથા શરીર પ્રમાણ બનેલો અમૂર્તિમાન છે.

**ગ્રંથાન્તરમાં જીવની વ્યુત્પત્તિ આ પ્રમાણે કહી છે—**

तत्र जीवत्यजीवच्च जीविष्यति सचेतनः ।
यस्मात्तस्माद्बुधैः प्रोक्तो जीवस्तत्त्वविदां वरैः ॥१॥

ઉપરોક્ત સાત તત્વોમાં જે વડે ચેતનાયુકત 'જીવ છે' 'જીવતો હતો' અને 'જીવશે' તેને તત્વવેત્તાઓમાં શ્રેષ્ઠ બુદ્ધિમાનોએ 'જીવ' એવા શબ્દથી સંબોધેલ છે.

एको द्विधा त्रिधा जीवः चतुःसंक्रान्तिपञ्चमः ।
षट्कर्म सप्तभङ्गोऽष्टाश्रयो नवदशस्थितिः ॥१८॥

જીવો સામાન્ય ચૈતન્યરૂપથી એક પ્રકારના છે, ત્રસ–સ્થાવરના ભેદથી બે પ્રકારના છે. એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને સકલેન્દ્રિયના ભેદથી ત્રણ પ્રકારના છે. એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, સંજ્ઞી અને અસંજ્ઞીના ભેદથી ચાર પ્રકારના છે. એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિયના ભેદથી પાંચ પ્રકારના છે. પાંચ સ્થાવર અને એક ત્રસ આ પ્રમાણે ભેદ પાડવાથી છ પ્રકારના થાય છે. પાંચ સ્થાવર, વિકલેન્દ્રિય, સકલેન્દ્રિય એમ ભેદ કરવાથી

સાત પ્રકારના છે. પાંચ સ્થાવર, વિકલેન્દ્રિય, સંજ્ઞી અને અસંજ્ઞી આમ આઠ પ્રકારના છે. પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય, એક સકલેન્દ્રિય-એમ નવ પ્રકાર જીવના થાય છે. અને પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય અને સંજ્ઞી તથા અસંજ્ઞી એમ ભેદ કરતાં જીવો દશ પ્રકારના પણ છે. એ જ પ્રમાણે સામાન્ય-વિશેષના ભેદથી જીવો સંખ્યાત, અસંખ્યાત તથા અનંતભેદરૂપે છે.

भव्याभव्यविकल्पोऽयं जीवराशिर्निसर्गजः ।
मतः पूर्वोऽपवर्गाय जन्मपङ्काय चेतरः ॥१९॥

આ જીવરાશિ સ્વભાવની અપેક્ષાએ ભવ્ય અને અભવ્યંભેદ-સ્વરૂપે છે. પહેલો ભેદ અપવર્ગ એટલે મોક્ષને માટે અને ઈતર એટલે બીજો અભવ્યભેદ સંસારને માટે માનવામાં આવેલ છે.

**ભાવાર્થ**—ભવ્યજીવો મોક્ષગામી હોય છે અને અભવ્યજીવોને કદીપણ મોક્ષ થતો નથી.

सम्यग्ज्ञानादिरूपेण ये भविष्यन्ति जन्तवः ।
प्राप्य द्रव्यादिसामग्रीं ते भव्या मुनिभिर्मताः ॥२०॥

જે જીવો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવરૂપ સાધન સામગ્રીને પ્રાપ્ત કરી સમ્યગ્જ્ઞાનાદિરૂપે પરિણમશે તેમને જ આચાર્યોએ 'ભવ્ય' કહ્યાં છે.

अन्धपाषाणकल्पं स्यादभव्यत्वं शरीरिणाम् ।
यस्माज्जन्मशतेनापि नात्मतत्त्वं पृथग्भवेत् ॥२१॥

જીવોનું અભવ્યપણું અંધપાષાણ સમાન છે, જેને લીધે સેંકડો જન્મોમાં પણ આત્મતત્ત્વ જુદું-પૃથક્ થતું નથી.

**अभव्यानां स्वभावेन सर्वदा जन्मसंक्रमः ।**
**भव्यानां भाविनी मुक्तिर्निःशेषदुरितक्षयात् ॥२२॥**

અભવ્ય જીવોને સ્વભાવથી સંસારમાં સર્વદા **જન્મસંક્રમ** એટલે ભ્રમણ કરવાનું હોય છે અને ભવ્ય જીવોને સમસ્ત કર્મોના ક્ષયથી મુક્તિ અવશ્ય થાય જ છે.

**यथा धातोर्मलैः सार्द्धं सम्बन्धोऽनादिसंभवः ।**
**तथा कर्ममलैर्ज्ञेयः संश्लेषोऽनादिदेहिनाम् ॥२३॥**

જેવી રીતે સુવર્ણાદિ ધાતુઓનો મળ (માટી)ની સાથે અનાદિનો સંબંધ છે, તેવી જ રીતે જીવોનો કર્મમળની સાથે અનાદિકાળનો સંબંધ છે, એમ જાણવું.

**द्वयोरनादिसंसारः सान्तः पर्यन्तवर्जितः ।**
**वस्तुस्वभावतो ज्ञेयो भव्याभव्याङ्गिनोः क्रमात् ॥२४॥**

ભવ્ય અને અભવ્ય બન્નેયનો સંસાર તો આદિરહિત છે, પરંતુ ભવ્યનો સંસાર તો અંતવાળો છે (કારણ કે તેની મુક્તિ થાય છે) અને અભવ્યનો સંસાર અંતરહિત છે, (કારણ કે તેની મુક્તિ થતી નથી) આવો વસ્તુ સ્વભાવ જ છે એમ જાણવું. તેનું કંઈ બીજું કારણ નથી.

**चतुर्दशसमासेषु मार्गणासु गुणेषु च ।**
**ज्ञात्वा संसारिणो जीवाः श्रद्धेयाः शुद्धदृष्टिभिः ॥२५॥**

સંસારી જીવોને ચૌદ જીવસમાસ, ચૌદ માર્ગણા અને ચૌદ ગુણસ્થાનોમાં જાણીને સમ્યગ્દષ્ટિઓએ યથાતથ્યપણે શ્રદ્ધાન કરવું જોઈએ.

**ભાવાર્થ**—સંસારી જીવોના ભેદ ઘણા છે. તે ક્યાં સુધી કહેવા? તેથી સંક્ષેપમાં અહીં કહ્યું છે કે—જીવસમાસ, માર્ગણા અને ગુણસ્થાનોમાં જીવોનું વિશેષ સ્વરૂપ જાણીને શ્રદ્ધા કરવી જોઈએ.

## ૭ દ્રવ્યો અને અજીવ તત્ત્વનું વર્ણન

**धर्माधर्मनभःकाला: पुद्गलैः सह योगिभिः ।**
**द्रव्याणि षट प्रणीतानि जीवपूर्वाण्यनुक्रमात् ॥२६॥**

જીવ, પુદ્ગળ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ–યોગીશ્વરોએ આ ૭ દ્રવ્યો અનુક્રમે કહ્યાં છે.

**तत्र जीवादयः पञ्च प्रदेशप्रचयात्मकाः ।**
**कायाः कालं विना ज्ञेया भिन्नप्रकृतयोऽप्यमी ॥२७॥**

તે ૭ દ્રવ્યોમાંથી એક કાળને છોડી જીવાદિ પાંચ દ્રવ્યો અનેક પ્રદેશાત્મક હોવાને કારણે 'કાય' કહેવાય છે. કાલાણુ એક જ પ્રદેશી છે, તેથી તેને 'કાય' કહેલ નથી. આ બધા દ્રવ્યો જુદાં જુદાં સ્વભાવવાળાં છે એમ જાણવું.

**अचिद्रूपा विना जीवममूर्त्ताः पुद्गलं विना ।**
**पदार्था वस्तुतः सर्वे स्थित्युत्पत्तिव्ययात्मकाः ॥२८॥**

આ ૭ દ્રવ્યોમાંથી જીવ સિવાય બીજા પાંચ અચિદ્રૂપ છે, એટલે કે ચેતનારહિત અજીવ દ્રવ્યો છે. અને પુદ્ગળ દ્રવ્ય સિવાયના બાકીના બીજા પાંચ દ્રવ્યો અમૂર્ત છે. તેમનામાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને ગુણ નથી. પુદ્ગળમાં આ બધા ગુણો છે અને તે મૂર્ત છે. વળી આ દ્રવ્યોને પદાર્થ પણ કહે છે કારણ કે તે

ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યયુક્ત છે. પદાર્થનું સ્વરૂપ દ્રવ્ય પર્યાયાત્મક કહેવામાં આવ્યું છે. તેથી જે ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યરૂપ હોય છે તે જ પર્યાયરૂપ પણ હોય છે.

## પુદ્દગળ દ્રવ્યનું વર્ણન

अणुस्कन्धविभेदेन भिन्नाः स्युः पुद्गला द्विधा ।
मूर्ता वर्णरसस्पर्शगुणोपेताश्च रूपिणः ॥२९॥

અણુ અને સ્કંધના ભેદથી પુદ્દગળ બે પ્રકારનું છે અને તે વર્ણ, રસ, સ્પર્શ અને ગુણસહિત હોવાથી રૂપી (મૂર્ત) છે.

किन्त्वेकं पुद्गलद्रव्यं षड्विकल्प बुधैर्मतम् ।
स्थूलस्थूलादिभेदेन सूक्ष्मसूक्ष्मेन च क्रमात् ॥३०॥

પરંતુ એકેક પુદ્દગળ દ્રવ્યને આશ્રી વિદ્વાનોએ **સ્થૂળસ્થૂળ** અને સૂક્ષ્મસૂક્ષ્માદિ ભેદોના ક્રમથી છ પ્રકારનું કહ્યું છે. **જેમકે– સ્થૂળસ્થૂળ**–તો પૃથ્વી પર્વતાદિ છે. **સ્થૂળ**–પાણી, દૂધ વિ. તરલ પદાર્થ છે. **સ્થૂળ સૂક્ષ્મ**– છાયા આતપાદિ નેત્ર ઈન્દ્રિયગોચર છે. **સૂક્ષ્મસ્થૂળ**–નેત્રેન્દ્રિય સિવાયની બીજી ચાર ઈન્દ્રિયોથી ગ્રહણ થનારા શબ્દ ગંધાદિક છે. **સૂક્ષ્મ**–કર્મવર્ગણા છે. અને **સૂક્ષ્મ-સૂક્ષ્મ**–પરમાણુ છે. આ પ્રમાણે પુદ્દગળના છ ભેદ છે.

प्रत्येकमेकद्रव्याणि धर्मादीनि यथायथम् ।
आकाशान्तान्यमूर्तानि निःक्रियाणि स्थिराणि च ॥३१॥

ધર્મ, અધર્મ, આકાશ આ ત્રણે દ્રવ્યો પૃથક્ પૃથક્ એકેક દ્રવ્ય છે. અને તે ત્રણેય અમૂર્ત, નિષ્ક્રિય અને સ્થિર છે.

## ધર્મ દ્રવ્ય

सलोकगगनव्यापी धर्मः स्याद्गतिलक्षणः ।
तावन्मात्रोऽप्यधर्मोऽयं स्थितिलक्ष्मः प्रकीर्तितः ॥३२॥

ધર્મ દ્રવ્ય લોકાકાશ વ્યાપી છે અને ગતિમાં સહાયક–સહકારી થવાનો તેનો સ્વભાવ અથવા લક્ષણ છે. અને અધર્મ દ્રવ્ય પણ લોકાકાશ વ્યાપી છે. તેનું લક્ષણ અથવા સ્વભાવ સ્થિતિમાં–સ્થિર થવામાં સહકારી થવાનું છે.

स्वयं गन्तुं प्रवृत्तेषु जीवाजीवेषु सर्वदा ।
धर्मोऽयं सहकारी स्याज्जलं यादोऽङ्गिनामिव ॥३३॥

ધર્મદ્રવ્ય જીવ–પુદ્ગળના પ્રેરક સહકારી નથી, પરંતુ જીવ પુદ્ગળ પોતે ગમન કરવાની પ્રવૃત્તિ કરતા હોય ત્યારે આ સર્વકાળે સહકારી (સહાયક) બને છે, જેવી રીતે કે–પાણીમાં રહેનારા મત્સ્યાદિને પાણી સહકારી થાય છે. પાણી પ્રેરણા કરીને મત્સ્યાદિ જળચરોને ચલાવતું નથી પરંતુ જ્યારે તે ચાલે છે ત્યારે તેમને ચાલવામાં સહાયક થાય છે. તેમ ધર્માસ્તિકાય જીવ અને પુદ્ગળ ગતિ કરતા હોય ત્યારે ગતિમાં સહાયક થાય છે.

## અધર્મ દ્રવ્ય

दत्ते स्थितिं प्रपन्नानां जीवादीनामयं स्थितिं ।
अधर्मः सहकारित्वाद्यथा छायाऽध्ववर्त्तिनाम् ॥३४॥

અધર્મ દ્રવ્ય સ્થિતિ–સ્થિરતાને પ્રાપ્ત થયેલા જીવ અને પુદ્ગળોને સ્થિર કરાવવામાં સહાયક થાય છે, જેમકે–માર્ગમાં ચાલતા પથિકને બેસવા માટે છાયા સહકારી છે, તે જ પ્રમાણે અધર્મ દ્રવ્ય પણ જીવોને સ્થિર થવામાં સહાયક છે પરંતુ પ્રેરક નથી.

## આકાશ દ્રવ્ય

**अवकाशप्रदं व्योम सर्वगं स्वप्रतिष्ठितम् ।**
**लोकालोकविकल्पेन तस्य लक्ष्म प्रकीर्त्तितम् ॥३५॥**

આકાશ દ્રવ્ય અન્ય પાંચ દ્રવ્યોને અવકાશ આપનાર અને સર્વવ્યાપી છે તથા સ્વપ્રતિષ્ઠિત છે એટલે કે પોતે પોતાને જ આધારે છે, તેનો કોઈ બીજો આધાર નથી. આ આકાશ લોકાકાશ અને અલોકાકાશના ભેદથી બે પ્રકારનું છે.

**लोकाकाशप्रदेशेषु ये भिन्ना अणवः स्थिताः ।**
**परिवर्त्ताय भावानां मुख्यकालः स वर्णितः ॥३६॥**

લોકાકાશના પ્રદેશોમાં જે કાળના ભિન્ન ભિન્ન અણુઓ દ્રવ્યોનું પરિવર્તન કરાવવા માટે રહેલા છે તેમને મુખ્યકાળ એટલે નિશ્ચય-કાળ કહે છે.

## કાળ દ્રવ્ય

**समयादिकृतं यस्य मानं ज्योतिर्गणाश्रितम् ।**
**व्यवहाराभिधः कालः स कालज्ञैः प्रपञ्चितः ॥३७॥**

જે કાળનું પરિમાણ જ્યોતિષી દેવોના સમૂહના ગમનાગમનના આધારે સમય આદિ ભેદરૂપે કરવામાં આવેલ છે, તેને કાળના જ્ઞાતા વિદ્વાનોએ વ્યવહાર કાળ કહેલ છે.

**यदमी परिवर्तन्ते पदार्था विश्ववर्तिनः ।**
**नवजीर्णादिरूपेण तत्कालस्यैव चेष्टितम् ॥३८॥**

લોકમાં અવસ્થિત આ સમસ્ત પદાર્થો કે જે નવામાંથી જૂની અવસ્થાને (નવામાંથી જૂના થવારૂપ પર્યાયને) ધારણ કરે છે તે બધી કાળની ચેષ્ટાથી જ કરે છે. એટલે કે સમસ્ત દ્રવ્યોના પરિણમનમાં કાળની વર્ત્તના જ નિમિત્તભૂત છે.

भाविनो वर्त्तमानत्वं वर्तमानास्त्वतीतताम् ।
पदार्थाः प्रतिपद्यन्ते कालकेलिकदर्थिताः ॥३९।

પદાર્થ કાળની લીલાથી (વર્ત્તનાથી) એક અવસ્થામાંથી અન્ય અવસ્થાને પ્રાપ્ત થાય છે એટલે કે જે આગામી (ભવિષ્યકાળની) અવસ્થા થનારી છે તે તો વર્તમાનપણાને પ્રાપ્ત થાય છે અને વર્તમાન છે તે અતીતપણાને પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે સમયે સમયે અવસ્થા પલટતી રહે છે.

धर्माधर्मनभःकाला अर्थपर्यायगोचराः ।
व्यञ्जनाख्यस्य संबन्धौ द्वावन्यौ जीवपुद्गलौ ॥४०॥

ધર્મ, અધર્મ, આકાશ અને કાળ આ ચાર પદાર્થો તો અર્થ-પર્યાયગોચર છે, અને બીજા બે એટલે કે જીવ તથા પુદ્ગળ વ્યંજન-પર્યાયના સંબંધરૂપ છે.

**ભાવાર્થ**—ધર્માદિ ચાર દ્રવ્યોના આકાર પલટતા નથી, તેથી હાનિવૃદ્ધિના પરિણમનરૂપ અર્થપર્યાય જ તેમને મુખ્ય કહેલ છે અને જીવ તથા પુદ્ગળોના આકાર પલટતા રહે છે, તેથી તેમને વ્યંજનપર્યાય મુખ્ય કહેલ છે.

भावाः पञ्चैव जीवस्य द्वावन्त्यौ पुद्गलस्य च ।
धर्मादीनां तु शेषाणां स्याद्भावः पारिणामिकः ॥४१॥

જીવને ઔદયિકાદિ* પાંચે ભાવો છે. પુદ્ગળને છેલ્લા બે એટલે કે સૂત્રપાઠની અપેક્ષા છેલ્લા ઔદયિક અને પારિણામિક છે. તથા શેષ ધર્માદિ ચાર દ્રવ્યોને એક પારિણામિક ભાવ જ છે.

अन्योऽन्यसंक्रमोत्पन्नो भावः स्यात्सान्निपातिकः ।
षड्विंशद्भेदभिन्नात्मा स षष्ठो मुनिभिर्मतः ॥४२॥

જીવના આ પાંચે ભાવોના પરસ્પર સંયોગથી ઉત્પન્ન થયેલો સાન્નિપાતિક નામનો એક છઠો ભાવ પણ આચાર્યોએ માન્યો છે. તે છવીસ ભેદ–પ્રભેદ વાળો છે, છત્રીસ ભેદરૂપ અને એકતાળીસ ભેદરૂપ પણ કહેલ છે.

શંકા

**પ્રશ્ન**—અહીં કોઈ એમ પ્રશ્ન કરે કે જીવના પાંચ અથવા છ ભાવ એમ શા માટે કહ્યા ? કારણ કે જીવને યથાર્થ ભાવ તો એક પારિણામિક જ છે. ઔદયિક આદિ ભાવ તો કર્મજન્ય છે. ટીકામાં તેમને જીવના ભાવો શા માટે કહ્યા ?

**ઉત્તર**—તમારું કહેવું બરાબર નથી, કારણ કે આ ભાવો યદ્યપિ કર્મજનિત છે, તથાપિ જીવ જ આ ભાવોના રૂપમાં પરિણમે છે. અનાદિ કર્મબંધના નિમિત્તથી જીવને એવો અભ્યાસ પડી ગયો છે કે જ્યારે જ્યારે કર્મનો જેવો ઉદયાદિક નિમિત્ત મળે છે ત્યારે ત્યારે તે તે ભાવરૂપે પરિણમી જાય છે.

જો એમ નહિ માનો તો જીવને સાંખ્યમતી તથા વેદાંતમતીઓની માન્યતા અનુસાર નિત્ય કૂટસ્થ (એકરૂપ) માનવો પડશે. અને તેનો

* ઔદયિક, ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક (મિશ્ર) અને પારિણામિક આ પાંચ ભાવ છે.

સંસાર ભાવ (સંસાર અવસ્થા) રહેશે નહિ. અને જો સંસાર અવસ્થા જ નહિ હોય તો પછી મોક્ષનો અભાવ માનવો પડશે અને મોક્ષનો અભાવ માનવાથી તો મહાન દોષ આવશે. તેથી જ જૈન મતમાં જીવને કર્મબંધ થવાનું અને કર્મોના નાશ થવા પર મોક્ષ થવાનું કહ્યું છે. અને મોક્ષ થવાનો ઉપાય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર સહિત ધ્યાન કરવાનું કહ્યું છે.

સ્યાદ્વાદ ન્યાયથી બધું સંભવિત થાય છે. વસ્તુસ્વરૂપ અનંત ધર્મી છે. એમ પ્રમાણથી સિદ્ધ છે. તેથી જૈનોનું કથન સર્વથા નિરાબાધ છે અને સર્વથા એકાન્ત-વાદીઓનું કથન સર્વથા બાધાવાળું છે. એમ નિઃસંદેહ જાણી શ્રદ્ધાન કરવું ઉચિત છે.

## દ્રવ્યોના પ્રદેશો

धर्माधर्मैकजीवानां प्रदेशा गणनातिगाः ।
कियन्तोऽपि न कालस्य व्योम्नः पर्यन्तवर्जिताः ॥४३॥

ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય અને એક જીવદ્રવ્યના પ્રદેશો ગણનાતીત એટલે કે અસંખ્યાતા છે અને કાળ દ્રવ્યનો એક જ અણુમાત્ર પ્રદેશ છે. તેથી કાળના કેટલા પ્રદેશો છે, એવું કથન જ નથી. અને આકાશના અંતવર્જિત એટલે કે અનંત પ્રદેશો છે.

एकादयः प्रदेशाः स्युः पुद्गलानां यथायथम् ।
संख्यातीताश्च संख्येया अनन्ता योगिकल्पिताः ॥४४॥

યોગીશ્વરોએ પુદ્ગળ દ્રવ્યના એક પ્રદેશથી માંડી જેટલા પ્રદેશી હોય તેટલા સંખ્યાત, અસંખ્યાત અને અનંત પ્રદેશો કહ્યા છે.

**ભાવાર્થ**—પુદ્ગળ દ્રવ્ય એક પરમાણુ છે. તે મળીને બે પરમાણુથી માંડી સંખ્યાત પરમાણુ સુધીનો સ્કંધ થાય છે તથા અસંખ્યાત પરમાણુ મળીને અસંખ્યાત પરમાણુનો સ્કંધ થાય છે અને અનંત પરમાણુઓનો સ્કંધ પણ થાય છે. તેથી પુદ્ગળ સ્કંધના સંખ્યાત, અસંખ્યાત અથવા અનંત પ્રદેશો કહ્યા છે,

**मूर्त्तो व्यञ्जनपर्यायो वाग्गम्योऽनश्वरः स्थिरः ।**
**सूक्ष्मः प्रतिक्षणध्वंसी पर्यायश्चार्थसंज्ञिकः ॥४५॥**

વ્યંજન પર્યાય મૂર્ત છે, વચનને ગોચર એટલે વાણીગમ્ય છે, અનશ્વર છે અને સ્થિર છે. જ્યારે અર્થપર્યાય સૂક્ષ્મ અને ક્ષણુ-ભંગુર છે.

### બંધતત્વ

**प्रकृत्यादिविकल्पेन ज्ञेयो बन्धश्चतुर्विधः ।**
**ज्ञानावृत्यादिभेदेन सोऽष्टधा प्रथमः स्मृतः ॥४६॥**

પ્રકૃત્યાદિ ભેદથી બંધ ચાર પ્રકારનો છે. તેમાં પહેલો પ્રકૃતિ-બંધ છે કે જે જ્ઞાનાવરણુ, દર્શનાવરણાદિ ભેદથી આઠ પ્રકારનો છે.

**मिथ्यात्वविरति योगः काषायाश्च यथाक्रमाव् ।**
**प्रमादैः सह पञ्चैते विज्ञेया बन्धहेतवः ॥४७॥**

મિથ્યાત્વ, અવિરતિ, યોગ, કષાય અને પ્રમાદ અનુક્રમે આ પાંચ બંધના હેતુ અથવા કારણ છે. અતત્ત્વશ્રદ્ધાનને **મિથ્યાત્વ,** અત્યાગરૂપ પરિણામોને **અવિરતિ,** નિશ્ચય વ્યવહાર ચારિત્રમાં અસાવધાનીરૂપ પરિણામોને **પ્રમાદ,** ક્રોધ, માન, માયા અને લોભરૂપ પરિણામોને કષાય અને મન વચન કાયાના નિમિત્તે

આત્માનું ચંચળપણું થવાને **યોગ** કહે છે. આ પ્રમાણે બંધના હેતુ કહ્યા છે.

**उत्कर्षेणापकर्षेण स्थितिर्या कर्मणां मता ।**
**स्थितिबन्धः स विज्ञेय इतरस्तत्फलोदयः ॥४८॥**

જે ઉત્કૃષ્ટ, જઘન્ય તથા મધ્યમ ભેદવાળી અને વધઘટવાળી જે કર્મોની સ્થિતિ (કાળમર્યાદા) બતાવી છે, તેને **સ્થિતિબંધ** અને કર્મના ફળને ઈતર એટલે **અનુભાગબંધ** કહ્યો છે એમ જાણવું.

**परस्परप्रदेशानुप्रवेशो जीवकर्मणोः ।**
**यः संश्लेषः स निर्दिष्टो बन्धो विध्वस्तबन्धनैः ॥४९॥**

જીવ અને કર્મ આ બન્નેના પ્રદેશોનું અરસપરસ મળી જવા રૂપ એટલે કે એકક્ષેત્રાવગાહ થવાથી જે સંબંધ થાય છે, તેને બંધરહિત એવા સર્વજ્ઞ દેવોએ **પ્રદેશબંધ** કહેલ છે.

**प्रागेव भावनातन्त्रे निर्जरास्रवसंवराः ।**
**कथिताः कीर्त्तयिष्यामि मोक्षमार्गं सहेतुकम् ॥५०॥**

નિર્જરા, આસ્રવ અને સંવરનું વર્ણન અગાઉ દ્વાદશ (બાર) ભાવનાના પ્રકરણમાં કરેલ છે તેથી અહીં કરેલ નથી.

### મોક્ષતત્વ

**एवं द्रव्याणि तत्त्वानि पदार्थान् कायसंयुतान् ।**
**यः श्रद्धत्ते स्वसिद्धान्तात्स स्यान्मुक्तेः स्वयं वरः ॥५१॥**

ઉપર કહ્યા પ્રમાણે છ દ્રવ્ય, સાત તત્વ, નવ પદાર્થ અથવા પંચાસ્તિકાયને પોતાના સિદ્ધાંત દ્વારા જે આત્મા યથાર્થ શ્રદ્ધાન

કરે છે, તે મુક્તિનો સ્વયં વર થાય છે એટલે કે મુક્તિરૂપી કન્યા તેને સ્વયં વરે છે. તાત્પર્ય એ છે કે તેને મોક્ષ પ્રાપ્ત થાય છે.

इति जीवादयो भावा दिङ्मात्रेणात्र वर्णिताः ।
विशेषरुचिभिः सम्यग्विज्ञेयाः परमागमात् ॥५२॥

આ પ્રમાણે જીવાદિ તત્ત્વોનું દિગ્દર્શન માત્ર આ ગ્રંથમાં કરાવ્યું છે. વિશેષ જાણવાની અભિરુચિવાળાઓએ અન્ય શાસ્ત્રોથી જાણી લેવું.

### સમ્યગ્દર્શનનું મહાત્મ્ય

सद्दर्शनमहारत्नं विश्वलोकभूषणम् ।
मुक्तिपर्यन्तकल्याणदानदक्षं प्रकीर्तितम् ॥५३॥

સમ્યગ્દર્શન મહારત્ન સમસ્ત લોકનું આભૂષણ છે અને મોક્ષ થતાં સુધી આત્માનું કલ્યાણ (હિત) કરનારાઓમાં શ્રેષ્ઠ છે.

चरणज्ञानयोर्बीजं यमप्रशमजीवितम् ।
तपःश्रुताद्यधिष्ठानं सद्भिः सद्दर्शनं मतम् ॥५४॥

સમ્યગ્દર્શનને સત્પુરુષોએ ચારિત્ર અને જ્ઞાનનું બીજ એટલે કે ઉત્પન્ન કરવાનું કારણ માન્યું છે. કારણ કે તેના વિના સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર થતું જ નથી. વળી યમ (મહાવ્રતાદિ) અને પ્રશમ (વિશુદ્ધભાવ) માટે તે જીવન આપનારું છે—એટલે કે ચેતનકર—જીવન સ્વરૂપ છે. સમ્યગ્દર્શન ન હોય તો યમ, પ્રશમાદિ નિર્જીવ સમાન છે. એ જ પ્રમાણે તપ અને સ્વાધ્યાયનું પણ તે આશ્રય સ્વરૂપ છે, તેના વિના આ બધા નિરાશ્રયી છે. આ પ્રમાણે જેટલા શમ, દમ, બોધ, વ્રત, તપાદિ કહ્યા છે તેને સમ્યગ્દર્શન

સફળ સાર્થક બનાવે છે. તેના વિના તેઓ મોક્ષફળદાયક થઈ શકતા નથી.

**अप्येकं दर्शनं श्लाघ्यं चरणज्ञानविच्युतम् ।**
**न पुनः संयमज्ञाने मिथ्यात्वविषदूषिते ॥५५॥**

ચારિત્ર અને જ્ઞાન વિનાનું સમ્યગ્દર્શન પણ પ્રશંસનીય કહેવાય છે. કારણ કે તેના વિના સંયમ (ચારિત્ર) અને જ્ઞાન મિથ્યાત્વરૂપી વિષથી દૂષિત થાય છે. એટલે કે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ વિના જ્ઞાન મિથ્યાજ્ઞાન અને ચારિત્ર કુચારિત્ર કહેવાય છે.

**अत्यल्पमपि सूत्रज्ञैर्दृष्टिपूर्वं यमादिकम् ।**
**प्रणीतं भवसम्भूतक्लेशप्राग्भारभेषजम् ॥५६॥**

સમ્યગ્દર્શન સહિત યમ, નિયમ, તપાદિ થોડા પણ હોય તો પણ તેમને સૂત્રોના જ્ઞાતા બહુસૂત્રી આચાર્યોએ સંસારથી ઉત્પન્ન થયેલા મહાન કલેશ દુઃખોના મહારોગ માટે ઔષધિસમાન કહ્યા છે.

**ભાવાર્થ**—સમ્યગ્દર્શન હોતાં વ્રતાદિક અલ્પ હોય તો પણ તે સંસારજનિત દુઃખરૂપી રોગોને નષ્ટ કરવામાં ઔષધ સમાન બને છે.

**मन्ये मुक्तः स पुण्यात्मा विशुद्धं यस्य दर्शनं ।**
**यतस्तदेव मुक्त्यङ्गमग्रिमं परिकीर्तितम् ॥५७॥**

જેને નિર્મળ અતિચાર રહિત સમ્યગ્દર્શન છે, તે જ પુણ્યાત્મા અથવા મહાભાગ્યવાન મુક્ત છે, એમ હું માનું છું. કારણ કે સમ્યગ્દર્શનને જ મોક્ષનું પ્રધાન અંગ માનવામાં આવ્યું છે. મોક્ષમાર્ગના પ્રકરણમાં સમ્યગ્દર્શનને જ પ્રધાન સ્થાન આપવામાં આવ્યું છે.

प्राप्नुवन्ति शिवं शश्वच्चरणज्ञानविश्रुताः ।
अपि जीवा जगत्यस्मिन्न पुनर्दर्शनं विना ॥५८॥

આ જગતમાં જે જીવો ચારિત્ર અને જ્ઞાનને કારણે સદા પ્રસિદ્ધ છે અને થયા છે, તેઓ પણ સમ્યગ્દર્શન વિના મોક્ષને પ્રાપ્ત થયા નથી અને થતા નથી.

## ઉપસંહાર

अतुलसुखनिधानं सर्वकल्याणबीजं
जननजलधिपोतं भव्यसत्त्वैकपात्रम् ।
दुरिततरुकुठारं पुण्यतीर्थप्रधानं
पिबत जितविपक्षं दर्शनाख्यं सुधाम्बुम् ॥५९॥

હે ભવ્ય જીવો ! તમે સમ્યગ્દર્શનરૂપી અમૃતનું પાન કરો. કારણ કે આ સમ્યગ્દર્શન અતુલ્ય સુખનું નિધાન (ખજાનો) છે. સમસ્ત કલ્યાણનું બીજ એટલે કે કારણ છે. સંસારરૂપી સમુદ્રને તરવા માટે વહાણ સમાન છે, તથા તેને ધારણ કરનારા એકમાત્ર પાત્ર ભવ્યજીવો જ છે. અભવ્યજીવો તેના કદાપિ પાત્ર થઈ શકતા નથી. અને આ સમ્યગ્દર્શન પાપરૂપી વૃક્ષને કાપવા માટે કુહાડા સમાન છે, તેમ જ આ પવિત્ર તીર્થોમાં સૌથી પ્રધાન છે–મુખ્ય છે. જેણે પોતાના વિપક્ષી– મિથ્યાત્વરૂપી શત્રુને જીતી લીધો છે એવું આ સમ્યગ્દર્શન છે. તેથી ભવ્યજીવોએ સર્વ પ્રથમ તેને જ અંગીકાર કરવું જોઈએ.

છપ્પય

**સપ્ત તત્ત્વ ષટ્ દ્રવ્ય, પદારથ નવ મુનિ ભાખે ।**
**અસ્તિકાય સમ્યક્ત્વ, વિષય નીકે મન રાખે ॥**

**તિનકો સાંચે જાન, આપ પરભેદ પિછાનહુ ।**
**ઉપાદેય હૈ આપ, આન સબ હેય બખાનહુ ॥**
**યહ સરધા સાંચી ધારકૈ, મિથ્યાભાવ નિવારિયે ।**
**તબ સમ્યગ્દર્શન પાયકૈ, થિર વ્હૈ મોક્ષ પધારિયે ॥**

**ભાવાર્થ**—આ જગતમાં સાત તત્ત્વ, છ દ્રવ્ય, નવ પદાર્થ બતાવ્યા છે તેમાં તેમ જ અસ્તિકાય અને સમ્યકત્વના વિષે જે પોતાનું મન રાખે છે તેને જ તમે સાચા માનો અને પોતાના તથા પરનો ભેદ ઓળખો. તેમાં પોતે (આત્મા) ઉપાદેય છે અને બાકી બધા હેય છે એવી સાચી શ્રદ્ધા ધારણ કરીને મિથ્યાભાવનું નિવારણ કરીને પછી સમ્યગ્દર્શન પ્રાપ્ત કરો. અને અંતે સ્થિર થઈ મોક્ષ પધારો.

૭

# સાતમો સર્ગ

## સમ્યગ્જ્ઞાન

त्रिकालगोचरानन्तगुणपर्यायसंयुताः ।
यत्र भावाः स्फुरन्त्युच्चैस्तज्ज्ञानं ज्ञानिनां मतम् ॥१॥

જેમાં ત્રણે કાળના ગોચર (જાણી શકાય) એવા અનંતગુણ-પર્યાયવાળા પદાર્થો અતિશયપણાની સાથે પ્રતિભાસિત થાય છે, તેમને જ્ઞાની પુરુષોએ જ્ઞાન કહ્યું છે. આ વ્યાખ્યા સામાન્યપણે સંપૂર્ણજ્ઞાનના સ્વરૂપની છે. આકાશદ્રવ્ય અનંતાનંત પ્રદેશી છે. તેની મધ્યમાં અસંખ્યાત પ્રદેશી લોકાકાશ છે. તેમાં જીવ, પુદ્ગળ, ધર્મ, અધર્મ અને કાળ મળી અનંત દ્રવ્યો છે. તેમના ત્રણે કાળ સંબંધી અનંત અનંત ભિન્ન ભિન્ન પર્યાયો છે. તે બધાને યુગપત્ (એક સમયમાં) જાણનાર પૂર્ણજ્ઞાન તે આત્માનો નિશ્ચય સ્વભાવ છે. કર્મના નિમિત્તથી તેના અનેક ભેદ થયા છે.

ध्रौव्यादिकलितैर्भावैर्निर्भरं कलितं जगत् ।
चिन्तितं युगपद्यत्र तज्ज्ञानं योगिलोचनम् ॥२॥

ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સ્વભાવી પદાર્થોથી અતિશયપણે ભરેલું આ જગત જે જ્ઞાનમાં યુગપત્ પ્રતિબિંબિત થાય તે જ જ્ઞાન યોગીશ્વરોના નેત્રસમાન છે.

**ભાવાર્થ**—અન્યમતીઓમાં યોગી પ્રત્યક્ષ જ્ઞાનને માને છે, તે યથાર્થ નથી. ઉપર બતાવ્યું તે જ્ઞાન જ સત્યાર્થ છે.

## જ્ઞાનના પાંચ પ્રકાર

मतिश्रुतावधिज्ञानं मनःपर्ययकेवलम् ।
तदित्थं सान्वयैर्भेदैः पञ्चधेति प्रकल्पितम् ॥३॥

આ જ્ઞાન મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવળ આ પાંચ ભેદથી પાંચ પ્રકારે કલ્પાયું છે.

**ભાવાર્થ**—કર્મના નિમિત્તથી આ પાંચ પ્રકારની કલ્પના કરવામાં આવી છે. પરમાર્થથી તો જ્ઞાનમાત્રમાં કંઈપણ ભેદ નથી. માત્ર પ્રત્યક્ષ અને પરોક્ષનો જ ભેદ છે.

## મતિજ્ઞાનના ભેદો

अवग्रहादिभिर्भेदैर्बह्वाद्यन्तर्भवैः परैः ।
षट्त्रिंशत्त्रिशतं प्राहुर्मतिज्ञानं प्रप्रञ्चतः ॥४॥

અવગ્રહ, ઇહા, અવાય અને ધારણા તથા બહુવિધિ વિ. બાર પ્રકારના ભેદોથી વિસ્તાર કરવાથી મતિજ્ઞાનના ત્રણસો ને છત્રીસ ભેદ થાય છે,

**प्रसृतं बहुधाऽनेकैरङ्गपूर्वैः प्रकीर्णकैः ।**
**स्याच्छब्दलाञ्छितं तद्धि श्रुतज्ञानमनेकधा ॥५॥**

અગિયાર અંગ, ચૌદ પૂર્વ અને ચૌદ પ્રકીર્ણક વિ. થી અનેક પ્રકારે વિસ્તૃત, સ્યાત્ શબ્દથી અંકિત શ્રુતજ્ઞાન અનેક પ્રકારનું છે.

### શ્રુતજ્ઞાન

**ભાવાર્થ**—શાસ્ત્ર સાંભળવાથી તે નિમિત્તે ઉત્પન્ન થયેલું જ્ઞાન મુખ્યતાએ શ્રુતજ્ઞાન કહેવાય છે. તે શાસ્ત્ર અંગપૂર્વાદિકથી અનેક ભેદરૂપ છે. તેથી જ્ઞાન પણ અનેક પ્રકારનું છે. અને 'સ્યાત્' શબ્દનો 'કોઇ પ્રકારે-કોઈ અપેક્ષાએ' એમ અર્થ છે તેથી આ 'સ્યાત્' શબ્દથી શ્રુતજ્ઞાન ચિન્હિત છે. જેથી આમાં કોઈ પણ પ્રકારની બાધા આવતી નથી. તેથી જે નિર્બાધ છે તે જ શ્રુતજ્ઞાન કહેવાય છે.

### અવધિજ્ઞાન

**देवनारकयोर्ज्ञेयस्त्ववधिर्भवसम्भवः ।**
**षड्विकल्पश्च शेषाणां क्षयोपशमलक्षणः ॥६॥**

દેવ અને નારકી જીવોને તો અવધિજ્ઞાન જન્મથી જ ઉત્પન્ન થાય છે. તેનું કારણ નરકગતિ અથવા દેવગતિ જ છે. તેથી તેને ભવપ્રત્યય અવધિ કહે છે. અને મનુષ્ય તથા તિર્યંચોને જે ક્ષયોપશમથી થાય છે તે છ પ્રકારનું છે—(૧) અનુગામી (૨) અનનુગામી (૩) હીયમાન (૩) વર્ધમાન (૫) અવસ્થિત (૬) અનવસ્થિત આ પ્રમાણે છ ભેદ છે, તે ક્ષાયોપશમિક કહેવાય છે.

## મનઃપર્યયજ્ઞાન

ऋजुर्विपुल इत्येवं स्यान्मनःपर्ययो द्विधा ।
विशुद्ध्यप्रतिपाताभ्यां तद्विशेषोऽवगम्यताम् ॥७॥

મનઃપર્યયજ્ઞાન—ઋજુમતિ અને વિપુલમતિના ભેદથી બે પ્રકારનું છે. આ બન્નેમાં વિશુદ્ધતા અને અપ્રતિપાતની (નહિ પડવાની) વિશેષતા છે.

## કેવળજ્ઞાન

अशेषद्रव्यपर्यायविषयं विश्वलोचनम् ।
अनन्तमेकमत्यक्षं केवलं कीर्तितं बुधैः ॥८॥

જે સમસ્ત દ્રવ્યોના પર્યાયોને જાણે છે, સંપૂર્ણ જગતને જોવા-જાણવાનું નેત્ર છે તથા અનંત છે, એક છે અને અતીન્દ્રિય છે એટલે કે મતિશ્રુત જ્ઞાન સમાન ઇન્દ્રિયજનિત નથી, કેવળ આત્મા વડે જ જાણે છે, તેને વિદ્વાનોએ કેવળજ્ઞાન કહ્યું છે.

कल्पनातीतमभ्रान्तं स्वपरार्थावभासकम् ।
जगज्ज्योतिरसंदिग्धमनन्तं सर्वदोदितम् ॥९॥

વળી કેવળજ્ઞાન કલ્પનાતીત છે, પદાર્થ સંબંધી વિષય જાણવામાં કોઈ જાતની તેમાં કલ્પના હોતી નથી, સ્પષ્ટપણે જાણે છે, તેમ જ પોતાને તથા પરને બન્નેને જાણે છે. તે જ્ઞાન જગત આખાને પ્રકાશિત કરનાર, સંદેહ રહિત, અનંત અને સદાકાળ ઉદયરૂપ છે તથા તેનો કોઈ વખતે કોઈપણ પ્રકારે અભાવ થતો નથી.

अनन्तानन्तभागेऽपि यस्य लोकश्चराचरः ।
अलोकश्च स्फुरत्युच्चैस्तज्ज्योतिर्योगिनां मतम् ॥१०॥

કેવળજ્ઞાનના અનંતાનંત ભાગ કરવા છતાં પણ આ ચરાચર લોક પ્રતિભાસિત થાય છે. તેમ જ અલોકાકાશ અનંતાનંત પ્રદેશી છે, તે પણ પ્રગટપણે પ્રત્યક્ષ પ્રતિભાસે છે. આ પ્રમાણે આ જ્ઞાનને યોગીશ્વરોએ જ્યોતિપ્રકાશસ્વરૂપ કહ્યું છે.

**ભાવાર્થ**—કેવળજ્ઞાનમાં સમસ્ત લોકાલોક પ્રકાશમાન છે. અને આ જ્ઞાન યોગીશ્વરોને જ થાય છે.

આ પ્રમાણે સામાન્યજ્ઞાનની અપેક્ષાએ તો આ પાંચેય જ્ઞાન એક છે, તથાપિ કર્મના નિમિત્તથી પાંચ પ્રકારના ભેદ બતાવવામાં આવ્યા છે. કારણ કે મતિ, શ્રુત અવધિ અને મનઃપર્યય આ ચાર જ્ઞાન કર્મોના ક્ષયોપશમથી થાય છે અને કેવળજ્ઞાન આત્માનો નિજસ્વભાવ છે અને તે ઘાતી કર્મોનો સર્વથા ક્ષય થવાથી પ્રગટ થાય છે. આ જ્ઞાન અવિનાશી અને અનંત છે. હંમેશા જેવું ને તેવું જ—એકસરખું રહે છે અને તેને કદીપણ કર્મમળ લાગતો નથી.

## જ્ઞાનની મહત્તા

अगम्यं यन्मृगाङ्कस्य दुर्भेद्यं यद्रवेरपि ।
तद्दुर्बोधोद्धतं ध्वान्तं ज्ञानभेद्यं प्रकीर्त्तितम् ॥११॥

જે મિથ્યાજ્ઞાનરૂપી ઉત્કટ અંધકારને ચંદ્ર તથા સૂર્ય પણ નષ્ટ કરી શકતા નથી એવો તે દુર્ભેદ્ય છે. તે મિથ્યાત્વરૂપી અંધકાર જ્ઞાનથી જ નષ્ટ કરી શકાય છે એટલે કે જ્ઞાન જ તેને ભેદી શકે છે.

दुःखज्वलनतप्तानां संसारोग्रमरुस्थले ।
विज्ञानमेव जन्तूनां सुधाम्बुप्रीणनक्षमः ॥१२॥

આ સંસારરૂપી ઉગ્ર મરુસ્થળમાં દુઃખરૂપી અગ્નિથી તપ્ત જીવોને આ સત્યાર્થ જ્ઞાન જ અમૃતરૂપી જળથી તૃપ્ત કરવાને સમર્થ છે.

**ભાવાર્થ**—સંસારના દુઃખો મટાડવાને સમ્યગ્જ્ઞાન જ સમર્થ છે.

निरालोकं जगत्सर्वमज्ञानतिमिराहतम् ।
तावदास्ते उदेत्युच्चैर्न यावज्ज्ञानभास्करः ॥१३॥

જ્યાંસુધી જ્ઞાનરૂપી સૂર્યનો ઉદય થતો નથી ત્યાંસુધી આ સમસ્ત જગત અજ્ઞાનરૂપી અંધકારથી આચ્છાદિત છે. એટલે કે જ્ઞાનરૂપી સૂર્યનો ઉદય થતાં જ અજ્ઞાનરૂપી અંધકાર નષ્ટ થઇ જાય છે.

बोध एव दृढः पाशो हृषीकमृगबन्धने ।
गारुडश्च महामन्त्रः चित्तभोगिविनिग्रहे ॥१४॥

ઇન્દ્રિયરૂપી મૃગોને બાંધવા માટે જ્ઞાન જ એક દૃઢ-મજબૂત ફાંસી છે એટલે કે જ્ઞાન વિના ઇન્દ્રિયો વશ થતી નથી તથા ચિત્ત-રૂપી સર્પનો નિગ્રહ કરવા માટે જ્ઞાન જ એકમાત્ર ગારુડી મહામંત્ર છે. એટલે કે મન પણ જ્ઞાનથી જ વશ થાય છે.

निशातं विद्धि निस्त्रिंशं भवारातिनिपातने ।
तृतीयमथवा नेत्रं विश्वतत्त्वप्रकाशने ॥१५॥

જ્ઞાન જ સંસારરૂપી શત્રુનો નિપાત—નાશ કરવા માટે તીક્ષ્ણ ખડ્ગ છે અને જ્ઞાન જ સમસ્ત તત્ત્વોને પ્રકાશિત કરનારું ત્રીજું નેત્ર છે.

**क्षीणतन्द्रा जितक्लेशा वीतसङ्गाः स्थिराशयाः ।**
**तस्यार्थेऽमी तपस्यन्ति योगिनः कृतनिश्चयाः ॥१६॥**

પ્રમાદને ક્ષીણ કરનાર—નષ્ટ કરનારા, ક્લેશોને જીતનારા, પરિગ્રહરહિત સ્થિર આશયવાળા આ યોગીગણો તે જ્ઞાનની પ્રાપ્તિ માટે પ્રયત્નપૂર્વક તપશ્ચર્યા કરે છે.

**ભાવાર્થ**—આવા જ્ઞાની મુનિઓ જ આ જ્ઞાનને પ્રાપ્ત કરી શકે છે.

**वेष्टयत्याऽऽत्मनात्मानमज्ञानी कर्मबन्धनैः ।**
**विज्ञानी मोचयत्येव प्रबुद्धः समयान्तरे ॥१७॥**

અજ્ઞાની માણસ પોતે પોતાના વડે જ કર્મરૂપી બંધનોથી બંધાઈ જાય છે. અને જે ભેદવિજ્ઞાની છે તે કોઈક કાળે સાવધાન થઈને પોતાને કર્મબંધનથી છોડાવી લે છે.

**यज्जन्मकोटिभिः पापं जयत्यज्ञस्तपोबलात् ।**
**तद्विज्ञानी क्षणार्द्धेन दहत्यतुलविक्रमः ॥१८॥**

જે અજ્ઞાની છે તે તો કરોડો જન્મ લઈને તપ તપીને પાપને જીતે છે—નષ્ટ કરે છે અને તે જ પાપને અતુલ્ય પરાક્રમવાળો ભેદવિજ્ઞાની અડધી ક્ષણમાં ભસ્મ કરી નાખે છે.

**अज्ञानपूर्विका चेष्टा यतेयस्यात्र भूतले ।**
**स बध्नात्यात्मनात्मान कुर्वन्नपि तपश्चिरं ॥१९॥**

જે યતિની—મુનિની આ પૃથ્વી ઉપર અજ્ઞાન પૂર્વકની ચેષ્ટા (ક્રિયા) છે તે ચિરકાળ તપસ્યા કરવા છતાં પણ પોતાના આત્માને

પોતાના જ કૃત્યથી બાંધી લે છે. કારણ કે અજ્ઞાનપૂર્વકનું તપ બંધનું જ કારણ છે.

**ज्ञानपूर्वमनुष्ठानं निःशेषं यस्य योगिनः ।**
**न तस्य बन्धमायाति कर्म कस्मिन्नपि क्षणे ॥२०॥**

જે મુનિના સમસ્ત આચરણો જ્ઞાનપૂર્વક થાય છે તેને કોઈ કાળે પણ કર્મબંધ થતો નથી.

**ભાવાર્થ**—અજ્ઞાનીને તો ઘણો કાળ સુધી રહેનારો-ટકનારો કર્મબંધ થાય છે, પરંતુ જ્ઞાનીને કદીપણ થતો નથી.

**यत्र बालश्चरत्यस्मिन्पथि तत्रैव पण्डितः ।**
**बालः स्वमपि बध्नाति मुच्यते तत्त्वविद् ध्रुवम् ॥२१॥**

જે માર્ગમાં અજ્ઞાની ચાલે છે તે જ માર્ગે વિદ્વજ્જનો-પંડિતો ચાલે છે, પરંતુ અજ્ઞાની તો પોતાના આત્માને બાંધી લે છે અને તત્ત્વજ્ઞાનીઓ-પંડિતો બંધનમુક્ત થઈ જાય છે. આવું જ્ઞાનનું માહાત્મ્ય છે,

**दुरिततिमिरहंसं मोक्षलक्ष्मीसरोजं**
**मदनभुजगमन्त्रं चित्तमातङ्गसिंहं ।**
**व्यसनघनसमीरं विश्वतत्त्वैकदीपं**
**विषयशफरजालं ज्ञानमाराधय त्वं ॥२२॥**

હે ભવ્ય જીવ ! તું જ્ઞાનનું આરાધન કર. કારણ કે જ્ઞાન પાપરૂપી તિમિર (અંધકાર)નો નાશ કરવા માટે સૂર્યસમાન છે અને મોક્ષરૂપી લક્ષ્મીને નિવાસ કરવા માટે કમળ સમાન છે તથા કામ-રૂપી સર્પને વશ કરવા માટે મંત્રસમાન છે અને મનરૂપી હાથીને માટે સિંહસમાન છે. તથા વ્યસન-આપદા-કષ્ટરૂપી મેઘોને ઉડાડવા

માટે પવન સમાન છે અને સમસ્ત તત્વોનો પ્રકાશ કરવા માટે દીપકસમાન છે તથા વિષયરૂપી મત્સ્યોને પકડવા માટે જાળ સમાન છે.

## ઉપસંહાર

अस्मिन्संसारकक्षे यमभुजगविषाक्रान्तनिःशेषसत्त्वे
क्रोधाद्युत्तुङ्गशैले कुटिलगतिसरित्पातसन्तानभीमे ।
मोहान्धाः संचरन्ति स्खलनविधुरिताः प्राणिनस्तावदेते
यावद्विज्ञानभानुर्भवभयदमिदं नोच्छिनत्त्यन्धकारम् ॥२३॥

જ્યાં સુધી આ સંસારરૂપી વનમાં આ સમ્યગ્જ્ઞાનરૂપી સૂર્ય સંસારરૂપી ભયને જન્માવનાર અજ્ઞાન અંધકારનો ઉચ્છેદ કરતો નથી ત્યાંસુધી જ મોહથી અંધ બનેલા પ્રાણીઓ પોતાના સ્વરૂપના ઉત્તમ માર્ગથી છૂટી જવાથી પડતાં આથડતાં દુઃખી થતાં ચાલે છે. તે સંસારરૂપી વન કેવું છે? જેમાં પાપરૂપી સર્પના વિષથી સમસ્ત પ્રાણીઓ વ્યાપ્ત છે એટલે કે દબાયેલા છે. વળી તેમાં ક્રોધાદિક પાપરૂપી મોટા મોટા લાંબા, પહોળા અને ઊંચા પર્વતો છે. અને વક્ર ગમનવાળી દુર્ગતિરૂપી નદીઓમાં પડવાથી ઉત્પન્ન થતા સંતાપથી અતિશય ભયાનક છે, તેમાં જ્ઞાનરૂપી સૂર્યનો પ્રકાશ થવાથી કોઈપણ પ્રકારનું દુઃખ કે ભય રહેતો નથી.

## દોહરો

**સમ્યક્દર્શન પાયકૈ, જ્ઞાન વિશેષ બઢાય ।**
**ચારિતકી વિધિ જાનિકૈ, લાગૌ ધ્યાન ઉપાય ॥૭॥**

**ભાવાર્થ**—સમ્યગ્દર્શન પ્રાપ્ત કરીને જ્ઞાનને વિશેષ વધારીને, ચારિત્રની વિધિ જાણીને પછી ધ્યાન કરો કારણ કે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ જ ધ્યાનના ઉપાય છે એમ જાણો.

૮

## આઠમો સર્ગ

# અહિંસા મહાવ્રત

### સમ્યક્ચારિત્રનું વર્ણન

यद्विशुद्धेः परं धाम यद्योगिजनजीवितम् ।
तद्वृत्तं सर्वसावद्यपर्युदासैकलक्षणम् ॥ १ ॥

જે વિશુદ્ધપણાનું ઉત્કૃષ્ટ ધામ છે. તથા યોગીશ્વરોનું જીવ છે અને સમસ્ત પ્રકારની પાપરૂપી પ્રવૃત્તિયોથી દૂર રહેવાનું જે લક્ષણ છે, તેને સમ્યક્ચારિત્ર કહે છે.

**ભાવાર્થ**—જે ચારિત્ર સમસ્ત પાપોથી નિવૃત્તિસ્વરૂપ છે જ દર્શનને શુદ્ધ કરે છે અને મુનિજનોનું તો તે જ એક જીવ સર્વસ્વ છે. તેના વિના મુનિપદવી જ સંભવિત થઈ શકતી નથ

सामायिकादिभेदेन पञ्चधा परिकीर्त्तितम् ।
ऋषभादिजिनैः पूर्वं चारित्रं सप्रपञ्चकम् ॥२॥

આ ચારિત્ર પૂર્વસમયમાં શ્રી ઋષભદેવ તીર્થંકર મહારાજથી લઈને સમસ્ત તીર્થંકરોએ (૧) સામાયિક, (૨) છેદોપસ્થાપના, (૩) પરિહાર વિશુદ્ધિ, (૪) સૂક્ષ્મ સંપરાય અને (૫) યથાખ્યાત ચારિત્ર આમ પાંચ પ્રકારનું કહેલ છે.

पञ्चमहाव्रतमूलं समितिप्रसरं नितान्तमनवद्यम् ।
गुप्तिफलभारनम्रं सन्मतिना कीर्त्तितं वृत्तम् ॥३॥

અને તે જ ચારિત્ર શ્રી વર્દ્ધમાન–મહાવીર સ્વામી તીર્થંકર ભગવાને તેર પ્રકારનું પણ બતાવ્યું છે. પાંચ મહાવ્રત જેનું મૂળ છે, પાંચ સમિતિ જેનો વિસ્તાર–ઘેરાવો છે અને અત્યન્ત નિર્દોષ ત્રણગુપ્તિરૂપી ફળના ભારથી નમ્રીભૂત એવું ચારિત્રરૂપી વૃક્ષ છે.

**ભાવાર્થ**—ચારિત્ર તેર પ્રકારનું છે. તે વૃક્ષની ઉપમાને ધારણ કરે છે. તેનું મૂળ પાંચ મહાવ્રત છે, તેની વિસ્તૃત શાખાઓ પાંચ સમિતિ છે અને તેનાં ફળરૂપે ત્રણ ગુપ્તિઓ છે.

पञ्च पञ्च त्रिभिर्भेदैर्यदुक्तं मुक्तसंशयैः ।
भवभ्रमणभीतानां चरणं शरणं परम् ॥४॥

સંશય રહિત ગણધરાદિકોએ પાંચ પાંચ અને ત્રણ ભેદરૂપે જે ચારિત્ર બતાવ્યું છે તે સંસાર–પરિભ્રમણથી ભયભીત થયેલા પુરુષોને માટે એક ઉત્તમ શરણ છે. એટલે કે જે મુનિ સંસારના ભયથી ભયભીત છે તેઓ આ ચારિત્રનું પાલન કરવાથી ભયરહિત (અભય) બની જાય છે.

### ચારિત્રના તેર પ્રકાર

पञ्चव्रतं समित्पंच गुप्तित्रयपवित्रितम् ।
श्रीवीरवदनोद्गीर्णं चरणं चन्द्रनिर्मलम् ॥५॥

પાંચ મહાવ્રત, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિરૂપ તેર પ્રકારનું ચારિત્ર જે શ્રી વીર (વર્દ્ધમાન) તીર્થંકર ભગવાનના મુખકમળથી પ્રગટ થયું છે તે ચન્દ્રમા સમાન નિર્મળ છે.

हिंसायामनृते स्तेये मैथुने च परिग्रहे ।
विरतिर्व्रतमित्युक्तं सर्वसत्त्वानुकम्पकैः ॥६॥

હિંસા, અસત્ય, ચોરી, મૈથુન અને પરિગ્રહ આ પાંચ પાપોથી વિરમવું એટલે કે ત્યાગ કરવો તે વ્રત કહેવાય છે. સમસ્ત જીવો ઉપર દયા કરનાર મુનિઓએ એમ જ કહ્યું છે.

## અહિંસા મહાવ્રતનું વર્ણન

सत्याद्युत्तरनिःशेषयमजातनिबन्धनम् ।
शीलैश्वर्याद्यधिष्ठानमहिंसाख्यं महाव्रतम् ॥७॥

અહિંસા નામનું મહાવ્રત સત્યાદિ ચાર મહાવ્રતોનું તો કારણ છે જ. કારણ કે સત્ય, અચૌર્ય વિ.નું પાલન અહિંસા વિના થઈ શકતું નથી. અને શીલાદિસહિત ઉત્તરગુણોની ચર્યાનું સ્થાન પણ આ અહિંસા જ છે. એટલે કે સમસ્ત ઉત્તર ગુણો પણ આ અહિંસા મહાવ્રતના આશ્રયે રહેલા છે.

वाक्चित्ततनुभिर्यत्र न स्वप्नेऽपि प्रवर्त्तते ।
चरस्थिराङ्गिनां घातस्तदाद्यं व्रतमीरितम् ॥८॥

જેમાં મન, વચન અને કાયાથી ત્રસ અને સ્થાવર જીવોની હિંસા સ્વપ્નમાં પણ ન થાય તેને આદ્યવ્રત (પ્રથમ મહાવ્રત—અહિંસા) કહે છે.

मृते वा जीविते वा स्याज्जन्तुजाते प्रमादिनाम् ।
बन्ध एव न बन्धः स्याद्धिंसायाः संवृतात्मनाम् ॥९॥

જીવો મરે કે જીવે—પ્રમાદી પુરુષોને તો તેમની પ્રવૃત્તિથી નિરંતર હિંસાજન્ય પાપબંધ થતો જ રહે છે. અને જેઓ સંવર સહિત અપ્રમાદી છે તેમને જીવોની હિંસા થવા છતાં પણ હિંસારૂપ પાપનો બંધ થતો નથી.

**ભાવાર્થ**—કર્મબંધ થવામાં પ્રધાન કારણ આત્માના પરિણામો છે. તેથી જે પ્રમાદી છે તેઓ અયતનાપૂર્વક પ્રવૃત્તિ કરે છે તેમને તો જીવ મરે કે ન પણ મરે તો પણ કર્મબંધ તો થાય જ છે. અને જેઓ પ્રમાદ રહિત યતનાપૂર્વક પ્રવૃત્તિ કરે છે તેમને વિધિવશાત્ જીવ મરે તો પણ કર્મબંધ થતો નથી.

संरम्भादित्रिकं योगैः कषायैर्व्याहतं क्रमात् ।
शतमष्टाधिकं ज्ञेयं हिंसाभेदैस्तु पिण्डितम् ॥१०॥

સંરંભ, સમારંભ અને આરંભ આ ત્રિકને મનવચનકાયાની ત્રણ ત્રણ પ્રવૃત્તિઓથી (યોગથી) તથા ક્રોધ, માન, માયા અને લોભ–આ ચાર કષાયો અને કૃત, કારિત, અનુમોદના (અનુમતિ અથવા સંમતિ) થી અનુક્રમે ગુણાકાર કરવાથી હિંસાના (૧૦૮) ભેદ થાય છે, અને અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાન અને સંજ્વલન કષાયોના ઉત્તરભેદોવડે ગુણાકાર કરવાથી હિંસાના ૪૩૨ ભેદ પણ થાય છે.

હિંસામાં પ્રવૃત્તિરૂપ પરિણામો થવા તે **સંરંભ** કહેવાય છે. હિંસાના સાધનોમાં અભ્યાસ કરવો (સામગ્રી મેળવવી) **સમારંભ**

કહેવાય છે, અને હિંસામાં પ્રવૃત્તિ કરવી તે **આરંભ** કહેવાય છે. આ ત્રણેને મન, વચન કાયાના યોગથી ત્રણ ગુણા કરવાથી નવભેદ થાય છે અને કૃત, કારિત અને અનુમોદન એમ ત્રણથી ગુણા કરતાં ૨૭ થાય અને પછી ક્રોધ, માન, માયા અને લોભ આ ચાર કષાયોથી ગુણા કરવાથી ૧૦૮ હિંસાના ભેદ થાય છે. **કૃત**–પોતે સ્વાધીન પણે કરે. **કારિત**–બીજા પાસે કરાવે અને બીજો કોઈ હિંસા કરતો હોય તેને ભલું જાણે તે **અનુમોદન** અથવા અનુમત કહેવાય છે. જેમકે—ક્રોધકૃત કાયસંરંભ ૧. માનકૃતકાયસંરંભ, ૨. માયાકૃતકાયસંરંભ ૩. લોભકૃતકાયસરંભ ૪. ક્રોધકારિત કાયસંરંભ ૫. માનકારિત કાયસરંભ ૬. માયાકારિત કાયસંરંભ ૭. લોભકૃત કાયસંરંભ ૮. ક્રોધાનુમત કાયસંરંભ ૯. માનાનુમત કાયસંરંભ ૧૦. માયાનુમત કાયસંરંભ ૧૧. લોભાનુમત કાયસંરંભ ૧૨. આ પ્રમાણે કાયાના સંરંભના ૧૨ ભેદ થયા એ જ પ્રમાણે વચનસંરંભના ૧૨ ભેદ અને મનસંરંભના ૧૨ ભેદ મળીને ૩૬ ભેદ સંરંભના થયા અને એ જ પ્રમાણે ૩૬ સમારંભના અને ૩૬ આરંભના–બધા મળીને ૧૦૮ ભેદ હિંસાના થાય છે. અને ક્રોધ, માન, માયા તથા લોભ આ ચાર કષાયોના અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાન અને સંજવલન–આ ચાર ભેદો વડે ગુણા કરવાથી ૪૩૨ ભેદ પણ હિંસાના થાય છે. જાપ કરવાની માળામાં ૩ મણકા (પારા) ઉપર અને ૧૦૮ મણકા માળામાં હોય છે, તે આ સંરંભ, સમારંભ અને આરંભના ત્રણ પારા મૂળમાં રાખી પછી તેના ભેદરૂપ ૧૦૮ પારા નાખવામાં આવે છે. એટલે કે સામાયિક, વંદન, જાપ વિ. કરતી વખતે અનુક્રમે ૧૦૮ આરંભોનો (હિંસારૂપ પાપકર્મોનો) પરમેષ્ઠીના નામસ્મરણપૂર્વક ત્યાગ કરવો જોઇએ, ત્યારપછી ધર્મધ્યાનમાં જોડાવું જોઈએ.

अतः प्रमादमुत्सृज्य भावशुद्ध्याङ्गिसन्ततिम् ।
यमप्रशमसिद्ध्यर्थं बंधुबुद्ध्या विलोकय ॥११॥

ઉપરોક્ત સંરંભાદિક હિંસાદિ પરિણામના ૧૦૮ અથવા ૪૩૨ ભેદ છે. તેથી હે આત્મા ! તું પ્રમાદને છોડીને ભાવોની શુદ્ધિ માટે જીવોના સમૂહને બંધુ (ભાઈ, હિતેચ્છુ, મિત્ર)ની દૃષ્ટિએ અવલોકન કર. એટલે કે પ્રાણિમાત્ર પ્રત્યે શત્રુભાવ ન રાખતાં બધાની સાથે મિત્રભાવ રાખ અને બધાની રક્ષામાં મન, વચન અને કાયાથી પ્રવૃત્તિ કર.

यज्जन्तुवधसंजातकर्मपाकाच्छरीरिभिः ।
*श्वभ्रादौ सह्यते दुःखं तद्वक्तुं केन पार्यते ॥१२॥*

જીવોની ઘાત (હિંસા) કરવાથી પાપકર્મનું ઉપાર્જન થાય છે. તેનું જે ફળ કે દુઃખ નરકાદિ ગતિઓમાં જીવો ભોગવે છે તે વચનથી અગોચર છે એટલે કે કહી શકાય તેમ નથી.

हिंसैव नरकागारप्रतोली पांशुविग्रहा ।
कुठारीव द्विधा कर्तुं भेत्तुं शूलोऽतिनिर्दया ॥१३॥

આ હિંસા જ નરકરૂપી ઘરમાં પ્રવેશ કરવા માટે મુખ્ય દ્વાર છે. તેમ જ જીવોને કાપવા કુહાડી અને ચીરવા ભેદવા માટે શૂળી સમાન છે.

क्षमादिपरमोदारैर्यमैर्यो वर्द्धितश्चिरम् ।
हन्यते स क्षणादेव हिंसया धर्मपादपः ॥१४॥

જે ધર્મરૂપી વૃક્ષને ઉત્તમ ક્ષમાદિક પરમ ઉદાર સંયમોથી ઘણા કાળ સુધી ઉછેર્યું હોય તેને આ હિંસા રૂપી કુહાડો ક્ષણ માત્રમાં નષ્ટ કરી દે છે.

**ભાવાર્થ**—જ્યાં હિંસા થાય છે ત્યાં ધર્મ લવલેશ પણ રહેતો નથી.

**तपोयमसमाधीनां ध्यानाध्ययनकर्मणां ।**
**तनोत्यविरतं पीडां हृदि हिंसा क्षणस्थिता ॥१५॥**

હૃદયમાં ક્ષણમાત્ર માટે પણ સ્થાન કરેલી આ હિંસા, તપ, યમ, નિયમ, સમાધિ અને ધ્યાન–અધ્યયનાદિ કાર્યોને નિરંતર કોતરે છે, પીડે છે.

**ભાવાર્થ**—ક્રોધાદિ કષાયરૂપ પરિણામો (હિંસારૂપ પરિણામ) કોઈ કારણસર એક વખત ઉત્પન્ન થઈ જાય છે તો તેમના સંસ્કાર (સ્મરણ) બરાબર ઘર કરી જાય છે અને તપ, યમ, સમાધિ અને ધ્યાન તથા સ્વાધ્યાયમાં ચિત્તને ટકવા દેતા નથી. આ કારણે આ હિંસા મહા અનર્થકારિણી છે.

**अहो व्यसनविध्वस्तैर्लोकः पाखण्डिभिर्बलात् ।**
**नीयते नरकं घोरं हिंसाशास्त्रोपदेशकैः ॥१६॥**

જુઓ ! ધર્મ તો દયામય જગતમાં પ્રસિદ્ધ છે, પરંતુ વિષય-કષાયથી પીડાયેલા પાખંડીઓ હિંસાનો ઉપદેશ આપનાર (યજ્ઞાદિકમાં પશુઓ હોમવા તથા દેવી વિ. ના બલિદાન કરવા વિ. હિંસા વિધાન કરનારા) શાસ્ત્રો રચીને જગતના જીવોને બળાત્કારે નરકાદિમાં ઘસડી લઈ જાય છે. આ મહાન અનર્થ છે.

**रौरवादिषु घोरेषु विशन्ति पिशिताशनाः ।**
**तेष्वेव हि कदर्थ्यन्ते जन्तुघातकृतोद्यमाः ॥१७॥**

જેઓ માંસ ખાનારા છે તેઓ સાતમી નરકના રૌરવાદિ બિલમાં

પ્રવેશ કરે છે અને ત્યાં જ જીવોનો ઘાત કરનાર શિકારી વિ. થી પણ પીડિત થાય છે.

**ભાવાર્થ**—જે જીવહિંસા કરનાર માંસભક્ષી પાપી જીવો છે. તેઓ નરકમાં જ જાય છે. અને જેઓ જીવહિંસાને જ ધર્મ માનીને ઉપદેશ કરે છે તેઓ પોતાના અને પરના બન્નેના ઘાતક છે. તેથી તેઓ પણ નરકના જ અધિકારી છે.

शान्त्यर्थं देवपूजार्थं यज्ञार्थमथवा नृभिः ।
कृतः प्राणभृतां घातः पातयत्यविलम्बितं ॥१८॥

પોતાની શાન્તિને અર્થે અથવા દેવપૂજા કે યજ્ઞ નિમિત્તે જે માણસ જીવહિંસા કરે છે તેવા પ્રકારની હિંસા પણ જીવોને શીઘ્ર નરકમાં નાખે છે.

हिंसैव दुर्गतेर्द्वारं हिंसैव दुरितार्णवः ।
हिंसैव नरकं घोरं हिंसैव गहनं तमः ॥१९॥

હિંસા જ દુર્ગતિનું દ્વાર છે, પાપનો સમુદ્ર છે તથા હિંસા જ ઘોર નરક અને મહા અંધકાર છે.

**ભાવાર્થ**—સમસ્ત પાપોમાં પ્રધાન મુખ્ય પાપ હિંસા જ છે. જેટલી ખરાબ અને ખોટી ઉપમાઓ છે તે બધી હિંસાને લાગુ પડે છે.

निःस्पृहत्वं महत्त्वं च नैराश्यं दुष्करं तपः ।
कायक्लेशश्च दानं च हिंसकानामपार्थकम् ॥२०॥

જે હિંસક પુરુષો છે તેમની નિઃસ્પૃહતા, મહત્તા—મોટાઈ,

આશારહિતપણું, દુષ્કર તપ, કાયકલેશ અને દાન કરવું આદિ સમસ્ત ધર્મકાર્યો નિરર્થક-વ્યર્થ છે.

कुलक्रमागता हिंसा कुलनाशाय कीर्तिता ।
कृता च विघ्नशान्त्यर्थं विघ्नौघायैव जायते ।।२१।।

કુળક્રમે જે હિંસા ચાલી આવી છે તે તે કુળને નાશ કરવા માટે જ કહેવાઈ છે. તેમ જ વિઘ્નની શાંતિ અર્થે જે હિંસા કરવામાં આવે છે તે વિઘ્નોને આમંત્રણ આપવા માટે જ છે.

**ભાવાર્થ**—કોઈ એમ કહે કે અમારા કુળમાં દેવી વિ. નું પૂજન કરવાનું પરંપરાથી ચાલતું આવે છે. તેથી અમે બકરા, ભેંસાની હિંસા કરીને દેવીને ચડાવીએ છીએ અને તેમ કરવાથી કુળદેવી સંતુષ્ટ-પ્રસન્ન થયાનું માનીએ છીએ. વળી એમ કરવાથી કુળદેવી કુળની વૃદ્ધિ કરે છે. આ પ્રમાણે શ્રદ્ધા કરીને જે બકરા વિ. ની હિંસા કરવામાં આવે છે તે તો કેવળ કુળનો નાશ કરનારી જ થાય છે. તેનાથી કુળવૃદ્ધિ કદાપિ થતી નથી. વળી કોઈ કોઇ અજ્ઞાનીઓ વિઘ્નોની શાંતિ અર્થે હિંસા કરે છે અને યજ્ઞ કરાવે છે તેમને તો ઊલટું વિઘ્ન જ થાય છે. તેમનું હિત-કલ્યાણ કદી-પણ થઈ શકતું નથી.

सौख्यार्थे दुःखसन्तानं मङ्गलार्थेऽप्यमङ्गलम् ।
जीवितार्थे ध्रुवं मृत्युं कृता हिंसा प्रयच्छति ।।२२।।

સુખને અર્થે કરેલી હિંસા દુઃખની પરંપરાને સર્જે છે. મંગળ કાર્ય માટે કરેલી હિંસા અમંગળ કરે છે તથા જીવવાને માટે કરેલી હિંસા મૃત્યુ પમાડે છે. આ વાતને નિશ્ચયપૂર્વક જાણો.

तितीर्षति ध्रुवं मूढः स शिलाभिर्नदीपतिम् ।
धर्मबुद्धयाऽधमो यस्तु घातयत्यङ्गिसंचयम् ॥२३॥

જે મૂઢ, અધમ ધર્મની બુદ્ધિએ જીવોને મારે છે તે પથ્થરની શિલાઓ ઉપર બેસી સમુદ્ર તરવાની ઇચ્છા કરે છે. કારણ કે તે પુરુષ અવશ્ય ડૂબશે જ.

प्रमाणीकृत्य शास्त्राणि यैर्वधः क्रियतेऽधमैः ।
सह्यते परलोके तैः श्वभ्रे शूलाधिरोहणम् ॥२४॥

જે અધમ–પાખંડી રચિત શાસ્ત્રોનું પ્રમાણ આપી જીવોનો વધ કરવામાં ધર્મ બતાવે છે તેઓને મૃત્યુ પછી નરકમાં શૂળી ઉપર ચડાવવામાં આવે છે.

**ભાવાર્થ**—અનેક અજ્ઞાનીઓ કહે છે કે વેદશાસ્ત્રમાં યજ્ઞસમયે જીવવધ કરવાનું કહ્યું છે, તેને જ ઇશ્વરકૃત પ્રમાણભૂત માનીને અમે પશુવધ કરીએ છીએ, પરંતુ આમ કહેનારાઓ અધર્મી છે. કારણ કે જે શાસ્ત્રમાં જીવ વધને ધર્મ કહ્યો હોય તે શાસ્ત્ર કદીપણ પ્રમાણભૂત માની શકાય નહિ. તેને જે અજ્ઞાની લોકો પ્રમાણ માનીને હિંસા કરે છે તેઓ અવશ્ય નરકમાં પડે છે.

निर्दयेन हि किं तेन श्रुतेनाचरणेन च ।
यस्य स्वीकारमात्रेण जन्तवो यान्ति दुर्गतिम् ॥२५॥

જેમાં દયા નથી એવા શાસ્ત્ર તથા આચારથી શું લાભ ? કારણ કે તેવા શાસ્ત્ર અથવા આચરણના અંગીકાર માત્રથી જ જીવ દુર્ગતિમાં ચાલ્યા જાય છે.

वरमेकाक्षरं ग्राह्यं सर्वसत्त्वानुकम्पनम् ।
न त्वक्षपोषकं पापं कुशास्त्रं धूर्त्तचर्चितम् ॥२६॥

સર્વ પ્રાણિઓ ઉપર દયા કરનારો એક અક્ષર પણ શ્રેષ્ઠ છે અને ગ્રહણ કરવા યોગ્ય છે. પરંતુ ધૂર્ત તથા વિષય-કષાયમાં રચ્યા-પચ્યા રહેનારા પુરુષોએ રચેલા ઇન્દ્રિયોને પોષનારા જે પાપરૂપી કુશાસ્ત્રો છે તે શ્રેષ્ઠ નથી.

चरुमन्त्रौषधानां वा हेतोरन्यस्य वा क्वचित् ।
कृता सती नरैर्हिंसा पातयत्यविलम्बितम् ॥२७॥

દેવોની પૂજા માટે બનાવેલા નૈવેદ્ય અને બોલેલા મંત્ર તથા ઔષધિને માટે કે અન્ય કોઈ પણ કાર્ય માટે કરાયેલી હિંસા જીવોને નરકમાં ખેંચી લઈ જાય છે.

विहाय धर्मं शमशीललाञ्छितं
दयावहं भूतहितं गुणाकरम् ।
मदोद्धता अक्षकषायवञ्चिता
दिशन्ति हिंसामपि दुःखशान्तये ॥२८॥

જે પુરુષો ગર્વથી ઉદ્ધત થયેલા છે અને ઇન્દ્રિયોના વિષયોથી તથા કષાયોથી ઠગાયા છે તેઓ જ મંદકષાય તથા ઉપશમરૂપ શીલથી ચિન્હિત દયામય, જીવોનું હિત કરનાર, ગુણોની ખાણ એવા દયાધર્મને છોડીને દુઃખની શાન્તિ માટે હિંસાને પણ ધર્મ બતાવીને ઉપદેશ કરે છે.

**ભાવાર્થ**—હિંસામાં ધર્મ માનનારા ઘાતકી જીવો ગર્વથી મદોન્મત્ત થઈ રહ્યા છે અને તેઓ વિષયલંપટી અને કષાયી છે.

धर्मबुद्धयाऽधर्मैः पापं जन्तुघातादिलक्षणम् ।
क्रियते जीवितस्यार्थे पीयते विषमं विषं ॥२९॥

જે પાપી ધર્મબુદ્ધિથી જીવઘાતરૂપી પાપને કરે છે તેઓ પોતે જીવવાની ઇચ્છાથી હલાહલ વિષને પીએ છે.

एतत्समयसर्वस्वमेतत्सिद्धान्तजीवितम् ।
यज्जन्तुजातरक्षार्थं भावशुद्धया दृढं व्रतम् ॥३०॥

તે જ માન્યતાનું સર્વસ્વ છે અને તે જ સિદ્ધાન્તનું રહસ્ય છે કે જે જીવોના સમૂહની રક્ષા માટે છે. અને તે જ ભાવશુદ્ધિ પૂર્વકનું દૃઢ વ્રત છે.

श्रूयते सर्वशास्त्रेषु सर्वेषु समयेषु च ।
"अहिंसालक्षणो धर्मस्तद्विपक्षश्च पातकम्" ॥३१॥

બધા મતોના સમસ્ત શાસ્ત્રોમાં એ જ સંભળાય છે કે **અહિંસા લક્ષણવાળો જ ધર્મ છે.** અને તેનો પ્રતિપક્ષી હિંસા કરવી એ જ પાપ છે. આ સિદ્ધાંતથી જેના વિપરીત વચન હોય તે બધા વિષયાભિલાષી જીહ્વાલંપટ જીવોને દૂરથી જ તજવા યોગ્ય જાણવા.

अहिंसैव जगन्माताऽहिंसैवानन्दपद्धतिः ।
अहिंसैव गतिः साध्वी श्रीरहिंसैव शाश्वती ॥३२॥

અહિંસા એ જ જગતની માતા છે કારણ કે તે સમસ્ત જીવોનું પ્રતિપાલન કરનારી છે. અહિંસા જ આનંદની સંતતિ એટલે કે પરંપરા છે. અહિંસા જ ઉત્તમગતિ અને શાશ્વતી લક્ષ્મી છે. જગતમાં જેટલા ઉત્તમોત્તમ ગુણો છે તે બધા આ અહિંસામાં જ છે.

अहिंसैव शिवं सूते दत्ते च त्रिदिवश्रियं ।
अहिंसैव हितं कुर्याद्व्यसनानि निरस्यति ॥३३॥

આ અહિંસા જ મુક્તિ અપાવે છે, સ્વર્ગની લક્ષ્મી પણ પ્રાપ્ત કરાવે છે. અને અહિંસા જ આત્માનું હિત કરે છે તથા સમસ્ત કષ્ટરૂપી આપદાઓને નષ્ટ કરે છે.

सप्तद्वीपवतीं धात्रीं कुलाचलसमन्विताम् ।
नैकप्राणिवधोत्पन्नं दत्वा दोषं व्यपोहति ॥३४॥

જો કુલાચલ પર્વતો (મેરુપર્વતો) સહિત સાત દ્વીપની આ પૃથ્વી પણ કોઈને દાનમાં આપવામાં આવે તો પણ એક પ્રાણીને મારવાનું પાપ દૂર થઈ શકતું નથી.

**ભાવાર્થ**—બધા દાનોમાં અભયદાન શ્રેષ્ઠ છે કારણ કે એક પ્રાણીની હિંસાથી ઉત્પન્ન થયેલું પાપ સાત દ્વીપ અને કુલાચલો સહિતની પૃથ્વીનું દાન કરવાથી પણ દૂર થતું નથી.

सकलजलधिवेलावारिसीमां धरित्रीं
नगरनगसमग्रां स्वर्णरत्नादिपूर्णाम् ।
यदि मरणनिमित्ते कोऽपि दद्यात्कथंचित्
तदपि न मनुजानां जीविते त्यागबुद्धिः ॥३५॥

જો કોઈ માણસ કોઈને મરી જવાના બદલામાં નગર, પર્વત તથા સુવર્ણ, રત્ન, ધન, ધાન્યાદિથી ભરેલી સમુદ્રપર્યન્તની પૃથ્વીનું દાન આપે તો પણ તેને પોતાના જીવનનો ત્યાગ કરવાની—મરવાની ઈચ્છા નહિ થાય.

**ભાવાર્થ**—માણસોને જીવન એટલું બધું વહાલું છે કે મરવાના બદલામાં કોઈ તેને સમસ્ત પૃથ્વીનું રાજ્ય પણ આપી દે તો

પણ તે મરવા ઇચ્છતો નથી. તેથી એક જીવને બચાવવામાં જે પુણ્ય થાય છે તે સમસ્ત પૃથ્વીના દાનથી પણ વધારે હોય છે.

**आत्मैवोत्क्षिप्य तेनाशु प्रक्षिप्तः श्वभ्रसागरे ।**
**स्नेहभ्रमभयेनापि येन हिंसा समर्थिता ॥३६॥**

જે પુરુષે કોઈના પ્રેમને લીધે અથવા કોઈના ભયથી હિંસાનું સમર્થન કર્યું અને કહે કે હિંસા કરવી ખરાબ નથી, તો એમ સમજો કે તેણે તેના આત્માને તે જ સમયે સમુદ્રમાં નાખી દીધો.

**शूलचक्रासिकोदण्डैरुद्युक्ताः सत्वखण्डने ।**
**येऽधमास्तेऽपि निस्त्रिंशैर्देवत्वेन प्रकल्पिताः ॥३७॥**

જે પાપી ત્રિશૂલ, ચક્ર, તરવાર અને ધનુષ્ય વિ. શસ્ત્રોથી જીવોની હિંસા કરવામાં ઉદ્યત છે–તત્પર છે એવી ચંડી, કાલિકા, ભૈરવાદિકને પણ નિર્દય પુરુષો દેવ માનીને તેમની સ્થાપના કરે છે.

**ભાવાર્થ**—જે જીવોની હિંસા કરવામાં પ્રવૃત્તિ કરે તેને દેવ કેમ કહેવાય? એટલે કે ન કહેવાય. પરંતુ જે લોકો નિર્દયી છે તેમને આવા નિર્દય દેવો જ ઇષ્ટ લાગે છે.

**बलिभिर्दुर्बलस्यात्र क्रियते यः पराभवः ।**
**परलोके स तैस्तस्मादनन्तः प्रविषह्यते ॥३८॥**

જે બળવાન પુરુષ આ લોકમાં નિર્બળનો પરાભવ કરે છે અથવા સતાવે છે તે પુરુષને પરલોકમાં તેથી અનંતગણો પરાભવ સહન કરવો પડે છે. એટલે કે જો કોઈ બળવાન નિર્બળને દુઃખ આપે છે તો તેનું અનંતગણું દુઃખ તેને પોતાને આવતા જન્મમાં ભોગવવું પડે છે.

**भयवेपितसर्वाङ्गाननाथान् जीवितप्रियान् ।**
**निघ्नद्भिः प्राणिनः किं तैः स्वं ज्ञातमजरामरं ॥३९॥**

જેમના બધા અંગો ભયથી કંપે છે, જેમનો કોઈ રક્ષક નથી, જે અનાથ છે, જેમને માટે જીવન જ એકમાત્ર પ્રિયવસ્તુ છે, એવા પ્રાણીઓને જે મારે છે તો શું તેમણે પોતાને અજર અમર માની લીધા છે ?

**ભાવાર્થ**—પોતાને પણ કોઈ મારશે આ વાત તેમણે જાણી નહિ.

**स्वपुत्रपौत्रसन्तानं वर्द्धयन्त्यादरैर्जनाः ।**
**व्यापादयन्ति वान्येषामत्र हेतुर्न बुद्धयते ॥४०॥**

આ મહાન આશ્ચર્યની વાત છે કે સંસારી પ્રાણીઓ પોતાના પુત્ર-પૌત્રાદિ સંતાનને તો ખૂબ પ્રયત્નપૂર્વક પાળે પોષે છે, પરંતુ બીજાના સંતાનનો ઘાત-હિંસા કરે છે, સમજાતું નથી કે આમાં તેમનો શો હેતુ-ઈરાદો છે ?

**ભાવાર્થ**—આ મહામોહ (અજ્ઞાન)નું જ માહાત્મ્ય છે.

**परमाणोः परं नाल्पं न महद्गगनात्परं ।**
**यथा किञ्चित्तथा धर्मो नाहिंसालक्षणात्परः ॥४१॥**

આ લોકમાં જેમ પરમાણુથી કોઈ નાનું નથી અને આકાશથી કોઈ મોટું નથી તેમ અહિંસારૂપી ધર્મથી કોઈ બીજો ધર્મ મોટો નથી, આ જગપ્રસિદ્ધ લોકોક્તિ છે. જેમ કે—**"अहिंसा परमो धर्मः हिंसा सर्वत्र गर्हिता"** ।

**तपः श्रुतयमज्ञानध्यानदानादिकर्मणां ।**
**सत्यशीलव्रतादीनामहिंसा जननी मता ॥४२॥**

તપ, શ્રુત (શાસ્ત્રનું જ્ઞાન), યમ (મહાવ્રત), જ્ઞાન (ખૂબ જાણવું), ધ્યાન અને દાન કરવું તથા સત્યશીલ વ્રતાદિ જેટલા ઉત્તમ કાર્યો છે તે બધાની માતા એક અહિંસા જ છે. અહિંસા વ્રતના પાલન વિના ઉપરોક્ત ગુણોમાંથી એક પણ ગુણ પ્રગટ થતો નથી. તેથી અહિંસા જ સમસ્ત ધર્મકાર્યોને ઉત્પન્ન કરનાર–જન્માવનાર માતા છે.

करुणार्द्रं च विज्ञानवासितं यस्य मानसम् ।
इन्द्रियार्थेषु निःसङ्गं तस्य सिद्धं समीहितम् ॥४३॥

જે પુરુષનું મન કરુણાથી આર્દ્ર (ભીનું) હોય તથા વિશિષ્ટ જ્ઞાનયુક્ત હોય અને ઈન્દ્રિયોના વિષયોથી દૂર હોય તેને જ મનોવાંછિત કાર્યની સિદ્ધિ થાય છે.

निस्त्रिंश एव निस्त्रिंशं यस्य चेतोऽस्ति जन्तुषु ।
तपःश्रुताद्यनुष्ठानं तस्य क्लेशाय केवलम् ॥४४॥

જે પુરુષનું ચિત્ત અન્ય જીવોને માટે શસ્ત્ર સમાન ક્રૂર, નિર્દય હોય તેનું તપ કરવું કે શાસ્ત્રાભ્યાસ કરવો વિ. કાર્યો કેવળ કષ્ટ દાયક જ સિદ્ધ થાય છે. પરંતુ તેથી તેનું કંઈ હિત કે કલ્યાણ થતું નથી.

द्वयोरपि समं पापं निर्णीतं परमागमे ।
वधानुमोदयोः कर्त्रोरसत्संकल्पसंश्रयात् ॥४५॥

ઘાત–હિંસા કરનાર અને હિંસા કરનારની પ્રશંસા કરનાર આ બન્નેનું પાપ પરમ આગમોમાં સરખું જ બતાવ્યું છે. કારણ કે જેમ ઘાત કરનારને જે પાપ થાય છે તે પણ અશુભ પરિણામોથી થાય છે, તે જ પ્રમાણે ભલું જાણનાર–અનુમોદન કરનારને

પણ અશુભ સંકલ્પો થયા વિના તેની અનુમોદના થઈ શકતી નથી. તેથી હિંસા કરનાર અને તેને ભલું જાણનાર બન્નેને પાપ સરખું જ લાગે છે.

संकल्पाच्छालिमत्स्योऽपि स्वयंभूरमणार्णवे ।
महामत्स्याशुभेन स्वं नियोज्य नरकं गतः ॥४६॥

જુઓ કે, સ્વયંભૂરમણ સમુદ્રમાં શાલિમત્સ્ય (તાંદુલમત્સ્ય) ના પરિણામો મહા મગરમચ્છના પરિણામો જેવા થવાથી તે નરકમાં ગયો. આ દૃષ્ટાંત બતાવે છે કે હિંસા તો કોઈ અન્ય કરે અને પોતે તેનું માત્ર અનુમોદન જ કરે તો પણ તેના સંકલ્પ માત્રથી તેના (હિંસા કરનાર) જેટલું જ પાપ થાય છે.

अहिंसैकाऽपि यत्सौख्यं कल्याणमथवा शिवम् ।
दत्ते तद्देहिनां नायं तपःश्रुतयमोत्करः ॥४७॥

એકલી અહિંસા જીવોને જે સુખ, કલ્યાણ કે અભ્યુદય આપે છે તે તપ, સ્વાધ્યાય અને યમનિયમાદિ આપી શકતા નથી. કારણ કે ધર્મના સમસ્ત અંગોમાં અહિંસા જ એકમાત્ર પ્રધાન અંગ છે.

दूयते यस्तृणेनापि स्वशरीरे कदर्थिते ।
स निर्दयः परस्याङ्गे कथं शस्त्रं निपातयेत् ॥४८॥

જે માણસ પોતાના શરીરમાં જરા જેટલું તણખલું માત્ર ખૂંચી જતાં પોતાને દુઃખી થયેલો માને છે, તે નિર્દય થઈને બીજાના શરીર ઉપર શસ્ત્ર કેમ ચલાવતો હશે? આ ઘણું આશ્ચર્ય અને મહાન અનર્થનું કારણ છે.

जन्मोग्रभयभीतानामहिंसैवौषधिः परा ।
तथाऽमरपुरीं गन्तुं पाथेयं पथि पुष्कलम् ॥४९॥

સંસારરૂપી તીવ્ર ભયથી ભયભીત થનારા જીવોને માટે અહિંસા જ એકમાત્ર પરમ ઔષધિ છે. કારણ કે આ બધાનો ભય દૂર કરે છે તથા સ્વર્ગ જવા માટે આ અહિંસા જ માર્ગમાં અતિશય-વિપુલ અને પુષ્ટિકારક પાથેય (ભોજન–સામગ્રી) સ્વરૂપ છે.

किन्त्वहिंसैव भूतानां मातेव हितकारिणी ।
तथा रमयितुं कान्ता विनेतुं च सरस्वती ॥५०॥

એટલું જ નહિ પરંતુ અહિંસા જીવોને માતા સમાન રક્ષણ કરનાર અને સ્ત્રીની જેમ ચિત્તને આનંદ આપનાર છે. તેમ જ સદુપદેશ આપવા માટે સરસ્વતી સમાન છે.

स्वान्ययोरप्यनालोक्य सुखं दुःखं हिताहितम् ।
जन्तून् यः पातकी हन्यात्स नरत्वेऽपि राक्षसः ॥५१॥

જે પાપી નર પોતાના અને અન્યના સુખ-દુઃખનો કે હિતા-હિતનો વિચાર કર્યા વગર જીવોને મારે છે તે મનુષ્યજન્મમાં પણ રાક્ષસ છે. કારણ કે તે જો માણસ હોત તો પોતાનું તથા પરનું શેમાં હિતાહિત છે તે જરૂર વિચારત.

अभयं यच्छ भूतेषु कुरु मैत्रीमनिन्दिताम् ।
पश्यात्मसदृशं विश्वं जीवलोकं चराचरम् ॥५२॥

હે ભવ્ય ! તું જીવોને અભયદાન આપ અથવા તેમની સાથે પ્રશંસવા યોગ્ય મિત્રતા કર અને બધા ત્રસ અને સ્થાવર જીવોને તું પોતાની જેવા જ જો.

जायन्ते भूतयः पुंसां याः कृपाक्रान्तचेतसाम् ।
चिरेणापि न ता वक्तुं शक्ता देव्यपि भारती ॥५३॥

જેમનું હૃદય દયાળુ છે તે પુરુષો ઐશ્વર્યવાન–સંપત્તિશાળી બને છે, તેમનું વર્ણન–પ્રશંસા સરસ્વતીદેવી પણ ઘણો કાળ સુધી કરે તો પણ કરી શકે નહિ તો પછી બીજાનું તો શું ગજું ? બીજા લોકો તેનું વર્ણન કરી શકે નહિ.

**कि न तप्तं तपस्तेन किं न दत्तं महात्मना ।**
**वितीर्णमभयं येन प्रीतिमालम्ब्य देहिनाम् ॥५४॥**

જે મહાપુરુષોએ જીવોને પ્રેમથી આશ્રય–શરણ આપી અભય-દાન આપ્યું તેમણે (તે મહાત્મા પુરુષોએ) કર્યું એવું તપ છે કે જે નથી કર્યું અને કર્યું એવું દાન છે કે જે નથી આપ્યું ? અર્થાત્ તે મહાપુરુષોએ બધા પ્રકારના તપ કર્યા અને દાન આપ્યા સમાન છે. કારણ કે અભયદાનમાં બધા તપના ભેદો અને દાનના પ્રકારો સમાઈ જાય છે.

**यथा यथा हृदि स्थैर्यं करोति करुणा नृणाम् ।**
**तथा तथा विवेकश्रीः परां प्रीतिं प्रकाशते ॥५५॥**

પુરુષોના હૃદયમાં જેમ જેમ કરુણાભાવ સ્થિરતાને પ્રાપ્ત કરે છે તેમ તેમ વિવેકરૂપી લક્ષ્મી તેના ઉપર પરમ પ્રીતિભાવ પ્રગટ કરતી રહે છે.

**ભાવાર્થ**—કરુણા (દયા) વિવેકને વધારે છે.

**अन्ययोगव्यवच्छेदादहिंसा श्रीजिनागमे ।**
**परैश्च योगमात्रेण कीर्तिता सा यदृच्छया ॥५६॥**

જિનેન્દ્રભગવાનના માર્ગની અહિંસાને અન્ય યોગવ્યવચ્છેદવાળી કહેલ છે એટલે કે અન્યમતોમાં આવી અહિંસાનો યોગ જ નથી. આ જિનમતમાં તો હિંસાનો સર્વથા નિષેધ જ છે અને અન્ય-

મતીઓએ જે અહિંસા કહી છે તે યોગમાત્રથી જ કહેલ છે એટલે કે કોઈ જગ્યાએ અહિંસા બતાવી છે તો કોઇક ઠેકાણે હિંસાનું પોષણ કર્યું છે. તેથી તેને સ્વેચ્છાપૂર્વક ઉન્મત્ત માણસની જેમ તે અહિંસા બતાવી છે.

**ભાવાર્થ**—જિનાગમોમાં હિંસાનો સર્વથા નિષેધ છે પરંતુ અન્યમતિઓએ પાગલ માણસની જેમ ક્યાંક તો હિંસાનો નિષેધ કર્યો છે અને કયાંક તેનું પોષણ કર્યું છે.

**तन्नास्ति जीवलोके जिनेन्द्रदेवेन्द्रचक्रकल्याणम् ।**
**यत्प्राप्नुवन्ति मनुजा न जीवरक्षानुरागेण ॥५७॥**

આ જીવ લોકમાં (જગતમાં) જીવરક્ષાના અનુરાગ–પ્રેમને લીધે માણસો સમસ્ત કલ્યાણરૂપ એવા મોક્ષપદને પણ પ્રાપ્ત થાય છે. એવી કોઈ પણ તીર્થંકર, દેવેન્દ્ર કે ચક્રવર્તિરૂપી કલ્યાણકારી પદવી નથી કે જે દયાવાન પુરુષને પ્રાપ્ત ન થાય! એટલે કે અહિંસા (દયા) સર્વોત્તમ પદવીને આપનારી છે.

**यत्किंचित्संसारे शरीरिणां दुःखशोकभयबीजम् ।**
**दौर्भाग्यादि समस्तं तद्धिंसासंभवं ज्ञेयम् ॥५८॥**

સંસારમાં જીવોને જે કંઈ દુઃખ, શોક કે ભયનું બીજકર્મ છે તથા દુર્ભાગ્યાદિ પ્રાપ્ત થાય છે તે બધા એકમાત્ર હિંસાથી ઉત્પન્ન થયેલા જાણો.

**ભાવાર્થ**—સમસ્ત પાપકર્મોનું મૂળ હિંસા જ છે.

## ઉપસંહાર

ज्योतिश्चक्रस्य चन्द्रो हरिरमृतभुजां चण्डरोचिर्ग्रहाणाम्
कल्पाङ्घ्रिः पादपानां सलिलनिधिरपां स्वर्णशैलो गिरीणाम् ।
देवः श्रीवीतरागस्त्रिदशमुनिगणस्यात्र नाथो यथाऽयम्
तद्वच्छीलव्रतानां शमयमतपसां विद्धयहिंसां प्रधानाम् ॥५९॥

હે ભવ્ય જીવ! જેવી રીતે જ્યોતિષચક્રનો પ્રધાન સ્વામી ચન્દ્રમા છે તથા દેવોમાં ઈન્દ્ર, ગ્રહોમાં સૂર્ય, વૃક્ષોમાં કલ્પવૃક્ષ, જળાશયોમાં સમુદ્ર, પર્વતોમાં મેરુ, અને દેવોમાં મુનિઓના નાથ (સ્વામી) શ્રી વીતરાગદેવ પ્રધાન છે, તેવી જ રીતે શીલ અને વ્રતોમાં તથા સમભાવ, યમ (મહાવ્રત) અને તપોમાં હિંસાને પ્રધાન જાણો.

દોહરો

રાગાદિક નિશ્ચય કહી, વ્યવહારે પરઘાત ।
હિંસા ત્યાગેં જે જતી, મટેં સબ ઉત્પાત ॥

**ભાવાર્થ**—રાગાદિભાવ કરવા તે નિશ્ચયથી હિંસા છે અને બીજા જીવોનો ઘાત કરવો તે વ્યવહારથી હિંસા છે. આવી દ્રવ્ય અને ભાવ હિંસાનો જે યતિ ત્યાગ કરે છે તેના બધા ઉત્પાતો—દુઃખો મટી જાય છે.

卐

९

## નવમો સર્ગ

# સત્ય મહાવ્રત

यः संयमधुरां धत्ते धैर्यमालम्ब्य संयमी ।
स पालयति यत्नेन वाग्वने सत्यपादपम् ॥१॥

જે સંયમી મુનિ ધૈર્યનું અવલંબન કરીને સંયમની ધુરાને (મુનિદીક્ષાને) ધારણ કરે છે તે મુનિ વચનરૂપી વનમાં સત્યરૂપી વૃક્ષને યત્નપૂર્વક ઉછેરે છે.

अहिंसाव्रतरक्षार्थं यमजातं जिनैर्मतम् ।
नारोहति परां कोटिं तदेवासत्यदूषितम् ॥२॥

જિનેન્દ્ર ભગવાને જે યમ નિયમાદિ વ્રતોનો સમૂહ વર્ણવ્યો છે તે એકમાત્ર અહિંસાવ્રતની રક્ષા માટે જ કહેલ છે. કારણ કે અહિંસાવ્રત જો અસત્ય વચનથી દૂષિત હોય તો તે ઉત્કૃષ્ટ પદને પામી શકતું નથી. એટલે કે અસત્યવચન જ્યાં હોય ત્યાં અહિંસા-વ્રત સંપૂર્ણ થતું નથી.

असत्यमपि तत्सत्यं यत्सत्त्वाशंसकं वचः ।
सावद्यं यच्च पुष्णाति तत्सत्यमपि निन्दितम् ।।३।।

જે વચનો જીવોને ઈષ્ટકારી, હિતકારી હોય, તે અસત્ય હોય તો પણ સત્ય છે અને જે વચનો પાપયુક્ત હિંસારૂપી કાર્યને પુષ્ટ કરતા હોય, તે સત્ય હોય તો પણ અસત્ય અને નિંદનીય છે.

अनेकजन्मजक्लेशशुद्ध्यर्थं यस्तपस्यति ।
सर्वं सत्त्वहितं शश्वत्स ब्रूते सूनृतं वचः ।।४।।

જે મુનિ અનેક જન્મના ઉત્પન્ન થયેલા કલેશો (દુઃખો)ની ઉપશાંતિ માટે તપશ્ચરણ કરે છે તે નિરંતર સત્યવચન જ બોલે છે. કારણ કે અસત્યવચન બોલવાથી મુનિપણું સંભવતું નથી.

सूनृतं करुणाक्रान्तमविरुद्धमनाकुलम् ।
अग्राम्यं गौरवाश्लिष्टं वचः शास्त्रे प्रशस्यते ।।५।।

જે વચનો સત્ય હોય, કરુણાથી વ્યાપ્ત હોય, વિરુદ્ધ ન હોય, આકુળતા રહિત હોય, ગામઠી–હલકી ભાષા ન હોય, ગૌરવયુક્ત હોય. જેમાં ક્ષુદ્રતા ન હોય તે જ વચનોની શાસ્ત્રમાં પ્રશંસા કરવામાં આવી છે.

मौनमेव हितं पुंसां शश्वत्सर्वार्थसिद्धये ।
वचो वाचि प्रियं तथ्यं सर्वसत्वोपकारि यत् ।।६।।

વિવેકી જનોએ પ્રથમ તો સમસ્ત પ્રયોજનોને સિદ્ધ કરનારા એવા મૌનનું નિરંતર અવલંબન–આશ્રય લેવો જોઈએ. કારણ કે તે જ હિતકારી છે, પરંતુ કદાચ બોલવાનો પ્રસંગ ઉપસ્થિત થાય અને બોલવું જ પડે તો તે સમસ્ત જનોનું હિત કરનારું હોવું જોઈએ.

यो जिनैर्जगतां मार्गः प्राणीतोऽत्यन्तशाश्वतः ।
असत्यबलतः सोऽपि निर्दयैः कथ्यतेऽन्यथा ॥७॥

જિનેન્દ્ર સર્વજ્ઞ દેવાધિદેવે જગતના જીવોને જે અંતરહિત, શાશ્વત, (સનાતન, ધ્રુવ) માર્ગ કહ્યો છે, તે માર્ગને પણ નિર્દય પુરુષોએ અસત્યના બળથી અન્યથા વર્ણન કર્યું છે.

**ભાવાર્થ**—વિષયી તથા કષાયી પુરુષ પોતાના વિષયકષાયોને પુષ્ટ કરવા માટે ઉત્તમ માર્ગનું પણ ઉત્થાપન કરીને કુમાર્ગ ચલાવે છે. આ મિથ્યાત્વનું જ માહાત્મ્ય છે. સંસારમાં મિથ્યાત્વ મહાબલવાન છે.

विचर्च्यासत्यसंदोहं खलैर्लोकः खलीकृतः ।
कुशास्त्रैः स्वमुखोद्गीर्णैरुत्पाद्य गहनं तमः ॥८॥

દુષ્ટ અને તુચ્છ લોકોએ અસત્યનો જ વિશેષ પ્રકારે વિસ્તાર કરીને પોતાના કપોલકલ્પિત મિથ્યાશાસ્ત્રોવડે ગાઢ અજ્ઞાનરૂપી અંધકારને ઉત્પન્ન કરીને આ જગતને દુષ્ટ અથવા અસાર બનાવી દીધો છે. તે બરાબર છે, કારણ કે જેઓ સ્વાર્થી હોય છે તેઓ આવી જ દુષ્ટતા કરે છે. પરના હિતાહિતનો કંઈપણ વિચાર નહિ કરતાં તેઓ ચાહે તે રીતે—કોઈ પણ પ્રકારે પોતાના સ્વાર્થ સાધનનું જ કામ કરે છે.

जयन्ति ते जगद्वन्द्या यैः सत्यकरुणामये ।
अवञ्चकेऽपि लोकोऽयं पथि शश्वत्प्रतिष्ठितः ॥९॥

જે મહાપુરુષોએ આ લોકને સત્યરૂપે, કરુણામય તથા વંચના-

રહિત માર્ગે ચલાવ્યો તેઓ જ વિજયને વરેલા છે અને જગતમાં તેઓ જ વંદનીય અને પૂજનીય છે.

असद्वदनवल्मीके विशाला विषसर्पिणी ।
उद्वेजयति वागेव जगदन्तर्विषोल्वणा ॥१०॥

દુષ્ટ પુરુષોના મુખરૂપી દરમાં અંતરંગમાં વિષથી ઉત્કૃષ્ટ એવા અત્યંત વિસ્તીર્ણ વિષવાળી જે અસત્યવાણીરૂપી સર્પિણી રહે છે, તે જ જગત આખાને દુઃખ આપે છે.

न सास्ति काचिद्व्यवहारवर्तिनी
न यत्र वाग्विस्फुरति प्रवर्तिका ।
ब्रुवन्नसत्यामिह तां हताशयः
करोति विश्वव्यवहारविप्लवम् ॥११॥

આ જગતમાં વ્યવહારમાં પ્રવર્તનારી વાણી એવી એકપણ નથી કે જેમાં સમસ્ત વ્યવહારોને સિદ્ધ કરનારી સ્યાદ્વાદરૂપી સત્યાર્થ વાણી સ્ફુરાયમાન ન થાય. પરંતુ આવી સ્યાદ્વાદરૂપી સત્યાર્થ વાણીને પણ મિથ્યાદૃષ્ટિ અન્યમતી મૂઢ પુરુષો અસત્ય બતાવી સમસ્ત વ્યવહારનો લોપ કરે છે.

**ભાવાર્થ**—મિથ્યાદષ્ટિ (સર્વથા એકાન્તી) સ્યાદ્વાદ વાણીનો નિષેધ કરે છે તેથી તેઓ નષ્ટાશયવાળા છે. કારણ કે તેમનું કથન સર્વથા એકાન્ત હોવાથી અસત્ય છે. તે અસત્ય વચનોથી લોક-વ્યવહારની પણ સિદ્ધિ થતી નથી. અસત્ય વચનો બોલીને મિથ્યા-દષ્ટિઓ સમસ્ત વ્યવહારોનો લોપ કરે છે.

पृष्टैरपि न वक्तव्यं न श्रोतव्यं कथंचन ।
वचः शङ्काकुलं पापं दोषाढ्यं चाभिसूयकम् ॥१२॥

જે વચનો સંદેહરૂપ હોય, પાપરૂપ હોય, દોષોથી યુક્ત અથવા ઇર્ષ્યાને ઉત્પન્ન કરનાર હોય, તેવા વચનો બીજાના પૂછવા છતાં પણ કહેવા ન જોઈએ. તેમ જ તેવા વચનો કોઈ પાસેથી સાંભળવા પણ નહિ.

**ભાવાર્થ**—નિષેધ કરેલા વચનોને ઉપસ્થિત કરવા ન જોઈએ તેમ અવકાશ પણ આપવો ન જોઈએ.

**मर्मच्छेदि मनःशल्यं च्युतस्थैर्यं विरोधकम् ।**
**निर्दयं च वचस्त्याज्यं प्राणैः कण्ठगतैरपि ॥१३॥**

વળી મર્મને છેદનાર, મનમાં શલ્ય ઉત્પન્ન કરનાર, સ્થિરતારહિત (ચંચળરૂપ), વિરોધ ઉત્પન્ન કરનાર તથા દયારહિત વચનો ગળે પ્રાણો આવી જાય તો પણ ન બોલવા જોઇએ.

**धन्यास्ते हृदये येषामुदीर्णः करुणाम्बुधिः ।**
**वाग्वीचिसञ्चयोल्लासैर्निर्वापयति देहिनः ॥१४॥**

આ જગતમાં તે જ પુરુષો ધન્ય છે કે જેમના હૃદયમાં કરુણારૂપી સમુદ્ર ઉદય થઇને વચનોરૂપી તરંગોના સમૂહના ઉલ્લાસવડે જીવોને શાન્તિ પ્રદાન કરે છે.

**ભાવાર્થ**—કરુણા ભર્યા વચનો સાંભળીને દુઃખી જીવો પણ સુખી થઈ જાય છે.

**धर्मनाशे क्रियाध्वंसे सुसिद्धान्तार्थविप्लवे ।**
**अपृष्टैरपि वक्तव्यं तत्स्वरूपप्रकाशने ॥१५॥**

જ્યાં ધર્મનો નાશ થતો હોય, ક્રિયા બગડતી હોય તેમ જ સમીચીન સિદ્ધાન્તનો લોપ થતો હોય, તે જગ્યાએ સમીચીન

ધર્મક્રિયા અને સિદ્ધાંતને પ્રકાશિત કરવા–બતાવવા માટે વગર કહ્યે પણ વિદ્વાનોએ બોલવું જોઈએ. કારણ કે તે સત્પુરુષોનું કાર્ય છે.

या मुहुर्मोहयत्येव विश्रान्ता कर्णयोर्जनम् ।
विषमं विषमुत्सृज्य साऽवश्यं पन्नगी न गीः ॥१६॥

જે વાણી લોકોના કાનમાં વારંવાર પડેલી તથા વિષમ વિષને પ્રસરાવતી–નીગળતી જીવોને મોહિત બનાવે છે અને સમીચીન માર્ગને ભુલાવે છે તે વાણી વાણી નથી પરંતુ સર્પિણી છે.

**ભાવાર્થ**—જે વચનો સાંભળતાં જ સંસારી પ્રાણીઓ ઉત્તમ માર્ગને છોડી કુમાર્ગમાં ઢળી પડે તે વચનો સર્પસમાન છે.

असत्येनैव विक्रम्य चार्वाकद्विजकौलिकैः ।
सर्वाक्षपोषकं धूर्तैः पश्य पक्षं प्रतिष्ठितम् ॥१७॥

અસત્યવચનના પ્રભાવથી જ ચાર્વાક (નાસ્તિકમતી) અને બ્રાહ્મણ કુળના (મીમાંસક વિ.) પાખંડીઓએ સત્યાર્થ માર્ગથી ભ્રષ્ટ થઈ સમસ્ત ઇન્દ્રિયોના વિષયોને પોષનારા પોતાના પક્ષ (મત)નું સ્થાપન કર્યું છે.

मन्ये पुरजलावर्त्तप्रतिमं तन्मुखोदरम् ।
यतो वाचः प्रवर्त्तन्ते कश्मलाः कार्यनिष्फलाः ॥१८॥

હું એમ માનું છું કે ચાર્વાક વિ. અન્યમતી તથા અન્ય અનેક અસત્યવાદીઓના મુખરૂપી જે છિદ્રો છે, તે નગરનું પાણી બહાર નીકળવા માટે ગટર સમાન છે. કારણ કે જેમ શહેરની ગટરોમાં પાણી ગંદું અને મલિન હોય છે, તે કોઈ પણ કામમાં આવતું

નથી, તેવી જ રીતે તેમના મુખથી જે વચનો બહાર નીકળે છે તે પણ મલિન હોય છે અને તે કોઈ પણ કામમાં ન આવવાથી નિસ્સાર–તુચ્છ છે.

प्राप्नुवन्त्यतिघोरेषु रौरवादिषु संभवम् ।
तिर्यक्ष्वथ निगोदेषु मृषावाक्येन देहिनः ॥१९॥

અસત્ય વચનને કારણે પ્રાણીઓ અતિ તીવ્ર રૌરવાદિ નરકોની કુંભિઓમાં તથા તિર્યંચ યોનિ અને નિગોદમાં ઉત્પન્ન થઈને દુઃખ ભોગવ્યાં જ કરે છે.

न तथा चन्दनं चन्द्रो मणयो मालतीस्रजः ।
कुर्वन्ति निर्वृतिं पुंसां यथा वाणी श्रुतिप्रिया ॥२०॥

જીવોને કર્ણપ્રિય મધુર વાણી જેવી રીતે સુખી કરે છે તેવી રીતે ચંદન, ચંદ્રમા, ચન્દ્રમણિ, મોતી અને માલતીના પુષ્પોની માળા વિ. શીતળ પદાર્થો પણ સુખી કરી શકતા નથી. આ વાત જગતમાં પ્રસિદ્ધ છે.

अपि दावानलप्लुष्टं शाड्वलं जायते वनम् ।
न लोकः सुचिरेणापि जिह्वानलकदर्थितः ॥२१॥

દાવાનળ અગ્નિથી બળી ગયેલું વન તો કોઈક કાળે હરુંભરું લીલુંછમ પણ બની જાય છે, પરંતુ જીભરૂપી અગ્નિથી (કઠોર મર્મભેદી વચનોથી) પીડાયેલો લોક ઘણો કાળ જવા છતાં પણ હરિત (પ્રસન્ન મુખવાળો) થતો નથી.

**ભાવાર્થ**—દુર્વચનનો ઘા મટવો ઘણો મુશ્કેલ અને કઠણ છે.

सर्वलोकप्रिये तथ्ये प्रसन्ने ललिताक्षरे ।
वाक्ये सत्यपि किं ब्रूते निकृष्टः पुरुषं वचः ॥२२॥

જે વચનો સર્વ લોકને પ્રિય, સત્ય તથા પ્રસન્ન કરનાર અને લલિત અક્ષરવાળાં છે, તે વિદ્યમાન હોવા છતાં પણ નીચ પુરુષો કઠોર વચન શા માટે બોલે છે તે સમજાતું નથી.

सतां विज्ञाततत्त्वानां सत्यशीलावलम्बिनाम् ।
चरणस्पर्शमात्रेण विशुद्धयति धरातलम् ॥२३॥

જે મહાપુરુષો સત્યવચનો બોલે છે, તત્ત્વોના યથાર્થ સ્વરૂપને જાણે છે અને સત્યશીલાદિનું અવલંબન કરનારા છે. તેમના ચરણોના સ્પર્શમાત્રથી આ ધરતી પવિત્ર થાય છે. તે જ લોકો ઉત્તમ પુરુષો છે અને જેઓ અસત્ય બોલે છે તેઓ નીચ છે.

यमव्रतगुणोपेतं सत्यश्रुतसमन्वितम् ।
यैर्जन्म सफलं नीतं ते धन्या धीमतां मतः ॥२४॥

જે મહાપુરુષોએ પોતાના જન્મ યમવ્રતાદિ ગુણોથી સહિત થઈને અને સત્યશાસ્ત્રોના અધ્યયન કરીને સફળ બનાવ્યા છે, તેઓ જ ધન્ય છે અને વિદ્વાનો દ્વારા પૂજનીય છે.

नृजन्मन्यपि यः सत्यप्रतिज्ञाप्रच्युतोऽधमः ।
स केन कर्मणा पश्चाज्जन्मपङ्कात्तरिष्यति ॥२५॥

જે અધમ, પાપી, નીચ પુરુષો માનવદેહ પામીને પણ સત્ય-વ્રત–સત્ય વચનોથી રહિત છે, તે પાપી પાછો સંસારરૂપી કાદવમાંથી ક્યારે પાર ઉતરશે ?

**ભાવાર્થ**—તરવાનો અવસર, સાધન તો મનુષ્ય–જન્મ જ છે. તેમાં જ ધર્માચરણ તથા પ્રતિજ્ઞાદિ વ્રતો થઈ શકે છે, આ જન્મ

વીત્યા પછી ફરી તરવાનો અવસર પ્રાપ્ત થવો ઘણો કઠણ છે, તેથી મનુષ્યજન્મને સત્યશીલાદિવડે સફળ બનાવવો જોઈએ.

अदयैः संप्रयुक्तानि वाक्छस्त्राणीह भूतले।
सद्यो मर्माणि कृन्तन्ति शितास्त्राणीव देहिनाम् ॥२६॥

નિર્દય પુરુષો વડે ચલાવેલું વચનરૂપી શસ્ત્ર આ જગતના જીવોના મર્મસ્થલને તીક્ષ્ણ હથિયારની જેમ તત્કાલ છેદી નાખે છે. કારણ કે અસત્ય વચન જેવું બીજું એકેય શસ્ત્ર નથી.

व्रतश्रुतयमस्थानं विद्याविनयभूषणम् ।
चरणज्ञानयोर्बीजं सत्यसंज्ञं व्रतं मतम् ॥२७॥

આ સત્ય નામનું વ્રત, બીજા વ્રત, શ્રુત અને યમોનું તો સ્થાન છે જ, પરંતુ વિદ્યા અને વિનયનું ભૂષણ છે. કારણ કે વિદ્યા અને વિનય સત્યવચનવડે જ શોભે છે અને સમ્યક્ચારિત્ર તથા સમ્યગ્જ્ઞાનનું બીજ ઉત્પન્ન કરનાર પણ સત્યવચન જ છે.

न हि सत्यप्रतिज्ञस्य पुण्यकर्मावलम्बिनः ।
प्रत्यूहकरणे शक्ता अपि दैत्योरगादयः ॥२८॥

સત્યપ્રતિજ્ઞાવાળા પુણ્યવંત–પુણ્યકર્માવલંબી પુરુષોનું દુષ્ટ દૈત્ય તથા સર્પાદિક કંઈ પણ બૂરું કરવાને સમર્થ થઈ શકતા નથી.

चन्द्रमूर्तिरिवानन्दं वर्द्धयन्ती जगत्त्रये ।
स्वर्गिभिर्ध्रियते मूर्ध्ना कीर्त्तिः सत्योत्थिता नृणां ॥२९॥

ત્રણ લોકમાં ચંદ્રમા સમાન આનંદની વૃદ્ધિ કરનાર સત્ય વચનોથી ઉત્પન્ન થયેલ મનુષ્યોની કીર્તિ–યશને દેવો પણ મસ્તકે ધારણ કરે છે.

**खण्डितानां विरूपाणां दुर्विधानां च रोगिणाम् ।**
**कुलजात्यादिहीनानां सत्यमेकं विभूषणं ॥३०॥**

જેમના હાથ, નાક વિ. અવયવો છેદાઈ ગયા હોય અને જેઓ કદરૂપા હોય, વળી જેઓ દરિદ્રી તથા રોગી હોય, કુળ અને જાતિથી હીન હોય–તેવાઓનું ભૂષણ સત્ય વચન બોલવું એ જ છે. એટલે કે તે વચનોરૂપી અલંકાર તેમની શોભા વધારે છે. કારણ કે જે ઉપર કહેલ સમસ્ત પ્રકારોથી રહિત અને સત્યવચનો બોલે છે, તેની બધા જ લોકો પ્રશંસા કરે છે.

**यस्तपस्वी जटी मुण्डो नग्नो वा चीवरावृतः ।**
**सोऽप्यसत्यं यदि ब्रूते निन्द्यः स्यादन्त्यजादपि ॥३१॥**

જે તપસ્વી હોય, જટાધારી હોય, માથું મુંડાવેલું હોય, નગ્ન (દિગંબર) હોય કે વસ્ત્રધારી હોય, પરંતુ જો તે અસત્ય બોલતો હોય તો તે ચાંડાલથી પણ ખરાબ અને અતિશય નિંદનીય છે.

**कुटुम्बं जीवितं वित्तं यद्यसत्येन वर्द्धते ।**
**तथापि युज्यते वक्तुं नासत्यं शीलशालिभिः ॥३२॥**

જો અસત્ય વચનો બોલવાથી પોતાના કુટુંબ, જીવન અને ધનની વૃદ્ધિ થતી હોય તો પણ શીલથી શોભિત પુરુષોએ અસત્ય વચનો બોલવા કોઈ પણ રીતે ઉચિત કે યોગ્ય નથી.

**एकतः सकलं पापं असत्योत्थं ततोऽन्यतः ।**
**साम्यमेव वदन्त्यार्यास्तुलायां धृतयोस्तयोः ॥३३॥**

આર્ય પુરુષોએ ત્રાજવામાં એક બાજુ તો સમસ્ત પાપોને

મૂકયા અને એક બાજુ અસત્યથી ઉત્પન્નં થયેલા પાપને મૂકી જોયું તો બન્ને પલ્લાં સરખાં થયાં.

**ભાવાર્થ**—એકલું અસત્ય જ સમસ્ત પાપોની બરાબર છે.

**मूकता मतिवैकल्यं मूर्खता बोधविच्युतिः ।**
**बाधिर्यं मुखरोगित्वमसत्यादेव देहिनाम् ॥३४॥**

ગૂંગાપણું, બુદ્ધિની હીનતા, મૂર્ખતા, અજ્ઞાનતા, બહેરાપણું તથા મોઢામાં ચાંદા વિ. રોગ ઉત્પન્ન થવા આ બધા દુઃખો જે જીવોને થાય છે તે બધા અસત્ય વચન બોલવાના પાપથી જ થાય છે એમ સમજવું.

**श्वपाकोलूकमार्जारवृकगोमायुमण्डलाः ।**
**स्वीक्रियन्ते क्वचिल्लोकैर्न सत्यच्युतचेतसः ॥३५॥**

ચાંડાલ, ઘૂવડ, બિલાડા, વરુ, કૂતરા વિ. જોકે નિન્દિત છે તથાપિ લોકો તેમને અંગીકાર કરે છે—રક્ષણ આપે છે, પરંતુ અસત્યવાદીઓને તો કોઈ પણ રક્ષણ આપતું નથી, તેથી અસત્ય-વાદીઓ આ બધાથી પણ વધારે નિંદનીય છે.

**प्रसन्नोन्नतवृत्तानां गुणानां चन्द्ररोचिषां ।**
**सङ्घातं घातयत्येव सकृदप्युदितं मृषा ॥३६॥**

એક વખત બોલાયેલું અસત્ય વચન ચન્દ્રમાના કિરણોની જેવા પ્રસન્ન, નિર્મળ અને ઉન્નત ગુણોના સમૂહને પણ નષ્ટ કરી દે છે.

**ભાવાર્થ**—અસત્યવચન એવું મલિન છે કે ચંદ્રસમાન નિર્મળ સ્વચ્છ ગુણોને પણ મલિન કરી નાખે છે.

**न हि स्वप्नेऽपि संसर्गमसत्यमलिनैः सह ।**
**कश्चित्करोति पुण्यात्मा दुरितोल्मुकशङ्कया ॥३७॥**

જે પુરુષો અસત્યથી મલિન છે, તેમની સાથે પાપરૂપી કાલિમા-કલંક લાગવાના ભયથી કોઈ પુણ્યાત્મા પુરુષ સ્વપ્નમાં પણ સાક્ષાત્ મુલાકાત કરતા નથી

**ભાવાર્થ**—ખોટા માણસોની સોબતથી સાચા માણસને પણ કાલિમા–કલંક લાગે છે.

**जगद्वन्द्ये सतां सेव्ये भव्यव्यसनशुद्धिदे ।**
**शुभे कर्मणि योग्यः स्यान्नासत्यमलिनो जनः ॥३८॥**

જગતના વંદનીય, સત્પુરુષોના પૂજનીક, સંસારના દુઃખસંકટોથી છોડાવનાર આવા શુભકાર્યોમાં અસત્યથી મેલા નિંદિત પુરુષોની ગણના થતી નથી.

**ભાવાર્થ**—શુભ અને માંગલિક કામોમાં જૂઠા બોલા–અસત્યવાદીઓનો અધિકાર હોતો નથી.

**महामतिभिर्निष्ठ्यूतं देवदेवैर्निषेधितम् ।**
**असत्यं पोषितं पापैर्दुःशीलाधमनास्तिकैः ॥३९॥**

મોટા મોટા બુદ્ધિમાન પુરુષોએ તો અસત્યવચનનો ત્યાગ કરી જ દીધો છે અને દેવાધિદેવ સર્વજ્ઞ વીતરાગ પ્રભુએ તેનો નિષેધ કર્યો છે, પરંતુ અસત્ય–ખોટા બોલવાના સ્વભાવવાળા નીચ, નાસ્તિક પાપીઓએ તો તેનું પોષણ કર્યું છે, તે બરાબર છે કારણ કે પાપીઓને પાપ જ ઇષ્ટ હોય છે. મહાપુરુષો જેની નિંદા કરે છે, નીચ પુરુષો તેની જ પ્રશંસા કરે છે.

सुतस्वजनदारादिवित्तबन्धुकृतेऽथवा ।
आत्मार्थे न वचोऽसत्यं वाच्यं प्राणात्ययेऽथवा ॥४०॥

પુત્ર, સ્વજન, સ્ત્રી, ધન અને મિત્રો માટે અથવા પોતાના માટે પ્રાણ ચાલ્યા જતા હોય તો પણ અસત્ય વચન કદી પણ ન બોલવા જોઈએ.

परोपरोधादतिनिन्दितं वचो
ब्रुवन्नरो गच्छति नारकीं पुरीं ।
अनिन्द्यवृत्तोऽपि गुणी नरेश्वरो
वसुर्यथाऽगादिति लोकविश्रुतिः ॥४१॥

માણસ બીજાના અનુરોધથી (વિનંતીથી) બીજાને માટે અતિ નિંદનીય એવું અસત્ય બોલીને નરકમાં ચાલ્યો જાય છે. જેમકે વસુરાજા અનિન્દ્ય-પ્રશસ્ત આચરણવાળો અને ગુણવાન હતો, પરંતુ પોતાના સહપાઠી ગુરુપુત્ર (પર્વત)ને બચાવવા માટે ખોટી સાક્ષી-જુબાની આપી તેથી તે, નરકમાં ગયો. આ જગત્પ્રસિદ્ધ વાર્તા છે. (આ કથા પુરાણોમાં પ્રસિદ્ધ છે). તેથી બીજાને માટે પણ ખોટું-અસત્ય બોલવું તે નરકમાં ખેંચી જાય છે.

## ઉપસંહાર

चञ्चन्मस्तकमौलिरत्नविकटज्योतिश्छटाडम्बरै-
र्देवाः पल्लवयन्ति यच्चरणयोः पीठे लुठन्तोऽप्यमी ।
कुर्वन्ति ग्रहलोकपालखचरा यत् प्रातिहार्यं नृणां
शाम्यन्ति ज्वलनादयश्च नियतं तत्सत्यवाचः फलम् ॥४२॥

જગત્પ્રસિદ્ધ દેવ પણ પોતાના દેદીપ્યમાન (ચમકતા) મસ્તક ઉપરના મુગુટોના રત્નોની ઉત્કટ જ્યોતિની છટાના આડંબરથી જે

મનુષ્યોના ચરણયુગલોની નીચેના સિંહાસનની પાસે આળોટતા ચરણોની શોભાને વધારે છે, તથા સૂર્યાદિક ગ્રહ, લોકપાળ અને વિદ્યાધર જેમના દ્વારે દ્વારપાળ થઈને ઊભા રહે છે અને અગ્નિ, પાણી વિ. ના ઉપસર્ગો ઉપશમરૂપ–શાંત પડી જાય છે, તે બધા તેમના સત્યવચન બોલવાના જ ફળ છે.

**ભાવાર્થ**—જે મનુષ્યોની સેવા પ્રસિદ્ધ દેવાસુરાદિ પણ કરે છે તે મહાન પુરુષો તીર્થંકર અથવા ચક્રવર્તી વિ. પદવીધારી હોય છે. તેઓ અગ્નિ કે પાણીમાં પ્રવેશ્યા હોય, મહાન ભયંકર ઉપસર્ગ થયો હોય તો પણ તે અગ્નિ વિ. તેમની સહાયતા કરે છે, આ બધું સત્યવચનનું જ ફળ છે.

દોહરો

**સત્યવચન સંસારમેં, કરૈ સકલ કલ્યાન ।**
**મુનિ પાલૈ પૂરણ ઇસે, પાવૈ મોક્ષનિધાન ॥૯॥**

**ભાવાર્થ**—આ સંસારમાં સત્ય વચન સકલ જનોનું કલ્યાણ કરે છે. મુનિજનો આ સત્યવ્રતનું સંપૂર્ણપણે પાલન કરી મોક્ષના સુખોને પ્રાપ્ત કરે છે.

★

१०

# દશમો સર્ગ

## અસ્તેય મહાવ્રત

अनासाद्यं व्रतं नाम तृतीय गुणभूषणम् ।
नापवर्गपथि प्रायः क्वचिद्धत्ते मुनिः स्थितिम् ॥१॥

મુનિગણોના ભૂષણરૂપ ત્રીજું અસ્તેય નામનું મહાવ્રત જે મુનિ અંગીકાર કરતો નથી તે મોક્ષમાર્ગમાં પ્રાયે કરી કોઈપણ જગ્યાએ સ્થિરતાને પ્રાપ્ત કરી શકતો નથી.

यः समीप्सति जन्माब्धेः पारमाक्रमितुं सुधीः ।
स त्रिशुद्धयातिनिःशङ्को नादत्ते कुरुते मतिं ॥२॥

જે પુરુષ સંસાર સમુદ્રથી પાર થવાની ઇચ્છા રાખે છે તે સુબુદ્ધિજન શલ્યરહિત થઈને મન વચન કાયાવડે અદત્ત (અણુદીધેલી) વસ્તુને ગ્રહણ કરવાની ઇચ્છા કરતો નથી.

वित्तमेव मतं सूत्रे प्राणा बाह्याः शरीरिणाम् ।
तस्यापहारमात्रेण स्युस्ते प्रागेव घातितः ॥३॥

શાસ્ત્રોમાં ધનને જીવોનો બાહ્યપ્રાણ કહેલ છે, તેથી તે ધનનું હરણ કરવાથી જીવોના પ્રાણોનો ઘાત થાય છે.

**ભાવાર્થ**—જેણે કોઈ બીજાનું ધન ચોરી લીધું તેણે તેના પ્રાણ જ હરી લીધા, એમ સમજવું. આ ચોરી કરવી તે પણ હિંસા જ છે.

गुणा गौणत्वमायान्ति यान्ति विद्या विडम्बनाम् ।
चौर्येणाकीर्तयः पुसां शिरस्यादधते पद ॥४॥

ચોરી કરનારના ગુણો તો ગૌણતાને પ્રાપ્ત થાય છે તથા વિદ્યા વિડંબનારૂપ બને છે અને અપયશ (નિન્દા) તેના મસ્તક ઉપર પગ મૂકે છે.

**ભાવાર્થ**—ચોરી કરનાર પુરુષના ગુણોને કોઈ પણ ગણતું કે યાદ કરતું નથી. વળી શાસ્ત્ર-અભ્યાસ વિ. વિદ્યા—જ્ઞાન તેને અવળા પરિણમે છે અને અપયશ—કલંકનું ટીલું તેના લલાટે લાગે છે.

पुण्यानुष्ठानजातानि प्रणश्यन्तीह देहिनाम् ।
परवित्तामिषग्रासलालसानां धरातले ॥ ५ ॥

આ પૃથ્વી ઉપર પરધનરૂપી માંસના લોચામાં આસક્ત પુરુષોના પુણ્યરૂપી આચરણોનો સમૂહ—ચારિત્રધન આ જ લોકમાં નષ્ટ થઈ જાય છે.

**ભાવાર્થ**—ચોરી કરનારનું આચરણ ઉત્તમ પ્રકારનું રહેતું નથી.

परद्रव्यग्रहार्त्तस्य तस्करस्येह निर्दया ।
गुरुबन्धुसुतान्हन्तुं प्रायः प्रज्ञा प्रवर्त्तते ॥६॥

પરદ્રવ્યને ગ્રહણ કરનાર, પરદ્રવ્યરૂપી પિશાચથી પીડિત ચોરને પોતાના ગુરુ, ભાઈ અને પુત્રને પણ મારી નાખવાની પ્રાયે કરી નિર્દય બુદ્ધિ થઈ જાય છે.

**ભાવાર્થ**—કોઈને પણ જાનથી મારી નાખવામાં ચોરને દયા આવતી નથી.

हृदि यस्य पदं धत्ते परवित्तामिषस्पृहा ।
करोति किं न किं तस्य कण्ठलग्नेव सर्पिणी ॥७॥

જે પુરુષના હૃદયમાં પરધનરૂપી માંસભક્ષણની ઇચ્છા સ્થાન જમાવતી હોય– ઘર કરતી હોય તો તે ઇચ્છા ગળામાં વીંટળાયેલ સર્પિણીની જેમ શું શું નહિ કરે? એટલે કે બધાં જ અનિષ્ટો કરે છે.

चुराशीलं विनिश्चित्य परित्यजति शङ्किता ।
वित्तापहारदोषेण जनन्यपि सुत निजम् ॥८॥

જેનો સ્વભાવ ચોરી કરવાનો પડી જાય છે તેવા પુત્રને તેની માતા પણ પોતાનું બધું ધન હરી જવાના ભયથી છોડી દે છે, તો પછી બીજાની શી વાત કરવી? એટલે કે બીજા લોકો છોડી દે તેમાં શું આશ્ચર્ય છે?

भ्रातरः पितरः पुत्राः स्वकुल्या मित्रबान्धवाः ।
संसर्गमपि नेच्छन्ति क्षणार्द्धमिह तस्करैः ॥९॥

ભાઈ, પિતા, પુત્ર, કુટુંબી–પોતાની સ્ત્રી, મિત્ર તથા હિતેચ્છુ વિ. કોઈ પણ ચોરનો સંસર્ગ એક ક્ષણને માટે પણ ઇચ્છતા નથી,

એટલે કે કોઇ પણ ચોરનો સગો (સંગાતી) થતું નથી.

न जने न वने चेतः स्वस्थं चौरस्य जायते ।
मृगस्येवोद्धतव्याधादाशङ्क्य वधमात्मनः ॥१०॥

ચોરનું મન માણસોની વચ્ચે પણ સ્થિર-શાંત બેસતું નથી, તેમ વનમાં પણ નિશ્ચિન્ત રહેતું નથી. જેમ કોઈ મૃગની પાછળ શિકારી પડી જાય તો પોતાની હત્યા થવાના ભયથી તેનું ચિત્ત ઠેકાણે રહેતું નથી, તેવી જ રીતે ચોરને પણ પોતે પકડાઈ જવાનો ભય નિરંતર રહ્યા કરે છે.

संत्रासोद्भ्रान्तचेतस्कश्चौरो जागर्त्यहर्निशम् ।
वध्येयात्र ध्रियेयात्र मार्येयात्रेति शङ्कितः ॥११॥

હું અહીં સપડાઈ જઈશ, અહીં મરાઈ જઈશ, અહીં દટાઈશ એમ તેનું ચિત્ત આકુળ-વ્યાકુળ બન્યું રહે છે અને પાગલની જેમ તે ચોર રાતદિન જાગતો રહે છે, સચેત રહે છે, ભયને લીધે અસાવધાન રહેતો નથી.

नात्मरक्षां न दाक्षिण्यं नोपकारं न धर्मतां ।
न सतां शंसितं कर्म चौरः स्वप्नेऽपि बुद्धयति ॥१२॥

ચોર પોતાની રક્ષા કરવાનું જાણતો નથી. બધી હોશિયારી ભૂલી જાય છે. તે પરોપકાર તથા ધર્મને પણ જાણતો નથી. તેમ જ સજ્જનોએ કરવા યોગ્ય કાર્યોને સ્વપ્નમાં પણ યાદ કરતો નથી.

**ભાવાર્થ**—ચોરનું ચિત્ત નિરંતર ચોરી કરવામાં અને ભયમાં નિમગ્ન રહે છે તેથી તેને ઉત્તમ કાર્ય કરવાનો વખત જ ક્યાંથી મળે ?

गुरवो लाघवं नीता गुणिनोऽप्यत्र खण्डिताः ।
चौरसंश्रयदोषेण यतयो निधनं गतः ॥१३॥

આ લોકમાં ચોરની સંગતિથી મોટા મોટા મહાપુરુષો પણ લઘુતાને પ્રાપ્ત થયા છે તથા ગુણી પુરુષો પડી ગયા છે અને મુનિગણો માર્યા ગયા છે.

**ભાવાર્થ**—ચોરનો સંસર્ગમાત્ર પણ દુઃખદાયક છે.

तृणाङ्कुरमिवादाय घातन्त्यविलम्बितम् ।
चौरं विज्ञाय निःशङ्कं धीमन्तोऽपि धरातले ॥१४॥

આ જગતમાં ચોરની ખબર પડતાં બુદ્ધિમાન-ડાહ્યો ગણાતો માણુસ પણ તત્કાળ તેને તણખલાની જેમ પકડી નિર્દય થઈ નિઃસંકોચપણે મારવા પીટવા માંડે છે.

**ભાવાર્થ**—ચોર ઉપર કોઈ માણુસને દયા ઊપજતી નથી.

विशन्ति नरकं घोरं दुःखज्वालाकरालितं ।
अमुत्र नियतं मूढाः प्राणिनश्चौर्यचर्विताः ॥१५॥

ચોરી કરનાર મૂઢ પુરુષ પરલોકમાં દુઃખરૂપી જ્વાળાથી ભયાનક એવી ઘોર નરકમાં નિયમા-નિશ્ચયથી પ્રવેશ કરે છે. નરકમાં પડીને ભયંકર દુઃખો ભોગવે છે.

सरित्पुरगिरिग्रामवनवेश्मजलादिषु ।
स्थापितं पतितं नष्टं परस्वं त्यज सर्वथा ॥१६॥

હે આત્મા ! નદી, નગર, પર્વત, ગામ, વન, ઘર તથા પાણી વિ. માં મૂકેલા, પડેલા, દાટેલા, નષ્ટ થયેલા ધનને તું મન, વચન અને કાયાથી ગ્રહણ કરવાનો વિચાર પણ છોડી દે.

चिदचिद्रूपतापन्नं यत्परस्वमनेकधा ।
तत्त्याज्यं संयमोद्दामसीमासंरक्षणोद्यमैः ॥१७॥

પરધન બે પ્રકારનું છે—એક ચેતન અને બીજું અચેતન. ચેતન તો દાસી, દાસ, પુત્ર, પૌત્ર, સ્ત્રી, ગાય, ભેંસ, બળદ, ઘોડા વિ. છે, અને અચેતન ધન, ધાન્ય, સુવર્ણ વિ. કહેવાય છે. તે અનેક પ્રકારનું છે. તેથી સંયમની મર્યાદા—ઉત્તમ પ્રતિજ્ઞાને જો અખંડિત રાખવી હોય, ચારિત્રની રક્ષા કરવી હોય તો તે બન્ને પ્રકારના પરધનને અવશ્ય તિલાંજલિ આપી દેવી જોઈએ એટલે કે પર દ્રવ્ય જરા પણ ગ્રહણ કરવું ન જોઇએ.

आस्तां परधनादित्सां कर्त्तुं स्वप्नेऽपि धीमताम् ।
तृणमात्रमपि ग्राह्यं नादत्तं दन्तशुद्धये ॥ १८ ॥

બુદ્ધિમાનોએ પરદ્રવ્ય ગ્રહણ કરવાની ઈચ્છા તો સ્વપ્નમાં પણ ન થવા દેવી એટલું જ નહિ પરંતુ દાંત સાફ કરવા માટે તૃણ (દાતણ) દંતશોધન પણ બીજાનું અણદીધેલું ગ્રહણ કરવું યોગ્ય નથી.

अतुलसुखसिद्धिहेतो, धर्मयशश्चरणरक्षणाथ च ।
इह परलोकहितार्थं, कलयत चित्तेऽपि मा चौर्यम् ॥१९॥

હે ભવ્ય જીવો ! તમે આ ચોરીને ઉપરોક્ત પ્રકારે નિંદ્ય—ગર્હિત જાણીને અતુલ્ય સુખની સિદ્ધિ માટે તથા ધર્મ, યશ અને ચારિત્રની રક્ષા માટે તથા ઉભય લોકમાં હિત—કલ્યાણ માટેની ઈચ્છા હોય તો તેને મનથી પણ ન વિચારો એટલે કે ચોરી કરવાનું તો દૂર રહ્યું પરંતુ તેને (ચોરી કરવાને) મનમાં પણ ન વિચારો. ચોરી કરવાના વિચારો ચિત્તમાં પ્રવેશવા ન દો.

## ઉપસંહાર

विषयविरतिमूलं संयमोद्दामशाखम्
यमदलशमपुष्पं ज्ञानलीलाफलाढ्यम् ।
विबुधजनशकुन्तैः सेवितं धर्मवृक्षं
दहति मुनिरपीह स्तेयतीव्रानलेन ॥२०॥

જે ધર્મરૂપી વૃક્ષનું મૂળ તો વિષયોથી વિરક્ત થવું તે છે, જેને સંયમરૂપી મોટી મોટી શાખાઓ છે, યમનિયમાદિ પાંદડાંઓ છે, ઉપશમભાવરૂપી પુષ્પો છે, જ્ઞાનાનંદરૂપી ફળોથી લચેલો છે અને જે પંડિત તથા દેવરૂપી પક્ષીઓથી સેવિત છે, એવા ધર્મરૂપી વૃક્ષને મુનિ પણ ચોરી રૂપી તીવ્ર અગ્નિ દ્વારા બાળી નાખે છે તો પછી બીજા સામાન્ય માણસની તો વાત જ શી કરવી ? તેથી ચોરીનો સંસર્ગ–સેવન કરવું પણ મહાપાપ છે.

દોહરો

**જો અદત્ત કુછ લેત, તાકો સગો ન કોઈ હૈ ।**
**ગુણનિ જલાંજલિ દેત, નરકવાસ પરભવ લહૈ ॥૧૦॥**

**ભાવાર્થ**—જે પુરુષ થોડું પણ અદત્ત–અણદીધેલું લે છે, ચોરી કરે છે તેનું આ ભવમાં તો કોઈ સગું થતું નથી, અને તે પોતાના તમામ ગુણોને તિલાંજલિ આપી પરભવે નરકમાં જઈને નિવાસ કરે છે.

## ૧૧

## અગિયારમો સર્ગ

# બ્રહ્મચર્ય મહાવ્રત

विदन्ति परमं ब्रह्म यत्समालम्ब्य योगिनः ।
तद्व्रतं ब्रह्मचर्यं स्याद्धीरधौरेयगोचरम् ॥१॥

જે વ્રતનું અવલંબન લઈને યોગીગણ પરબ્રહ્મ પરમાત્માને જાણે છે એટલે કે તેને અનુભવે છે અને જેને ધીર વીર પુરુષો જ ધારણ કરી શકે છે, પરંતુ સામાન્ય માણુસો ધારણ કરી શકતા નથી, તે બ્રહ્મચર્ય નામનું મહાવ્રત છે.

सप्रपञ्चं प्रवक्ष्यामि ज्ञात्वेदं गहनं व्रतम् ।
स्वल्पोऽपि न सतां क्लेशः कार्योऽस्यालोक्य विस्तरम् ॥२॥

આ વ્રતને ગહન હોવાથી વિસ્તારથી કહીશ પરંતુ સજ્જન અને સંત પુરુષોએ તેના વિસ્તારને જોઈને જરા પણ ગભરાવું નહિ કે દુઃખ કરવું નહિ.

## બ્રહ્મચર્યની પ્રશંસા

एकमेव व्रतं श्लाघ्यं ब्रह्मचर्यं जगत्त्रये ।
यद्विशुद्धिं समापन्नाः पूज्यन्ते पूजितैरपि ॥३॥

ત્રણે જગતમાં બ્રહ્મચર્ય નામનું આ વ્રત જ પ્રશંસવા યોગ્ય છે કારણ કે જે પુરુષો આ વ્રતને નિર્મળપણે નિરતિચાર પાળે છે, તેઓ પૂજ્ય પુરુષો વડે પણ પૂજાય છે.

**ભાવાર્થ**—અર્હન્ત ભગવાન બ્રહ્મચર્યની પૂર્ણતાને પ્રાપ્ત થયેલા છે-સંપૂર્ણ બ્રહ્મચર્ય અવસ્થાને પામેલા છે તેથી તેમની પૂજા મુનિઓ અને ગણધરાદિ બધા જ પૂજ્ય પુરુષો કરે છે.

ब्रह्मव्रतमिदं जीयाच्चरणस्यैव जीवितम् ।
स्युः सन्तोऽपि गुणा येन विना क्लेशाय देहिनाम् ॥४॥

આ બ્રહ્મચર્ય નામનું મહાવ્રત જયવંત વર્તો. કારણ કે આ ચારિત્ર એ જ જીવન છે. તેના વિના જીવોને બીજા જેટલા ગુણો હોય છે તે બધાં ક્લેશના જ કારણરૂપ બને છે.

नाल्पसत्त्वैर्न निःशीलैर्न दीनैर्नाक्षनिर्जितैः ।
स्वप्नेऽपि चरितुं शक्यं ब्रह्मचर्यमिदं नरैः ॥५॥

જે અલ્પશક્તિ પુરુષો છે, શીલરહિત છે, દીન છે અને ઇન્દ્રિયોથી જિતાયેલા છે તેઓ આ બ્રહ્મચર્યવ્રતને ધારણ કરવા સ્વપ્નમાં પણ સમર્થ થઈ શકતા નથી. એટલે કે મહાન શક્તિશાળી પુરુષો જ આવા કઠણ મહાવ્રતને આચરવા સમર્થ બને છે.

पर्यन्तविरसं विद्धि दशधान्यच्च मैथुनम् ।
योषित्संगाद्विरक्तेन त्याज्यमेव मनीषिणा ॥६॥

આ બ્રહ્મચર્ય વ્રતનો પ્રતિપક્ષી–વિરોધી મૈથુન (કામસેવન) છે, તે દશ પ્રકારનું છે અને અંતે–પરિણામે વિરસ અને નિરસ છે. તેથી જે પુરુષો સ્ત્રીથી વિરક્ત થયેલા છે તથા જે બુદ્ધિમાન છે તેમણે આ મૈથુનનો અવશ્ય ત્યાગ કરવો યોગ્ય છે.

## મૈથુનના દશ લક્ષણ

आद्यं शरीरसंस्कारो द्वितीयं वृष्यसेवनम् ।
तौर्यत्रिकं तृतीयं स्यात्संसर्गस्तुर्यमिष्यते ॥७॥
योषिद्विषयसंकल्पः पञ्चमं परिकीर्त्तितम् ।
तदङ्गवीक्षणं षष्ठं संस्कारः सप्तमं मतम् ॥८॥
पूर्वानुभोगसंभोगस्मरणं स्यात्तदष्टमम् ।
नवमं भाविनी चिन्ता दशमं वस्तिमोक्षणम् ॥९॥

પહેલું તો શરીરના શ્રૃંગારાદિ સંસ્કાર કરવા (૨) ઇન્દ્રિયો પુષ્ટ થાય તેવા રસોનું સેવન કરવું. (૩) તૌર્યત્રિક એટલે ગીત, નૃત્ય, વાજીંત્ર વિ. જોવા સાંભળવા (૪) સ્ત્રીનો સંસર્ગ–પરિચય કરવો (૬) સ્ત્રીનો કોઈ પણ જાતનો સંકલ્પ કે વિચાર કરવો (૭) તેને જોવાના સંસ્કાર (હૃદયમાં અંકિત) થવા. (૮) પૂર્વે કરેલા સંભોગનું સ્મરણ કરવું. (૯) આગામી–ભવિષ્યના ભોગોની ચિન્તા કરવી અને (૧૦) વીર્યનો પાત કરવો. આ પ્રમાણે મૈથુનના દશ પ્રકાર છે. તે બધાને બ્રહ્મચારી પુરુષે સર્વથા ત્યાગવા જોઈએ.

## મૈથુનનું દુઃખદાયક ફળ

किम्पाकफलसंभोगसन्निभं तद्धि मैथुनम् ।
आपातमात्ररम्यं स्याद्विपाकेऽत्यन्तभीतिदम् ॥१०॥

જેવી રીતે કિંપાકફળ (ઇન્દ્રાયણનું ફળ) જોવા, સૂંઘવા અને ખાવામાં રમણીય (સુસ્વાદુ) હોય છે અને તેનું જ્યારે પરિણમન થાય છે ત્યારે (વિપાક વખતે) તે હલાહલ–વિષનું કામ કરે છે. તેવી જ રીતે આ મૈથુન પણ થોડો વખત સુધી રમણીક અને સુખદાયક માલુમ પડે છે, પરંતુ વિપાક સમયે (અંતમાં–પરિણામે) ઘણો જ ભય આપનારું નીવડે છે.

## બ્રહ્મચર્યથી ભાવશુદ્ધિ

विरज्य कामभोगेषु ये ब्रह्म समुपासते ।
एते दश महादोषास्तैस्त्याज्या भावशुद्धये ॥११॥

જે પુરુષ કામ અને ભોગોથી વિરકત થઈ બ્રહ્મચર્યનું સેવન કરે છે. તેમણે ભાવની શુદ્ધિ માટે ઉપરોકત દશ પ્રકારના મૈથુનનો ત્યાગ કરી દેવો જોઇએ, કારણ કે આ દોષોનો ત્યાગ કર્યા વગર ભાવોની શુદ્ધિ થતી નથી.

## મૈથુનથી વિરમવાનો ઉપદેશ

स्मरप्रकोपसंभूतान्स्त्रीकृतान्मैथुनोत्थितान् ।
संसर्गप्रभवान्ज्ञात्वा दोषान् स्त्रीषु विरज्यताम् ॥१२॥

હે આત્મા ! કામના પ્રકોપ–આવેશથી ઉત્પન્ન થયેલ દોષો તથા સ્ત્રીના કરેલા દોષો તેમ જ મૈથુનકૃત દોષો અને સંસર્ગજન્ય દોષોને જાણીને સ્ત્રીઓથી વિરક્ત થા.

सिक्तोऽप्यम्बुधरव्रातैः प्लावितोऽप्यम्बुराशिभिः ।
न हि त्यजति संतापं कामवह्निप्रदीपितः ॥१३॥

કામરૂપી અગ્નિનો તાપ એવો હોય છે કે તે પ્રજ્વલિત થતા

મેઘના સમૂહથી સીંચન કરવામાં આવે તો પણ શાંત થતો નથી. અથવા કામાગ્નિથી પ્રજ્વલિત પુરુષને સમુદ્રમાં ડુબાડી રાખો તો પણ તેનો સંતાપ દૂર થતો નથી.

**मूले ज्येष्ठस्य मध्यान्हे व्यभ्रे नभसि भास्करः ।**
**न प्लोषति तथा लोकं यथा दीप्तः स्मरानलः ॥१४॥**

કામરૂપી અગ્નિ પ્રજ્વલિત થતાં જે રીતે લોકને તે સન્તાપ-દુઃખ પમાડે છે તે રીતે તો જેઠ મહિનાના મૂળ નક્ષત્રમાં વાદળા-રહિત આકાશમાં તપતો મધ્યાહ્ન સમયનો સૂર્ય પણ લોકને સંતાપ પમાડી શકતો નથી.

**हृदि ज्वलति कामाग्निः पूर्वमेव शरीरिणाम् ।**
**भस्मसात्कुरुते पश्चादङ्गोपाङ्गानि निर्दयः ॥१५॥**

કામરૂપી નિર્દય અગ્નિ પ્રથમ તો જીવોના હૃદયમાં પ્રજ્વલિત થાય છે, ત્યારપછી જ્યારે તે વધે છે ત્યારે તે શરીરના અંગેઅંગ અને ઉપાંગોને બાળીને ભસ્મ કરી નાખે છે એટલે કે સુકવી નાખે છે.

**अचिन्त्यकामभोगीन्द्रविषव्यापारमूर्छितम् ।**
**वीक्ष्य विश्वं विवेकाय यतन्ते योगिनः परं ॥१६॥**

જે પરમ યોગીઓ છે તેઓ તો આ લોકને, અચિંત્ય એવા કામરૂપી સર્પના વિષયની પ્રક્રિયાથી મૂર્ચ્છિત થયેલો જોઈને જ પોતાના આત્મસ્વરૂપના ભેદવિજ્ઞાનને માટે પ્રયત્ન કર્યા કરે છે.

**ભાવાર્થ**—આ કામ-વિકારથી તો માત્ર યોગીશ્વરો જ બચેલા છે.

स्मरव्यालविषोद्गारैर्वीक्ष्य विश्वं कदर्थितम् ।
यमिनः शरणं जग्मुर्विवेकविनतासुतम् ॥१७॥

કામરૂપી સર્પના વિષવમનથી પીડિત થયેલા સમસ્ત જગતને જોઈને સંયમી મુનિગણ વિવેકરૂપી ગરુડના શરણમાં પ્રાપ્ત થયા છે.

**ભાવાર્થ**—કામથી બચવાનો ઉપાય વિવેક એટલે કે ભેદજ્ઞાન જ છે.

एक एव स्मरो वीरः स चैकोऽचिन्त्यविक्रमः ।
अवज्ञयैव येनेदं पादपीठीकृतं जगत् ॥१८॥

આ જગતમાં એકમાત્ર વીર કામ જ છે અને તે અદ્વિતીય છે, કારણ કે જેનું પરાક્રમ અચિંત્ય છે, જેણે અવજ્ઞા માત્રથી જ આ જગતને પોતાના પગતળે દબાવી દીધું છે એટલે કે વશ કરી લીધું છે. જેવી રીતે કોઈ કોઈનું અપમાન-તિરસ્કાર માત્રથી જ તેને વશ કરી લે છે, તેવી જ રીતે તેણે આ જગતને વશ કરી લીધું છે.

एकाक्यपि नयत्येष जीवलोकं चराचरम् ।
मनोभूर्भङ्गमानीय स्वशक्त्याऽव्याहतक्रमः ॥१९॥

જેનું પરાક્રમ અવ્યાહત એટલે કે અખંડિત છે, એવો આ કામ એકલો જ આ ચરાચરરૂપ જગતને પોતાની શક્તિ વડે વિભક્ત કરી નાખે છે. એટલે કે જુદા જુદા સ્વભાવવાળાને પોતાના માર્ગમાં ચલાવે છે.

पीडयत्येव निःशङ्को मनोभूर्भुवनत्रयम् ।
प्रतीकारशतेनापि यस्य भङ्गो न भूतले ॥२०॥

આ કામ નિર્ભય બનીને આ ત્રણ ભુવનને પીડિત (દુઃખિત) કરે છે. આ પૃથ્વી ઉપર સેંકડો ઉપાયો કરવા છતાં પણ તેનો નાશ થતો નથી.

कालकूटादहं मन्ये स्मरसंज्ञं महाविषम् ।
स्यात्पूर्वं सप्रतीकारं निःप्रतीकारमुत्तरम् ॥२१॥

આ કામરૂપી વિષને હું કાળકૂટ (હલાહલ) વિષથી પણ વિશેષ મહાવિષ માનું છું. કારણ કે પ્રથમનું જે કાળકૂટ વિષ છે તે તો ઉપાય કરવાથી મટી પણ જાય છે, પરંતુ બીજું જે કામરૂપી વિષ છે, તે ઉપાય રહિત છે એટલે કે તેનો ઉપચાર કરવા છતાં પણ તે મટતું નથી, ઉતરતું નથી.

जन्तुजातमिदं मन्ये स्मरवह्निप्रदीपितम् ।
मज्जत्यगाधमध्यास्य पुरन्ध्रीकायकर्दमम् ॥२२॥

વળી હું આ જીવોના સમૂહને કામરૂપી અગ્નિથી બળતો જોઉં છું. આ જગજંતુઓ-પ્રાણી સમૂહ સ્ત્રીના શરીરરૂપી કાદવમાં પ્રવેશ કરીને ડૂબે છે.

**ભાવાર્થ**—કામીપુરુષ કામરૂપી અગ્નિના તાપથી સંતપ્ત થઈને સ્ત્રીના શરીરરૂપી કાદવમાં પ્રવેશ કરીને શીતલ થવાને ઇચ્છે છે.

अनन्तव्यसनासारदुर्गे भवमरुस्थले ।
स्मरज्वरपिपासार्त्ता विपद्यन्ते शरीरिणः ॥२३।

આ સંસારી જીવો કામજ્વરનાં દાહથી ઉત્પન્ન થયેલી તૃષાથી પીડિત થઈ અનંત કષ્ટોના સમૂહરૂપ દુર્ગમ એવા સંસારરૂપી મરુસ્થળમાં દુખોને સહન કરે છે.

घृणास्पदमतिक्रूरं पापाढ्यं योगिदूषितम् ।
जनोऽयं कुरुते कर्म स्मरशार्दूलचर्वितः ॥२४॥

કામરૂપી સિંહથી ચવાયેલો આ મનુષ્ય યોગિજનોથી નિંદિત, પાપથી ભરેલું, અતિશય ક્રૂરતાવાળું તથા ઘૃણાજનક કાર્યને પણ કરે છે.

दिग्मूढमथ विभ्रान्तमुन्मत्तं शङ्कितासयम् ।
विलक्ष्यं कुरुते लोक स्मरवैरिविजृम्भितः । २५॥

કામરૂપી વૈરી લોકોને દિશામૂઢ અથવા ભ્રમિત ચિત્તવાળા બનાવી દે છે તેમ જ ઉન્મત્ત અને ભયભીત પણ બનાવી દે છે. અને વિલક્ષ્ય એટલે લક્ષ્યભ્રષ્ટ (ઇષ્ટકાર્યથી વિમુખ) કરે છે.

**ભાવાર્થ**—જ્યારે કામોદ્દીપન થાય છે ત્યારે સમસ્ત યોગ્ય કાર્યોને ભૂલી એકમાત્ર તેનું જ ચિંતવન, સ્મરણ, ધ્યાન રહે છે.

न हि क्षणमपि स्वस्थं चेतः स्वप्नेऽपि जायते ।
मनोभवशरव्रातैर्भिद्यमानं शरीरिणाम् ॥२६॥

કામના બાણોના સમૂહથી ભેદાતું પ્રાણિઓનું ચિત્ત એકક્ષણને માટે સ્વપ્નમાં પણ સ્વસ્થતાને પ્રાપ્ત થતું નથી.

जानन्नपि न जानाति पश्यन्नपि न पश्यति ।
लोकः कामानलज्वालाकलापकवलीकृतः ॥२७॥

આ લોક કામરૂપી અગ્નિની જવાળાથી ગ્રસાયેલો જાણવા છતાં પણ કંઈ જાણતો નથી અને દેખવા છતાં પણ કંઈ દેખતો નથી. આ પ્રમાણે ચેતન વિનાનો, ભાન વિનાનો બની જાય છે.

भोगिदष्टस्य जायन्ते वेगाः सप्तैव: देहिनः ।
स्मरभोगीन्द्रदष्टाना दश स्युस्ते भयानकाः ॥२८॥

સર્પે ડંસ દીધેલા પ્રાણીને તો સાત જ વેગ હોય છે, પરંતુ કામરૂપી સર્પના ડસેલા જીવોને દશવેગ હોય છે કે જે મહા ભયાનક હોય છે.

### કામના દશ વેગ

प्रथमे जायते चिन्ता द्वितीये द्रष्टुमिच्छति ।
तृतीये दीर्घनिश्वासाश्चतुर्थे भजते ज्वरम् ॥२९॥
पञ्चमे दह्यते गात्रं षष्ठे भुक्तं न रोचते ।
सप्तमे स्यान्महामूर्च्छा उन्मत्तत्वमथाष्टमे ॥३०॥
नवमे प्राणसन्देहो दशमे मुच्यतेऽसुभिः ।
एतैर्वेगैः समाक्रान्तो जीवस्तत्त्वं न पश्यति ॥३१॥

કામ ઉદ્દીપ્ત થતાં ૧. પહેલાં તો એ ચિન્તા થાય છે કે સ્ત્રીનો સંપર્ક કેમ થાય, ૨. બીજા વેગમાં તેને જોવાની ઇચ્છા થાય છે, ૩. ત્રીજા વેગમાં દીર્ઘ નિશ્વાસ મૂકે છે અને કહે છે કે અરેરે, જોવા ન મળી, ૪. ચોથા વેગમાં જ્વર થાય છે એટલે કે તાવ આવે છે. ૫. પાંચમા વેગમાં શરીર બળવા માંડે છે, ૬. છઠ્ઠા વેગમાં ખાવા માટે બનાવેલા ભોજનમાં રુચિ થતી નથી, ૭. સાતમા વેગમાં મહામૂર્ચ્છા ઉત્પન્ન થાય છે એટલે કે અચેત (બેભાન) થઈ જાય છે, ૮. આઠમા વેગમાં ઉન્મત્ત (પાગલ) બની જાય છે. તથા યદ્વા તદ્વા પ્રલાપ કરવા મંડી પડે છે, ૯. નવમા વેગમાં પ્રાણ અંગે સંશય ઉત્પન્ન થઈ જાય છે કે હવે હું જીવતો નહિ રહું. અને, ૧૦. દશમો વેગ એવો આવે છે કે તેનું મરણ થઈ જાય છે.

આ પ્રમાણે કામના દશ વેગ થાય છે. આ વેગોથી વ્યાપેલો જીવ યથાર્થ તત્ત્વ એટલે કે વસ્તુતત્ત્વને જોઈ શકતો નથી. જો લોક-વ્યવહારનું પણ જ્ઞાન રહે નહિ તો પછી પરમાર્થનું જ્ઞાન તો કેવી રીતે થાય?

**संकल्पवशतस्तीव्रा वेगा मन्दाश्च मध्यमाः ।**
**कामज्वरप्रकोपेन प्रभवन्तीह देहिनाम् ॥३२॥**

સંકલ્પ પ્રમાણે અને કામજ્વરનો પ્રકોપ તીવ્ર, મન્દ, મધ્યમના ભેદથી આ દશે વેગ તીવ્ર, મધ્યમ અને મંદ પણ થાય છે. બધા વેગો એકસરખાં હોતા નથી.

## કામદેવનું માહાત્મ્ય

**अपि मानसमुत्तुङ्गनगशृङ्गाग्रवर्तिनाम् ।**
**स्मरवीरः क्षणार्द्धेन विधत्ते मानखण्डनम् ॥३३॥**

જે પુરુષો માનરૂપી ઊંચા પર્વતના શિખરના અગ્રભાગ ઉપર ચડેલા છે એટલે કે જેમને પોતાની શક્તિ-બળનો ગર્વ છે, તેમનું પણ માન આ સ્મરવીર (કામદેવ) ક્ષણમાત્રમાં ચકનાચૂર કરી નાખે છે.

**ભાવાર્થ**—કામની જ્વાળાની સામે કોઈનું પણ માન ટકતું નથી. આ કામ હલકામાં હલકું કામ કરાવીને તેના માનરૂપી પહાડને જમીનદોસ્ત કરી નાખે છે.

**शीलशालमतिक्रम्य धीधनैरपि तन्यते ।**
**दासत्वमन्त्यजस्त्रीणां संभोगाय स्मराज्ञया ॥३४॥**

જેઓ મોટા મોટા બુદ્ધિમાનો છે તેઓ પણ કામદેવની આજ્ઞાથી

પોતાના શીલરૂપી મર્યાદાનું ઉલ્લંઘન કરી, ભંગ કરી સંભોગને માટે ચાંડાલની સ્ત્રીનું દાસત્વ સ્વીકારે છે.

**ભાવાર્થ**—કામને વશ થયેલા મોટા મોટા બુદ્ધિમાનો ચાંડાલની સ્ત્રીઓના પણ દાસ બની જાય છે. અને તેઓ જે જે નાચ નચાવે છે તે બધા નાચ તેમને કરવા પડે છે.

**प्रवृद्धमपि चारित्रं ध्वंसयत्याशु देहिनाम् ।**
**निरुणद्धि श्रुतं सत्यं धैर्यं च मदनव्यथा ॥३५॥**

મદન (કામભોગ)ની વ્યથા જ્યારે ઉદ્‌ભવે છે ત્યારે તે જીવોના અનેક દિવસો સુધી વૃદ્ધિ કરેલા અને પાળેલા ચારિત્રનો ધ્વંસ કરી નાખે છે, અને શાસ્ત્રાધ્યયન, ધૈર્ય અને સત્યભાષણાદિને પણ બંધ કરી દે છે.

**ભાવાર્થ**—જ્યારે કામની પીડા વ્યાપે છે ત્યારે ચારિત્ર નષ્ટ થઈ જાય છે. શાસ્ત્રવાંચન, સત્ય બોલવું અને ધૈર્ય રાખવું વિ. બધું જ ભૂલી જાય છે.

**नासने शयने याने स्वजने भोजने स्थितिम् ।**
**क्षणमात्रमपि प्राणी प्राप्नोति स्मरशल्यतः ॥३६॥**

જેને કામરૂપી કાંટો ખૂંચ્યો છે તે પ્રાણી, ઉઠતાં, બેસતાં, સૂતાં, ચાલતાં, ભોજન કરતાં તથા સ્વજનોની સાથે વાતચીત કરતાં ક્ષણમાત્રને માટે પણ સ્થિરતાને પામતો નથી એટલે કે બધી જગ્યાએ તેની સ્થિતિ ડામાડોળ રહે છે.

**विलक्ष्णकुलस्यान्तं स्वकुलस्य च लाञ्छनम् ।**
**मरणं वा समीपस्थं न स्मरार्त्तः प्रपश्यति ॥३७॥**

કામપીડિત પુરુષ પોતાના ધન, ચારિત્ર અને બળ નાશ થતાં હોય, પોતાના કુળને કલંક લાગતું હોય, મરણ પણ નજીક આવી પહોંચ્યું હોય તો પણ તેને તે દેખતો નથી એટલે કે તેને હિતાહિતનો કંઈ પણ વિચાર રહેતો નથી.

**न पिशाचोरगा रोगा न दैत्यग्रहराक्षसाः ।**
**पीडयन्ति तथा लोकं यथाऽयं मदनज्वरः ।।३८।।**

આ જગતને કામજ્વર જેવું દુઃખ આપે છે તેવું દુઃખ તો પિશાચ, સર્પ કે રોગ વિ. પણ આપી શકતા નથી. તેમ જ દૈત્યગ્રહ–રાક્ષસાદિ પણ તેવું દુઃખ આપતા નથી.

**ભાવાર્થ**—કામની પીડા સૌથી વધારે અને ભયાનક છે.

## કામી પુરુષની સ્થિતિનું વર્ણન

**अनासाद्य जनः कामी कामिनीं हृदयप्रियाम् ।**
**विषशस्त्रानलोपायैः सद्यः स्वं हन्तुमिच्छति ।।३९।।**

કામી પુરુષને જો તેની ધારેલી મનગમતી પ્રિય કામિની ન મળે તો તે વિષ, શસ્ત્ર, અગ્નિ વિ. થી તરત જ પોતાનો આપઘાત કરવા માટે તૈયાર થઈ જાય છે.

**ભાવાર્થ**—જે સ્ત્રીમાં કામીપુરુષનું મન આકર્ષિત થાય છે, તે સ્ત્રી જો તેને પ્રાપ્ત ન થાય તો તે મરવાનું પસંદ કરે છે.

**दक्षो मूढः क्षमी क्षुद्रः शूरो भीरुर्गुरुर्लघुः ।**
**तीक्ष्णः कुण्ठो वशी भ्रष्टो जनः स्यात्स्मरवञ्चितः ।।४०।।**

કામથી ઠગાયેલો–પરાજિત થયેલો માણુસ ચતુર હોય તો પણ મૂર્ખ બની જાય છે, ક્ષમાવાન ક્રોધી બની જાય છે, શૂરવીર કાયર

થઈ જાય છે, ગુરુ હલકો થાય છે, ઉદ્યમી હોય તો તે આળસુ બની જાય છે અને જિતેન્દ્રિય ભ્રષ્ટ થઈ જાય છે. કામ એવો પ્રબળ છે.

**कुर्वन्ति वनिताहेतोरचिन्त्यमपि साहसम् ।**
**नराः कामहठात्कारविधुरीकृतमानसाः ॥४१॥**

કામના બળાત્કારથી જેમનું ચિત્ત ઉદ્વિગ્ન અને દુઃખપૂર્ણ બનેલું છે એવા કામી પુરુષો સ્ત્રીની પ્રાપ્તિ માટે એવા કામો કરવાનું પણ સાહસ કરે છે કે જે ચિંતવી પણ ન શકાય.

**उन्मूलयत्यविश्रान्तं पूज्यं श्रीधर्मपादपम् ।**
**मनोभवमहादन्ती मनुष्याणां निरङ्कुशः ॥४२॥**

કામરૂપી હસ્તિ નિરંકુશ છે, તેથી તે મનુષ્યોને નિરંતર પૂજવા યોગ્ય ધર્મરૂપી વૃક્ષને મૂળમાંથી ઉખેડી નાખે છે.

**प्रकुप्यति नरः कामी बहुलं ब्रह्मचारिणे ।**
**जनाय जाग्रते चौरो रजन्यां संचरन्निव ॥४३॥**

જેવી રીતે રાત્રિમાં ધનને માટે ફરતા ચોરો જાગનાર માણસ–ચોકીદાર ઉપર ક્રોધ કરે છે, તેવી જ રીતે કામના બાણથી વિહ્વળ બનેલા કામી પુરુષો પણ પ્રાયે કરી બ્રહ્મચારી પુરુષો ઉપર કોપ–ક્રોધ કર્યા કરે છે તે સ્વાભાવિક હકીકત છે.

**स्नुषां श्वश्रूं सुतां धात्रीं गुरुपत्नीं तपस्विनीम् ।**
**तिरश्चीमपि कामार्तो नरः स्त्रीं भोक्तुमिच्छति ॥४४॥**

કામથી પીડાયેલો પુરુષ પુત્રવધૂ, સાસુ, પુત્રી, દૂધ પાનારી ધાય અથવા માતા, ગુરુપત્ની, તપસ્વિની અને તિર્યંચસ્ત્રી અથવા

પરજાતિની સ્ત્રીને પણ ભોગવવાની ઇચ્છા કરે છે. કારણ કે કામી પુરુષને યોગ્યાયોગ્યનો કંઈ પણ વિચાર હોતો નથી. તે કોઈને પણ છોડતો નથી.

किं च कामशरव्रातजर्जरे मनसि स्थितिम् ।
निमेषमपि बध्नाति न विवेकसुधारसः ॥४५॥

હિતાહિતનો વિચાર ન હોવાનું કારણ એ છે કે કામના બાણોના સમૂહથી જર્જરિત થયેલા–ભેદાયેલા મનમાં નિમેષ માત્ર પણ વિવેકરૂપી અમૃતનું બિન્દુ પણ રહી શકતું નથી.

**ભાવાર્થ**—જેવી રીતે ફૂટેલા ઘડામાં પાણી ટકતું નથી તેવી જ રીતે કામના બાણોથી વિંધાયેલા ચિત્તરૂપી ઘડામાં વિવેકરૂપી અમૃતજળ ટકતું નથી.

हरिहरपितामहाद्या बलिनोऽपि तथा स्मरेण विध्वस्ताः ।
त्यक्तत्रपा यथैते स्वाङ्कान्नारीं न मुञ्चन्ति ॥ ४६ ॥

જેવી રીતે આ નિર્લજ્જ માણસ પોતાની ગોદમાં બેઠેલી સ્ત્રીને છોડતો નથી તેવી જ રીતે હરિ, હર અને બ્રહ્માદિક બળવાન દેવોને પણ કામે નષ્ટ કરી દીધા છે. કારણ કે તેઓ પણ સ્ત્રીને પોતાની ગોદમાંથી કે પડખામાંથી કયારેય દૂર કરતા નથી.

यदि प्राप्तं त्वया मूढ नृत्वं जन्मोग्रसंक्रमात् ।
तदा तत्कुरु येनेयं स्मरज्वाला विलीयते ॥४७॥

હે મૂઢ પ્રાણી ! જો તેં સંસારમાં પરિભ્રમણ કરતાં કરતાં આ મનુષ્યભવ પ્રાપ્ત કર્યો હોય તો તું હવે એવું કામ કર કે જેનાથી તારી આ કામરૂપી જવાળા નષ્ટ થઈ જાય.

હવે આ પ્રકરણને સંક્ષેપતા કહે છે—

स्मरदहनसुतीव्रानन्तसन्तापविद्धं
भुवनमिति समस्तं वीक्ष्य योगिप्रवीराः ।
विगतविषयसङ्गाः प्रत्यह संश्रयन्ते
प्रशमजलधितीरं संयमारामरम्यम् ॥४८॥

વિષયના સંગથી રહિત યોગીઓમાં શ્રેષ્ઠ એવા પુરુષો, આ સંસારને કામાગ્નિના પ્રચંડ અને અનંત સંતાપોથી પીડિત થયેલો જોઈ પ્રતિદિન સંયમરૂપી બગીચાથી શોભતા શાન્તિસાગરના તટનો આશ્રય લે છે.

દોહરો

કામસુભટ કે કોપતેં બ્રહ્મચર્ય કા ઘાત ।
તાકૂં જીતે યતી ભટ, અંતર કરી અવદાત ॥૧૧॥

**ભાવાર્થ**—કામરૂપી સુભટ-યોદ્ધો જ્યારે કોપાયમાન થાય છે ત્યારે બ્રહ્મચર્યનો ઘાત-નાશ થાય છે. એવા ભયંકર યોદ્ધાને પણ યતિ-સંયમી મુનિ અંતરપટને નિર્મળ બનાવી તે કામરૂપી યોદ્ધાને જીતી લે છે.

૧૨

## બારમો સર્ગ

# સ્ત્રી સ્વરૂપ વર્ણન

### મદોન્મત્ત કામી સ્ત્રીનું વર્ણન

कुर्वन्ति यन्मदोद्रेकदर्पिता भुवि योषितः ।
शतांशमपि तस्येहि न वक्तुं कश्चिदीश्वरः ॥१॥

આ પૃથ્વી ઉપર મદોન્મત્ત બનેલી ગર્વિષ્ઠ સ્ત્રીઓ જે કરે છે તેનું શતાંશભાગે પણ વર્ણન કરવા કોઈ સમર્થ નથી.

धारयन्त्यमृतं वाचि हृदि हलाहलं विषम् ।
निसर्गकुटिला नार्यो न विद्मः केन निर्मिताः ॥२॥

કારણ કે તેની વાણીમાં તો અમૃત અને હૃદયમાં વિષ હોય છે, આવા પ્રકારના સ્વભાવવાળી કુટિલ સ્ત્રીઓને કોણે બનાવી છે, તે અમે જાણતા નથી.

**ભાવાર્થ**—જેમના વચન તો અમૃત સરખા મીઠાં છે અને હૃદયમાં હલાહલ વિષ ભરેલું છે, એવા પ્રકારના ક્રૂર સ્વભાવવાળી સ્ત્રીઓને કોણે બનાવી ? તે અમે જાણી શકતા નથી.

## કામી સ્ત્રીથી સંતાપ અને ભય

**वज्रज्वलनलेखेव भोगिदंष्ट्रेव केवलम् ।**
**वनितेयं मनुष्याणां संतापभयदायिनी ॥३॥**

એવી સ્ત્રી મનુષ્યોને વજ્રસમાન, અગ્નિની જ્વાળા સમાન અને સર્પની દાઢ સમાન ભય તથા સંતાપ ઉપજાવનારી છે.

**ભાવાર્થ**—જેમ વજ્રપાત સમયે અગ્નિની જ્વાળા અને સર્પ-દંશ વખતે સર્પની દાઢ માણસોને કષ્ટ અને ભય ઉપજાવે છે તેવી જ રીતે સ્ત્રી પણ જગતમાં ભય ઉપજાવે છે. તેમાં કંઈ પણ સંશય નથી.

**उद्वासयति निश्शङ्का जगत्पूज्यं गुणव्रजम् ।**
**बध्नती वसतिं चित्ते सतामपि नितम्बिनी ॥४॥**

સજ્જનોના મનમાં જે સ્ત્રીએ નિઃશંકપણે સ્થાન જમાવ્યું હોય તે તેમના જગતમાં પૂજવા યોગ્ય ગુણસમૂહને પણ દૂર ભગાડી મૂકે છે.

**ભાવાર્થ**—સામાન્ય માણસની તો વાત જ શી? પરંતુ જો નીડર સ્ત્રીએ મનમાં ઘેરો નાખ્યો તો સત્પુરુષોના પણ વિશ્વવંદ્ય ગુણોને દૂર હઠાવી દે છે. એટલે કે મનથી સ્ત્રીનું ધ્યાન માત્ર કરવાથી જ વંદનીય પુરુષ પણ નિંદનીય બની જાય છે.

वरमालिङ्गिता क्रुद्धा चलल्लोलाऽत्र सर्पिणी ।
न पुनः कौतुकेनापि नारी नरकपद्धतिः ॥५॥

ક્રોધથી ફુંફાડા મારતી ચાલતી સર્પિણીનું આલિંગન કરવું શ્રેષ્ઠ છે, પરંતુ સ્ત્રીને કૌતુક માત્રથા પણ આલિંગન કરવું શ્રેષ્ઠ નથી. કારણ કે સર્પિણી જો દંશ મારે (કરડે) તો એક વાર જ મરણ થાય છે અને સ્ત્રી તો નરકની ખાણ સ્વરૂપ છે, એટલે કે તે વારંવાર મરણ કરાવી નરકમાં ઢસડી લઇ જાય છે.

हृदि दत्ते तथा दाहं न स्पष्टा हुतभुक्शिखा ।
वनितेयं यथा पुंसामिन्द्रियार्थप्रकोपिना ॥६॥

સ્ત્રી તો ઇન્દ્રિયોના વિષયોને પ્રકુપિત કરનારી–વધારનારી છે. તેને સ્પર્શ કરતાં શરીરમાં એવો દાહ ઉત્પન્ન થાય છે કે તેવો દાહ સ્પર્શ કરાયેલી અગ્નિની શિખા પણ કરતી નથી.

सन्ध्येव क्षणरागाढ्या निम्नगेवाधरप्रिया ।
वक्रा बालेन्दुलेखेव भवन्ति नियतं स्त्रियः ॥७॥

એવી સ્ત્રીઓ સન્ધ્યાસમાન ક્ષણભરને માટે રાગયુક્ત રહેનારી (થોડો વખત પ્રીતિ રાખનારી) છે અને નદી સમાન અધર (અધમ) પ્રિયા છે એટલે કે જેમ નદી નીચી ભૂમિ તરફ વહે છે તેવી જ રીતે સ્ત્રીઓ પણ પ્રાયે કરી નીચ પુરુષોની સાથે રમણ કરનારી હોય છે. તથા દ્વિતિયાના–બીજના ચન્દ્રમાની જેમ વક્ર (વાંકી) હોય છે. એટલે કે સ્ત્રીઓ હૃદયમાં અવશ્ય કપટભાવ રાખે છે.

## કામી સ્ત્રી કુળકલંકિની બને છે.

धूमावल्य इवाशङ्काः कुर्वन्ति मलिनं क्षणात् ।
मदनोन्मादसंभ्रान्ता योषितः स्वकुलं गृहम् ॥८॥

મદન–કામના વેગથી ઉન્માદવાળી બનેલી સ્ત્રીઓ પોતાના કુળ અને ઘરને ક્ષણ માત્રમાં મલિન (કલંકિત) બનાવી દે છે, તેથી ધુમાડાની જેમ તે આશંકા કરવા યોગ્ય છે. જેવી રીતે ધુમાડાથી ઘર કાળું થવાની શંકા રહે છે, તેવી જ રીતે સ્ત્રીઓ પ્રત્યે પણ શંકા રહેવી જોઈએ.

## કામાંધ સ્ત્રીના દુર્ગુણો

निर्दयत्वमनार्यत्वं मूर्खत्वमतिचापलम् ।
वञ्चकत्वं कुशीलत्वं स्त्रीणां दोषाः स्वभावजाः ॥९॥

નિર્દયતા, અનાર્યતા (અપવિત્રતા), મૂર્ખતા અતિચપળતા, વંચકતા અને કુશીલતા–આટલા દોષો પ્રાયે કરી સ્ત્રીઓને તો સ્વાભાવિક જ હોય છે. એટલે કે શિખવ્યા વગર જ તેમનામાં આવી જાય છે.

विचरन्ति कुशीलेषु लङ्घयन्ति कुलक्रमम् ।
न स्मरन्ति गुरुं मित्रं पतिं पुत्रं च योषितः ॥१०॥

એ સ્ત્રીઓ વ્યભિચારી પુરુષોની સાથે વિચરવા લાગી જાય છે. અને પોતાના કુળ ક્રમનું–કુળ મર્યાદાનું ઉલ્લંઘન કરી નાખે છે. તથા પોતાના ગુરુ, મિત્ર (હિતૈષી), પતિ, પુત્રનું સ્મરણ પણ કરતી નથી.

वश्याञ्जनादितन्त्राणि मन्त्रयन्त्राद्यनेकधा ।
व्यर्थीभवन्ति सर्वाणि वनिताराधनं प्रति ॥११॥

સ્ત્રીને આરાધવા (પ્રસન્ન કરવા માટે) વશીકરણ, અંજનાદિ તથા અનેક પ્રકારના યન્ત્ર, મન્ત્ર, તંત્રાદિ બધાં વ્યર્થ થઈ જાય છે.

**अगाधक्रोधवेगान्धाः कर्म कुर्वन्ति तत्स्त्रियः ।**
**सद्यः पतति येनैतद्भुवनं दुःखसागरे ॥१२॥**

એ સ્ત્રીઓ અગાધ ક્રોધના આવેશથી એવાં એવાં ભયંકર કામો કરે છે કે જેથી આ જગત દુ:ખસાગરમાં પડી જાય છે.

**स्वातन्त्र्यमभिवञ्छन्त्यः कुलकल्पमहीरुहम् ।**
**अविचार्यैव निघ्नन्ति स्त्रियोभीष्टफलप्रदम् ॥१३॥**

સ્વતંત્રતાની ઇચ્છા રાખનારી સ્ત્રીઓ અભીષ્ટ (મનોવાંછિત) ફળ આપનાર પોતાના કુળરૂપી કલ્પવૃક્ષને વિચાર કર્યા વગર જ મૂર્ખતાથી કાપી નાખે છે.

**न दानं न च सौजन्यं न प्रतिष्ठां न गौरवम् ।**
**न च पश्यन्ति कामान्धा योषितः स्वान्ययोर्हितम् ॥१४॥**

કામાન્ધ સ્ત્રીઓ પોતાના દાન, સજ્જનતા, ગૌરવ અને પ્રતિષ્ઠા વિ. નો કંઈ પણ વિચાર કરતી નથી. પોતાનું કે પારકાનું હિત પણ જોતી નથી પરંતુ મનમાં જે આવ્યું તે વગર વિચાર્યે કરી નાખે છે.

**न तत् क्रुद्धा हरिव्याघ्रव्यालानलनरेश्वराः ।**
**कुर्वन्ति यत्करोत्येका नरि नारी निरङ्कुशा ॥१५॥**

એક નિરંકુશ-સ્વચ્છંદમતિ સ્ત્રી પોતાના પતિ માટે એવું ભયંકર કામ કરી નાખે છે કે તેવું ભયંકર ક્રોધિત થયેલા સિંહ, વાઘ, સર્પ, અગ્નિ અને રાજા પણ કરી શકતા નથી.

**ભાવાર્થ**—પુરુષોને સ્વતંત્ર સ્ત્રીઓ જેવું કષ્ટ આપે છે તેવું દુઃખ કોઈ પણ આપી શકતું નથી.

## સ્ત્રીસંગ વર્જવાનો ઉપદેશ

**यामासाद्य त्वया कान्तां सोढव्या नारकी व्यथा ।**
**तस्या वार्त्तापि न श्लाघ्या कथमालिङ्गनादिकम् ॥१६॥**

હે આત્મન્! જે સ્ત્રીની સંગતિથી તને નરકના દુઃખો સહન કરવા પડે, એવી સ્ત્રીની ચર્ચા કરવી પણ તારે માટે પ્રશંસનીય નથી. તો પછી તેની સાથે આલિંગનાદિ કરવા તો કેવી રીતે પ્રશંસનીય કહી શકાય?

**स कोऽपि स्मर्यतां देवो मन्त्रो वाऽऽलम्ब्य साहसम् ।**
**यतोऽङ्गनापिशाचीयं ग्रसितुं नोपसर्पति ॥ १७ ॥**

હે આત્મન્! તું કોઈ એવા દેવ અથવા મંત્રનું સ્મરણ કર અથવા એવો કંઈક પુરુષાર્થ કર કે જેથી આ સ્ત્રીરૂપી પિશાચિની તને ભક્ષણ કરવા માટે તારી પાસે ન આવે.

**एकैव वनिताव्याली दुर्विचिन्त्यपराक्रमा ।**
**लीलयैव यया मूढ खण्डितं जगतां त्रयम् ॥१८॥**

હે મૂઢ આત્મા! આ સ્ત્રીરૂપી સર્પિણી એવી છે કે જેનું પરાક્રમ અચિન્ત્ય છે–ચિંતવી શકાય એવું નથી. કારણ કે જેણે એકલાએ જ આ ત્રણે ભુવનોને ખંડિત કરી નાખ્યા છે તેને તું જો.

**न तद्दृष्टं श्रुत ज्ञातं न तच्छास्त्रेषु चर्चितम् ।**
**यत्कुर्वन्ति महापापं स्त्रियः कामकलङ्किताः ॥१९॥**

એ સ્ત્રીઓ કામવશ કલંકિત થાય એવું પણ મહાપાપ કરી બેસે છે કે જેને ન કોઈએ જોયું હોય, ન સાંભળ્યું હોય કે ન શાસ્ત્રોમાં તેની ચર્ચા થઈ હોય.

## વિલાસી સ્ત્રીના સર્જનનું વર્ણન

**यमजिह्वानलज्वालावज्रविद्युद्विषाङ्कुरान् ।**
**समाहृत्य कृता मन्ये वेधसेयं विलासिनी ॥२०॥**

હું એમ માનું છું કે વિધાતાએ યમરાજની જીભ, અગ્નિની જ્વાલા, વિજળી તથા વિષ આ બધાના તત્ત્વ-સારભાગને ખેંચી અને બધાને એકઠાં કરી જાણે આ વિલાસિની સ્ત્રી બનાવી ન હોય એવી આ સ્ત્રીઓ છે. કારણ કે તેમનાથી કોઈ પણ બચી શકતું નથી.

**मनस्यन्यद्वचस्यन्यद्वपुष्यन्यद्विचेष्टितम् ।**
**यासां प्रकृतिदोषेण प्रेम तासां कियद्वरम् ॥२१॥**

જે સ્ત્રીઓના સ્વભાવમાં જ કંઈક, વચનમાં કંઈક અને શરીરથી કંઈક બીજી જ ચેષ્ટા થતી હોય તો તેમનો પ્રેમ કયાં સુધી સ્થિર રહી શકે? એટલે કે લાંબા વખત સુધી તે ટકતો નથી.

**अप्युत्तुङ्गाः पतिष्यन्ति नरा नार्यङ्गसंगताः ।**
**यथा वामिति लोकस्य स्तनाभ्यां प्रकटीकृतम् ॥२२॥**

સ્ત્રીઓના બન્ને સ્તન જાહેર કરે છે એટલે કે પરસ્પર કહે છે કે જુઓ, ભાઈ! સ્ત્રીના અંગનો સંગ-પરિચય કરવાથી જેમ આપણું અધઃપતન થયું છે, તેમ જગતના મોટા મોટા મહાન પુરુષો પણ સ્ત્રીના અંગનો સંગ કરીને નીચે પડશે. એટલે કે નીચી અવસ્થાને પ્રાપ્ત થશે.

यदीन्दुस्तीव्रतां धत्ते चण्डरोचिश्च शीतताम् ।
दैवात्तथापि नो धत्ते नरि नारी स्थिरं मनः ॥२३॥

કદાચ દૈવયોગથી ચન્દ્રમા ઉષ્ણ સ્વભાવવાળો અને સૂર્ય શીતળ ભલે થઈ જાય પરંતુ સ્ત્રીનું મન કોઇ એક પુરુષમાં સ્થિર થઈ શકતું નથી. એટલે કે તેને બીજા ત્રીજા પુરુષોની કામના રહ્યા જ કરે છે.

देवदैत्योरगव्यालग्रहचन्द्रार्कचेष्टितम् ।
विदन्ति ये महाप्राज्ञास्तेऽपि वृत्तं न योषिताम् ॥२४॥

જે મહાવિદ્વાન દેવ, દૈત્ય, સર્પ, હાથી, ગ્રહ, ચન્દ્રમા અને સૂર્ય આ બધાની ગતિ-ચેષ્ટાઓને જાણી શકે છે, તે પણ સ્ત્રીઓના ચરિત્રને તો જાણી શકતો નથી. કારણ કે સ્ત્રી-ચરિત્ર અગાધ છે, આ જગત્પ્રસિદ્ધ વાત છે.

सुखदुःखजयपराजयजीवितमरणानि ये विजानन्ति ।
मुह्यन्ति तेऽपि नूनं तत्त्वविदश्चेष्टिते स्त्रीणाम् ॥२५॥

જે તત્ત્વજ્ઞાનીઓ સુખ-દુઃખ, જય-પરાજય અને જીવન-મરણ વિ. ને નિમિત્તજ્ઞાનના બળથી જાણે છે, તેઓ પણ સ્ત્રીઓની ચેષ્ટા જાણવામાં મોહને પ્રાપ્ત થાય છે, એટલે કે સ્ત્રીઓના ચરિત્ર જાણવા માટે તે અજ્ઞાનમૂઢ બની જાય છે.

## કામી સ્ત્રીના દુશ્ચરિત્રનો પાર નથી હોતો

जलधेर्यानपात्राणि ग्रहाद्या गगनस्य च ।
यान्ति पारं न तु स्त्रीणां दुश्चरित्रस्य केचन ॥२६॥

યદ્યપિ સમુદ્ર અને આકાશ અપાર છે, તથાપિ વહાણુ અને વિમાનમાં બેસનાર સમુદ્રના ગ્રહાદિક આકાશના છેડાને પામી શકે છે પરંતુ સ્ત્રીઓના દુશ્ચરિત્રનો પાર કોઈ પણ પામી શકતું નથી.

## કામાંધ સ્ત્રીઓનાં દુરાચારોનું વર્ણન

**आरोपयन्ति संदेहतुलायामतिनिर्दयाः ।**
**नार्यः पतिं च पुत्रंः च पितरं च क्षणादपि ॥२७॥**

સ્ત્રીઓ એવી નિર્દય હોય છે કે ક્ષણુમાત્રમાં પોતાના પતિ, પુત્ર, પિતાદિ ને સંશયના ત્રાજવે બેસાડી દે છે.

**ભાવાર્થ**—સ્ત્રીઓએ જો દુર્વ્યવહાર દુરાચાર સેવ્યો હોય અને તેની તેમના પતિ કે પિતા વિ. કોઈને ખબર પડી ગઈ હોય તો તેઓ તત્ક્ષણુ એવી ચેષ્ટાઓ કરવા લાગી જાય છે કે તેઓ સંશયમાં પડી જાય છે અને તેમને લાગે છે કે તેણીએ કોઇ દુરાચારનું સેવન કર્યું નહિ હોય, અમને તો વ્યર્થમાં જ ભ્રમ થયો છે. આ પ્રમાણે તે પોતાનું દુશ્ચરિત્ર છુપાવી શકે છે.

**गृह्णन्ति विपिने व्याघ्रं शकुन्तं गगने स्थितम् ।**
**सरिद्ह्रदगतं मीनं न स्त्रीणां चपलं मनः ॥२८॥**

કેટલાક પુરુષો વનમાંથી વાઘને પકડે છે, આકાશગામી ઉડતા પક્ષીને પકડે છે તથા નદી અથવા તળાવમાંથી માછલાંને પકડે છે, પરંતુ સ્ત્રીઓના મનને કોઈ પણુ પકડી શકતું નથી એટલે કે વશ કરી શકતું નથી.

**न तदस्ति जगत्यस्मिन् मणिमन्त्रौषधाञ्जनम् ।**
**विद्याश्च येन सद्भावं प्रयास्यन्तीह योषितः ॥२९॥**

આ જગતમાં એવો કોઇ પણ મણિ, મંત્ર, ઔષધ, આંજણ કે વિદ્યા નથી કે જેથી સ્ત્રીઓ સદ્દભાવને પ્રાપ્ત થાય એટલે કે કુટિલતા રહિત થઈ જાય.

मनोभवसमं शूरं कुलीनं भुवनेश्वरम् ।
हत्व पतिं स्त्रियः सद्यो रमन्ते चेटिकासुतैः ॥३०॥

સ્ત્રીઓ એવી દુષ્ટ હોય છે કે પોતાનો પતિ કામદેવની જેમ સુંદર, શૂરવીર, કુલીન અને રાજા પણ ભલે કેમ ન હોય, તો પણ તેને મારીને તત્કાળ દાસીપુત્ર સાથે રમણ ક્રીડા કરવા મંડી પડે છે.

स्मरोत्सङ्गमपि प्राप्य वाञ्छन्ति पुरुषान्तरम् ।
नार्यः सर्वाः स्वभावेन वदन्तीत्यमलाशयाः ॥३१॥

નિર્મળ આશયવાળા વિદ્વાનજનો એમ કહે છે કે બધી જ સ્ત્રીઓ કામદેવ સમાન પતિને પ્રાપ્ત કરીને પણ અન્ય પુરુષની ઇચ્છા કરે છે.

विनाञ्जनेन तन्त्रेण मन्त्रेण विनयेन च ।
वञ्चयन्ति नरं नार्यः प्रज्ञाधनमपि क्षणात् ॥३२॥

સ્ત્રીઓમાં કોઈક એવી જ મોહિની વિદ્યા છે કે મંત્ર, તંત્ર, અંજન અથવા પ્રાર્થના વિના પણ ક્ષણમાત્રમાં પંડિત પુરુષને પણ ઠગી લે છે એટલે કે પોતાના પ્રેમમાં ફસાવી લે છે.

कुलजातिगुणभ्रष्टं निकृष्टं दुष्टचेष्टितम् ।
अस्पृश्यमधमं प्रायो मन्ये स्त्रीणां प्रियं नरम् ॥३३॥

હું એમ માનું છું કે કુળ જાતિ–ગુણથી ભ્રષ્ટ, નિકૃષ્ટ, દુશ્ચરિત્ર, અસ્પૃશ્ય અને નીચ પુરુષ જ સ્ત્રીઓને પ્રિય લાગે છે,

કારણ કે પ્રાયે કરી એમ જોવામાં આવે છે કે સ્ત્રીઓ ઉત્તમ પુરુષોને છોડી નીચની સાથે જ પ્રીતિ કરી લે છે.

### મહાન યોદ્ધા સ્ત્રી પાસે હારી જાય છે

वैरिवारणदन्ताग्रे समारुह्य स्थिरीकृता ।
वीरश्रीयैर्महासत्त्वैर्योषिद्भिस्तेऽपि खण्डिताः ॥३४॥

જે મહાપરાક્રમી વીર પુરુષોએ યુદ્ધમાં શત્રુઓના હાથીના દાંતો ઉપર ચડીને વીરશ્રીને દૃઢ કરી છે એટલે કે વિજયલક્ષ્મી પ્રાપ્ત કરી છે, એવા શૂરવીર યોદ્ધાઓ પણ સ્ત્રીઓ દ્વારા ખંડિત થઈ જાય છે—એટલે કે સ્ત્રીની સામે કોઈનું પણ પરાક્રમ ચાલતું નથી.

गौरवेषु प्रतिष्ठासु गुणेष्वाराध्यकोटिषु ।
धृता अपि निमज्जन्ति दोषपङ्के स्वयं स्त्रियः ॥३५॥

ગૌરવ, પ્રતિષ્ઠા અને આરાધના કરવા યોગ્ય ગુણોથી ભૂષિત કરીને રાખેલી સ્ત્રીઓ પણ પોતાના દુશ્ચરિત્રરૂપી કાદવમાં ફસાઈ જાય છે એટલે કે સ્ત્રીઓ કોઈના પણ વશમાં રહેતી નથી. પરંતુ સ્વચ્છંદપણે વર્તવા લાગી જાય છે.

दोषान्गुणेषु पश्यन्ति प्रिये कुर्वन्ति विप्रियम् ।
सन्मानिताः प्रकुप्यन्ति निसर्गकुटिलाः स्त्रियः ॥३६॥

કુટિલ સ્ત્રીઓનો સ્વભાવ એવો હોય છે કે તેઓ ગુણોમાં તો દોષ દેખે છે અને જે સ્નેહ કરે તેની સાથે અપ્રિયતાનું આચરણ કરે છે અને તેમનું જો સન્માન કરવામાં આવે તો તે કુપિત થાય છે.

कृत्वाऽपकार्यलक्षाणि प्रत्यक्षमपि योषितः ।
छादयन्त्येव निःशङ्का विश्ववञ्चनपण्डिताः ॥३७॥

એ સ્ત્રીઓ લાખો ખરાબ કામો પ્રત્યક્ષમાં કરીને પણ નિઃશંક બની તેમને છુપાવી દીએ છે, કારણ કે એ સ્ત્રીઓ જગતને ઠગવામાં અતિશય ચતુર છે. તેમના માયા–કપટને કોઈપણ પાર પામી શકતું નથી.

दानसन्मानसंभोगप्रणतिप्रतिपत्तिभिः ।
अपि सेवापरं नाथं घ्नन्ति नार्योऽतिनिर्दयाः ॥३८॥

એ સ્ત્રીઓ એવી નિર્દય હોય છે કે દાન, સન્માન, સંભોગ, નમસ્કાર કરવા, આદર કરવા વિ. ખુશામતના કાર્યો દ્વારા સેવા કરવામાં તત્પર એવા પતિને પણ જાનથી મારી નાખે છે.

विषमध्ये सुधास्यन्दं सस्यजातं शिलोच्चये ।
संभाव्यं न तु संभाव्यं चेतः स्त्रीणामकश्मलम् ॥३९॥

વિષગંગામાં કદાચ અમૃતનું ઝરણું અથવા પર્વત (શિલાઓના સમૂહ) ઉપર ધાન્યનું ઉત્પન્ન થવું સંભવ છે, પરંતુ સ્ત્રીઓનું ચિત્ત કદીપણ નિષ્પાપ ન સમજવું. એ સ્ત્રીઓ નિષ્પાપ (ઉજ્જવલ) ક્યારે પણ હોતી નથી.

वन्ध्याङ्गजस्य राज्यश्रीः पुष्पश्रीर्गगनस्य च ।
स्याद्दैवान्न तु नारीणां मनःशुद्धिर्मनागपि ॥४०॥

કદાચ વંધ્યાપુત્રની રાજ્યલક્ષ્મી અને આકાશમાં પુષ્પોની શોભા દેખાય તે સંભવિત છે, પરંતુ સ્ત્રીઓના મનની શુદ્ધિ કિંચિન્માત્ર પણ થતી નથી.

कुलद्वयमहाकक्षं भस्मसात्कुरुते क्षणात् ।
दुश्चरित्रसमीरालीप्रदीप्तो वनितानलः ॥४१॥

દુશ્ચરિત્રરૂપી પવનથી પ્રદીપ્ત થયેલી વનિતારૂપી અગ્નિ ક્ષણુમાત્રમાં પોતાના ઉભય કુળરૂપી વનને ભસ્મ કરી નાખે છે.

## વીર પુરુષ પણુ સ્ત્રી પાસે નમ્ર બની જાય છે

सुराचल इवाकम्पा अगाधा वार्द्धिवद्भृशम् ।
नीयन्तेऽत्र नराः स्त्रीभिरवधूर्ति क्षणान्तरे ॥४२॥

જે પુરુષો સુમેરુ પર્વતની જેમ અચલ (અકંપ) છે તથા સમુદ્રની જેમ અતિશય અગાધ એટલે ગંભીર પ્રકૃતિવાળાં છે, તેઓ પણુ આ જગતમાં સ્ત્રીઓ દ્વારા ક્ષણુમાત્રમાં ચલાયમાન અથવા તિરસ્કૃત થઈ જાય છે, તો પછી અન્ય સામાન્ય પુરુષોની તો વાત જ શી કરવી ?

वित्तहीनो जरी रोगी दुबलः स्थानविच्युतः ।
कुलीनाभिरपि स्त्रीभिः सद्यो भर्त्ता विमुच्यते ॥४३॥

સ્ત્રીઓના પતિ જો ધનરહિત (દરિદ્રી) હોય, જરાથી ઘેરાયેલો હોય, રોગી, દુર્બળ કે સ્થાનભ્રષ્ટ થયો હોય, તો સારા ખાનદાન કુટુંબની કુલીન સ્ત્રીઓ પણુ પોતાના સ્વામીને શીઘ્ર છોડી દે છે અને કોઈ બીજાની સાથે જ રમણુ–આનંદ કરવા લાગી જાય છે.

## સ્ત્રી એ પુરુષને વીંધવાનું શસ્ત્ર છે

भेत्तुं शूलमसिं छेत्तुं कर्तितुं क्रकचं दृढम् ।
नरान्पीडयितुं यन्त्रं वेधसा विहिताः स्त्रियः ॥४४॥

જાણે કે બ્રહ્માએ સ્ત્રીઓ બનાવી છે તે મનુષ્યોને વીંધવા માટે શૂળી, કાપવા માટે તલવાર, કાતરવા–વેરવા માટે મજબૂત કરવત, અથવા પીલવા માટે યંત્ર જ બનાવ્યા છે.

विधुर्वधूभिर्मन्येऽहं नभस्थोऽपि प्रतारितः ।
अन्यथा क्षीयते कस्मात्कलङ्काऽपहतप्रभः ॥४५॥

આકાશમાં રહેનારો આ ચન્દ્ર પણ સ્ત્રીઓથી ઠગાયેલો છે એટલે કે મોહિત થયો છે કારણ કે જો એમ માનવામાં ન આવે તો આ ચન્દ્રમા કલંકથી પ્રભારહિત થઈને પ્રતિદિન શા માટે ક્ષીણ થાય છે ?

## આચાર્ય મહારાજની ઉત્પ્રેક્ષા

यद्रागं सन्ध्ययोर्धत्ते यद्भ्रमत्यविलम्बितम् ।
तन्मन्ये वनितासार्थैर्विप्रलब्धः खरद्युतिः ॥४६॥

આ સૂર્ય જે બન્ને સંધ્યા સમયે લાલાશ ધારણ કરે છે અને નિરંતર પરિભ્રમણ કરતો રહે છે તેથી હું એમ માનું છું કે એ પણ સ્ત્રીઓના સમૂહથી ઠગાયો છે.

अन्तःशून्यो भृशं रौति वेलाव्याजेन वेपते ।
धीरोऽपि मथितो बद्धः स्त्रीनिमित्तो सरित्पतिः ॥४७॥

સમુદ્ર પણ સ્ત્રીના કારણે જ નારાયણ હરિ વડે મથાયો, અને રામચન્દ્રજી દ્વારા બંધાયો. તેથી અન્તઃશૂન્ય એટલે રત્નોથી રહિત થઈને ગર્જનાને બહાને તે રોવે છે અને ધીર–ગંભીર હોવા છતાં પણ લહેરોને બહાને જાણે કંપિત થાય છે– ધ્રૂજે છે.

सुरेन्द्रप्रतिमा धीरा अप्यचिन्त्यपराक्रमाः ।
दशग्रीवादयो याताः कृते स्त्रीणां रसातलम् ।।४८।।

જુઓ, ઇન્દ્રસમાન ધીર, વીર, અચિંત્ય, પરાક્રમી રાવણ વિ. છત્રધારી રાજાઓ પણ સ્ત્રીઓના કારણે રસાતલ (નરક)માં પહોંચી ગયા તો પછી અન્ય સામાન્ય જનની તો શી વાત કરવી?

दुःखखानिरगाधेयं कलेर्मूलं भयस्य च ।
पापबीजं शुचां कन्दः श्वभ्रभूमिर्नितम्बिनी ।।४९।।

એ સ્ત્રી દુઃખોની તો અગાધ ખાણ છે, જેમાંથી દુઃખ ને દુઃખ જ નીકળ્યા કરે છે. અને કલહ તથા ભયનું મૂળ છે, પાપનું બીજ અને ચિંતાઓનું કંદ છે તથા નરકની આધાર પૃથ્વી છે.

यदि मूर्त्ताः प्रजायन्ते स्त्रीणां दोषाः कथंचन ।
पूरयेयुस्तदा नूनं निःशेषं भुवनोदरम् ।।५०।।

જો સ્ત્રીઓના દોષો કોઈ પ્રકારે મૂર્તિમાન બની જાય, મૂર્ત સ્વરૂપ ધારણ કરે તો હું માનું છું કે તે દોષોથી નિશ્ચયે સમસ્ત ત્રણે લોક પરિપૂર્ણ ભરાઈ જશે.

कौतुकेन समाहर्तुं विश्ववर्त्त्यङ्गिसंचयम् ।
वेधसेयं कृता मन्ये नारी व्यसनवागुरा ।।५१।।

બ્રહ્માએ સ્ત્રી બનાવી છે તે જાણે કે તેણે કુતૂહલથી જગતના સમસ્ત જીવોનો સંગ્રહ એકત્ર કરવા માટે આકર્ષિત કરવા કષ્ટ-રૂપી ફાંસી જ બનાવી છે.

एकं दृशा परं भावैर्वाग्भिरन्यं तथेङ्गितैः ।
संज्ञयाऽयं रतैश्चान्यं रमयन्त्यङ्गना जनम् ।।५२।।

સ્ત્રીઓ કોઈ કોઇને તો માત્ર દૃષ્ટિથી જ પ્રસન્ન કરી લે છે, તો કોઈને ભાવોથી જ રમાડે છે અને બીજા કોઈને વચનમાત્રથી તૃપ્ત કરીને કોઈને ઈશારાથી જ પ્રસન્ન કરી દે છે, અને શરીરથી સંકેત કોઇ બીજાને કરે છે જ્યારે રતિ–ક્રીડાથી કોઇ બીજાની સાથે જ રમણ કરે છે. આ પ્રમાણે અનેક પુરુષોના ચિત્તને પ્રસન્ન કરીને પોતાને વશ કરી લે છે.

धीरैर्धैर्यं समालम्ब्य विवेकामललोचनैः ।
त्यक्ताः स्वप्नेऽपि निःसङ्गैर्नार्यः श्रीसूरिपुङ्गवैः ॥५३॥

જે ધીર, વીર અને આચાર્યોમાં પ્રધાન છે, તેમણે જ ધૈર્યનું અવલંબન કરીને સ્વપ્નમાં પણ સ્ત્રીઓનો ત્યાગ કરી દીધો છે. એવા મહાપુરુષો જ ધન્ય છે.

## ઉપસંહારમાં ઉપદેશ

यद्वक्तुं न बृहस्पतिः शतमखः श्रोतुं न साक्षात्क्षमः
तत्स्त्रीणामगुणव्रजं निगदितुं मन्ये न कोऽपि प्रभुः ।
आलोक्य स्वमनीषया कतिपयैर्वर्णैर्यदुक्तं मया
तच्छ्रुत्वा गुणिनस्त्यजन्तु वनितासंभोगपापग्रहं ॥५४॥

સ્ત્રીઓના દોષોના સમૂહને કહેવા માટે તો બૃહસ્પતિ પણ સમર્થ નથી અને સાંભળવા માટે ઈન્દ્ર પણ સમર્થ નથી. તેથી હું એમ માનું છું કે કોઈ પણ સ્ત્રીઓના દોષોનું વર્ણન કરી શકતું નથી. તેમ છતાં મેં સ્ત્રીઓના અવગુણો જોઈને જે કંઈ થોડા શબ્દોમાં કહ્યું છે તેને સાંભળીને જે ગુણવાન પુરુષો છે, તેઓએ સ્ત્રીના સંભોગરૂપી પાપના આગ્રહને છોડી દેવો જોઈએ. આ અમારો ઉપદેશ છે.

परिभवफलवल्लीं दुःखदावानलालीम्
विषयजलधिवेलां श्वभ्रसौधप्रतोलीम् ।
मदनभुजगदंष्ट्रां मोहतन्द्रासवित्रीम्
परिहर परिणामैर्धैर्यमालम्ब्य नारीं ।।૫૫।।

હે આત્મા ! તું ધૈર્યનું અવલંબન લઈને ચિત્તથી સ્ત્રીના પ્રસંગને છોડી દે, કારણ કે સ્ત્રી અપમાનરૂપી ફળને ઉત્પન્ન કરવા માટે તો વેલ–લતાસમાન છે અને દુઃખરૂપી દાવાગ્નિની પરંપરા છે. તથા વિષયરૂપી સમુદ્રની લહેર અને નરકરૂપી મહેલમાં પ્રવેશ કરવા માટે પ્રવેશદ્વાર અથવા ઘર છે. તેમ જ કામરૂપી સર્પની દાઢ અને મોહ અથવા તંદ્રા (આળસ)ની માતા છે.

## શીલવાન સ્ત્રીઓની પ્રશંસા

यमिभिर्जन्मनिर्विण्णैर्दूषिता यद्यपि स्त्रियः ।
तथाप्येकान्ततस्तासां विद्यते नाघसंभवः ।।૫૬।।

યદ્યપિ સંસારથી વિરક્ત થયેલા સંયમી મુનિઓએ સ્ત્રીઓને દોષિત કહી છે એટલે કે દોષયુક્ત વર્ણન કરેલ છે, તથાપિ તેમનામાં એકાંતરૂપથી પાપની જ સંભાવના નથી, પરંતુ તેમાંથી કેટલીક સ્ત્રીઓ ગુણવાળી પણ હોય છે.

ननु सन्ति जीवलोके काश्चिच्छमशीलसंयमोपेताः ।
निजवंशतिलकभूताः श्रुतसत्यसमन्विता नार्यः ।।૫૭।।

અહો ! આ જગતમાં અનેક સ્ત્રીઓ એવી પણ છે કે જે શમભાવ (મંદકષાયરૂપ પરિણામ) અને શીલસંયમથી ભૂષિત છે તથા પોતાના વંશમાં તિલકભૂત છે. એટલે કે પોતાના વંશને શોભાયમાન કરે છે અને શાસ્ત્રાધ્યયન તથા સત્યવાણીથી અલંકૃત પણ છે.

सतीत्वेन महत्त्वेन वृत्तेन विनयेन च ।
विवेकेन स्त्रियः काश्चिद् भूषयन्ति धरातलम् ॥५८॥

અનેક સ્ત્રીઓ એવી પણ છે કે જે પોતાના પતિવ્રતપણાથી, મહત્ત્વથી (સદાચરણોથી), વિનયથી અને વિવેકથી આ પૃથ્વીતલને ભૂષિત (શોભાયુક્ત) કરે છે.

निर्विण्णैर्भवसंक्रमाच्छ्रुतधरैरेकान्ततो निस्पृहै-
र्नार्यो यद्यपि दूषिताः शमधनैर्ब्रह्मव्रतालम्बिभिः ।
निन्द्यन्ते न तथापि निर्मलयमस्वाध्यायवृत्ताङ्किता
निर्वेदप्रशमादिपुण्यचरितैर्याः शुद्धिभूता भुवि ॥५९॥

જે સંસારમાં પરિભ્રમણ કરવાથી વિરક્ત થયા છે, શાસ્ત્રોના પારગામી અને સ્ત્રીઓથી સર્વથા નિઃસ્પૃહ છે તથા ઉપશમભાવ એ જ જેમનું ધન છે, એવા બ્રહ્મચર્યનું પાલન કરનાર મુનિગણોએ જોકે સ્ત્રીઓની નિંદા કરી છે તથાપિ જે સ્ત્રીઓ નિર્મળ અને પવિત્ર યમનિયમ સ્વાધ્યાય ચારિત્ર વિ. થી ભૂષિત છે અને વૈરાગ્ય–ઉપશમ આદિ પવિત્ર આચરણો દ્વારા પવિત્ર છે, તે નિંદાને પાત્ર નથી. કારણ કે નિંદા તો દોષોની જ કરવામાં આવે છે. પરંતુ ગુણોની નિંદા કરતી નથી.

ચોપાઈ

**જે પ્રમદાજન હૈં જગમેં તિનકે ગુણ દોષ કહે લખિ નૈનન ।**
**કામકલંકિત હૈં તિનકે કુચરિત્ર અનેક બસૈં તનુસૈનન ॥**
**વર્ણન કૌન સકે કરને કછુ દેખિ સુને બરને બચ ઐનન ।**
**શીલ ક્ષમાવ્રતવાન સુયોષિત હૈં તિનકી મહિમા જિનવૈનન**
**॥ ૧૨ ॥**

**ભાવાર્થ**—જગતમાં જે પ્રમદાઓ છે તેમના નયનો જોઈને તેમના ગુણ-દોષો કહ્યા છે. જેઓ કામ કલંકિત છે તેમના અનેક કુચારિત્રો શરીરમાં રહેલા છે તેનું વર્ણન કરવા કોણ સમર્થ છે? અહીં તો અમે જે કંઈ જોયું સાંભળ્યું છે તેનું થોડા શબ્દોમાં માત્ર વર્ણન કરેલ છે પરંતુ જે સ્ત્રીઓ શીલવાન અને ક્ષમાવ્રત વાળી છે તે ચારિત્રવાન સતી સ્ત્રીઓની પ્રશંસા શ્રી જિનેશ્વર દેવોએ કરી છે, જિનોએ તેમના મહિમાનું વર્ણન કર્યું છે.

卐

१३

## તેરમો સર્ગ

# મૈથુનત્યાગનો ઉપદેશ

स्मरज्वलनसंभ्रान्तो यः प्रतीकारमिच्छति ।
मैथुनेन स दुर्बुद्धिराज्येनाग्निं निषेधति ॥१॥

જે પુરુષ કામરૂપી અગ્નિથી પીડિત થઈને મૈથુન ક્રિયાથી તે પીડાને શાંત કરવાની ઈચ્છા કરે છે, તે દુર્બુદ્ધિ પુરુષ જાણે કે ઘીથી અગ્નિને શાંત કરવા, બુઝવવા ઈચ્છે છે.

वरमाज्यच्छटासिक्तः परिरब्धो हुताशनः ।
न पुनर्दुर्गतेद्वारं योषितां जघनस्थलम् ॥२॥

ઘીથી સીંચન કરેલી અગ્નિનું આલિંગન કરવું શ્રેષ્ઠ છે, પરંતુ સ્ત્રીના જઘનસ્થલનું આલિંગન કરવું કદાપિ શ્રેષ્ઠ થઈ શકે નહિ, કારણ કે તે દુર્ગતિનું દ્વાર છે. અગ્નિથી બળેલો તો આ જન્મમાં

જ થોડું દુઃખ પામે છે, પરંતુ સ્ત્રીનું આલિંગન કરવાથી તો દુર્ગતિમાં અનેક પ્રકારના કષ્ટો સહન કરવા પડે છે.

स्मरशीतज्वराङ्कशङ्किताः क्षीणबुद्धयः ।
विशन्ति वनितापङ्के तत्प्रतीकारवाञ्छया ॥३॥

કામરૂપી શીત જ્વરના ભયથી નષ્ટબુદ્ધિ પુરુષ તેના પ્રતિકારની ઇચ્છા રાખીને સ્ત્રીરૂપી કર્દમ (કાદવ)માં પ્રવેશ કરે છે. પરંતુ તે યોગ્ય ઉપાય નથી.

## સ્ત્રી સંગમાં સુખની ભ્રમણા

वासनाजनितं मन्ये सौख्यं स्त्रीसङ्गसंभवम् ।
सेव्यमानं यदन्ते स्याद्वैरस्यायैव केवलम् ॥४॥

સ્ત્રીના સંગથી ઉત્પન્ન થયેલા સુખનું સેવન કરવું તે અંતે તો વિરસતાનું જ કારણ બને છે. તેથી આ જીવને પૂર્વે એવી જ વાસના હતી, તેથી જ આવો ભાવ થાય છે પરંતુ પરમાર્થથી વિચાર કરો તો આ સુખ તે દુઃખ જ છે.

प्रपश्यति यथोन्मत्तः शश्वल्लोष्ठेऽपि काञ्चनम् ।
मैथुनेऽपि तथा सौख्यं प्राणी रागान्धमानसः ॥५॥

જેવી રીતે કોઈ પુરુષ ધતુરો ખાઈને ઉન્મત્ત-પાગલ બની માટીના ઢેફાને સોનું સમજે છે, તેવી જ રીતે રાગ-મોહથી જેનું ચિત્ત ઉન્મત્ત બન્યું છે એવો પ્રાણી મૈથુનમાં પણ (દુઃખમાં પણ) સુખનો અનુભવ કરે છે, પરંતુ ખરી રીતે તો તેમાં સુખ નથી.

अपथ्यानि यथा रोगी पथ्यबुद्ध्या निषेवते ।
सुखबुद्ध्या तथाङ्गानि स्त्रीणां कामी गतत्रपः ॥६॥

જેવી રીતે રોગી પુરુષ પથ્યની ઇચ્છાથી અપથ્યનું સેવન કરે છે તેવી જ રીતે કામી પુરુષ નિર્લજ્જ થઈને સુખની ઇચ્છાથી સ્ત્રીઓના અંગોનું દર્શન સ્પર્શનઆદિ કરે છે, પરંતુ તે તેની મોટી ગંભીર ભૂલ છે.

**कश्चिद्ब्रूते यथा दीपं निर्वाणमपि नन्दितम् ।**
**स्मरमूढः सुखं तद्वद्दुःखमप्यत्र मैथुने ॥७॥**

જેવી રીતે દીપક ઓલવાઈ જતાં અનેક લોકો એમ કહે છે કે 'દીપક ધરાઈ ગયો–શાંત થયો,' એવી જ રીતે કામાસક્ત મૂઢ પુરુષ પણ મૈથુનમાં દુઃખ ને દુઃખ જ છે, છતાં તેમાં સુખની કલ્પના કરી લે છે.

## સ્ત્રી સંભોગનું દુઃખદ ફળ

**किम्पाकफलसमानं वनितासंभोगसंभवं सौख्यम् ।**
**आपाते रमणीयं प्रजायते विरसमवसाने ॥८॥**

સ્ત્રીના સંભોગથી ઉત્પન્ન થયેલું સુખ કિંપાક ફળ (ઇન્દ્રાયણના ફળ) સમાન સેવન કરતી વખતે તો રમણીય–મનોહર લાગે છે, પરંતુ અંતમાં તે વિરસ છે.

**ભાવાર્થ**—જેવી રીતે ઈન્દ્રાયણનું ફળ જોવામાં સુંદર, સુગંધિત અને ખાવામાં મધુર લાગે છે, પરંતુ પેટમાં ગયા પછી તે હળાહળ વિષનું કામ કરે છે, તેવી જ રીતે સ્ત્રીજનિત સુખ પણ સેવન કરતી વખતે રમણીક લાગે છે, પરંતુ તેનાથી ઉત્પન્ન થયેલ પાપથી નરક–નિગોદાદિ દુર્ગતિઓના દુઃખો સહન કરવા પડે છે.

## મૈથુન અવસ્થાનાં હલકાં લક્ષણ

मैथुनाचरणे कर्म निर्घृणैः क्रियतेऽधमम् ।
पीयते वदनं स्त्रीणां लालाम्बुकलुषीकृतम् ॥९॥

નિર્દય અથવા ગ્લાનિ રહિત પુરુષ મૈથુન અવસ્થામાં કેવા નીચ-હલકાં કર્મ કરે છે કે, સ્ત્રીઓના મુખથી નીકળેલી લાળથી એઠાં-ભ્રષ્ટ-મલિન થયેલા હોઠનું પાન કરે એટલે કે ચુંબન કરે છે ! અરે ! હા ! આ મૂર્ખાઓને જરા પણ ગ્લાનિ થતી નથી.

कण्डूयनतनुस्वेदाद्वेत्ति कुष्ठी यथा सुखम् ।
तीव्रस्मररुजातङ्कपीडितो मैथुनं तथा ॥१०॥

જેવી રીતે કોઢી માણસ શરીરને ખંજોળવાથી તથા તપાવવાથી સુખ માને છે, તેવી જ રીતે તીવ્ર કામરૂપી રોગથી દુ-ખી થયેલો પુરુષ પણ મૈથુન કર્મમાં સુખ માને છે, આ મહાન વિપર્યાસ છે. કારણ કે જેમ ખંજોળવાથી ચટપટી વધે છે અને અંતે દુઃખદાયક જલન ઉત્પન્ન થાય છે તેવી જ રીતે સ્ત્રીનું સેવન પણ કામ-સેવનેચ્છાને ઉત્તરોત્તર વધારે છે અને અંતે કષ્ટદાયક થાય છે.

## સ્ત્રીના અપવિત્ર દેહમાં આસક્તિની નિર્લજ્જતા

अशुचीन्यङ्गनाङ्गानि स्मराशीविषमूर्छिताः ।
जिह्वाभिर्विलिहन्त्युच्चैः शुनीनामिव कुक्कुरा ॥११॥

યદ્યપિ સ્ત્રીઓના અંગો અશુચિપૂર્ણ-અપવિત્ર છે, પરંતુ તેમને કામરૂપી સર્પ ડસ્યો છે તેથી તેઓ અચેત-ભાન ભૂલેલા બન્યા છે. તેથી તેઓ સ્ત્રીના અંગોમાં અતિશય આસક્ત થઈ જેમ કૂતરો

કૂતરીના અંગોને ચાટે છે, તેવી જ રીતે તે અંગોને ચાટે છે! અરે! હા!! આ નિર્લજ્જ પુરુષોને ગ્લાનિ પણ થતી નથી.

**ग्लानिर्मूर्च्छा भ्रमः कम्पः श्रमः स्वेदोऽङ्गविक्रिया ।**
**क्षयरोगादयो दोषा मैथुनोत्थाः शरीरिणाम् ॥१२॥**

જીવોને જોકે ગ્લાનિ, ક્ષીણુતા, મૂર્ચ્છા, અચેતનતા, ભ્રમ, કંપન, ખેદ, સ્વેદ (પરસેવો), અંગવિકાર, અને ક્ષયરોગ વિ. દોષો મૈથુનથી જ ઉત્પન્ન થાય છે તથાપિ આ મૂર્ખ પ્રાણી તેનું જ સેવન કરે છે.

**अनेकदुःखसन्ताननिदानं विद्धि मैथुनम् ।**
**कथं तदपि सेवन्ते हन्त रागान्धबुद्धयः ॥१३॥**

હે આત્મા! મૈથુન કર્મને તું અનેક દુઃખોનું કારણુ જાણુ. પ્રત્યક્ષ દુઃખદાયક જાણીને પણ રાગાન્ધ પુરુષ તેનું સેવન કરે છે, તે મહાન દુઃખની વાત છે.

**कुष्टव्रणमिवाजस्रं वाति स्रवति पूतिकम् ।**
**यत्स्त्रीणां जघनद्वारं रतये तद्धि रागिणाम् ॥१४॥**

સ્ત્રીઓનું જઘનદ્વાર જે કુષ્ટ (કોઢીયા)ના રોગ સમાન નિરંતર ઝરતું રહે છે અને દુર્ગન્ધ નીકળ્યા કરે છે, તો પણ તે રાગા-વિષયી પુરુષોને રતિક્રીડા-પ્રેમ ઉપજાવે છે! આ એક મહાન આશ્ચર્ય છે.

**काकः कृमिकुलाकीर्णे करङ्के कुरुते रतिं ।**
**यथा तद्वद्वराकोऽयं कामी स्त्रीगुह्यमन्थने ॥१५॥**

જેવી રીતે કાગડો કીડાઓથી ખદબદતા ભરેલા હાડકાંમાં અથવા ફળ વિશેષમાં રતિ (પ્રીતિ) કરે છે, તે જ પ્રમાણે આ પામર પ્રાણી પણ સ્ત્રીના ગુહ્યસ્થાનનું મંથન કરવામાં પ્રીતિ કરે છે. સુખ માને છે.

वक्तुमपि लज्जनीये दुर्गन्धे मूत्रशोणितद्वारे ।
जघनबिले वनितानां रमते बालो न तत्त्वज्ञः ॥१६॥

સ્ત્રીઓના યોનિ-છિદ્રનું નામ લેતાં જ લજ્જા આવે છે. વળી તે દુર્ગંધમય અને મૂત્ર તથા રુધિરના સ્રાવનું દ્વાર છે. આવામાં અજ્ઞાની માણસ જ રમણ કરે છે, તત્ત્વજ્ઞાની તો કદીપણ રમણ કરતો નથી.

### સ્ત્રી સંગથી દૂર રહેવાનો ઉપદેશ

स्वतालुरक्तं किल कुक्कुराधमैः
प्रपीयते यद्वदिहास्थिचर्वणात् ।
तथा विटैर्विद्धि वपुर्विडम्बनै-
र्निषेव्यते मैथुनसंभवं सुखम् ॥१७॥

હે આત્મા! તું સમજ કે જેમ નીચ કૂતરા હાડકું ચાવતાં પોતાના જ તાળવામાંથી નીકળતા લોહીનું પાન કરીને પ્રસન્ન થાય છે એમ જાણીને કે આ રુધિર (લોહી) હાડકાંમાંથી જ નીકળે છે, તેવી જ રીતે વ્યભિચારી પુરુષ પણ પોતાના અને સ્ત્રીના શરીરની ચેષ્ટાથી-વિડંબનાથી ઉત્પન્ન થયેલા સુખનું સેવન કરે છે.

अशुचिष्वङ्गनाङ्गेषु संगताः पश्य रागिणः ।
जुगुप्सां जनयन्त्येते लोलन्तः कृमयो यथा ॥१८॥

જુઓ, જેવી રીતે અપવિત્ર મળાદિકમાં કીડાઓ કલબલાટ કરતાં ખદબદે છે, તેવી જ રીતે આ ચપળ કામીજનો સ્ત્રીઓના અપવિત્ર અંગોની સંગોની સંગતિ કરતાં ગ્લાનિને ઉત્પન્ન કરે છે.

## મૈથુનથી દુર્ગતિ

योनिरन्ध्रमिदं स्त्रीणां दुर्गतेर्द्वारमग्रिमम् ।
तत्त्यजन्ति ध्रुवं धन्या न दीना दैववञ्चिताः ॥१९॥

સ્ત્રીઓનું યોનિરન્ધ્ર દુર્ગતિનું પ્રથમ (મુખ્ય) દ્વાર છે, તેથી જે પુરુષો ધન્ય છે, ભાગ્યવંત છે તેઓ તો તેનો અવશ્યમેવ ત્યાગ કરે જ છે. પરંતુ જેઓ દીન એટલે કે નીચ છે, તેઓ તેને છોડતા નથી, કારણ કે તેઓ વિધિથી ઠગાયા છે, એટલે કે અભાગી દુર્ભાગી છે.

मालतीव मृदून्यासां विद्धि चाङ्गानि योषितां ।
दारयिष्यन्ति मर्माणि विपाके ज्ञास्यसि स्वयम् ॥२०॥

હે આત્મા ! તું સ્ત્રીઓના અંગોને માલતી પુષ્પ સમાન કોમળ સમજે છે પરંતુ અંતમાં જ્યારે આ તારા મર્મોને વિદારશે-ભેદશે ત્યારે તને આપોઆપ ખબર પડશે.

**ભાવાર્થ**—તું સ્ત્રીઓના અંગોને કોમળ સમજી સ્પર્શનાદિ ક્રિયાઓ કરે છે, પરંતુ તેમનું ફળ દુર્ગતિ-ઘણું જ કષ્ટદાયક આવશે.

## મૈથુનમાં થતી હિંસા

मैथुनाचरणे मूढ म्रियन्ते जन्तुकोटयः ।
योनिरन्ध्रसमुत्पन्ना लिंगसंघप्रपीडिताः ॥२१॥

હે મૂઢ ! યોનિરન્ધ્રમાં અસંખ્ય જીવોના સમૂહની ઉત્પત્તિ થાય છે, તે બધા જીવોની મૈથુન–ક્રિયાથી ઘાત થાય છે–હણાય છે. તેમની હિંસા થવાને કારણે જ દુર્ગતિમાં દુઃખો સહન કરવા પડે છે.

## શરીરની બીભત્સતા

बीभत्सानेकदुर्गन्धमलाक्तं स्वकलेवरम् ।
यत्र तत्र वपुः स्त्रीणां कस्यास्तु रतये भुवि ॥२२॥

આ પૃથ્વીમાં જ્યાં પોતાનું જ શરીર બીભત્સ, જે તે ઠેકાણે દુર્ગંધયુક્ત તથા મળથી ભરેલું છે તો પછી સ્ત્રીઓનું શરીર કોને રતિ કરવા યોગ્ય થાય, એટલે કે કોઈને પણ પ્રીતિનું કારણ થઈ શકતું નથી.

उत्तानोच्छूनमण्डूकदारितोदरसन्निभे ।
चर्मरन्ध्रे मनुष्याणामपूर्वः कोऽप्यदुग्रहः ॥२३॥

સ્ત્રીઓનું યોનિરન્ધ્ર ઉત્તાન એટલે ઉલટા કરેલા અને અચ્છૂન એટલે સૂજી ગયેલા–ફૂલી ગયેલા દેડકાના વિદારેલા–ફાડેલા શરીરની આકૃતિ સમાન ઘૃણાસ્પદ છે. આવા ઘૃણાસ્પદ અપવિત્ર સ્થાનમાં કોઈક એવો અપૂર્વ અસમીચીન–અયોગ્ય દુરાગ્રહ છે, આકર્ષણ છે કે જેથી મનુષ્ય એવા પ્રકારનું મલિન આચરણ કરે છે.

सर्वाशुचिमये काये दुर्गन्धामेध्यसंभृते ।
रमन्ते रागिणः स्त्रीणां विरमन्ति तपस्विनः ॥२४॥

દુર્ગંધ, વિષ્ટાદિથી ભરેલા અને સર્વત્ર અશુચિમય એવા સ્ત્રીઓના શરીરમાં રાગી–વિષયી મૂઢજન જ રમણ કરે છે–આનંદ કરે છે પરંતુ તપસ્વી તો તેનાથી વિરક્ત–વિરમેલા જ રહે છે.

कुथितकुणपगन्धं योषितां योनिरन्ध्रं
कृमिकुलशतपूर्णं निर्झरत्क्षारवारि ।
त्यजति मुनिनिकायः क्षीणजन्मप्रबन्धो
भजति मदनवीरप्रेरितोऽङ्गी वराकः ॥२५॥

સ્ત્રીઓનું યોનિરન્ધ્ર બગડી ગયેલા અથવા સડી ગયેલા મડદાની જેવું દુર્ગંધવાળું છે, અસંખ્ય કીડાઓના સમૂહોથી ભરેલું છે અને ક્ષારજળ (મૂત્ર) ઝર્યા–વહ્યા કરે છે, માટે જેમના સંસારનો અંત નજીક છે એવા મુનિગણો તો તેને છોડી દે છે અને જે રાંક બિચારા, કામરૂપી સુભટ દ્વારા પ્રેરાયેલા–હરાયેલા છે, તેઓ જ તેનું સેવન કરે છે.

દોહરો

**કામી કે રતિ હોય, અશુચિ મલિન તિય તન વિષૈ ।**
**પાવૈ દુર્ગતિ સોય, મુનિ ત્યાગૈ દિવ શિવ લહૈ ॥૧૩॥**

**ભાવાર્થ**—કામી પુરુષને અશુચિથી ભરેલા મલિન સ્ત્રીના શરીર વિષે રતિ ઉત્પન્ન થાય છે તેથી તે દુર્ગતિને પ્રાપ્ત થાય છે પરંતુ મુનિજન તો તેનો ત્યાગ કરીને સ્વર્ગ અને મોક્ષનું સુખ પ્રાપ્ત કરે છે.

## ૧૪

## ચૌદમો સર્ગ

# સ્ત્રીસંસર્ગ નિષેધ

विरज्याशेषसंगेभ्यो यो वृणीते शिवश्रियम् ।
स क्रुद्धाहेरिव स्त्रीणां संसर्गाद्विनिवर्त्तते ॥१॥

જે પુરુષ સમસ્ત પરિગ્રહોથી વિરક્ત થઈને, જેમ ક્રોધે ભરાયેલા–ફુંફાડા મારતા સર્પથી લોકો દૂર ભાગે છે–તેમ સ્ત્રીઓના સંસર્ગથી દૂર રહે છે, તે જ મુક્તિરૂપી લક્ષ્મીને વરે છે એટલે કે પ્રાપ્ત કરે છે.

यथा सद्यो विलीयन्ते गिरयो वज्रताडिताः ।
तथा मत्ताङ्गनापाङ्गप्रहारेणाल्पचेतसः ॥ २ ॥

જેવી રીતે વજ્રપાતથી ક્ષત થયેલા પર્વતો તરત જ ખંડ ખંડ ટૂકડે ટૂકડા થઇ જાય છે, તેવી જ રીતે યૌવનથી મદોન્મત્ત સ્ત્રીઓના નેત્ર-કટાક્ષોના પ્રહારથી અલ્પજ્ઞાની કટકે કટકા થઈ

સ્ત્રીઓમાં તન્મય બની જાય છે એટલે કે સ્ત્રીઓનો સંસર્ગ અલ્પજ્ઞાનીઓને બગાડી મૂકે છે, નષ્ટ કરી દે છે.

यस्तपस्वी व्रती मौनी संवृतात्मा जितेन्द्रियः ।
कलङ्कयति निःशङ्कं स्त्रीसखः सोऽपि संयमं ॥३॥

જે મુનિ. તપસ્વી, વ્રતી, મૌની, સંવરસ્વરૂપ તથા જિતેન્દ્રિય હોય પરંતુ જો તે સ્ત્રીની સંગતિ કરતો હોય તો તે પોતાના સંયમને કલંક લગાડે છે, કલુષિત બનાવે છે.

मासे मासे व्यतिक्रान्ते यः पिबत्यम्बु केवलम् ।
विमुह्यति नरः सोऽपि संगमासाद्य सुभ्रुवः ॥४॥

જે મુનિ મહિના–મહિનાના ઉપવાસ–માસખમણ કરીને માત્ર પાણી જ ગ્રહણ કરે છે, એવો તપસ્વી પણ સ્ત્રીની સંગતિથી મોહિત થઇ જાય છે.

सर्वत्राप्युपचीयन्ते संयमाद्यास्तपस्विनाम् ।
गुणाः किन्त्वङ्गनासङ्गं प्राप्य यान्ति क्षयं क्षणात् ॥५॥

તપસ્વીઓના સંયમાદિ ગુણો સર્વત્ર વૃદ્ધિને પામે છે, પરંતુ અંગના (સ્ત્રી)નો સંસર્ગ થતાંવેંત તે બધા ગુણો ક્ષણમાત્રમાં નષ્ટ થઈ જાય છે.

संचरन्ति जगत्यस्मिन्स्वेच्छया यमिनां गुणाः ।
विलीयन्ते पुनर्नारीवदनेन्दुविलोकनात् ॥ ६ ॥

સંયમીજનોના ગુણો આ જગતમાં સ્વેચ્છાપૂર્વક–સ્વતંત્રપણે યત્ર તત્ર વિસ્તારને પ્રાપ્ત થાય છે, પરંતુ સ્ત્રીઓના મુખરૂપી ચંદ્રમાને જોતાંવેંત તે ગુણો વિલીન થઈ જાય છે–નાશ પામે છે.

तावद्धत्ते मुनिः स्थैर्यं श्रुतं शीलं कुलक्रमं ।
यावन्मत्ताङ्गनानेत्रवागुराभिर्न रुद्धयते ॥७॥

મુનિ સ્થિરતા, ધીરજ, શાસ્ત્રાધ્યયન, શીલ અને કુલક્રમ (ગુરુ-આમ્નાય)ને ત્યાં સુધી જ ધારણ કરે છે કે જ્યાંસુધી યૌવનથી મદોન્મત્ત બનેલી સ્ત્રીના નેત્રરૂપી જાળમાં બંધાતો નથી. એટલે કે સ્ત્રીઓનો નેત્રકટાક્ષપાત થતાં જ શાસ્ત્રાધ્યયનાદિ બધું ભૂલી જાય છે, નષ્ટ થઈ જાય છે.

नवनीतनिभं पुंसां मनः सद्यो विलीयते ।
वनितावह्निसंतप्तं सतामपि न संशयः ॥८॥

પુરુષોનું મન નવનીત (માખણ) જેવું છે તેથી સ્ત્રીરૂપી અગ્નિનો સંયોગ થતાં સત્પુરુષોનું ચિત્ત પણ ચલાયમાન થઈ જાય છે. તેમાં કંઈપણ સંશય નથી.

अन्तःसुप्तोऽपि जागर्त्ति स्मरः संगेन योषिताम् ।
रोगव्रज इवापथ्यसेवासंभावितात्मनाम् ॥९॥

જેવી રીતે અપથ્ય સેવન કરનારા મનુષ્યોને રોગોનો સમૂહ-અનેક રોગો ઉત્પન્ન થાય છે, તેવી જ રીતે કામ છે તે અંતરંગમાં-મનમાં સૂતેલો રહે છે પરંતુ જ્યારે સ્ત્રીનો સંગમ થાય છે ત્યારે એકદમ જાગી જાય છે.

क्रियते यैर्मनः स्वस्थं श्रुतप्रशमसंयमैः ।
तेऽपि संसर्गमासाद्य वनितानां क्षयं गताः ॥१०॥

જે પુરુષોએ શાસ્ત્રાધ્યયન, પ્રશમભાવ અને સંયમથી પોતાના

મનને સ્વસ્થ (વશ) કરી લીધું છે, તેઓ પણ સ્ત્રીઓના સંસર્ગથી નષ્ટ થયા છે, નાશ પામ્યા છે.

स्थिरीकृत्य मनस्तत्त्वे तावत्तिष्ठति संयमी ।
यावन्नितम्बिनीभोगिभ्रूकुटिं न समीक्षते ॥११॥

સંયમી પુરુષ મનને ત્યાં સુધી જ તત્ત્વોમાં સ્થિર કરીને રાખી શકે છે કે જ્યાં સુધી તે સ્ત્રીરૂપી સર્પની ભ્રકુટિને જોતો નથી.

यासां संकल्पलेशोऽपि तनोति मदनज्वरम् ।
प्रत्यासत्तिर्न किं तासां रुणद्धि चरणश्रियम् ॥१२॥

જો સ્ત્રીઓનો સંકલ્પ–લેશમાત્ર પણ મનમાં હોય તો તે કામ-જ્વરને વધારી દે છે, તો પછી તેમની નિકટતા—સમાગમ શું ચારિત્રરૂપી લક્ષ્મીને નષ્ટ–ભ્રષ્ટ નહિ કરે?

यस्याः संसर्गमात्रेण यतिभावः कलङ्क्यते ।
तस्याः किं न कथालापैर्भ्रूभङ्गैश्चारुविभ्रमैः ॥१३॥

જે સ્ત્રીના સંસર્ગમાત્રથી જ મુનિપણું કલંકિત થાય છે તો તેની સાથે વાર્તાલાપ કરવો, ભ્રકુટિ વાંકી કરીને સુંદર વિભ્રમ-વિલાસો વડે જોવાથી શું યતિપણું નષ્ટ થતું નથી? એટલે કે થાય જ છે.

सुचिरं सुष्ठु निर्णीतं लब्धं वा वृद्धसंनिधौ ।
लुप्यते स्त्रीमुखालोकाद्वृत्तरत्नं शरीरिणाम् ॥१४॥

અમે ઘણા વખત સુધી મહાપુરુષોનો સત્સંગ કર્યો અને તેમની સંગતિમાં રહીને સારી રીતે નિર્ણય કરી લીધો છે અને આ

સિદ્ધાંત નક્કી કર્યો છે કે સ્ત્રીનું મુખ અવલોકન કરવાથી જીવોનું સંયમરૂપી રત્ન-ધન અવશ્ય નષ્ટ થઈ જાય છે.

पुस्तोपलविनिष्पन्नं दारुचित्रादिकल्पितम् ।
अपि वीक्ष्य वपुः स्त्रीणां मुह्यत्यङ्गी न संशयः ॥१५॥

સ્ત્રીઓના શરીરની આકૃતિ પાષાણમાં કંડારેલી તથા કાષ્ઠ, ચિત્ર વિ. માં કોતરેલી તથા પુસ્ત[1] (માટી વિ)થી બનાવેલી હોય તો પણ તેને જોઈને પ્રાણી મોહને પ્રાપ્ત થાય છે. તેમાં કંઈ પણ સંદેહ નથી. તો પછી સાક્ષાત્ સ્ત્રીને જોવાથી તે કેમ મોહ નહિ પામે ? અવશ્ય મોહિત થશે જ.

## સ્ત્રીના સંસર્ગથી થતી અવસ્થાઓ

दृष्टिपातो भवेत्पूर्वं व्यामुह्यति ततो मनः ।
प्रणिधत्ते जनः पश्चात्तत्कथागुणकीर्त्तने ॥१६॥

પ્રથમ તો સ્ત્રી ઉપર દૃષ્ટિ પડે છે, ત્યારપછી ચિત્ત મોહિત થાય છે, અને તત્પશ્ચાત્ તે સ્ત્રીની કથા અને ગુણકીર્તનમાં મન લગાડે છે.

ततः प्रेमानुबन्धः स्यादुभयोरपि निर्भरम् ।
उत्कण्ठते ततश्चेतः प्रेमकाष्ठप्रतिष्ठितम् ॥१७॥

---

૧-'મૃદા વા દારુણા વાપિ વસ્ત્રેણાપ્યથ ચર્મણા ।
લોહરત્નૈઃ કૃતં વાપિ પુસ્તમિત્યભિધીયતે' ॥૧॥

**અર્થ**—માટી, કાષ્ઠ, કપડું, ચામડું, લોઢું અને રત્ન-આમાંથી નિર્માણ થયેલા પદાર્થને પુસ્ત કહે છે ॥૧॥

ગુણકીર્તન પછી બન્નેના પરસ્પર પ્રેમ–સ્નેહની ગાઢ પ્રેમગ્રંથિ પડી જાય છે. પછી ચિત્ત સ્નેહની ટોચે પહોંચી ઉત્કંઠિત થાય છે કે ક્યારે મેળાપ થાય.

दानदाक्षिण्यविश्वासैरुभयोर्वर्धते स्मरः ।
ततः शाखोपशाखाभिः प्रीतिवल्ली विसर्पति ॥१८॥

ઉપરોક્ત પ્રકારે તથા દાન, દાક્ષિણ્ય, વિશ્વાસાદિ વડે બન્નેના શરીરમાં કામની વૃદ્ધિ થાય છે. ત્યારપછી શાખા, ઉપશાખાઓથી તે પ્રીતિરૂપ વૃક્ષ પાંગરે છે.

मनो मिलति चान्योऽन्यं निःशङ्कं संगलालसं ।
प्रणश्यति ततो लज्जा प्रेमप्रसरपीडिता ॥१९॥

ત્યારબાદ નિઃશંક બની સંગમ માટે આતુર બન્નેનું લોલુપી મન પરસ્પર એક થઈ જાય છે. પછી પ્રેમનો વેગ વધી જતાં પીડિત થઈ લજ્જા નષ્ટ થઈ જાય છે. એટલે કે બન્ને એવા નિર્લજ્જ બની જાય છે કે મોટાઓ પાસે રહેતા હોય તો પણ તેમનો પરસ્પર પ્રેમ વાર્તાલાપ, એકમેકની સામે અનિમેષનયને જોવું, દષ્ટિનું આદાન–પ્રદાન અને નિર્લજ્જતાદિ કાર્યો થવા લાગે છે.

निःशङ्कं कुरुते नर्म रहोजल्पावलम्बितम् ।
वीक्षणादीन्धनोद्भूतः कामाग्निः प्रविजृम्भते ॥२०॥

તદનંતર બન્ને એકાંતસ્થળ મળતાં જ નિઃશંકપણે હાસ્ય સાથે પ્રેમગોષ્ઠિ કરે છે. અને ત્યારપછી દર્શન, સ્પર્શન વિ. ઇંધનથી ઉત્પન્ન થયેલી કામાગ્નિ પ્રજ્વલિત (તીવ્ર) થઈ જાય છે.

बहिरन्तस्ततस्तेन दह्यमानोऽग्निना भृशम् ।
अविचार्य जनः शीघ्रं ततः पापे प्रवर्त्तते ॥२१॥

ત્યારપછી તે મનુષ્ય તે કામરૂપી અગ્નિથી બાહ્યથી તો શરીરમાં અને અન્તરંગમાં-ચિત્તમાં અતિશય દાહરૂપ પીડા ઉત્પન્ન થવાથી તેઓ વિચાર કર્યા વગર જ પાપકાર્યમાં પ્રવૃત્તિ કરવા લાગી જાય છે. આ પ્રમાણે અનુક્રમે સ્ત્રીના સંસર્ગથી મનુષ્યની પાપાચરણમાં પ્રવૃત્તિ થાય છે.

श्रुतं सत्यं तपः शीलं विज्ञानं वृत्तमुत्तमम् ।
इन्धनीकुरुते मूढः प्रविश्य वनितानले ॥२२॥

આ પ્રમાણે આ મૂઢપ્રાણી સ્ત્રીરૂપી અગ્નિમાં પ્રવેશ કરીને શાસ્ત્રાધ્યયન, સત્યવ્રત, તપ, શીલ (બ્રહ્મચર્ય), વિજ્ઞાન અને ઉત્તમ ચારિત્ર-આ બધાને ઇંધનની જેમ બાળી નાખે છે, એટલે કે સ્ત્રીના સંસર્ગથી સમસ્ત ધર્મકર્મ નષ્ટ થઈ જાય છે.

स्फुरन्ति हृदि संकल्पा ये स्त्रीध्यासक्तचेतसां ।
रागिणां तानि हे भ्रातर्न कोऽपि गदितुं क्षमः ॥२३॥

તેથી હે ભાઈ! જે પુરુષોનું ચિત્ત સ્ત્રીઓમાં આસક્ત છે, તે રાગીજનોના મનમાં જે જે સંકલ્પો ઉત્પન્ન થાય છે તેમને કહેવા કોણુ સમર્થ છે? કોઈ કદાપિ સમર્થ થઈ શકતું નથી. કારણ કે કામીજનના મનમાં ક્ષણે ક્ષણે અનેક સંકલ્પો થયા જ કરે છે.

संसर्गप्रभवा नूनं गुणा दोषाश्च देहिनाम् ।
एकान्ततः स दोषाय स्त्रीभिः सार्द्धं कृतः क्षणम् ॥२४॥

સામાન્યતયા અન્ય પ્રાણીઓના સંસર્ગથી જીવોને ગુણદોષ

બન્ને ઉત્પન્ન થાય છે, પરંતુ સ્ત્રીઓની સાથે ક્ષણભર માટે પણ જો સંસર્ગ કરવામાં આવે તો તે કેવળ દોષો જ જન્માવે છે.

पुण्यानुष्ठानसम्भूतं महत्त्वं क्षीयते नृणाम् ।
सद्यः कलङ्कयते वृत्तं साहचर्येण योषिताम् ॥२५॥

સ્ત્રીઓની સાથેના સંસર્ગ–પરિચયથી મનુષ્યોનું અનેક પુણ્ય-કાર્યોથી પ્રાપ્ત થયેલું મહત્વ (ગૌરવ) તત્કાળ નષ્ટ થઈ જાય છે. અને જે વ્રત–ચારિત્ર છે તે કલંકિત–દૂષિત બની જાય છે.

अपवादमहापङ्के निमज्जन्ति न संशयः ।
यमिनोऽपि जगद्वन्द्यवृत्ता रामास्पदं श्रिताः ॥२६॥

જે સંયમી મુનિઓ જગતને વંદનીય એવા શુદ્ધ ચારિત્રધારી છે, તેઓ પણ સ્ત્રીના સંસર્ગથી લોકાપવાદરૂપી મહાકાદવમાં નિઃસં-શયપણે ખૂંચી જાય છે.

अनन्तमहिमाकीर्णं प्रोत्तुङ्गं वृत्तपादपम् ।
वामा कुठारधारेव विच्छिनत्त्याशु देहिनाम् ॥२७॥

જીવોનું જે અનંત મહિમાયુક્ત, ઘણું ઊંચું ચારિત્રરૂપી જે વૃક્ષ છે, તેને સ્ત્રી કુહાડીની જેમ તત્ક્ષણ કાપી નાખે છે.

लोचनेषु मृगाक्षीणां क्षिप्तं किंचित्तदञ्जनम् ।
येनापाङ्गैः क्षणादेव मुह्यत्यासां जगत्त्रयम् ॥२८॥

સ્ત્રીઓના નેત્રોમાં વિધાતાએ કોઈ એવું મોહિની આંજણ નાખી દીધું છે કે જેથી તેમના કટાક્ષોને જોવા માત્રથી જ આ ત્રણે લોક મોહિત થઈ જાય છે.

कौतुकेन भ्रमेणापि दृष्टिर्लग्नाङ्गनामुखे ।
क्रष्टुं न शक्यते लोकैः पङ्कमग्नेव हस्तिनी ॥२९॥

જેવી રીતે હાથણી કાદવમાં ફસાઈ જાય છે ત્યારે તેને બહાર કાઢવી ઘણી મુશ્કેલ થઈ પડે છે, તેવી જ રીતે મનુષ્યોની દષ્ટિ કૌતુક અથવા ભ્રમથી એકવાર પણ સ્ત્રીના મુખ ઉપર પડી જાય છે ત્યારે તે પાછી ખેંચી લેવા અસમર્થ બની જાય છે.

एकत्र वसतिः साध्वी वरं व्याघ्रोरगैः सह ।
पिशाचैर्वा न नारीभिर्निमेषमपि शस्यते ॥३०॥

વાઘ, સર્પ તથા પિશાચોની સાથે એક જગ્યાએ રહેવું શ્રેષ્ઠ છે પરંતુ સ્ત્રીઓની સાથે એક નિમેષમાત્ર પણ રહેવું શ્રેષ્ઠ નથી.

भ्रूलताचलनैर्येषां स्खलत्यमरमण्डली ।
तेऽपि संसर्गमात्रेण वनितानां विडम्बिताः ॥३१॥

જેમની ભવાંરૂપી લતાના હલવા માત્રથી દેવોનો સમૂહ પણ સ્ખલિત (ભયભીત અથવા ક્ષોભિત) થઈ જાય છે, તેમ જ ચક્રવર્તીઓ વિ. મોટા મોટા મહાપુરુષો પણ સ્ત્રીઓના સંસર્ગમાત્રથી ચલિત થઈ જાય છે. તો પછી સામાન્ય મનુષ્યોને માટે તો શું કહેવાનું હોય? એટલે તેઓ ચલિત થઈ જાય તો તેમાં શું આશ્ચર્ય ?

त्यजन्ति वनिताचौररुद्धाश्चारित्रमौक्तिकम् ।
यतयोऽपि तपोभङ्गकलङ्कमलिनाननाः ॥३२॥

સ્ત્રીરૂપી ચોરને રોકવાથી (ઉશ્કેરવાથી) તપ ભંગ થવાને લીધે જેમનું મુખ કલંકથી મલિન થયું છે એવા મુનિગણો પણ પોતાના

ચારિત્રરૂપી મોતીઓના હાર તેની સામે નાખી દે છે, તો પછી બીજાની તો શી વાત કરવી?

**ब्रह्मचर्यच्युतः सद्यो महानप्यवमन्यते ।**
**सर्वैरपि जनैर्लोके विध्यात इव पावकः ॥३३॥**

જો કોઈ માણસ પ્રતિષ્ઠિત અને મહાન બુદ્ધિમાન હોય પરંતુ જો તે બ્રહ્મચર્યથી ચ્યુત થઈ જાય તો તે પણ બધા લોકોથી અપમાનિત થાય છે, કારણ કે જેમ અગ્નિ ઓલવાઈ જતાં તેનો કોઈને પણ ભય રહેતો નથી, તે જ પ્રમાણે બ્રહ્મચર્યથી ભ્રષ્ટ થયેલા મોટા પુરુષનો પણ કોઈને ભય રહેતો નથી. એટલે કે તેનું હરકોઈ અપમાન–તિરસ્કાર કરી શકે છે.

**विशुद्ध्यति जगद्येषां स्वीकृतं पादपांसुभिः ।**
**वञ्चिता बहुशस्तेऽपि वनितापाङ्गवीक्षणात् ॥३४॥**

જે મહાપુરુષોના ચરણોની રજથી આ જગત પવિત્ર થઈ જાય છે, તેઓ પણ પ્રાયે સ્ત્રીઓના કરેલા કટાક્ષોને જોવાથી નષ્ટ થઈ ગયા છે. આવા મહાપુરુષોની કથા જગતમાં તથા શાસ્ત્રોમાં અનેક છે.

**तपःश्रुतकृताभ्यासा ध्यानधैर्यावलम्बिनः ।**
**श्रूयन्ते यमिनः पूर्वं योषाभिः कश्मलीकृताः ॥३५॥**

જેમને તપ અને શાસ્ત્રોનો અભ્યાસ છે, તથા જે ધ્યાનમાં ધૈર્ય (દૃઢતા)નું અવલંબન કરનારા છે, એવા મુનિઓ પણ સ્ત્રીઓથી કલંકિત થયેલાં શાસ્ત્રોમાં સંભળાય છે તો પછી અન્ય ક્ષુદ્ર પુરુષોની તો વાત જ શી કરવી?

उह्यते यत्र मातङ्गैर्नगोत्तुङ्गैर्जलप्लवे ।
तत्र व्यूढा न संदेहः प्रागेव मृगशावकाः ॥३६॥

કારણ કે જે જળના પ્રવાહમાં પર્વત સરીખા મોટા મોટા હાથીઓ પણ તણાઈ જાય છે, તેમાં જો હરણાંના બચ્ચાં–મૃગબાળો પહેલાં તણાઈ જાય તો તેમાં શું આશ્ચર્ય અને શંકા છે?

इह हि वदनकञ्जं हावभावालसाढ्यं
मृगमदललिताङ्कं विस्फुरद्भ्रूविलासम् ।
क्षणमपि रमणीनां लोचनैर्वीक्ष्यमाणं
जनयति हृदि कम्पं धैर्यनाशं च पुंसाम् ॥३७॥

આ જગતમાં હાવભાવ વિ. વિલાસોથી ભરેલા, કસ્તૂરીનો જેમાં સુંદર ચાંદલો કરેલો છે અને જેમાં અતિશય ચંચળ એવા ભ્રકુટિ વિલાસો છે એવા સ્ત્રીઓના મુખરૂપી કમળને ક્ષણ ભરને પણ નેત્રોથી જોવાથી તે પુરુષોના હૃદયમાં કંપન ઉત્પન્ન કરીને ધૈર્યને નષ્ટ કરી દે છે.

यासां सीमन्तिनीनां कुरबकतिलकाशोकमाकन्दवृक्षाः
प्राप्योच्चैर्विक्रियन्ते ललितभुजलतालिङ्गनादीन्विलासान् ।
तासां पूर्णेन्दुगौरं मुखकमलमलं वीक्ष्य लीलारसाढ्यं
को योगी यस्तदानीं कलयति कुशलो मानसं निर्विकारम् ॥३८॥

સ્ત્રીઓની સુંદર ભુજલતા–બાહુપાશના આલિંગનાદિ વિલાસોને પ્રાપ્ત કરી જે કુરબક, તિલક, અશોક અને આમ્રાદિ વૃક્ષો પણ અતિશય વિકારને પ્રાપ્ત થાય છે એટલે કે ફળે-ફૂલે છે, તો પછી તે સ્ત્રીઓના પૂર્ણ ચન્દ્રમાસમાન ગોરા લીલાયુક્ત રસદાયક મુખ-કમળને જોઈને કયો એવો નિપુણ–પ્રવીણ યોગી કે યતિ છે કે જે

પોતાના મનને તે વખતે નિર્વિકાર રાખી શકે? એટલે કે કોઈ પણ નથી.

तावद्धत्ते प्रतिष्ठां परिहरति मनश्चापलं चैष तावत्
तावत्सिद्धान्तसूत्रं स्फुरति हृदि परं विश्वतत्त्वैकदीपम् ।
क्षीराकूपारवेलावलयविलसितैर्मानिनीनां कटाक्षै-
र्यावन्नो हन्यमानं कलयति हृदयं दीर्घदोलायितानि ॥३९॥

પુરુષ જ્યાંસુધી ક્ષીરસમુદ્રની લહેરોના વલય-ભમ્મર સરખાં વિલાસરૂપ માનિની સ્ત્રીઓના કટાક્ષોથી હણાતાં હૃદયના દીર્ઘ દોલાયમાન ચંચલભાવને પ્રાપ્ત થતો નથી, ત્યાં સુધી જ આ મનુષ્ય પ્રતિષ્ઠાને ધારણ કરે છે અને મનની ચંચળતાને છોડી સ્થિરતા રાખી શકે છે અને ત્યાં સુધી જ સમસ્ત તત્ત્વોનો પ્રકાશ કરવા માટે દીપકસમાન સિદ્ધાન્તસૂત્રો હૃદયમાં સ્ફુરાયમાન થાય છે. કહેવાનો તાત્પર્ય એ છે કે સ્ત્રીઓના સુંદર કટાક્ષો જોયા પછી કોનું મન સ્થિર રહી શક્યું છે?

संसर्गाद्दुर्बलां दीनां संत्रस्तामप्यनिच्छतीम् ।
कुष्ठिनीं रोगिणीं जीर्णां दुःखितां क्षीणविग्रहाम् ॥४०॥

निन्दितां निन्द्यजातीयां स्वजातीयां तपस्विनीम् ।
बालामपि तिरश्चीं स्त्रीं कामी भोक्तुं प्रवर्तते ॥४१॥

સ્ત્રીના સંસર્ગથી ભ્રષ્ટ થયેલા કામી પુરુષો દુર્બળ, દીન, ગરીબ, ભય પામેલી, નહિ ઈચ્છનારી, કોઢવાળી, રોગી, વૃદ્ધા-ઘરડી, દુઃખી, કૃશ-જર્જરિત શરીરવાળી, નિંદિત (વેશ્યાદિ) તથા નિંદ્ય જાતિની ચંડાલિની વિ. તથા પોતાની જાતિની, તપસ્વિની, બાલિકા એ

બધાની સાથે તો વ્યભિચાર કરે છે પરંતુ તિર્યંચિણી (તિર્યંચ-પશુ સ્ત્રી)ને પણ તે છોડતો નથી એટલે કે તિર્યંચિણીની સાથે પણ વ્યભિચાર કરવા લાગી જાય છે. આ કારણે બ્રહ્મચારીઓએ સ્ત્રીનો સંસર્ગ સર્વથા છોડી દેવો જોઈએ.

## મુનિને ઉપદેશ

अङ्गनापाङ्गबाणालीं प्रपतन्तीं विनारय ।
विधाय हृदयं धीर दृढं वैराग्यवर्मितम् ॥४२॥

હે ધીર, વીર ! તું તારા હૃદયને વૈરાગ્યરૂપી દૃઢ કવચ વડે રક્ષણ કરી સ્ત્રીઓના કટાક્ષ બાણોની પંક્તિ-સમૂહનું નિવારણ કર.

ब्रह्मचर्यविशुद्ध्यर्थं सङ्गः स्त्रीणां न केवलम् ।
त्याज्यः पुंसामपि प्रायो विटविद्यावलम्बिनाम् ॥४३॥

હે ભાઈ! બ્રહ્મચર્યની રક્ષા માટે માત્ર સ્ત્રીઓના સંસર્ગનો જ નિષેધ કર્યો નથી, પરંતુ વિટવિદ્યાલંબી (છળ કપટી) વ્યભિચારી સ્ત્રી-પુરુષોના સંગ-પરિચયનો પણ નિષેધ કર્યો છે. એટલે કે ત્યાગવાનું કહ્યું છે.

मदान्धैः कामुकैः पापैर्वञ्चकैर्मार्गविच्युतैः ।
स्तब्धलुब्धाधमैः सार्द्धं संगो लोकद्वयान्तकः ॥४४॥

જેઓ મદથી આંધળા છે. કામી છે, પાપી છે, ઠગ છે, કુમાર્ગી છે, સ્તબ્ધ (ગર્વિષ્ઠ) છે, માની, અધમ અને નીચ પુરુષો છે- આમાંથી કોઈની સાથે પણ સંસર્ગ કરવો તે બન્ને લોકને બગાડનાર છે. તેથી તેમની સંગતિ કરવી તે સર્વથા ત્યાજ્ય છે.

## ઉપસંહાર

सूत्रे दत्तावधानाः प्रशमयमतपोध्यानलब्धावकाशाः
शश्वत्संन्यस्तसंगा विमलगुणमणिग्रामभाजः स्वयं ये ।
श्रूयन्ते कामिनीनां स्तनजघनमुखालोकनात्तेऽपि भग्ना
मज्जन्तो मोहवार्धौ जिनपतियतयः प्राक् प्रसिद्धाः कथासु ॥४५॥

જેમણે સિદ્ધાંત સૂત્રોમાં ચિત્તને પરોવ્યું છે એવા તથા પ્રશમભાવ અને યમ-નિયમ-તપ-ધ્યાનાદિમાં સમસ્ત કાળ વિતાવનાર, નિરંતર પરિગ્રહના ત્યાગી, નિર્મળ ગુણરૂપી મણિઓના સમૂહને ધારણ કરનારા એવા જૈન યતિ-મુનિઓ પણ સ્ત્રીઓના સ્તન, જઘન તથા મુખ વિ. અંગો જોવાથી ભ્રષ્ટ થઈ મોહરૂપી સમુદ્રમાં ડૂબી ગયાની કથાઓ શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે.

**ભાવાર્થ**—સ્ત્રીનો સંસર્ગ જ એવો છે કે જેમનાથી કોઈ પણ બચી શકતું નથી, પરંતુ જે ધીર, વીર, મહાપુરુષો તેના સંસર્ગથી બચે છે, તેઓ ધન્ય છે.

### દોહરો

**તપસી મૌની સંયમી, શ્રુતપાઠી યુત માન ।**
**તરુણી કે સંસર્ગ તૈં, બિગડૈં તજહુ સુજાન ॥૧૪॥**

**ભાવાર્થ**—આ જગતમાં તપસ્વી હોય કે મૌન ધારણ કરનાર મુનિ કે સંયમી હોય, શાસ્ત્રનો અભ્યાસી કે માનયુક્ત પુરુષ હોય પરંતુ તે જો યુવતી સ્ત્રીનો સંસર્ગ કરે તો નષ્ટ થઈ જાય છે માટે બુદ્ધિમાન સ્ત્રીના સંસર્ગને છોડી દીએ.

૧૫

## પંદરમો સર્ગ

# વૃદ્ધસેવાની પ્રશંસા

**लोकद्वयविशुद्धयर्थं भावशुद्धयर्थमञ्जसा ।**
**विद्याविनयवृद्धयर्थं वृद्धसेवैव शस्यते ॥१॥**

અનાયાસે બન્ને લોકોની સિદ્ધિ માટે, ભાવોની શુદ્ધતા માટે તથા વિદ્યા વિનયની વૃદ્ધિને માટે વૃદ્ધ પુરુષોની (ગુરુજનોની) સેવાની જ પ્રશંસા કરવામાં આવી છે.

**ભાવાર્થ**—ગુરુજનોની (મોટાઓની) નિકટ રહેવાથી તથા તેમની સેવા કરવાથી આ લોક પરલોક બન્ને સુધરે છે. પોતાના પરિણામો શુદ્ધ રહે છે, વિદ્યા વિનયાદિ વૃદ્ધિ પામે છે અને માન-કષાયની હાનિ વિ. ગુણો પ્રગટ થાય છે.

**कषायदहनः शान्ति याति रागादिभिः समम् ।**
**चेतः प्रसत्तिमाधत्ते वृद्धसेवावलम्बिनाम् ॥२॥**

જે પુરુષો વૃદ્ધજનોની સેવા કરે છે, તેમની કષાયરૂપી અગ્નિ રાગાદિ સાથે શાન્ત થઈ જાય છે અને ચિત્ત નિર્મળ તથા પ્રસન્ન બની જાય છે. મોટેરાંઓની સેવાથી જ આ ગુણો પ્રાપ્ત થાય છે.

## વૃદ્ધસેવાથી ગુણોની પ્રાપ્ત

**निर्मलीकुरु वैराग्यं चित्तदैत्यं नियन्त्रय ।**
**आसादय वरां बुद्धिं दुर्बुद्धे वृद्धसाक्षिकम् ॥३॥**

હે દુર્બુદ્ધિ આત્મા ! ગુરુજનોની સાક્ષીમાં એટલે કે ગુરુજનોની નિકટ રહીને તું તારા વૈરાગ્યને તો નિર્મળ કર અને સાંસારિક દેહભોગોથી લેશમાત્ર પણ રાગ કે મોહ ન કર તથા ચિત્તરૂપી દૈત્ય (રાક્ષસ) કે જે સ્વેચ્છાએ પ્રવર્તે છે, સ્વચ્છંદે વર્તે છે તેને વશમાં કર અને ઉત્કૃષ્ટ બુદ્ધિ (વિવેકપણાને) તું અંગીકાર કર. કારણ કે આ ગુણો ગુરુજનોની સેવા કરવાથી જ પ્રાપ્ત થાય છે.

## વૃદ્ધોનું સ્વરૂપ

**स्वतत्त्वनिकषोद्भूतं विवेकालोकवर्धितम् ।**
**येषां बोधमयं चक्षुस्ते वृद्धा विदुषां मताः ॥४॥**

જેમને આત્મતત્ત્વરૂપી કસોટીથી ઉત્પન્ન થયેલ ભેદજ્ઞાનરૂપી પ્રકાશથી વૃદ્ધિ પામેલ જ્ઞાનરૂપી નેત્ર છે, તેમને જ વિદ્વાનોએ વૃદ્ધ કહેલ છે.

**ભાવાર્થ**—સ્વ-પર પદાર્થોને જાણનારું જેમનું જ્ઞાન છે, એવા જ્ઞાનીને જ વૃદ્ધ કહેવાય છે. કેવળ અવસ્થાથી જ વૃદ્ધ કહેવાતા નથી.

तपःश्रुतधृतिध्यानविवेकयमसंयमैः ।
ये वृद्धास्तेऽत्र शस्यन्ते न पुनः पलिताङ्कुरैः ॥५॥

જે મુનિ તપ, શાસ્ત્ર-અધ્યયન, ધૈર્ય, ધ્યાન, વિવેક (ભેદજ્ઞાન) યમ તથા સંયમાદિથી વૃદ્ધ (આગળ વધેલા છે) એટલે કે મોટા છે, તેઓ જ વૃદ્ધ ગણાય છે. માત્ર અવસ્થા-ઉંમરે વધારે હોવાથી કે કેશ સફેદ થવાથી જ વૃદ્ધ કહી શકાય નહિ.

प्रत्यासत्तिं समायातैर्विषयैः स्वान्तरञ्जकैः ।
न धैर्यं स्खलितं येषां ते वृद्धा विबुधैर्मताः ॥६॥

જેમની પાસે મનને રંજન કરનારા વિષયો હોવા છતાં પણ ચિત્તથી જેમનું ધૈર્ય સ્ખલિત (નષ્ટ) થતું નથી, તેમને જ વિદ્વાનોએ વૃદ્ધ માનેલ છે, એટલે કે જેઓ વિષયોથી ચલાયમાન થઈ જાય તેઓ મોટા કેમ કહેવાય?

न हि स्वप्नेऽपि संजाता येषां सद्वृत्तवाच्यता ।
यौवनेऽपि मता वृद्धास्ते धन्याः शीलशालिभिः ॥७॥

જેમના સદાચરણો સ્વપ્નમાં પણ કદી કલંકિત (મલિન) થયા નથી, તેઓ યૌવનાવસ્થામાં પણ વૃદ્ધ છે અને તેઓ જ ધન્ય પુરુષો છે. એમ બ્રહ્મચારી મહાત્માઓએ માન્યું છે.

प्रायःशरीरशैथिल्यात्स्वस्था मतिरङ्गिनाम् ।
यौवने तु क्वचित्कुर्याद्दृष्टतत्त्वोऽपि विक्रियाम् ॥८॥

યદ્યપિ શરીર શિથિલ થઈ જવાથી (વૃદ્ધાવસ્થા આવવાથી) જીવોની બુદ્ધિ પણ સ્વસ્થ-નિશ્ચિત થઈ જાય છે, પરંતુ યૌવન-

અવસ્થામાં તો જેણે તત્ત્વોનું સ્વરૂપ જાણ્યું છે તે પણ કંઈક વિક્રિયાને ધારણ કરે છે.

**ભાવાર્થ**—યુવાવસ્થામાં જેઓ ચલાયમાન થતા નથી, તેઓ જ ધન્ય પુરુષ છે.

वार्धक्येन वपुर्धत्ते शैथिल्यं च यथा यथा।
तथा तथा मनुष्याणां विषयाशा निवर्त्तते ॥९॥

મનુષ્યોનું શરીર જેમ જેમ શિથિલ થાય છે તેમ તેમ વિષયોની આશા ઘટે છે. પરંતુ યુવાવસ્થામાં જીવવાની આશા છૂટી જાય એ જ વૃદ્ધોની વિશેષતા છે.

हीनाचरणसंभ्रान्तो वृद्धोऽपि तरुणायते।
तरुणोऽपि सतां धत्ते श्रियं सत्संगवासितः ॥१०॥

જે વૃદ્ધ થઈને પણ હીનઆચરણોથી—દુરાચરણોથી વ્યાકુળ થઈ રખડતો ફરે છે, તે વૃદ્ધ હોવા છતાં પણ તરુણ છે અને જે સત્સંગતિમાં રહે છે તે તરુણ હોવા છતાં પણ સત્પુરુષો જેવી પ્રતિષ્ઠા પામે છે. એટલે કે તે સાચો વૃદ્ધ કહેવાય છે.

## વૃદ્ધોની સેવા હિતકારી, ગુણકારી

साक्षाद्वृद्धानुसेवेयं मातेव हितकारिणी।
विनेत्री वागिवाप्तानां दीपिकेवार्थदर्शिनी ॥११॥

આવા વૃદ્ધોની સેવા સાક્ષાત્ માતાસમાન હિત કરનારી છે અને આપ્તવાણી (જિનવાણી) સમાન સમીચીન શિક્ષા આપનારી છે તથા દીપકસમાન પદાર્થોને દેખાડનારી છે.

कदाचिद्दैववैमुख्यान्मातापि विकृतिं भजेत् ।
न देशकालयोः क्वापि वृद्धसेवा कृता सती ॥१२॥

ભાગ્ય રૂઠે તો કદાચ માતા પણ પુત્રની શત્રુ–અહિતકારી બની જાય તો તેમાં આશ્ચર્ય જેવું કંઈ નથી, પરંતુ વૃદ્ધોની કરેલી સેવા કોઈપણ દેશ અથવા કોઈપણ કાળે હાનિકારક નીવડતી નથી.

**ભાવાર્થ**—આ વૃદ્ધસેવા નિરંતર જીવોનું હિત જ કરે છે.

अन्ध एव वराकोऽसौ न सतां यस्य भारती ।
श्रुतिरन्ध्रं समासाद्य प्रस्फुरत्यधिकं हृदि ॥१३॥

સત્પુરુષોની પવિત્ર વાણી જેના કાનોમાં પડી ન હોય અને હૃદયમાં પરિણમી ન હોય–પહોંચી ન હોય તો તે રાંક અને આંધળો જ છે. કારણ કે સત્પુરુષોની વાણી મનુષ્યના હૃદયનેત્રને ઉઘાડી નાખે છે. તેથી જેના હૃદયમાં સત્પુરુષોની વાણીએ પ્રવેશ કર્યો નથી તે ખરેખર આંધળો જ છે.

सत्संसर्गसुधास्यन्दैः पुंसां हृदि पवित्रिते ।
ज्ञानलक्ष्मीः पदं धत्ते विवेकमुदिता सती ॥१४॥

સત્પુરુષોની સત્સંગતિરૂપી અમૃતના ઝરણાથી પુરુષોના હૃદય પવિત્ર થાય છે અને તેમાં વિવેકને લીધે પ્રસન્ન થયેલી જ્ઞાનલક્ષ્મી નિવાસ કરે છે.

**ભાવાર્થ**—સત્પુરુષોની સંગતિથી સમીચીન જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

वृद्धोपदेशधर्मांशुं प्राप्य चित्तकुशेशयम् ।
न प्राबोधि कथं तत्र संयमश्रीः स्थितिं दधे ॥१५॥

મનુષ્યોનું ચિત્તરૂપી કમળ જો વૃદ્ધ પુરુષોના ઉપદેશરૂપી સૂર્યને પ્રાપ્ત થઈ પ્રફુલ્લિત થઈ જાય તો તેમાં સંયમરૂપી લક્ષ્મી કેમ નિવાસ ન કરે? એટલે કે સત્પુરુષોના વચનો જ્યારે હૃદયમાં સ્થાપિત થાય છે ત્યારે જ સંયમ દૃઢીભૂત થાય છે.

अनुपास्यैव यो वृद्धमण्डलीं मन्दविक्रमः ।
जगत्तत्त्वस्थितिं वेत्ति स मिमीते नभः करैः ॥१६॥

જે પુરુષ અલ્પશક્તિવાળો છે અને સત્પુરુષોના સમાગમમાં (મંડળીમાં) રહ્યા વગર જ જગતના તત્ત્વસ્વરૂપની અવસ્થાને જાણવા ઇચ્છે છે, તે માનો હાથોથી આકાશને માપે છે.

**ભાવાર્થ**—સત્પુરુષોની સેવા વિના અલ્પશક્તિવાળાને જગતની રીતભાત–વ્યવહારનું જ્ઞાન થઈ શકતું નથી.

शीतांशुरश्मिसंपर्काद्विसर्पति यथाम्बुधिः ।
तथा सद्वृत्तसंसर्गान्नृणां प्रज्ञापयोनिधिः ॥१७॥

જેવી રીતે ચન્દ્રમાના કિરણોથી સમુદ્ર વધે છે, તે જ પ્રમાણે સમીચીનપણે વ્રતો ધારણ કરનાર સત્પુરુષોની સંગતિથી મનુષ્યોનો પ્રજ્ઞાનરૂપી સમુદ્ર વૃદ્ધિ પામે છે.

नैराश्यमनुबध्नाति विध्याप्याशाहविर्भुजं ।
आसाद्य यमिनां योगी वाक्पथातीतसंयमम् ॥१८॥

યોગી મુનિ સંયમી મુનિયોના મહાન વચનમાર્ગથી અગોચર એવા સંયમને પ્રાપ્ત થઈ, આશારૂપી અગ્નિને ઓલવી–શાંત કરી, નિરાશાનું અવલંબન કરે છે.

**ભાવાર્થ**—સંયમી મુનિઓની સત્સંગતિથી આશાઓ નષ્ટ થાય છે અને ચિત્ત શાંતિને પ્રાપ્ત થાય છે.

**वृद्धानुजीविनामेव स्युश्चारित्रादिसम्पदः ।**
**भवत्यपि च निर्लेपं मनः क्रोधादिकश्मलम् ।।१९।।**

વૃદ્ધ પુરુષો (સત્પુરુષો)ની સેવા કરનારા પુરુષોને જ ચારિત્ર આદિ સંપદા હોય છે. અને ક્રોધાદિ કષાયોથી મલિન થયેલું મન નિર્લેપ (નિર્મળ) બની જાય છે.

**सुलभेष्वपि भोगेषु नृणां तृष्णा निवर्तते ।**
**सत्संसर्गसुधास्यन्दैः शश्वदार्द्रीकृतात्मनाम् ।।२०।।**

જેમનો આત્મા સત્પુરુષોના સંસર્ગરૂપી અમૃતના ઝરણાથી આર્દ્ર (ભીંજાયેલો—લીલો) રહે છે, તે પુરુષોને જ ભોગો સુલભ થાય છે અને તેમને જ તે પ્રાપ્ત થયેલા ભોગોમાં તૃષ્ણાની નિવૃત્તિ (નિઃસ્પૃહતા) થાય છે.

**कातरत्वं परित्यज्य धैर्यमेवावलम्बते ।**
**सत्संगजपरिज्ञानरञ्जितात्मा जनः स्वयम् ।।२१।।**

સત્પુરુષોના સમાગમથી ઉત્પન્ન થયેલા જ્ઞાનથી જેમનો આત્મા રંજિત થયો છે એવો પુરુષ પોતાની મેળે જ કાયરતાને છોડી ધૈર્યનું અવલંબન કરે છે.

**ભાવાર્થ**—સત્પુરુષોની સંગતિથી જ્ઞાન થાય છે અને કાયરતા નાશ પામી ધૈર્ય પ્રાપ્ત થાય છે. દુઃખ પડતાં પુરુષ ન્યાયોચિત માર્ગથી પથભ્રષ્ટ થતો નથી

## સંતપુરુષના ગુણગ્રામથી કુવિદ્યાનો નાશ

पुण्यात्मना गुणग्रामसीमासंसक्तमानसैः ।
तीर्यते यमिभिः किं न कुविद्यारागसागरः ॥२२॥

પુણ્યવંત પુરુષોના ગુણગ્રામ કરવામાં જેમનું મન લાગેલું છે, તે મુનિ શું કુવિદ્યારૂપી સમુદ્રને તરી નહિ જાય? અવશ્યમેવ તરી જશે. કારણ કે જ્યારે સત્પુરુષોના ગુણોમાં મન ચોંટી જાય છે ત્યારે અન્ય પદાર્થોથી પ્રીતિ દૂર થઈ જાય છે.

तत्त्वे तपसि वैराग्ये परां प्रीतिं समश्नुते ।
हृदि स्फुरति यस्योच्चैर्वृद्धवाग्दीपसन्ततिः ॥२३॥

જે મનુષ્યના હૃદયમાં સત્પુરુષોના વચનરૂપી દીપકની પરંપરા પ્રગટેલી છે અને પ્રકાશમાન છે તેને તત્ત્વોમાં, તપમાં તથા વૈરાગ્યમાં અતિશય ઉત્કૃષ્ટ પ્રીતિ થઈ જાય છે.

## સત્પુરુષના સંગથી મિથ્યાત્વનો નાશ

मिथ्यात्वादिनगोत्तुङ्गशृङ्गभङ्गाय कल्पितः ।
विवेकः साधुसंगोत्थो वज्रादप्यजयो नृणाम् ॥२४॥

સત્પુરુષોની સંગતિથી ઉત્પન્ન થયેલો મનુષ્યોનો વિવેક મિથ્યાત્વાદિ પર્વતોના ઊંચા શિખરોને (વિચારમાં આવેલા મિથ્યાત્વાદિ ભાવને) ટૂકડે ટૂકડે-ખંડ ખંડ કરવા માટે વજ્રથી પણ વધારે અજેય શસ્ત્ર છે.

अप्यनादिसमुद्भूतं क्षीयते निबिडं तमः ।
वृद्धानुयायिनां च स्याद्विश्वतत्त्वैकनिश्चयः ॥२५॥

જે વૃદ્ધ પુરુષોના (સત્પુરુષોના) અનુયાયીઓ છે, તેમનો અનાદિકાળનો ઉત્પન્ન થયેલો નિબિડ-ગાઢ અજ્ઞાનરૂપી અંધકાર નષ્ટ થઈ જાય છે અને સમસ્ત તત્ત્વોમાં એક-નિશ્ચય, દૃઢ બની જાય છે, એટલે કે અજ્ઞાન લેશમાત્ર પણ રહેતું નથી

अन्तःकरणजं कर्म यः स्फोटयितुमिच्छति ।
स योगिवृन्दमाराध्य करोत्यात्मन्यवस्थितिम् ॥२६॥

જે પુરુષ અંતઃકરણથી (મનથી) ઉત્પન્ન થયેલા કર્મોને દૂર કરવાની ઇચ્છા રાખે છે તે પુરુષ યોગીશ્વરોના સમૂહની સેવા કરે છે અને તે જ પોતાના આત્મામાં સ્થિર થાય છે એટલે કે યોગીશ્વરોની સત્સંગતિમાં રહેવાથી જ આત્માનુભવની પ્રાપ્તિ અને કર્મોનો નાશ થાય છે.

एकैव महतां सेवा स्याज्जेत्री भुवनत्रये ।
ययैव यमिनामुच्चैरन्तर्ज्योतिर्विजृम्भते ॥२७॥

આ ત્રિભુવન-ત્રણે જગતમાં સત્પુરુષોની સેવા જ એકમાત્ર જયનશીલ (કર્મોને જીતનારી) છે. તેથી જ મુનિઓના અંતઃકરણમાં જ્ઞાનરૂપ જ્યોતિનો પ્રકાશ વિસ્તૃત થાય છે.

दृष्ट्वा श्रुत्वा यमी योगिपुण्यानुष्ठानमूर्जितम् ।
आक्रामति निरातङ्कः पदवीं तैरुपासिताम् ॥२८॥

સંયમી મુનિ યોગીશ્વરોના મહાપવિત્ર આચરણના અનુષ્ઠાનને જોઈને અથવા સાંભળીને તે યોગીશ્વરોએ સેવેલી પદવીને ઉપદ્રવ-રહિત-નિર્વિઘ્નપણે પ્રાપ્ત કરે છે.

**ભાવાર્થ**—જ્યારે મોટાઓનું મોટું પવિત્ર આચરણ માણસ જુએ અથવા સાંભળે છે ત્યારે પોતે પણ તેવો જ બનવાનો પ્રયત્ન કરે છે.

**विश्वविद्यासु चातुर्यं विनयेष्वतिकौशलम् ।**
**भावशुद्धिः स्वसिद्धान्ते सत्संगादेव देहिनाम् ॥२९॥**

જીવોને સમસ્ત વિદ્યાઓમાં કુશળતા અને વિનયમાં અતિ-નિપુણતા તથા પોતાના સિદ્ધાંતમાં ભાવોની શુદ્ધિ એટલે કે નિઃસંદેહપણું આદિ ગુણો સત્પુરુષોની સત્સંગતિથી જ પ્રાપ્ત થાય છે.

**यथात्र शुद्धिमाधत्ते स्वर्णमत्यन्तमग्निना ।**
**मनःसिद्धिं तथा ध्यानी योगिसंसर्गवह्निना ॥३०॥**

જેવી રીતે જગતમાં અગ્નિના સંયોગથી સુવર્ણ અત્યન્ત શુદ્ધ (નિર્મળ) બની જાય છે, તેવી જ રીતે યોગીશ્વરોની સત્સંગતિરૂપી અગ્નિથી ધ્યાની મુનિ પોતાના મનની શુદ્ધિને પ્રાપ્ત થાય છે.

**भयलज्जाभिमानेन धैर्यमेवावलम्बते ।**
**साहचर्यं समासाद्य संयमी पुण्यकर्मणाम् ॥३१॥**

સંયમી મુનિ પવિત્ર આચરણવાળા સત્પુરુષોનો સમાગમ કરવાથી તેમના ભયથી કે લજ્જાથી અથવા અભિમાનથી ધૈર્યનું જ અવલંબન લે છે.

**ભાવાર્થ**—કર્મોના ઉદયથી પરિણામો બગડવા લાગે તો મહાપુરુષોની સત્સંગતિમાં રહેવાથી ભય, લજ્જા અથવા પોતાના

અભિમાનને લીધે તે મુનિ માર્ગથી ચ્યુત થતો નથી. તેથી જ સત્પુરુષોના સમાગમમાં રહેવું તે અતિશય શ્રેષ્ઠ છે.

**शरीराहारसंसारकामभोगेष्वपि स्फुटम् ।**
**विरज्यति नरः क्षिप्रं सद्भिः सूत्रे प्रतिष्ठितः ॥३२॥**

સત્પુરુષો દ્વારા શાસ્ત્રાદિ ભણાવી શિક્ષિત બનાવેલો પુરુષ શરીર, આહાર, સંસાર, કામ તથા ભોગાદિમાંથી તત્ક્ષણ વિરક્ત બની જાય છે. સત્પુરુષોની શિક્ષાનું જ એ પરિણામ છે કે શરીરાદિ પ્રત્યે વૈરાગ્યભાવ હોવાને કારણે મોક્ષમાર્ગથી તે ભ્રષ્ટ થતો નથી. આ વાત સ્પષ્ટપણે સમજો.

**यथा यथा मुनिर्धत्ते चेतः सत्संगवासितम् ।**
**तथा तथा तपोलक्ष्मीः परां प्रीतिं प्रकाशयेत् ॥३३॥**

જેમ જેમ મુનિ પોતાના ચિત્તને સત્પુરુષોની સંગતિમાં લગાડે છે, તેમ તેમ તેને તપરૂપી લક્ષ્મી અતિશય પણે તેની સાથે પ્રેમ કરી પ્રકાશે છે. અન્ય ગ્રંથોમાં પણ કહ્યું છે કે—

**नहि भवति निर्विगोपक्रमनुपासितगुरुकुलस्य विज्ञानम् ।**
**प्रकटितपश्चिमभागं पश्यत नृत्यं मयूरस्य ॥ ३४ ॥**

જેણે ગુરુકુળની (સત્પુરુષોના સમૂહની) ઉપાસના કરી નથી, તેનું વિજ્ઞાન (ભેદજ્ઞાન, કળા, ચાતુર્ય) પ્રશંસા કરવા યોગ્ય નથી, પરંતુ નિંદવા યોગ્ય ગણાય છે. જુઓ ! મોર નૃત્ય કરે છે.

**ભાવાર્થ**—મયૂર નાચ કરે છે તે પોતાની બુદ્ધિથી નાચે છે, નૃત્ય કરવાની કળા–વિધાન સુંદર શ્રૃંગારયુક્ત હોય છે. પરંતુ મોરે તો તે કળા કોઈની પાસેથી શીખી નથી, તેથી તે નાચ કરતી વખતે પોતાના પૃષ્ઠ-ભાગને (મળદ્વારને) ખુલ્લો કરી દે છે. તો

આવું નૃત્ય પ્રશંસનીય ગણાતું નથી. એ જ પ્રમાણે તપસ્વી ગુરુજનોની સમીપે શીખ્યા વિના જે ક્રિયા કરવામાં આવે તે યથાવત્–બરાબર નથી. માટે જ મહાન યોગીશ્વરો વિ. સત્પુરુષોની સત્સંગતિમાં રહીને જ તેમની આજ્ઞાનુસાર પ્રવૃત્તિ કરવી જોઈએ.

## ગુરુસેવાથી ઉત્તમ ગતિ

**तपः कुर्वन्तु वा मा वा चेद्वृद्धान्समुपासते ।**
**तीर्त्वा व्यसनकान्तारं यान्ति पुण्यां गतिं नराः ॥३५॥**

જે પુરુષો સત્પુરુષો (ગુરુજનો)ની ઉપાસના–સેવા કરે છે, તેઓ તપ કરે કે ન કરે પરંતુ દુઃખરૂપી વનને પાર કરી અવશ્યમેવ પવિત્ર (ઉત્તમ) ગતિને પ્રાપ્ત થાય છે.

**ભાવાર્થ**—તપ તો શક્તિ અનુસાર કરવાનું કહ્યું છે, જો તપ કરવાની શક્તિ ન હોય તો સત્પુરુષોની સંગતિ–સમાગમમાં રહે અને તેમની ઉપાસના–સેવા ભક્તિ કરે તો પણ તેને ઉત્તમ ગતિ પ્રાપ્ત થાય છે.

**कुर्वन्नपि तपस्तीव्रं विदन्नपि श्रुतार्णवम् ।**
**नासादयति कल्याणं चेद्वृद्धानवमन्यते ॥३६॥**

ભલે તીવ્ર તપ કરતો હોય અને શાસ્ત્રરૂપી સમુદ્રનું અવગાહન કરતો હોય, પરંતુ જો તે વૃદ્ધસેવા કરતો નથી એટલે કે સત્પુરુષોની આજ્ઞામાં રહેતો નથી તો તેનું કદી પણ કલ્યાણ થઈ શકતું નથી.

**मनोऽभिमतनिःशेषफलसंपादनक्षमं ।**
**कल्पवृक्षमिवोदारं साहचर्यं महात्मनाम् ॥३७॥**

મહાપુરુષોનો સત્સંગ કરવો તે કલ્પવૃક્ષ સમાન સમસ્ત પ્રકારના મનોવાંછિત ફળ આપવામાં સમર્થ છે. તેથી સત્પુરુષોની સંગતિ અવશ્ય કરવી જોઈએ.

जायते यत्समासाद्य न हि स्वप्नेऽपि दुर्मतिः ।
मुक्तिबीजं तदेकं स्यादुपदेशाक्षरं सताम् ॥३८॥

સત્પુરુષોના ઉપદેશનો એક અક્ષર પણ મુક્તિનું બીજ (કારણ) બને છે, કારણ કે સદુપદેશ પ્રાપ્ત થવાથી સ્વપ્નમાં પણ મનુષ્યને કુબુદ્ધિનો પ્રાદુર્ભાવ થતો નથી.

**ભાવાર્થ**—સત્પુરુષોના ઉપદેશથી દુર્બુદ્ધિ નષ્ટ થઈ જાય છે અને સદ્બુદ્ધિ જાગૃત થાય છે.

तन्न लोके परं धाम न तत्कल्याणमग्रिमं ।
यद्योगिपदराजीवसंश्रितैर्नाधिगम्यते ॥ ३९ ॥

આ જગતમાં કોઈપણ એવું સર્વોત્તમ સ્થાન નથી તેમ કોઈ એવું કલ્યાણ પદ નથી કે જે યોગીશ્વરોના ચરણ કમળોની સેવા કરનારાઓને પ્રાપ્ત ન થાય. એટલે કે યોગીશ્વરોની સેવા કરનારાઓને સમસ્ત પ્રકારના કલ્યાણની પ્રાપ્તિ થાય છે.

अन्तर्लीनमपि ध्यान्तमनादिप्रभवं नृणाम् ।
क्षीयते साधुसंसर्गप्रदीपप्रसराहतम् ॥ ४० ॥

અનાદિકાળથી ઉત્પન્ન થયેલો પુરુષોનો અંતરંગનો અજ્ઞાનરૂપી અંધકાર પણ સાધુ મહાત્માઓનાં સંસર્ગરૂપી પ્રદીપના પ્રકાશથી નષ્ટ થઈ જાય છે એટલે કે સાધુઓની સંગતિથી અજ્ઞાન રહેતું નથી.

दहति दुरितकक्षं कर्मबन्धं लुनीते
वितरति यमसिद्धिं भावशुद्धिं तनोति ।
नयति जननतीरं ज्ञानराज्यं च दत्ते
ध्रुवमिह मनुजानां वृद्धसेवैव साध्वी ॥४१॥

દરેક પુરુષે વૃદ્ધોની (સત્પુરુષોની) સેવા કરવી તે ઉત્તમ છે. કારણ કે આ વૃદ્ધસેવા પાપરૂપી વનને બાળી નાખે છે અને કર્મોના બંધનોને કાપી નાખે છે, ચારિત્રની સિદ્ધિ કરે છે અને ભાવોની શુદ્ધતાને વિસ્તારી સંસારથી પાર ઉતારી જ્ઞાન રાજ્યને (કેવળજ્ઞાન અથવા શ્રુતજ્ઞાનની પૂર્ણતાને) અર્પે છે.

## ઉપસંહારમાં ઉપદેશ

विरम विरम संगान्मुञ्च मुञ्च प्रपंचं
विसृज विसृज मोहं विद्धि विद्धि स्वतत्त्वम् ।
कलय कलय वृत्तं पश्य पश्य स्वरूपं
कुरु कुरु पुरुषार्थं निर्वृतानन्दहेतोः ॥४२॥

**વિરમ તું વિષયોથી, છોડ છોડ પ્રપંચો,**
**તજ તજ તજ માયા, જાણ જાણ સ્વતત્ત્વો,**
**કર કર કર વૃત્તો, જાણીને નિજ રૂપ,**
**અવિરત સુખ માટે યોજ તું પુરુષાર્થ.**

હે આત્મા ! તું પરિગ્રહથી વિરક્ત થા, વિરક્ત થા. પ્રપંચ-માયાશલ્યને છોડી દે, છોડી દે. અને જગતના મોહને દૂર કર, દૂર કર. નિજતત્ત્વને જાણ, જાણ. ચારિત્રનો અભ્યાસ કર, કર. પોતાના સ્વરૂપને નિહાળ, નિહાળ. અને મોક્ષના શાશ્વત સુખ આનંદ માટે પુરુષાર્થ કર, પુરુષાર્થ કર. (આ પ્રમાણે બબ્બે વખત કહીને

આચાર્ય મહારાજે અત્યન્ત પ્રેરણા આપી છે. કારણ કે શ્રી સદ્‌ગુરુ મહારાજ મહા દયાળુ છે તેથી હિત-કલ્યાણને માટે વારંવાર પ્રેરણા કરે છે).

अतुलसुखनिधानं ज्ञानविज्ञानबीजं
विलयगतकलङ्कं शान्तविश्वप्रचारम् ।
गलितसकलशङ्कं विश्वरूपं विशालं
भज विगतविकारं स्वात्मनात्मानमेव ॥४३॥

હે આત્મા ! તું તારા આત્મદેવને તારી મેળે જ ભજ-સેવા કર. તારો આત્મા કેવો છે ? અતુલ્ય (અતીન્દ્રિય) સુખનો નિધાન છે, જ્ઞાન અને વિજ્ઞાન (ભેદજ્ઞાન)નું બીજ છે. જેના મિથ્યાત્વ-ભાવરૂપી કલંક (દોષો) નષ્ટ થઈ ગયા છે, જેના અનેક પ્રકારના વિકલ્પોનો વિસ્તાર શાન્ત ગઈ ગયો છે, એટલે કે જે નિર્વિકલ્પ-સ્વરૂપ છે તથા જેની સમસ્ત શંકાઓ નષ્ટ થઈ ગઈ છે, અને જે સમસ્ત જ્ઞેયોના આકારસ્વરૂપ-વિશ્વમય છે, વિશાળ છે, અને પોતાના ગુણ-પર્યાયોમાં ફેલાયેલો છે અને સમસ્ત પ્રકારના વિકારોથી રહિત બની ગયો છે, એવો તારો આત્મા છે. આવા પ્રકારના પોતાના આત્માને ભજવો, તેમાં જ લીન બનીને રહેવું, તેને જ પરમ બ્રહ્મચર્ય કહે છે. બ્રહ્મ એટલે આત્મા તેમાં ચરવું એટલે લીન થવું-તે જ બ્રહ્મચર્ય છે.

धन्यास्ते मुनिमण्डलस्य गुरुतां प्राप्ताः स्वयं योगिनः
शुद्ध्यत्येव जगत्त्रयी शमवतां श्रीपादरागाङ्किता ।
तेषां संयमसिद्धयः सुकृतिनां स्वप्नेऽपि येषां मनो
नालीढं विषयैर्न कामविशिखैर्नैवाङ्गनालोचनैः ॥४४॥

જે મુનિઓનું મન વિષયોથી સ્વપ્નમાં પણ આલીઢ (લેપાયું-આસક્ત) થયું નથી અને કામ બાણ તથા સ્ત્રીઓના નેત્રકટાક્ષોથી સ્પૃષ્ટ થયું નથી-વિંધાયું નથી, તે જ પુરુષો સુકૃતિ-પુણ્યવંત અને ધન્ય છે. તેમને જ સંયમની સિદ્ધિઓ થાય છે અને તેઓ જ યોગી-મુનીશ્વરોના સમૂહમાં પ્રધાનપણા (આચાર્યપદ)ને પ્રાપ્ત થાય છે. તથા તેમના જ-શાન્તભાવયુક્ત યોગીશ્વરોના શોભાયમાન ચરણોના પગલાંથી અંકિત આ ત્રણે ભુવન-ત્રિલોક ખરેખર પવિત્ર થાય છે.

येषां वाग्भुवनोपकारचतुरा प्रज्ञा विवेकास्पदम्
ध्यानं ध्वस्तसमस्तकर्मकवचं वृत्तं कलङ्कोज्झितम् ।
सम्यग्ज्ञानसुधातरङ्गनिचयैश्चेतश्च निर्वापितं
धन्यास्ते शमयन्त्वनङ्गविशिखव्यापारजाता रुजः ॥४५॥

જે યોગીશ્વરોના વચનો લોકોપકાર કરવામાં ચતુર-નિપુણ છે, અને પ્રજ્ઞા (બુદ્ધિ) જેના વિવેકનું સ્થાન છે, વળી જેમના ધ્યાને કર્મબંધરૂપી કવચને (બખતરને) નષ્ટ કરી દીધું છે તથા જેમનું ચારિત્ર કલંક રહિત (નિર્મળ) છે, તથા જેમનું ચિત્ત સમ્યગ્જ્ઞાન-રૂપી અમૃતના તરંગોના સમૂહથી શાન્ત-શીતળ બની ગયું છે. એવા યોગી મુનિઓ જ ધન્ય છે. તેઓ કામબાણના ભેદનથી ઉત્પન્ન થયેલી અમારી પીડાને શાન્ત કરે.

चञ्चद्भिश्चिरमप्यनङ्गपरशुप्रख्यैर्वधूलोचनै-
र्येषामिष्टफलप्रदः कृतधियां नाच्छेदि शीलद्रुमः ।
धन्यास्ते शमयन्तु सन्ततमिलद्दुर्वारकामानल-
ज्वालाजालकरालमानसमिदं विश्वं विवेकाम्बुभिः ॥४६॥

જે મુનિરાજોનું ઈષ્ટ ફળ આપનાર શીલરૂપી વૃક્ષ ચંચળ તથા ચમકતા કામદેવના કુહાડા સમાન સ્ત્રીઓના નેત્રોથી ચિરકાળ સુધી છેદાયું નથી, તે મહાભાગ્યવંત કૃતબુદ્ધિ ધન્ય છે. તે મુનિમહારાજો નિરંતર પ્રાપ્ત થનારી દુર્નિવાર કામરૂપી અગ્નિની જ્વાળાઓના સમૂહથી બળતા આ જગતને વિવેકરૂપી કિરણોથી શીતલ કરો.

यदि विषयपिशाची निर्गता देहगेहात्
सपदि यदि विशीर्णो मोहनिद्रातिरेकः।
यदि युवतिकरङ्के निर्ममत्वं प्रपन्नो
झगिति ननु विधेहि ब्रह्मवीथीविहारम् ॥४७॥

રહી નથી કંઈ વૃત્તિ આપમાં કામની જો,
ક્ષીણ થઈ ગઈ નિદ્રા મોહની તિવ્રતા જો,
મમત નથી રહ્યો જો યુવતીના શરીરે,
વખત નહિ વિતાવો બ્રહ્મચારી થવાને.

હે આત્મા ! જો તારા દેહરૂપી ઘરમાંથી વિષયરૂપી પિશાચિણી-રાક્ષસી નીકળી ગઈ હોય તથા મોહરૂપી નિદ્રાની તીવ્રતા ક્ષીણ થઈ ગઈ હોય, અને સ્ત્રીના શરીરમાં તું નિર્મમત્વ (નિઃસ્પૃહપણા)ને પામ્યો હોય તો તું શીઘ્ર બ્રહ્મચર્યરૂપી માર્ગમાં વિહાર કર એટલે કે ઉપરોક્ત પ્રકારે તારી અવસ્થા થઈ ગઇ હોય તો તું બ્રહ્મચર્ય અંગીકાર કરવામાં જરાપણ વિલંબ ન કર.

स्मरभोगीन्द्रदुर्वारविषानलकरालितम् ।
जगद्यैः शान्तिमानीतं ते जिनाः सन्तु शान्तये ॥४८॥

કામરૂપી સર્પની દુર્નિવાર (નિવારી ન શકાય) એવી વિષરૂપી અગ્નિની જ્વાલાથી પ્રજ્વલિત આ જગતને જે મહાત્માઓએ શાંત પાડી દીધું છે, એવા સોળમા તીર્થંકર શાંતિનાથ ભગવાન આદિ તીર્થંકરો જગતને શાન્તિ પ્રદાન કરનારા થાઓ !

આ પ્રમાણે બ્રહ્મચર્ય નામના મહાવ્રતનું વર્ણન કર્યું તેમાં કામનો પ્રકોપ, મૈથુન, સ્ત્રીનું સ્વરૂપ અને સંસર્ગ વિ. નું વર્ણન કર્યું. આ બધાનો ત્યાગ કરી જ્યારે મુનિ મોટા મુનિમહારાજો-આચાર્યાદિ વૃદ્ધ પુરુષોની સમીપે રહે અને તેમની સેવા કરે ત્યારે જ બ્રહ્મચર્ય દઢ થાય છે અને ત્યારે જ પરમાર્થરૂપી બ્રહ્મચર્ય (આત્મામાં લીન થવા રૂપ ધ્યાન)ની સિદ્ધિ થાય છે. તેથી આ વ્રતનું વર્ણન કંઈક વિસ્તારથી કર્યું છે. અહીં વારંવાર કહ્યું છે તેથી પુનરુકિત દોષ ન સમજવો, પરંતુ અતિસ્પષ્ટ કરવાને માટે જ કહેલ છે તેમ સમજવું.

છપ્પય

**કામકોપ મૈથુન નિવારિ, પિયછાર નિરંતર ।**
**વામસંગ સાધન વિસારિ, ગુરુધારિ સુઅન્તર ।।**
**સેય બડનિકા સંગ વિષય આશા જુ ગિરાવહુ ।**
**બ્રહ્મચર્ય કો પારિ શુદ્ધ આતમ લય લાવહુ ।।**
**ઇમિ ધ્યાનસિદ્ધિ કરિ ઘાતિ હતિ કેવલબોધ ઉપાયકે ।**
**સંબોધ્ય ભવ્ય સબ કર્મ હરિ, દુ:ખ હરો શિવ પાયકે ।।૧૫।।**

**ભાવાર્થ**—કામ, ક્રોધ, મૈથુન વિ. નું નિરંતર નિવારણ કરીને, સ્ત્રીનો સંગ અને ભોગવિલાસના સાધનોને વિસારીને, ગુરુજનોની નિકટ વસીને જો વિષય આશાને નષ્ટ કરવી હોય—દૂર કરવી હોય તો મહાન પુરુષોની સંગતિ કરો, અને બ્રહ્મચર્યનું પાલન કરી શુદ્ધ આત્મતત્ત્વ પ્રત્યે ચિત્તને જોડો. આ પ્રમાણે ધ્યાનને સિદ્ધ કરી ઘાતીકર્મોને હણીને કેવળજ્ઞાન પ્રાપ્ત કરો અને પછી ભવ્યજીવોને સંબોધી બધા કર્મોનો નાશ કરી શિવપદ—મોક્ષને પ્રાપ્ત કરી સકળ દુ:ખોને દૂર કરો.

*

૧૬

# સોળમો સર્ગ

# પરિગ્રહત્યાગ મહાવ્રત

यानपात्रमिवाम्भोधौ गुणवानपि मज्जति ।
परिग्रहगुरुत्वेन संयमी जन्मसागरे ॥ १ ॥

જેવી રીતે વહાણુમાં પથ્થર, લોખંડ વિ. નું વજન-ભાર વધી જવાથી ગુણુવાન એટલે દોરડાંઓથી બાંધેલું હોય તો પણુ તે વહાણુ સમુદ્રમાં ડૂબી જાય છે. તેવી જ રીતે સંયમી મુનિ જે ગુણુવાન હોય તો પણુ જો તે પરિગ્રહધારી હોય તો તે તેના ભારથી સંસારરૂપી સાગરમાં ડૂબી જાય છે.

## બાહ્ય અને આભ્યંતર પરિગ્રહ

बाह्यान्तर्भूतभेदेन द्विधा ते स्युः परिग्रहाः ।
चिदचिद्रूपिणो बाह्या अन्तरङ्गास्तु चेतनाः ॥२॥

પરિગ્રહ બાહ્ય અને અંતરંગના ભેદથી બે પ્રકારનો છે. તેમાં બાહ્ય પરિગ્રહ તો ચેતન અને અચેતનરૂપે બે પ્રકારે છે. પરંતુ અંતરંગ–આભ્યંતર પરિગ્રહ તો કેવળ ચેતનરૂપ જ છે. કારણ કે તે બધા આત્માના પરિણામો છે.

दश ग्रन्था मता बाह्या अन्तरङ्गाश्चतुर्दश ।
तान्मुक्त्वा भव निःसंगो भावशुद्धया भृशं मुने ॥३॥

બાહ્ય પરિગ્રહ દશ છે અને અંતરંગ પરિગ્રહ ચૌદ છે. આ બન્ને પ્રકારના પરિગ્રહોને હે મુનિ! તું છોડી દે અને અત્યંત નિષ્પરિગ્રહરૂપ થઈને વિચર, એ જ અમારો ઉપદેશ છે.

## દશ બાહ્ય પરિગ્રહ

वास्तु क्षेत्रं धनं धान्यं द्विपदाश्च चतुष्पदाः ।
शयनासनयानं च कुप्यं भाण्डममी दश ॥४॥

વાસ્તુ (ઘર), ક્ષેત્ર (ખેતર વિ.), ધન, ધાન્ય, દ્વિપદ (મનુષ્ય) ચતુષ્પદ (હાથી, ઘોડા, પશુ વિ.), શયનાસન, યાન (વાહન–ગાડી વિ. સવારીના સાધનો), કુપ્ય (ઘરવખરી) અને ભાંડ (વાસણ ધાતુના) આ દશ બાહ્ય–બહારના પરિગ્રહો છે.

## પરિગ્રહની ઉત્પત્તિનું સ્થાન – મૂર્ચ્છા

निःसङ्गोऽपि मुनिर्न स्यात्समूर्च्छः संगवर्जितः ।
यतो मूर्च्छैव तत्त्वज्ञैः संगसूतिः प्रकीर्तिता ॥५॥

જે મુનિ નિઃસંગ હોય એટલે કે બાહ્ય પરિગ્રહથી રહિત હોય અને છતાં મમત્વ કરતો હોય તો તે નિષ્પરિગ્રહી–અપરિગ્રહી કહી

શકાય નહિ, કારણ કે તત્ત્વજ્ઞાની વિદ્વાનોએ મૂર્ચ્છાને (મમત્વરૂપ પરિણામોને) જ પરિગ્રહની ઉત્પત્તિનું સ્થાન બતાવ્યું છે.

## બાહ્ય પરિગ્રહના પદાર્થો

स्वजनधनधान्यदाराः पशुपुत्रपुराकरा गृहं भृत्याः ।
मणिकनकरचितशय्या वस्त्राभरणादि बाह्यार्थाः ॥६॥

સ્વજન, ધન, ધાન્ય, સ્ત્રી, પશુ, પુત્ર, પુર, ખાણ, ઘર, નોકર, માણેક, હીરા, રત્ન, સોનું, રૂપું, શય્યા, વસ્ત્ર, આભરણ વિ. બધા જ પદાર્થો બાહ્ય પરિગ્રહ છે.

## ચૌદ આભ્યંતર પરિગ્રહ

કહ્યું પણ છે કે—

मिथ्यात्ववेदरागा दोषा हास्यादयोऽपि षट् चैव ।
चत्वारश्च कषायाश्चतुर्दशाभ्यन्तरा ग्रन्थाः ॥१॥

'મિથ્યાત્વ ૧, વેદ-રાગ (પુરુષવેદ—સ્ત્રીવેદ નપુંસકવેદ) ૩, હાસ્યાદિક ષટક (હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા) ૬, અને ચાર કષાય—ક્રોધ, માન, માયા અને લોભ—આ પ્રમાણે અંતરંગના ચૌદ પરિગ્રહો છે.'

संवृतस्य सुवृत्तस्य जिताक्षस्यापि योगिनः ।
व्यामुह्यति मनः क्षिप्रं धनाशाव्यालविप्लुतम् ॥७॥

મુનિ સંવરયુક્ત હોય, ઉત્તમ ચારિત્રવાન હોય તથા જિતેન્દ્રિય હોય તેનું પણ મન ધનની આશારૂપી સર્પિણીથી પીડા પામી તત્કાળ મોહને પ્રાપ્ત થાય છે. તેથી ધનની આશા અવશ્યમેવ છોડી દેવી જોઈએ.

## સર્વ પરિગ્રહના ત્યાગનો ઉપદેશ

त्याज्य एवाखिलः संगो मुनिभिर्मोक्तुमिच्छुभिः ।
स चेत्त्यक्तुं न शक्नोति कार्यस्तर्ह्यात्मदर्शिभिः ॥८॥

મુક્ત થવાની ઇચ્છાવાળા મુનિઓએ સમસ્ત પ્રકારનો પરિગ્રહ એટલે કે સર્વ પદાર્થોનો સંગ છોડી દેવો જોઈએ. કદાચ તેમ છતાં અંતરંગ (આભ્યંતર) પરિગ્રહમાંથી કોઈ પરિગ્રહ વિદ્યમાન રહેલો જણાતો હોય તો જે આત્મદર્શી મોટા મુનિ હોય તેમની સંગતિમાં રહે, કારણ કે મુનિને સમસ્ત સંગો છોડીને ધ્યાનસ્થ રહેવાનું કહ્યું છે. જો ધ્યાનસ્થ રહી ન શકાય તો આચાર્યોની સાથે સંઘમાં રહે.

## પરિગ્રહથી ગુણનો નાશ

नाणवोऽपि गुणा लोके दोषा शैलेन्द्रसन्निभाः ।
भवन्त्यत्र न सन्देहः संगमासाद्य देहिनाम् ॥९॥

આ લોકમાં જીવો જ્યારે પરિગ્રહ પ્રાપ્ત કરે છે ત્યારે તેમના ગુણો તો અણુમાત્ર પણ રહેતા નથી પરંતુ દોષો મેરુ પર્વત જેવડા મોટા થઈ જાય છે, તેમાં કંઈ પણ સંશય નથી.

अन्तर्बाह्यभुवोः शुद्ध्योर्योगाद्योगी विशुद्ध्यति ।
नह्येकं पत्रमालम्ब्य व्योम्नि पत्री विसर्पति ॥१०॥

યોગી બાહ્ય-આભ્યંતર બન્ને પ્રકારની શુદ્ધિના યોગથી જ વિશુદ્ધ થાય છે, પરંતુ એક પ્રકારની વિશુદ્ધિથી તે શુદ્ધ થતો નથી. જેવી રીતે પક્ષી એક જ પાંખના અવલંબનથી આકાશમાં ઉડી શકતો નથી, પરંતુ બન્ને પાંખ હોય તો જ ઉડી શકે છે. તે જ

પ્રમાણે બન્ને પ્રકારની શુદ્ધિ થવાથી જ મુનિ નિર્મળ થઈ શકે છે. બન્નેમાંથી એકની પણ અશુદ્ધિ હોય ત્યાં સુધી શુદ્ધ થઈ શકે નહિ.

## બાહ્યાભ્યંતર શુદ્ધિ આવશ્યક

साध्वीयं स्याद्बहिःशुद्धिरन्तःशुध्याऽत्र देहिनाम् ।
फल्गुभावं भजत्येव बाह्या त्वाध्यात्मिकीं विना ॥११॥

જીવોની બાહ્યશુદ્ધિ અંતરંગ–આભ્યંતર શુદ્ધિથી જ ઉત્તમ પ્રકારે થાય છે અને તે જ ફલદાયક પણ છે. કારણ કે આભ્યંતરની આધ્યાત્મિક શુદ્ધિ વિના બાહ્યશુદ્ધિ નિરર્થક બને છે એટલે કે નિષ્ફળ છે.

## પરિગ્રહ દુઃખનું મૂળ

संगात्कामस्ततः क्रोधस्तस्माद्धिंसा तयाऽशुभम् ।
तेन श्वाभ्री गतिस्तस्यां दुःखं वाचामगोचरम् ॥१२॥

પરિગ્રહથી કામ (ઇચ્છા) ઉત્પન્ન થાય છે. કામથી ક્રોધ, ક્રોધથી હિંસા, હિંસાથી પાપ અને પાપથી નરકગતિ પ્રાપ્ત થાય છે. તે નરકગતિમાં વચનોથી અગોચર–શબ્દોથી વર્ણવી ન શકાય એવું અત્યંત દુઃખ હોય છે. આ પ્રમાણે દુઃખનું મૂળ પરિગ્રહ છે.

संग एव मतः सूत्रे निःशेषानर्थमन्दिरं ।
येनासन्तोऽपि सूयन्ते रागाद्या रिपवः क्षणे ॥१३॥

સૂત્ર સિદ્ધાંતમાં પરિગ્રહને જ સમસ્ત અનર્થોનું મૂળ માન્યું છે કારણ કે જેના હોવાથી રાગાદિક શત્રુઓ ન હોય તો પણ ક્ષણ-માત્રમાં ઉત્પન્ન થઈ જાય છે.

रागादिविजयः सत्यं क्षमा शौचं वितृष्णता ।
मुनेः प्रच्याव्यते नूनं संगैर्व्यामोहितात्मनः ॥१४॥

પરિગ્રહોમાં આસક્ત–લુબ્ધ મુનિના રાગાદિકોને જીતવા સત્ય, ક્ષમા, શૌચ અને તૃષ્ણા રહિતપણું વિ. ગુણો નષ્ટ થઈ જાય છે.

संगाः शरीरमासाद्य स्वीक्रियन्ते शरीरिभिः ।
तत्प्रागेव सुनिःसारं योगिभिः परिकीर्तितम् ॥१५॥

સંસારી જીવો શરીરને પ્રાપ્ત કરીને જ પરિગ્રહ ગ્રહણ કરે છે. પરંતુ યોગી મહાત્માઓએ તો શરીરને પહેલાંથી જ નિઃસાર કહી દીધું છે.

हृषीकराक्षसानीकं कषायभुजगव्रजम् ।
वित्तामिषमुपादाय धत्ते कामप्युदीर्णतां ॥१६॥

ઇન્દ્રિયરૂપી રાક્ષસોની સેના અને કષાયરૂપી સર્પોનો સમૂહ ધનરૂપી માંસને ગ્રહણ કરીને કોઈ એવા ઉન્માદ અને ઉત્કટ વિષને ધારણ કરે છે કે જેની કલ્પના પણ થઈ શકતી નથી. ચિંતવન પણ કરી શકાતું નથી.

उन्मूलयति निर्वेदविवेकद्रुममञ्जरीः ।
प्रत्यासत्तिं समायातः सतामपि परिग्रहः ॥१७॥

પરિગ્રહ પાસે આવતાં સત્પુરુષોના પણ વૈરાગ્ય–વિવેકરૂપી વૃક્ષની મંજરીઓને ખંખેરી નાખે છે, પાડી દે છે.

लुप्यते विषयव्यालैर्भिद्यते मारमार्गणैः ।
रुध्यते वनिताव्याधैर्नरः सङ्गैरभिद्रुतः ॥१८॥

મનુષ્ય પરિગ્રહથી પીડિત થઇને વિષયરૂપી સર્પોથી ડસાય છે, કામના બાણોથી વીંધાય છે અને સ્ત્રીરૂપી વ્યાધ (શિકારી)થી રોકાય છે એટલે કે બંધાય છે.

यः संगपङ्कनिर्मग्नोऽप्यपवर्गाय चेष्टते ।
स मूढः पुष्पनाराचैर्विभिन्द्यात्त्रिदशाचलम् ॥१९॥

જે પ્રાણી પરિગ્રહરૂપી કાદવમાં ફસાયો છતાં પણ મોક્ષપ્રાપ્તિ માટે ચેષ્ટા (ઉપાય) કરે છે, તે મૂઢ ફૂલોના બાણ વડે મેરુ પર્વતને તોડવા ઇચ્છે છે.

**ભાવાર્થ**—પરિગ્રહ ધારણ કરનારાઓને મોક્ષની પ્રાપ્તિ થવી અસંભવ છે.

अणुमात्रादपि ग्रन्थान्मोहग्रन्थिर्दृढीभवेत् ।
विसर्पति ततस्तृष्णा यस्यां विश्वं न शान्तये ॥२०॥

અણુમાત્ર પરિગ્રહ રાખવાથી મોહકર્મની ગાંઠ દઢ થાય છે અને તેથી તૃષ્ણાની એવી વૃદ્ધિ થાય છે કે તેની શાન્તિ માટે સમસ્ત લોકનું રાજ્ય પણ પૂરું પડતું નથી.

परीषहरिपुव्रातं तुच्छवृत्तैकभीतिदम् ।
वीक्ष्य धैर्यं विमुञ्चन्ति यतयः सङ्गसङ्गताः ॥२१॥

પરિગ્રહ ધારણ કરનાર જે યતિઓ છે તેવા તુચ્છ વૃત્તિવાળા-ઓને જ ભય આપનારા પરિષહરૂપી શત્રુઓ દુઃખ આપે છે. તેમને જોતાં જ તેમનું ધૈર્ય છૂટી જાય છે એટલે કે પરિગ્રહી મુનિ પરિષહો પડતાં દઢ રહી શકતો નથી પરંતુ માર્ગથી દૂર ખસી જાય છે.

## સંપૂર્ણ પરિગ્રહત્યાગ એ જ મહાવ્રત

सर्वसंगपरित्यागः कीर्त्यते श्रीजिनागमे ।
यस्तमेवान्यथा ब्रूते स हीनः स्वान्यघातकः ॥२२॥

શ્રી જિનેન્દ્ર ભગવાને પરમાગમમાં સમસ્ત પરિગ્રહોના ત્યાગને જ મહાવ્રત કહેલ છે. તેને જો કોઈ અન્યથા કહે તો તે નીચ છે અને પોતાનો તથા પરનો ઘાત કરનાર છે.

यमप्रशमजं राज्यं तपःश्रुतपरिग्रहं ।
योगिनोऽपि विमुञ्चन्ति वित्तवेतालपीडिताः ॥२३॥

જે ધનરૂપી પિશાચથી ગ્રહાયેલા છે–જકડાયેલા છે એવા યોગી મુનિઓ પણ યમ, નિયમ તથા શાન્તભાવોથી ઉત્પન્ન થયેલ આત્મ-રાજ્યને તથા તપ અને શાસ્ત્ર-સ્વાધ્યાયાદિને છોડી દે છે.

पुण्यानुष्ठानजातेषु निःशेषाभीष्टसिद्धिषु ।
कुर्वन्ति नियतं पुंसां प्रत्यूहं धनसंग्रहाः ॥२४॥

ધનનો સંગ્રહ પુરુષોના પુણ્યકાર્યોથી ઉત્પન્ન થયેલ સમસ્ત મનોવાંછિત પદાર્થોને આપનાર સિદ્ધિઓમાં પણ વિઘ્ન કરે છે.

अत्यक्तसंगसन्तानो भोक्तुमात्मानमुद्यतः ।
बध्नन्नपि न जानाति स्वं धनैः कर्मबन्धनैः ॥२५॥

જેણે પરિગ્રહની વાસનાને તજી નથી એવો પુરુષ પોતાને મુક્ત બનાવવા માટે તૈયાર થયો છે, પરંતુ પોતાના આત્માના પરિગ્રહને કારણે તે કર્મોના દૃઢ બંધનોથી બંધાય છે તેને જાણતો નથી. કારણ કે પરિગ્રહલોલુપી પ્રાયે કરી અંધ સમાન જ હોય છે.

अपि सूर्यस्त्यजेद्धाम स्थिरत्वं वा सुराचलः ।
न पुनः संगसंकीर्णो मुनिः स्यात्संवृतेन्द्रियः ॥२६॥

કદાચ સૂર્ય પોતાનો પ્રકાશ છોડી દે અને સુમેરુ પર્વત પોતાની સ્થિરતા છોડી દે એમ કદાચ બનવા સંભવ છે પરંતુ પરિગ્રહધારી મુનિ તો કદાપિ જિતેન્દ્રિય થઈ શકતો નથી.

बाह्यानपि च यः सङ्गान्परित्यक्तुमनीश्वरः ।
स क्लीबः कर्मणां सैन्यं कथमग्रे हनिष्यति ॥२७॥

જે પુરુષ બાહ્ય પરિગ્રહ છોડવામાં પણ અસમર્થ છે તે નપુંસક (કાયર) આગળ પડેલી કર્મોની સેનાને તો કેવી રીતે હણશે ? તેને પરાજય પમાડી શકે નહિ.

स्मरभोगीन्द्रवल्मीकं रागाद्यरिनिकेतनं ।
क्रीडास्पदमविद्यानां बुधैर्वित्तं प्रकीर्तितम् ॥२८॥

વિદ્વાનોએ (જ્ઞાની પુરુષોએ) ધનને કામરૂપી સર્પનું દર તથા રાગાદિ દુશ્મનોને રહેવાનું ઘર અને અવિદ્યા–અજ્ઞાનને ક્રીડા કરવાનું સ્થાન કહેલ છે.

### ધનવાન અનેક દોષોનું ભાજન

अत्यल्पे धनजम्बाले निमग्नो गुणवानपि ।
जगत्यस्मिन् जनः क्षिप्रं दोषलक्षैः कलङ्कयते ॥२९॥

થોડા પણ ધનરૂપી કાદવ–સેવાળમાં ફસાયેલો ગુણવાન પુરુષ પણ આ જગતમાં તત્કાળ લક્ષાવધિ–અપરંપાર દોષોથી કલંકિત થાય છે.

**ભાવાર્થ**—થોડાક ધનથી પણ કાલિમા-કલંક લાગે છે.

## ધનવાનના મલિન વિચારો

**संन्यस्तसर्वसंगेभ्यो गुरुभ्योऽप्यतिशंक्यते ।**
**धनिभिर्धनरक्षार्थं रात्रावपि न सुप्यते ॥३०॥**

ધનવાન માણુસ સમસ્ત પરિગ્રહનો ત્યાગ કરનાર પોતાના ગુરુથી પણ **શંકાશીલ** રહે છે તથા ધનની રક્ષા માટે રાત્રિએ પણ સૂતો નથી.

**ભાવાર્થ**—કોઈ મારું ધન હરણ કરી ન લઈ જાય એવી શંકા તેને નિરંતર રહ્યા કરે છે.

**सुतस्वजनभूपालदुष्टचौरारिविड्वरात् ।**
**बन्धुमित्रकलत्रेभ्यो धनिभिः शङ्क्यते भृशं ॥३१॥**

જેઓ ધનવાન હોય છે તેઓ નિરંતર પોતાના પુત્ર, **સ્વજન**, રાજા, **દુષ્ટ**, ચોર, વૈરી, બન્ધુ, સ્ત્રી, મિત્ર અથવા પરચક્ર વિ. થી **શંકાશીલ રહ્યા** કરે છે.

**कर्म बध्नाति यज्जीवो धनाशाकश्मलीकृतः ।**
**तस्य शान्तिर्यदि क्लेशाद्बहुभिर्जन्मकोटिभिः ॥३२॥**

આ જીવ ધનની આશામાં મલિન વિચારોવાળો **થઈને જે** કર્મો બાંધે છે, તે કર્મનો ક્ષય અનેક કરોડો **જન્મમાં અને મહાન** કષ્ટે થાય છે, કારણ કે એક જન્મમાં બાંધેલું કર્મ **અનેક જન્મોમાં** ભયંકર દુઃખો ભોગવ્યા પછી જ છૂટે છે.

## સર્વ પરિગ્રહથી રહિતને જ ધ્યાનની સિદ્ધિ

**सर्वसंगविनिर्मुक्तः संवृताक्षः स्थिराशयः ।**
**धत्ते ध्यानधुरां धीरः संयमी वीरवर्णितां ॥३३॥**

સમસ્ત પરિગ્રહોથી રહિત થઇને ઇન્દ્રિયોને સંવરરૂપ કરનારો એવો સ્થિરચિત્ત સંયમી મુનિ જ શ્રી વર્ધમાન ભગવાનની બતાવેલી ધ્યાનની ધુરાને વહન કરી શકે છે. કારણ કે એમ કર્યા વિના ધ્યાનની સિદ્ધિ થતી નથી.

संगपङ्कात्समुत्तीर्णो नैराश्यमवलम्बते ।
ततो नाक्रम्यते दुःखैः पारतन्त्र्यैः क्वचिन्मुनिः ॥३४॥

જે મુનિ પરિગ્રહરૂપી કાદવમાંથી નીકળી ગયો હોય તે જ નિરાશાપણાનું (નિઃસ્પૃહતાનું) અવલંબન કરી શકે છે અને જ્યારે તે આશારહિત થાય છે ત્યારે તે મુનિ પરાધીનપણાના દુઃખોથી કદીપણ ઘેરાતો કે દબાતો નથી, તે બરાબર જ છે. કારણ કે આશારહિત બન્યા પછી પરાધીનતાનું દુઃખ તેને કેમ કરીને સ્પર્શી શકે ?

विजने जनसङ्कीर्णे सुस्थिते दुःस्थितेऽपि वा ।
सर्वत्राप्रतिबद्धः स्यात्संयमी सङ्गवर्जितः ॥३५॥

જે પરિગ્રહ રહિત સંયમી છે તે ભલે નિર્જન વનમાં રહે કે વસતીમાં રહે, ભલે સુખમાં હોય કે દુઃખમાં હોય પરંતુ તેને કોઈ પણ જગ્યાએ પ્રતિબંધપણું હોતું નથી. એટલે કે બધી જગ્યાએ તે બંધનરહિત નિર્મોહી થઈને જ રહે છે, વિચરે છે.

दुःखमेव धनव्यालविषविध्वस्तचेतसां ।
अर्जने रक्षणे नाशे पुंसां तस्य परिक्षये ॥३६॥

ધનરૂપી સર્પના વિષથી જેમનું ચિત્ત બગડી ગયું છે, તે પુરુષોને ધન ઉપાર્જન કરવામાં, રક્ષા કરવામાં તથા વ્યય–ખર્ચ કરવામાં કે નાશ થવામાં સદૈવ દુઃખ જ થાય છે.

स्वजातीयैरपि प्राणी सद्योऽभिद्रूयते धनी ।
यथात्र सामिषः पक्षी पक्षिभिर्बद्धमण्डलैः ॥३७॥

જેવી રીતે કોઈ પક્ષીની પાસે માંસનો કકડો મોઢામાં હોય તો તે બીજા માંસભક્ષી પક્ષીઓથી હેરાન-દુઃખિત થાય છે, તેવી જ રીતે ધનવાન પુરુષ પણ પોતાની જાતિવાળાઓથી દુઃખિત અથવા પીડિત થાય છે.

आरम्भो जन्तुघातश्च कषायाश्च परिग्रहात् ।
जायन्तेऽत्र ततः पातः प्राणिनां श्वभ्रसागरे ॥३८॥

જીવોને પરિગ્રહથી આ લોકમાં તો આરંભ થાય છે, હિંસા થાય છે અને કષાય થાય છે અને પછી પરલોકમાં નરકરૂપી સાગરમાં તેનું પતન થાય છે.

न स्याद्ध्यातुं प्रवृत्तस्य चेतः स्वप्नेऽपि निश्चलं ।
मुनेः परिग्रहग्राहैर्भिद्यमानमनेकधा ॥ ३९ ॥

જે મુનિનું મન પરિગ્રહરૂપી પિશાચોથી અનેક પ્રકારે પીડિત થયેલું છે, તેનું ચિત્ત ધ્યાન કરતી વખતે કદાપિ સ્વપ્નમાં પણ સ્થિર (નિશ્ચળ) રહી શકતું નથી.

सकलविषयबीजं सर्वसावद्यमूलं
नरकनगरकेतुं वित्तजातं विहाय ।
अनुसर मुनिवृन्दानन्दि सन्तोषराज्य-
मभिलषसि यदि त्वं जन्मबन्धव्यपायम् ॥४०॥

## ધન છોડીને સંતોષ રાખવાનો ઉપદેશ

સકળ વિષય હેતુ, સર્વ પાપોનું મૂળ,
નરક નગર કેતૂ એહવું વિત્ત છોડ,
મુનિતણું સુખ જેમાં, રાખ સંતોષ વૃત્ત,
યદિ તવ અભિલાષા તોડવા જન્મ બંધ.

હે આત્મા ! જો તું સંસારના બંધનનો નાશ કરવા ઈચ્છતો હોય તો ધનના સમૂહને છોડીને મુનિઓના સમૂહને આનંદ આપનાર સંતોષરૂપી રાજ્યને અંગીકાર કર. કારણ કે ધનનો સમૂહ એ સમસ્ત ઈન્દ્રિયોના વિષયોનું તો બીજ છે તથા સમસ્ત પાપોનું મૂળ છે અને નરકનગરની ધજા છે. તેથી આવા અનર્થકારી ધનને છોડીને સંતોષને અંગીકાર કર. જેથી સંસારની જાળ–ફાંસો કપાય છે.

एनः किं न धनप्रसक्तमनसां नासादि हिंसादिना
कस्तस्यार्जनरक्षणक्षयकृतैर्नादाहि दुःखानलैः ।
तत्प्रागेव विचार्य वर्जय वरं व्यामूढ वित्तस्पृहां
येनैकास्पदतां न यासि विषयैः पापस्य तापस्य च ॥४१॥

હે મૂઢ આત્મા ! જેમનું મન ધનમાં લયલીન છે તેમણે શું હિંસાદિક કાર્યોથી પાપાર્જન કર્યું નથી ? તથા તે ધનના ઉપાર્જન, રક્ષણ અને વ્યયમાંથી ઉત્પન્ન થયેલ દુઃખરૂપી અગ્નિથી કોણ દાઝયું નથી ? તેથી પહેલાં જ વિચાર કરીને આ ધનની સ્પૃહા (ઈચ્છા)ને છોડી દે. જેથી તું વિષયોના પાપરૂપી તાપમાં એકત્વને પ્રાપ્ત ન થા. એટલે કે વિષયો અને દુઃખનો સાથી ન થા.

एवं तावदहं लभेय विभवं रक्षेयमेवं तत-
स्तद्वृद्धिं गमयेयमेवमनिशं भुञ्जीय चैवं पुनः ।
द्रव्याशारसरुद्धमानस भृशं नात्मानमुत्पश्यसि
क्रुद्धयत्क्रूरकृतान्तदन्तपटलीयन्त्रान्तरालस्थितम् ॥४२॥

હે આત્મા ધનની આશારૂપી રસમાં તારું મન અટવાઈ જવાથી તું વિચાર કરે છે કે 'પ્રથમ તો હું ધનોપાર્જન કરી સંપદાને પ્રાપ્ત કરીશ, પછી તેની રક્ષા કરીશ, અને ધીમે ધીમે તેની વૃદ્ધિ કરીશ તથા અમુક પ્રકારે તેનો ભોગ કરીને વ્યય કરીશ.' આ પ્રમાણે વિચાર કરતો રહે છે. પરંતુ ક્રોધાયમાન યમના દાંતોની બંને હાર–પંક્તિરૂપી ચકકીની વચ્ચે સપડાયેલો તું પોતાને જોતો નથી. આ જ તારું મોટું અજ્ઞાન છે.

દોહરો

સર્વ પાપકો મૂલ યહ, ગ્રહણ પરિગ્રહ જાનિ ।
ત્યાગૈ સો મુનિ ધ્યાન મેં, થિરતા પાવૈ માનિ ॥૧૬॥

**ભાવાર્થ**—આ પરિગ્રહ ગૃહણ એ સર્વ પાપોનું મૂળ છે એમ જાણીને જે મુનિ તેનો ત્યાગ કરે છે તે જ ધ્યાનમાં સ્થિરતા પ્રાપ્ત કરે છે એમ સમજો.

૧૭

## સત્તરમો સર્ગ

# આશાની નિંદા

### અપરિગ્રહની સિદ્ધિ માટે આશાતૃષ્ણાનો ત્યાગ

बाह्यान्तर्भूतनिःशेषसंगसंन्याससिद्धये ।
आशां सद्भिर्निराकृत्य नैराश्यमवलंब्यते ॥१॥

જે સત્પુરુષો છે તેઓ બાહ્ય–આભ્યંતરના સમસ્ત પરિગ્રહોના ત્યાગની સિદ્ધિ માટે સર્વ પ્રથમ આશાનો પરિત્યાગ કરી ઉદાસીન-પણાનું, આશારહિત પણાનું અવલંબન ગ્રહણ કરે છે, કારણ કે આશા છૂટવાથી જ પરિગ્રહનો ત્યાગ થાય છે.

### આશા વધતાં મોહ વધે

यावद्यावच्छरीराशा धनाशा वा विसर्पति ।
तावत्तावन्मनुष्याणां मोहग्रन्थिर्दृढीभवेत् ॥२॥

મનુષ્યોની આશા-તૃષ્ણા જેમ જેમ શરીર અને ધનમાં પ્રસરે છે તેમ તેમ તેમના મોહકર્મની ગાંઠ વધુ ને વધુ દૃઢ થતી જાય છે.

**अनिरुद्धा सती शश्वदाशा विश्वं प्रसर्पति ।**
**ततो निबद्धमूलाऽसौ पुनश्छेत्तुं न शक्यते ॥३॥**

આશાને જો રોકવામાં ન આવે તો એ નિરંતર સમસ્ત લોક પર્યન્ત વિસ્તરતી રહે છે અને તેથી તેનું મૂળ દૃઢ થતું જાય છે. ત્યાર પછી તેને છેદવી કે કાપી નાખવી અશકય બને છે. માટે તેને વિસ્તરતાં પહેલાં રોકવી તે શ્રેષ્ઠ છે.

## આશા નાશથી સર્વ સિદ્ધિ

**यद्याशा शान्तिमायाता तथा सिद्धं समीहितम् ।**
**अन्यथा भवसंभूतो दुःखवार्धिर्दुरुत्तरः ॥ ४ ॥**

જો આશા શાંત થઈ જાય તો પછી તે જ સમયે સર્વ મનોવાંછિતની સિદ્ધિ થઈ જાય છે. પરંતુ જો શાંત ન થઈ તો પછી સંસારથી ઉત્પન્ન થયેલો દુઃખરૂપી સમુદ્ર દુસ્તર બની જાય છે, તેને તરી જવો અશકય બની જાય છે, પછી સંસારનું દુઃખ મટશે નહિ.

**यमप्रशमराज्यस्य सद्बोधार्कोदयस्य च ।**
**विवेकस्यापि लोकानामाशैव प्रतिषेधिका ॥५॥**

લોકોના યમ, નિયમ અથવા પ્રશમ ભાવોના રાજ્યનો તથા સમ્યગ્જ્ઞાનરૂપી સૂર્યના ઉદયનો પ્રતિષેધ (નિષેધ) કરનારી અને વિવેક રોકનારી એક માત્ર 'આશા' છે. માટે જ આશાનો નાશ થવાથી જ સર્વ સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

आशामपि न सर्पन्तीं यः क्षणं रक्षितुं क्षमः ।
तस्यापवर्गसिद्ध्यर्थं वृथा मन्ये परिश्रमम् ॥६॥

જે પુરુષ વધતી જતી આશાને પળભર પણ રોકવા અસમર્થ હોય તો તેણે મોક્ષની સિદ્ધિ-પ્રાપ્તિ માટે પરિશ્રમ કરવો વ્યર્થ છે, એમ હું માનું છું.

आशैव मदिराऽक्षाणामाशैव विषमञ्जरी ।
आशामूलानि दुःखानि प्रभवन्तीह देहिनाम् ॥७॥

સંસારી જીવોને આશા એ જ તેમની ઇન્દ્રિયોને ઉન્મત્ત બનાવવનારી મદિરા છે અને આશા એ જ વિષને વધારનારી વેલ છે. તથા સંસારમાં જેટલા પણ દુઃખો ઉત્પન્ન થાય છે તે બધાનું એકમાત્ર મૂળ કારણ આશા જ છે.

त एव सुखिनो धीरा यैराशाराक्षसी हता ।
महाव्यसनसंकीर्णश्चोत्तीर्णः क्लेशसागरः ॥८॥

જે પુરુષોએ આશારૂપી રાક્ષસીનો નાશ કર્યો છે તે જ પુરુષો ધીર, વીર અને સુખી છે તથા તેઓ જ અનેક આપત્તિ અને કષ્ટોથી ભરેલા દુઃખરૂપી સંસાર સમુદ્રને પાર પામેલા છે.

येषामाशा कुतस्तेषां मनःशुद्धिः शरीरिणाम् ।
अतो नैराश्यमालंब्य शिवीभूता मनीषिणः ॥९॥

જે પુરુષોને આશા વળગેલી છે, તેમના મનની શુદ્ધિ કેવી રીતે થાય? તેથી જે બુદ્ધિમાન પુરુષો છે તેમણે આશાને છોડી નિરાશા-ઉદાસીનતાનું અવલંબન લઈને જ પોતાનું આત્મકલ્યાણ સાધ્યું છે.

**ભાવાર્થ**—જે જે પુરુષો નિરાશ-ઉદાસીન થયા છે તેઓએ જ પોતાનું કલ્યાણ કર્યું છે.

सर्वाशां यो निराकृत्य नैराश्यमवलम्बते ।
तस्य क्वचिदपि स्वान्तं संगपङ्कैर्न लिप्यते ॥१०॥

જે પુરુષ સમસ્ત આશાઓનું નિરાકરણ કરીને નિરાશાનું અવલંબન લે છે, તેનું મન કોઈ પણ કાળે પરિગ્રહરૂપી કાદવથી લેપાતું નથી.

**ભાવાર્થ**—જે આશાને છોડી દે છે તેને પરિગ્રહરૂપી મળ-કાદવ કેમ કરીને લાગે ? ન જ લાગે.

### આશાના અભાવમાં જ્ઞાન-વિવેક સાર્થક છે

तस्य सत्यं श्रुतं वृत्तं विवेकस्तत्त्वनिश्चयः ।
निर्ममत्वं च यस्याशापिशाची निधनं गता ॥११॥

જે પુરુષની આશારૂપી રાક્ષસી નાશ પામી છે તેનું શાસ્ત્રાધ્યયન કરવું, ચારિત્ર પાળવું, વિવેક, તત્ત્વોનો નિશ્ચય અને નિર્મમતા વિ. બધાં સાચા અથવા સાર્થક છે.

यावदाशानलश्चित्ते जाज्वलीति विश्रृङ्खलः ।
तावत्तव महादुःखदाहशान्तिः कुतस्तनी ॥१२॥

હે આત્મા ! જ્યાંસુધી તારા ચિત્તમાં આશારૂપી અગ્નિ સ્વતંત્ર-પણે નિરંતર પ્રજ્વલિત થયા કરતો હોય ત્યાં સુધી તારા મહાદુઃખ રૂપી દાહ—બળતરાની શાંતિ કેવી રીતે થાય ?

निराशतासुधापूरैर्यस्य चेतः पवित्रितम् ।
तमालिङ्गति सोत्कण्ठं शमश्रीर्बद्धसौहृदा ॥१३॥

જેનું ચિત્ત નિરાશતારૂપી અમૃતના પ્રવાહોથી પવિત્ર બની

ચૂકયું હોય, તે પુરુષને પ્રીતિથી બંધાયેલી ઉપશમભાવરૂપી લક્ષ્મી ઉત્કંઠાપૂર્વક આલિંગન કરે છે.

**ભાવાર્થ**—આશાથી મલિન બનેલા ચિત્તમાં ઉપશમભાવ આવી શકતો નથી.

**न मज्जति मनो येषामाशाम्भसि दुरुत्तरे ।**
**तेषामेव जगत्यस्मिन्फलितो ज्ञानपादपः ॥१४॥**

આ જગતમાં જેમનું મન દુસ્તર એવા આશારૂપી જળમાં ડૂબતું નથી, તેમને જ જ્ઞાનરૂપી વૃક્ષ ફળે છે.

**ભાવાર્થ**—આશારૂપી દુસ્તર-અગાધ પાણીમાં જ્ઞાનરૂપી વૃક્ષ ગળી જાય છે. તેથી ફળ લાગતાં નથી.

**शक्रोऽपि न सुखी स्वर्गे स्यादाशानलदीपितः ।**
**विध्याप्याशानलज्वालां श्रयन्ति यमिनः शिवम् ॥१५॥**

સ્વર્ગમાં ઈન્દ્ર પણ આશારૂપી અગ્નિથી બળતો હોવાથી સુખી નથી અને મુનિગણ તો આશારૂપી અગ્નિની જ્વાળા બુઝાવી મોક્ષનો આશ્રય કરે છે એટલે કે મુનિગણ ઉદાસીન પણાનું અવલંબન કરીને સર્વથા સુખી થઈ જાય છે.

**चरस्थिरार्थजातेषु यस्याशा प्रलयं गता ।**
**किं किं न तस्य लोकेऽस्मिन्मन्ये सिद्धं समीहितं ॥१६॥**

જે પુરુષની ચરાચર (ચિત્ અને અચિત્) પદાર્થોમાંથી આશા નષ્ટ થઈ ગઈ તેને આ લોકમાં કઈ મનોવાંછિત વસ્તુ પ્રાપ્ત થઈ નથી? એટલે કે સર્વ મનોવાંછિત પદાર્થો સિદ્ધ થયા, એમ હું માનું છું.

चापलं त्यजति स्वान्तं विक्रियाश्चाक्षदन्तिनः ।
प्रशाम्यति कषायाग्निर्नैराश्याधिष्ठितात्मनाम् ॥१७॥

જેમના આત્માએ નિરાશ (આશારહિત)પણાને અંગીકાર કરેલ છે, તેમનું મન તો ચપળતાને છોડી દે છે અને ઇન્દ્રિયરૂપી હસ્તી વિષયવિસ્તારને છોડી દે છે તથા કષાયરૂપી અગ્નિ શાંત થઈ જાય છે.

**આશા નાશથી આત્મવિશુદ્ધિ**

किमत्र बहुनोक्तेन यस्याशा निधनं गता ।
स एव महतां सेव्यो लोकद्वयविशुद्धये ॥१८॥

આથી વધારે કેટલુંક કહેવું ? આટલું જ બસ છે કે જેની આશા નષ્ટ થઈ ગઈ હોય તે જ પુરુષ ઉભયલોકની વિશુદ્ધિ માટે મહાપુરુષો દ્વારા સેવા કરવા યોગ્ય છે.

**ભાવાર્થ**—આશારહિત મુનિની મોટા મોટા સત્પુરુષો પણ સેવા કરે છે.

आशा जन्मोग्रपङ्काय शिवायाशाविपर्ययः ।
इति सम्यक्समालोच्य यद्धितं तत्समाचर ॥१९॥

આશા એ સંસારરૂપી કાદવમાં ખૂંચાડનાર—ફસાવનાર છે અને તેથી વિપર્યય એટલે આશાનો અભાવ મોક્ષ અપાવનાર છે. હવે તું આ બન્નેનો સારી રીતે વિચાર કરી, જેમાં તું તારું હિત સમજતો હો તેનું જ તું આચરણ કર. એ જ ઉપદેશ છે.

न स्याद्विक्षिप्तचित्तानां स्वेष्टसिद्धिः क्वचिन्नृणाम् ।
कथं प्रक्षीणविक्षेपा भवन्त्याशाग्रहक्षताः ॥२०॥

જે આશારૂપી પિશાચથી ક્ષત એટલે પીડિત છે, તેઓ વિક્ષિપ્ત ચિત્તવાળા છે. અને જેમનું ચિત્ત વિક્ષિપ્ત છે તે મનુષ્યોને ઇષ્ટ-સિદ્ધિ પણ ક્યાંથી થાય? તેમની વિક્ષિપ્તતા કેમ નષ્ટ થાય તે કહી શકાય નહિ.

विषयविपिनवीथीसंकटे पर्यटन्ती
झटितिघटितवृद्धिः क्वापि लब्धावकाशा ।
अपि नियमिनरेन्द्रानाकुलत्वं नयन्ती
छलयति खलु कं वा नेयमाशापिशाची ॥२१॥

રખડતી ગલિઓમાં વિષયોના વનોની,
ઘટતી વધતિ કો દી સર્વ સ્થાને જ જાતી,
નિયમિ મુનિ જનોને દુઃખમાં નાખી દેતી,
છળતી જ નથી કોને, દુષ્ટ આશાપિશાચી.

વિષયરૂપી વનની ગલિઓમાં ફરતી, તત્ક્ષણ વૃદ્ધિ પામતી, જ્યાં ત્યાં સ્વતંત્ર રોકટોક વગર વિચરનારી, સંયમી મુનિયોને આકુળ-વ્યાકુળ કરનારી આ આશારૂપી પિશાચી કોને ઠગતી નથી. બધાની સાથે છળ કરી છેતરે છે.

આશા માતા કર્મકી, આતમસોં પ્રતિકૂળ ।
જેતે ઘટ બરતૈ યહૈ, ધ્યાન ન શિવસુખમૂળ ॥૧૭॥

**ભાવાર્થ**—આશા એ બધા કર્મોની જનની-માતા છે. અને તે આત્માની પ્રતિકૂળ-વિરોધી છે. જ્યાં સુધી ઘટમાં-ચિત્તમાં આ રહે છે ત્યાં સુધી શિવ-મોક્ષના સુખનું મૂળ એવું ધ્યાન થતું નથી.

*

## ૧૮

## અઢારમો સર્ગ

# પાંચ સમિતિ વિ. નું વર્ણન

### મહાવ્રત શબ્દની મહત્તા

महत्त्वहेतोर्गुणिभिः श्रितानि महान्ति मत्वा त्रिदशैर्नुतानि ।
महासुखज्ञाननिबन्धनानि महाव्रतानीति सतां मतानि ॥१॥

પહેલી વાત તો એ છે કે આ મહાવ્રતો મહત્તાના કારણુ છે, તેથી તેમનો ગુણુવાન પુરુષોએ આશ્રય કર્યો છે એટલે કે ધારણુ કરે છે. બીજું—તેઓ પોતે મહાન છે તે કારણે દેવતાઓએ પણ તેમને નમસ્કાર કર્યો છે. ત્રીજું તે મહાન અતીન્દ્રિય સુખ અને જ્ઞાનના કારણુ છે તેથી સત્પુરુષોએ તેમને મહાવ્રત માન્યા છે.

आचरितानि महद्भिर्यच्च महान्तं प्रसाधयन्त्यर्थम् ।
स्वयमपि महान्ति यस्मान्महाव्रतानीत्यतस्तानि ॥१॥

અન્ય ગ્રંથોમાં પણ કહ્યું છે કે આ પાંચ મહાવ્રતોને મહાપુરુષોએ આચર્યા છે અને મહાન પદાર્થ એટલે મોક્ષને પણ તેઓ સાધે છે તથા સ્વયં પણ મોટા—મહાન એટલે કે નિર્દોષ છે. તેથી તેમને મહાવ્રત એવું નામ આપવામાં આવ્યું છે.

## મહાવ્રતની શુદ્ધિ માટે પચીસ ભાવના

**महाव्रतविशुद्ध्यर्थं भावनाः पञ्चविंशतिः ।**
**परमासाद्य निर्वेदपदवीं भव्य भावय ॥२॥**

હે ભવ્ય! આ પાંચ મહાવ્રતો કહ્યા તેમની શુદ્ધિ માટે (નિર્મળતા માટે) પચીસ ભાવનાઓ કહી છે. તેમને અંગીકાર કરીને વૈરાગ્ય પદની ભાવના ભાવ. આ પચીસ ભાવનાઓના નામ તત્ત્વાર્થસૂત્રાદિની ટીકામાં પ્રસિદ્ધ છે. તેથી અહીં બતાવ્યા નથી.

## પાંચ સમિતિઓ

**ईर्य्या भाषैषणादाननिक्षेपोत्सर्गसंज्ञकाः ।**
**सद्भिः समितयः पञ्च निर्दिष्टाः संयतात्मभिः ॥३॥**

જેમનો આત્મા સંયમ યુક્ત છે એવા સંયમી સત્પુરુષોએ ઈર્યા, ભાષા, એષણા, આદાન-નિક્ષેપણ અને ઉત્સર્ગ નામ વાળી પાંચ સમિતિઓ બતાવી છે.

**वाक्कायचित्तजानेकसावद्यप्रतिषेधकं ।**
**त्रियोगरोधनं वा स्याद्यत्तद्गुप्तित्रयं मतम् ॥४॥**

મન, વચન અને કાયાથી ઉત્પન્ન થતી અનેક પાપયુક્ત પ્રવૃત્તિઓનો પ્રતિષેધ કરનાર પ્રવર્તન અથવા ત્રણે યોગ (મન વચન કાયાની ક્રિયા)ને રોકવા—તેને ત્રણ ગુપ્તિ કહેલ છે.

## પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિઓનું સ્વરૂપ

**सिद्धक्षेत्राणि सिद्धानि जिनबिम्बानि वन्दितुम् ।**
**गुर्वाचार्यतपोवृद्धान्सेवितुं व्रजतोऽथवा ॥५॥**

જે મુનિ પ્રસિદ્ધ સિદ્ધક્ષેત્રોને તથા જિન પ્રતિમાઓને વંદન કરવા માટે તથા ગુરુ, આચાર્ય અથવા તપમાં જે મોટા હોય તેમની સેવા કરવા માટે ગમન ક્રિયા કરતો હોય તેને. તથા—

दिवा सूर्यकरैः स्पष्टं मार्गं लोकातिवाहितम् ।
दयार्द्रस्याङ्गिरक्षार्थं शनैः संश्रयतो मुनेः ॥६॥

દિવસમાં સૂર્યના કિરણોથી સ્પષ્ટ દેખાય તેવા તથા ઘણા લોકો જે માર્ગે ગમન કરતા હોય તે માર્ગમાં દયામય–કરુણામય આર્દ્ર-ચિત્ત વાળો થઈ જીવોની રક્ષા કરતો કરતો ધીમે ધીમે ગમનક્રિયા કરે તે મુનિને, તથા—

**प्रागेवालोक्य यत्नेन युगमात्राहितेऽक्षिणः ।**
**प्रमादरहितस्यास्य समितीर्या प्रकीर्तिता ॥७॥**

ચાલતાં પહેલાં જેણે યુગપરિમાણ (ચાર હાથ જેટલા) માર્ગને સારી રીતે જોઈ લીધો છે અને પ્રમાદ રહિત છે એવા મુનિને ચાલતી વખતે ઇર્યાસમિતિ કહેલ છે.

**धूर्तकामुकक्रव्यादचौरचार्वाकसेविता ।**
**शङ्कासङ्केतपापाढ्या त्याज्या भाषा मनीषिभिः ॥८॥**

ધૂર્ત (માયાવી), કામી, માંસભક્ષી, ચોર, નાસ્તિકવાદી, ચાર્વાક વિ. એ વ્યવહારમાં ઉપયોગ કરેલી ભાષા, તથા સંશય ઉપજાવનાર, અથવા પાપયુક્ત હોય એવી ભાષા બુદ્ધિમાનોએ ત્યાગી દેવી જોઇએ.

दशदोषविनिर्मुक्तां सूत्रोक्तां साधुसम्मताम् ।
गदतोऽस्य मुनेर्भाषां स्याद्भाषासमितिः परा ॥९॥

તથા વચનોના દશ દોષ રહિત, સૂત્રાનુસાર, સાધુ પુરુષોને માન્ય એવી ભાષા બોલનાર મુનિને ઉત્કૃષ્ટ ભાષાસમિતિ હોય છે. ગ્રંથાન્તરમાં પણ કહ્યું છે કે—

कर्कशा परुषा कट्वी निष्ठुरा परकोपिनी ।
छेद्याङ्कुरा मध्यकृशाऽतिमानिनी भयंकरी ॥१॥
भूतहिंसाकरी चेति दुर्भाषां दशधा त्यजेत् ।
हितं मितमसंदिग्धं स्याद्भाषासमितिर्मुनेः ॥२॥

કર્કશ, કઠોર, કડવી, નિષ્ઠુર, બીજાને ક્રોધ કરાવે તેવી, ભુલાઈ ગયેલી વાતને તાજી કરાવે તેવી–છેદ્યાંકુરા, મધ્યકૃશા, અતિમાનિની, ભયંકર અને જીવોનો ઘાત કરાવનારી આ દશ દુર્ભાષાઓ છે. તેમને છોડી દે તથા હિતકારી, મર્યાદાયુક્ત અસંદિગ્ધ વચન બોલે તે જ મુનિને ભાષાસમિતિ હોય છે.

उद्गमोत्पादसंज्ञैस्तैर्धूमाङ्गारादिगैस्तथा ।
दोषैर्मलैर्विनिर्मुक्तं विघ्नशङ्कादिवर्जितम् ॥१०॥
शुद्धं काले परैर्दत्तमनुद्दिष्टमयाचितम् ।
अदतोऽन्नं मुनेर्ज्ञेया एषणासमितिः परा ॥११॥

જે ઉદ્ગમ દોષ ૧૬, ઉત્પાદન દોષ ૧૬, એષણા દોષ ૧૦ અને ધૂમાડા, અંગાર, પ્રમાણ અને સંયોજન આ ચાર મળી ૪૬ દોષ રહિત તથા માંસાદિ ૧૪ મળદોષ અને અંતરાય શંકાદિથી રહિત, શુદ્ધ, કાળે બીજાએ આપેલો, ઔદ્દેશિક રહિત, યાચના દોષ

રહિત એવો આહાર જે મુનિ કરે છે તે મુનિને ઉત્તમ એષણા-સમિતિ કહી છે.

शय्यासनोपधानानि शास्त्रोपकरणानि च ।
पूर्वं सम्यक्समालोच्य प्रतिलिख्य पुनः पुनः ॥१२॥
गृह्णतोऽस्य प्रयत्नेन क्षिपतो वा धरातले ।
भवत्यविकला साधोरादानसमितिः स्फुटं ॥१३॥

જે મુનિ શય્યા, આસન, ઉપધાન, શાસ્ત્ર અને ઉપકરણ વિ. ને પ્રથમ સારી રીતે જોઈને પછી લે અથવા મૂકે તેને તથા ખૂબ યતનાપૂર્વક ગ્રહણ કરનારને તથા પૃથ્વી ઉપર મૂકનાર સાધુને અવિકલ–સંપૂર્ણ આદાનનિક્ષેપણ સમિતિ સ્પષ્ટપણે થાય છે. એટલે કે એવા મુનિ જ આ આદાનનિક્ષેપણ સમિતિનું સારી રીતે પાલન કરી શકે છે.

विजन्तुकधरापृष्ठे मूत्रश्लेष्ममलादिकम् ।
क्षिपतोऽतिप्रयत्नेन व्युत्सर्गसमितिर्भवेत् ॥१४॥

જીવ રહિત પૃથ્વી ઉપર મળ મૂત્ર શ્લેષ્મ વિ. ને ખૂબ યતના-પૂર્વક (પ્રમાદરહિતપણે) ક્ષેપણ કરનાર–પરઠવનાર મુનિને ઉત્સર્ગ સમિતિનું પાલન થાય છે.

विहाय सर्वसंकल्पान् रागद्वेषावलम्बितान् ।
स्वाधीनं कुरुते चेतः समत्वे सुप्रतिष्ठितम् ॥१५॥
सिद्धान्तसूत्रविन्यासे शश्वत्प्रेरयतोऽथवा ।
भवत्यविकला नाम मनोगुप्तिर्मनीषिणः ॥१६॥

રાગદ્વેષના આધારવાળા સમસ્ત સંકલ્પોને છોડીને જે મુનિ પોતાના મનને સ્વાધીન બનાવે છે અને સમતાભાવોમાં સ્થિર કરે

છે તથા સિદ્ધાન્તના સૂત્રોની રચનામાં નિરંતર પ્રેરણા કરે છે તે બુદ્ધિમાન મુનિને સંપૂર્ણપણે મનોગુપ્તિ થાય છે.

साधुसंवृतवाग्वृत्तेर्मौनारूढस्य वा मुनेः ।
संज्ञादिपरिहारेण वाग्गुप्तिः स्यान्महामुनेः ॥१७॥

જેણે સમ્યક્ પ્રકારે વચનોની પ્રવૃત્તિને સંવરરૂપ (વશ) કરી છે એવા મુનિને તથા સમસ્યાદિનો ત્યાગ કરી મૌન સેવન કરનાર મહામુનિને વચનગુપ્તિ થાય છે.

स्थिरीकृतशरीरस्य पर्यङ्कसंस्थितस्य वा ।
परीषहप्रपातेऽपि कायगुप्तिर्मता मुनेः ॥१८॥

જેણે પોતાનું શરીર સ્થિર કર્યું છે તથા પરિસહ પડે તો પણ પોતાના પર્યંક આસનમાં જે સ્થિર રહે છે, પરંતુ ડગતો નથી, તે મુનિને જ કાયગુપ્તિ માનેલ છે એટલે કે કહેલ છે.

जनन्यो यमिनामष्टौ रत्नत्रयविशुद्धिदाः ।
एताभी रक्षितं दोषैर्मुनिवृन्दं न लिप्यते ॥१९॥

પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ—આ આઠે સંયમી પુરુષોની રક્ષા કરનાર માતા સમાન છે. તથા રત્નત્રયને વિશુદ્ધ કરનાર છે, તે પ્રવચન માતાથી રક્ષાયેલો મુનિસમૂહ કદીપણ દોષોથી લેપાતો નથી.

इति कतिपयवर्णैश्चर्चितं चित्ररूपं
चरणमनघमुच्चैश्चेतसां शुद्धिधाम ।
अविदितपरमार्थैर्यन्न साध्यं विपक्षै-
स्तदिदमनुसरन्तु ज्ञानिनः शान्तदोषाः ॥२०॥

ઉપર કહ્યા પ્રમાણે અનેક અક્ષરો વડે જેનું વર્ણન કરવામાં આવ્યું છે એવું અનેકરૂપ નિર્દોષ ચારિત્ર કે જે અતિશય ઊંચા ચિત્તવાળાઓનું તો શુદ્ધિનું મંદિર છે અને જેમણે પરમાર્થને જાણ્યો નથી એવા વિપક્ષીઓ વડે જે અસાધ્ય એટલે ધારણ કરી ન શકાય તેવું છે, એવા આ ચારિત્રને શાંત દોષવાળા જ્ઞાની પુરુષો ધારણ કરો.

## રત્નત્રયથી મુક્તિ

**सम्यगेतत्समासाद्य त्रयं त्रिभुवनार्चितम् ।**
**द्रव्यक्षेत्रादिसामग्र्या भव्यः सपदि मुच्यते ॥२१॥**

આ ત્રણે લોક દ્વારા પૂજિત સમ્યક્ રત્નત્રયને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપ સામગ્રી અનુસાર અંગીકાર કરીને ભવ્ય પુરુષો શીઘ્રપણે કર્મોથી છૂટી જાય છે એટલે કે મુક્ત થાય છે.

**एतत्समयसर्वस्वं मुक्तेश्चैतन्निबन्धनम् ।**
**हितमेतद्धि जीवानामेतदेवाग्रिमं पदम् ॥२२॥**

આ રત્નત્રય એ જ સિદ્ધાંતનું સર્વસ્વ છે અને એ જ મુક્તિનું કારણ છે અને તે જ જીવોનું હિત તથા પ્રધાનપદ છે.

**ये याता यान्ति यास्यन्ति यमिनः पदमव्ययम् ।**
**समाराध्यैव ते नूनं रत्नत्रयमखण्डितम् ॥२३॥**

નિશ્ચયથી આ રત્નત્રયને અખંડિત (પરિપૂર્ણપણે) આરાધીને જ સંયમી મુનિઓ આજ સુધી પૂર્વે મોક્ષે ગયા છે, વર્તમાનમાં જાય છે અને ભવિષ્યમાં જશે.

साक्षादिदमनासाद्य जन्मकोटिशतैरपि ।
दृश्यते न हि केनापि मुक्तिश्रीमुखपङ्कजम् ॥२४॥

આ રત્નત્રયને પ્રાપ્ત કર્યા વગર કોઈ માણસ કરોડો જન્મ ધારણ કરવા છતાં પણ મુક્તિરૂપી લક્ષ્મીના મુખ કમળને સાક્ષાત્-પણે જોઈ શકતો નથી.

## નિશ્ચયનયથી રત્નત્રયરૂપ આત્માનું વર્ણન

दृग्बोधचरणान्याहुः स्वमेवाध्यात्मवेदिनः ।
यतस्तन्मय एवासौ शरीरी वस्तुतः स्थितः ॥२५॥

જેઓ અધ્યાત્મના જ્ઞાતા છે તેઓ દર્શન, જ્ઞાન અને ચારિત્ર ત્રણેને એક આત્મા જ કહે છે. કારણ કે પરમાર્થ દૃષ્ટિએ જોવામાં આવે તો આ શરીરી–દેહસ્થ આત્મા તે ત્રણેમાં તન્મય છે, થોડો પણ પૃથક્ કે અન્ય નથી. ભાવ ભાવવાના ભેદથી ત્રણ ભેદ કર્યા છે, પરંતુ વાસ્તવમાં તો એક જ છે.

निर्णीतेऽस्मिन्स्वयं साक्षान्नापरः कोऽपि मृग्यते ।
यतो रत्नत्रयस्यैषः प्रसूतेरग्रिमं पदम् ॥ २६ ॥

આ આત્માને સ્વયં પોતાની મેળે જ સાક્ષાત્ નિર્ણય કરવાથી જ પ્રાપ્ત કરી શકાય છે. બીજી કોઈ રીતે તે મેળવી શકાતો નથી. કેવળ આત્મા જ રત્નત્રયની ઉત્પત્તિનું મુખ્ય પદ છે.

जानाति यः स्वयं स्वस्मिन्स्वस्वरूपं गतभ्रमः ।
तदेव तस्य विज्ञानं तद्वृत्तं तच्च दर्शनम् ॥ २७ ॥

જે પુરુષ પોતાનામાં પોતાના વડે પોતાના નિજસ્વરૂપને ભ્રમ-રહિત થઈને જાણે છે, તે જ તેનું વિજ્ઞાન વિશિષ્ટ જ્ઞાન છે. અને

તે જ સમ્યક્ચારિત્ર તથા સમ્યગ્દર્શન છે, તે સિવાય બીજું કંઈ નથી.

स्वज्ञानादेव मुक्तिः स्याज्जन्मबन्धस्ततोऽन्यथा ।
एतदेव जिनोद्दिष्टं सर्वस्वं बन्धमोक्षयोः ॥२८॥

આત્મજ્ઞાનથી જ મોક્ષ થાય છે. આત્મજ્ઞાન વિના અન્ય પ્રકારે સંસારનો બંધ થાય છે. એ જ જિનેન્દ્ર ભગવાને કહેલું બંધ-મોક્ષનું સર્વસ્વ છે.

आत्मैव मम विज्ञानं दृग्वृत्तं चेति निश्चयः ।
मत्तः सर्वेऽप्यमी भावा बाह्याः संयोगलक्षणाः ॥२९॥

મારો આત્મા જ વિજ્ઞાન છે, આત્મા જ દર્શન અને ચારિત્ર છે, એવો મારો નિશ્ચય છે. તેથી અન્ય બધા પદાર્થો મારાથી બાહ્ય અને સંયોગ સ્વરૂપ છે. આ પ્રમાણે અનુભવ કરવાથી રત્નત્રયમાં અને આત્મામાં કંઈપણ ભેદ રહેતો નથી.

अयमात्मैव सिद्धात्मा स्वशक्त्याऽपेक्षया स्वयम् ।
व्यक्तीभवति सद्ध्यानवह्निनाऽत्यन्तसाधितः ॥३०॥

આ આત્મા સંસાર અવસ્થામાં પણ પોતાની શક્તિની અપેક્ષાએ સિદ્ધસ્વરૂપ છે અને સમીચીન–યથાર્થપણે ધરેલા ધ્યાનરૂપી અગ્નિથી અત્યંત સાધવાથી વ્યક્તરૂપે સિદ્ધ થાય છે એટલે કે અષ્ટકર્મનો નાશ થવાથી સિદ્ધસ્વરૂપ વ્યક્ત (પ્રગટ) થાય છે.

एतदेव परं तत्त्वं ज्ञानमेतद्धि शाश्वतम् ।
अतोऽन्यो यः श्रुतस्कन्धः स तदर्थं प्रपञ्चितः ॥३१॥

આ આત્મા જ પરમતત્ત્વ છે અને તે જ શાશ્વતજ્ઞાન છે. તેથી

અન્ય શ્રુત-સ્કંધ દ્વાદશાંગી શાસ્ત્રરૂપ રચના આત્માને જાણવા માટે જ કરવામાં આવી છે.

अपास्य कल्पनाजालं चिदानन्दमये स्वयम् ।
यः स्वरूपे लयं प्राप्तः सः स्याद्रत्नत्रयास्पदम् ॥३२॥

જે મુનિ કલ્પનાની જાળના સમૂહને દૂર કરીને પોતાના ચૈતન્ય અને આનંદમય સ્વરૂપમાં લયલીન બને છે તે જ નિશ્ચયથી ખરેખર રત્નત્રયનું સ્થાન-પાત્ર (ભાજન) બને છે.

सुप्तेष्वक्षेषु जागर्ति पश्यत्यात्मानमात्मनि ।
वीतविश्वविकल्पोऽसौ सः स्वदर्शी वुधैर्मतः ॥३३॥

જે મુનિ ઇન્દ્રિયો સૂતી હોય ત્યારે તો જાગે છે અને આત્મામાં જ આત્માને જુએ છે અને સમસ્ત વિકલ્પોથી રહિત છે તેને જ વિદ્વાનોએ આત્મદર્શી માનેલ છે.

## સાધકને ઉપદેશ

निःशेषक्लेशनिर्मुक्तममूर्त्तं परमाक्षरम् ।
निष्प्रपञ्चं व्यतीताक्षं पश्य स्वं स्वात्मनि स्थितम् ॥३४॥

હે આત્મા! તું પોતાના આત્મામાં જ રહીને તને પોતાને સમસ્ત ક્લેશોથી રહિત, અમૂર્તિક, પરમ ઉત્કૃષ્ટ, અવિનાશી, વિકલ્પોથી અને ઇન્દ્રિયોથી રહિત તારા અતીન્દ્રિય સ્વરૂપને જો.

नित्यानन्दमयं शुद्धं चित्स्वरूपं सनातनम् ।
पश्यात्मनि परं ज्योतिरद्वितीयमनव्ययम् ॥३५॥

તું તારા આત્મામાં પોતાને એવી રીતે સ્થિર થયેલો જો કે હું નિત્ય આનંદમય છું, શુદ્ધ છું, ચૈતન્યસ્વરૂપ છું અને

સનાતન છું, અવિનશ્વર છું, પરમજ્યોતિ-જ્ઞાન પ્રકાશરૂપ છું, અદ્વિતીય છું, અને અનવ્યય એટલે વ્યયરહિત છું એટલે કે પૂર્વ પર્યાયના વ્યયસહિત છું.

यस्यां निशि जगत्सुप्तं तस्यां जागर्ति संयमी ।
निष्पन्नं कल्पनातीतं स वेत्त्यात्मानमात्मनि ॥३६॥

જે રાત્રિમાં જગત ઘોર નિદ્રા લે છે-સૂવે છે તે રાત્રિમાં સંયમી મુનિ જાગે છે અને પોતાના આત્મામાં જ પોતાને નિષ્પન્ન, સ્વયંસિદ્ધ તથા કલ્પનારહિત જાણે છે.

**ભાવાર્થ**—જગત અજ્ઞાનરૂપી રાત્રિમાં સૂવે છે અને સંયમીને જ્ઞાનરૂપી સૂર્યનો ઉદય થવાથી તે જાગે છે.

या निशा सर्वभूतेषु तस्यां जागर्ति संयमी ।
यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः ॥३७॥

સમસ્ત લોક-પ્રાણીઓ માટે જે રાત્રિ માનવામાં આવેલ છે તેમાં તો સંયમી જાગે છે અને જે રાત્રિમાં સમસ્ત પ્રાણિઓ જાગે છે તે રાત્રિ મુનિની પોતાના સ્વરૂપ-અવલોકન કરવાની રાત્રિ છે.

**ભાવાર્થ**—જગતના જીવોને પોતાના સ્વરૂપનો પ્રતિભાસ થતો નથી તેથી તેમને માટે તો એ જ રાત્રિ છે કે જેમાં બધા જીવો સૂતેલા રહે છે અને સંયમી મુનિજનોને પોતાના સ્વરૂપનો પ્રતિભાસ થાય છે તેથી તેઓ તે રાત્રિને વિષે જાગે છે. અને જગતના પ્રાણીઓ અજ્ઞાનમાં જાગે છે. આ અજ્ઞાન એ જ મુનિને રાત્રિ છે. તાત્પર્ય એ છે કે મુનિઓને અજ્ઞાન છે જ નહિ.

यस्य हेयं न वाऽऽदेयं निःशेषं भुवनत्रयम् ।
उन्मीलयति विज्ञानं तस्य स्वान्यप्रकाशकम् ॥३८॥

જે મુનિને સમસ્ત ત્રિલોક હેય કે ઉપાદેય નથી તે મુનિને સ્વપર પ્રકાશક જ્ઞાનનો ઉદય થાય છે, કારણ કે જ્યાં સુધી બુદ્ધિમાં હેય–ઉપાદેયપણું હોય છે ત્યાં સુધી જ્ઞાન નિર્મળપણે પ્રસરતું કે વૃદ્ધિ પામતું નથી.

दृश्यन्ते भुवि किं न तेऽल्पमतयः संख्याव्यतीताश्चिरम्,
ये लीलां परमेष्ठिनो निजनिजैस्तन्वन्ति वाग्भिः परम् ।
तं साक्षादनुभूय नित्यपरमानन्दाम्बुराशिं पुन-
र्ये जन्मभ्रममुत्सृजन्ति सहसा धन्यास्तु ते दुर्लभाः ॥३९॥

જે પુરુષો માત્ર વચન દ્વારા કેવળ પરમેષ્ઠીનો ઘણોકાળ સુધી ગુણાનુવાદ કરતા રહે છે, એવા અલ્પમતીઓ સંસારમાં શું સંખ્યા-રહિત જોવામાં નથી આવતા? એટલે કે એવા જીવો તો અસંખ્ય છે, પરંતુ જે પુરુષો નિત્ય પરમાનંદના સમુદ્રને સાક્ષાત્ અનુભવ-ગોચર કરીને સંસારના ભ્રમને તત્કાળ દૂર કરી નાખે છે એવા મહાભાગ્યવંત પુરુષો આ પૃથ્વી ઉપર ઘણા દુર્લભ છે.

જે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રને નિશ્ચય અને વ્યવહારથી સમ્યક્પ્રકારે જાણીને અંગીકાર કરે છે તેને જ મોક્ષના કારણભૂત પોતાના સ્વરૂપના ધ્યાનની સિદ્ધિ થાય છે. અન્યમતીઓ બીજી રીતે અનેક પ્રકારે ધ્યાનનું તથા ધ્યાનની સામગ્રીના સ્વરૂપનું સ્થાપન કરે છે, તેમને કદાચિત્ સંભવ છે કે કિંચિત્માત્ર લૌકિક ચમત્કારની સિદ્ધિ થાય પરંતુ મોક્ષમાર્ગ અથવા મોક્ષની સિદ્ધિ કદાપિ થઈ શકતી નથી.

દોહરા

સમ્યગ્દર્શન જ્ઞાન વ્રત, શિવમગ ભાખ્યો નામ ।
તીન ભેદ વ્યવહાર તૈં નિશ્ચય આતમરામ ॥
રત્નત્રય ધારે વિના, આતમધ્યાન ન સાર ।
જે ઉમગૈં નર કરનકો, વૃથા ખેદ નિરધાર ॥

**ભાવાર્થ**—સમ્યગ્દર્શન-જ્ઞાન અને વ્રત એટલે ચારિત્ર તેને જ શિવમાર્ગ–મોક્ષમાર્ગ એવું નામ આપ્યું છે. આ મોક્ષમાર્ગ વ્યવહારથી ઉપર પ્રમાણે ત્રણ ભેદે કહ્યો છે, પરંતુ નિશ્ચયથી તો માત્ર એક આત્મા એ જ મોક્ષમાર્ગ છે. આ રત્નત્રયને ધારણ કર્યા વિના સારભૂત એવા આત્માનું ધ્યાન થઈ શકતું નથી. જે માણસ તે વિના ધ્યાન કરવા પ્રયાસ કરે છે તે માત્ર વૃથા ખેદરૂપ છે એમ જાણો.

છપ્પય

અંતર બાહર તત્ત્વ દોય પરકાર જુ સોહૈ ।
ઉપાદેય નિજરૂપ જાનિ અંતર અવરોહૈ ॥
બાહિર હેય બિસારિ ધારિ સરધા દૃઢ કરની ।
દુહુંકી રીતિ અનેક બાનિ જિનકી મધિ બરની ॥

નય નિશ્ચય અરુ વ્યવહાર દો, પર્યય નય વ્યવહાર હૈ ।
લખિ દ્રવ્યદૃષ્ટિ નિશ્ચય ભલે, ચિન્મય નિજ યહ સાર હૈ ॥

**ભાવાર્થ**—અંતર અને બાહ્ય આ બે પ્રકાર જેના છે એવા તત્ત્વને વિષે અંતર (આભ્યંતર) જે પોતાનું સ્વરૂપ છે તેને ઉપાદેય જાણવું અને તેને અવરોધ કરનાર–વિરોધી જે બાહ્ય તત્વ છે તેને

વિસારી-છોડી દઈને શ્રદ્ધાને દૃઢ કરવી. આ બન્નેની રીત અનેક વાણી-સ્યાદ્વાદવાણી દ્વારા વર્ણન કરવામાં આવી છે. નય બે પ્રકારના છે. નિશ્ચય અને વ્યવહાર. તેમાં પર્યાયાર્થિક નય તે વ્યવહાર છે અને દ્રવ્યદૃષ્ટિ-દ્રવ્યાર્થિક નય તે નિશ્ચય છે. તેનો ભલી પ્રકારે વિચાર કર અને આત્મા જ્ઞાનસ્વરૂપ છે એ જ નિશ્ચયનયથી સાર છે તેને ગ્રહણ કર.

દોહરો

**ચેતન કે પરિણામ નિજ, હૈં અસંખ્ય શ્રુત ભાખ ।**
**દષ્ટ અલ્પ છદ્મસ્થકે, શેષ જિનેશ્વર સાખ ॥**

**ભાવાર્થ**—ચૈતન્ય-આત્માના નિજ પરિણામો અસંખ્ય છે એમ શ્રુત-શાસ્ત્રમાં કહ્યું છે. છદ્મસ્થો તો થોડો જાણી-જોઈ શકે છે બાકી જિનેશ્વરની આજ્ઞાએ-સાક્ષીએ જાણવા. એમ કહ્યું છે.

## ૧૯

## ઓગણીસમો સર્ગ

# કષાયની નિંદા

### ક્રોધ કષાયનું વર્ણન

**सत्संयममहारामं यमप्रशमजीवितम् ।**
**देहिनां निर्दहत्येव क्रोधवह्निः समुत्थितः ॥१॥**

જીવોના યમ, નિયમ તથા પ્રશમ (શાંતભાવ) એ જ જેનું જીવન છે એવા ઉત્કૃષ્ટ સંયમરૂપી ઉપવન (બગીચા)ને પ્રજ્વલિત ધગધગતી ક્રોધરૂપી અગ્નિ બાળીને ભસ્મ કરી નાખે છે.

**दृग्बोधादिगुणानर्घ्यरत्नप्रचयसंचितम् ।**
**भाण्डागारं दहत्येव क्रोधवह्निः समुत्थितः ॥२॥**

તેમ જ ક્રોધરૂપી અગ્નિ પ્રગટ થતાં સમ્યગ્દર્શન-જ્ઞાનાદિ અમૂલ્ય રત્નોના સમૂહથી સંચિત કરેલા ગુણરૂપી ભંડારને પણ બાળી નાખે છે.

संयमोत्तमपीयूषं सर्वाभिमतसिद्धिदम् ।
कषायविषसेकोऽयं निःसारीकुरुते क्षणात् ॥३॥

કષાયરૂપી વિષનું સિંચન સર્વ મનોવાંછિત સિદ્ધિને આપનાર સંયમરૂપી ઉત્તમ અમૃતને પણ ક્ષણમાત્રમાં નિઃસાર કરી દે છે.

तपःश्रुतयमाधारं वृत्तविज्ञानवर्द्धितम् ।
भस्मीभवति रोषेण पुंणां धर्मात्मकं वपुः ॥४॥

ચારિત્ર અને વિશિષ્ટ જ્ઞાનથી વૃદ્ધિ પામેલ તથા, તપ, સ્વાધ્યાય અને સંયમના આધારભૂત પુરુષોનું જે ધર્મરૂપી શરીર છે તેને પણ ક્રોધરૂપી અગ્નિ ભસ્મ કરી દે છે.

अयं समुत्थितः क्रोधो धर्मसारं सुरक्षितम् ।
निर्दहत्येव निःशङ्कं शुष्कारण्यमिवानलः ॥५॥

સુકાઈ ગયેલા વનને જેમ અગ્નિ બાળી નાખે છે તેમ ભભૂકેલો ક્રોધ, સુરક્ષિત ધર્મસારરૂપી વનને બાળી નાખે છે તેમાં કંઈ પણ સંદેહ નથી.

पूर्वमात्मानमेवासौ क्रोधान्धो दहति ध्रुवम् ।
पश्चादन्यन्न वा लोको विवेकविकलाशयः ॥६॥

ક્રોધથી અંધ બનેલો વિવેકરહિત આ લોક પ્રથમ તો પોતાને જ ખરી રીતે જલાવે (બાળે) છે. ત્યાર પછી બીજાને બાળે કે ન પણ બાળે પરંતુ પહેલાં પોતાના સમીચીન–યથાર્થ પરિણામોનો તો ઘાત કરે જ છે તેમાં લવલેશ પણ સંશય નથી.

कुर्वन्ति यतयोऽप्यत्र क्रुद्धास्तत्कर्म निन्दितम् ।
हत्वा लोकद्वयं येन विशन्ति धरणीतलम् ॥७॥

ક્રોધના આવેશમાં મુનિ પણ આ જગતમાં એવું નિંદિત કાર્ય કરે છે કે જેથી તેના બન્ને લોક બગડે છે અને તે નરકમાં પડે છે તો પછી સામાન્ય જીવની તો વાત જ શી કરવી ?

क्रोधाद्दीपायनेनापि कृतं कर्मातिगर्हितम् ।
दग्धा द्वारावती नाम पूः स्वर्गनगरीनिभा ॥८॥

જુઓ ! દ્વૈપાયન નામના મુનિએ ક્રોધમાં એવું નિંદ્ય કાર્ય કર્યું કે સ્વર્ગસમાન સુંદર દ્વારિકા નગરીને બાળીને ભસ્મ કરી નાખી.

लोकद्वयविनाशाय पापाय नरकाय च ।
स्वपरस्यापकाराय क्रोधः शत्रुः शरीरिणाम् ॥९॥

જીવોનો ક્રોધરૂપી શત્રુ આ લોક અને પરલોક બન્નેને નષ્ટ કરનાર તથા નરકમાં લઈ જનાર છે. પાપને કરાવનાર અને સ્વ-પર બન્નેનો અપકાર કરનાર છે.

अनादिकालसंभूतः कषायविषमग्रहः ।
स एवानन्तदुर्वारदुःखसंपादनक्षमः ॥१०॥

કષાયરૂપી વિષમગ્રહ અનાદિકાળથી આ પ્રાણીની પાછળ લાગ્યો છે અને તે જ અનંત દુર્નિવાર દુઃખોને પ્રાપ્ત કરાવનાર છે. જીવોને દુઃખી કરવામાં તે સમર્થ–શક્તિશાળી છે.

## ક્રોધ દૂર કરવાનો આત્માને બોધ

तस्मात्प्रशममालम्ब्य क्रोधवैरी निवार्यताम् ।
जिनागममहाम्भोधेरवगाहश्च सेव्यताम् ॥११॥

હે આત્મા! તું શાંતભાવનું અવલંબન કરીને ક્રોધરૂપી શત્રુને દૂર કર અને જિનાગમરૂપી મહાસમુદ્રનું અવગાહન કર, કારણ કે ક્રોધનિવારણ કરવાનો આ જ એક ઉપાય છે.

## ક્રોધને ક્ષમાથી શાંત કરવો

क्रोधवह्नेः क्षमैकेयं प्रशान्तौ जलवाहिनी ।
उद्दामसंयमारामवृत्तिर्वाऽत्यन्तनिर्भरा ॥१२॥

ક્રોધરૂપી અગ્નિને શાંત કરવા માટે ક્ષમા એ એક અદ્વિતીય નદી છે, ક્ષમાથી જ ક્રોધાગ્નિ બુઝાય છે, તથા ક્ષમા એ જ ઉત્કૃષ્ટ સંયમરૂપી બગીચાની રક્ષા કરવા માટે અતિશય મજબૂત વાડ છે.

## ક્રોધ જીતવા માટે કરવાના વિચારો

जयन्ति यमिनः क्रोधं लोकद्वयविरोधकं ।
तन्निमित्तेऽपि संप्राप्ते भजन्तो भावनामिमां ॥१३॥

આ લોક અને પરલોકને બગાડનાર એવા ક્રોધને મુનિગણ જ જીતે છે, કારણ કે તેઓ ક્રોધના કારણો ઉત્પન્ન થતાં એવી ભાવના ચિંતવે છે કે—

यद्यद्य कुरुते कोऽपि मां स्वस्थं कर्मपीडितम् ।
चिकित्सित्वा स्फुटं दोषं स एवाकृत्रिमः सुहृत् ॥१४॥

હું કર્મથી પીડિત છું, કર્મોદયથી મારામાં કોઈ દોષ ઉત્પન્ન થયો છે તે દોષને અત્યારે કોઈ જાહેર કરે, પ્રગટ કરે અને મને આત્માનુભવમાં સ્થાપિત કરીને સ્વસ્થ કરે તે જ મારો અકૃત્રિમ મિત્ર (હિતૈષી) છે.

**ભાવાર્થ—જો** મારા કોઈ કર્મના ઉદયથી કોઈ પણ દોષ લાગ્યો હોય તો તેને કાઢીને દૂર કરીને જે મને સાવધાન બનાવે છે તે જ મારો પરમ મિત્ર છે, કારણ કે તેને પ્રગટ કરવાથી હું તે દોષને છોડી દઈશ અને તેથી મુક્ત થઈ જઈશ. આ પ્રમાણે ભાવના ભાવવાથી દોષ કરનાર ઉપર ક્રોધ ઉત્પન્ન થતો નથી.

**हत्वा स्वपुण्यसन्तानं मद्दोषं यो निकृन्तति ।**
**तस्मै यदिह रुष्यामि मदन्यः कोऽधमस्तदा ॥१५॥**

વળી એવો પણ વિચાર કરે છે કે જો કોઈ પોતાના પુણ્યનો ક્ષય કરીને મારા દોષોને કહે છે તેના ઉપર જો હું રોષ કરું તો આ જગતમાં મારા જેવો નીચ અથવા પાપી કોણ હશે ?

**ભાવાર્થ—**જેમ કોઈ પોતાના ધનાદિનો વ્યય કરીને પરનો ઉપકાર કરે છે, તે જ પ્રમાણે જે પોતાના પુણ્યરૂપી પરિણામોને બગાડી મારા દોષોને કહે અથવા મને સાવધાન કરી મારા દોષ કાઢે તો એવા ઉપકારી ઉપર ક્રોધ કરવો તે કૃતઘ્નતા જ છે.

**आक्रुष्टोऽहं हतो नैव हतो वा न द्विधाकृतः ।**
**मारितो न हतो धर्मो मदीयोऽनेन बन्धुना ॥१६॥**

જો કોઈ પુરુષ પોતાને દુર્વચનો કહે ત્યારે મુનિ મહારાજ એમ વિચાર કરે છે કે આ પુરુષે તો મને માત્ર દુર્વચનો જ કહ્યા છે, મારો ઘાત તો નથી કર્યો ને ? વળી કોઈ ઘાત કરે (લાઠી, તરવાર વિ. થી મારે) તો એમ વિચાર કરે છે કે આણે મને કેવળ માર્યો જ છે, કાપીને બે કટકા તો નથી કર્યા ને ? જો કદાચ કોઈ કાપવા માંડે ત્યારે મુનિમહારાજ એમ વિચારે છે કે આ મને મારે (કાપે) છે, પરંતુ મારો ધર્મ તો નષ્ટ નથી કરતો ને ? મારો ધર્મ તો

મારી સાથે જ રહેશે અથવા એમ વિચાર કરે છે કે આ મારો મોટો હિતૈષી છે, કારણ કે ચૈતન્યસ્વરૂપ શુદ્ધાત્મા આ શરીરરૂપી કારાગ્રહમાં રુદ્ધ (કેદ) છે, તેથી જે માણસ આ શરીર (કારાગ્રહ)ને તોડીને મને કેદખાનામાંથી છોડાવે છે, તેથી આ મારો મહાન ઉપકારી છે. આ પ્રમાણે વિચારવાથી કોઈના ઉપર ક્રોધ થતો નથી.

संभवन्ति महाविघ्ना इह निःश्रेयसार्थिनाम् ।
ते चेत् किल समायाताः समत्वं संश्रयाम्यतः ॥१७॥

જેઓ મોક્ષાભિલાષીઓ છે તેમને આ લોકમાં મોટા મોટા વિઘ્નો થવાનો સંભવ છે. આ વાત જગપ્રસિદ્ધ છે. તે જ વિઘ્નો જો મને આવતા હોય તો તેમાં શું આશ્ચર્ય છે? કારણ કે હું મોક્ષાભિલાષી છું. આ કારણથી હવે હું સમભાવનો આશ્રય કરું છું સમભાવ ધારણ કરું છું. મને કોઈ ઉપર રાગદ્વેષ નથી.

चेन्मामुद्दिश्य भ्रश्यन्ति शीलशैलात्तपस्विनः ।
अमी अतोऽत्र मज्जन्म परक्लेशाय केवलम् ॥१८॥

વળી એમ પણ વિચાર કરે છે કે, જો હું ક્રોધ કરીશ તો મને જોઈને અન્યાન્ય તપસ્વી મુનિઓ પણ પોતાના શીલ સ્વભાવથી ચ્યુત (ભ્રષ્ટ) થઈ જશે, અને તેથી આ લોકમાં મારો જન્મ કેવળ બીજાના અપકાર અર્થે અથવા કલેશ માટે જ થયો એમ સિદ્ધ થશે. તેથી મારા માટે ક્રોધ કરવો તે કોઈ પણ પ્રકારે ઉચિત નથી.

प्राङ्मया यत्कृतं कर्म तन्मयैवोपभुज्यते ।
मन्ये निमित्तमात्रोऽन्यः सुखदुःखोद्यतो जनः ॥१९॥

મેં પૂર્વ જન્મમાં જે કંઈ ભલા-બૂરા, સારાં-નરસાં કર્મો કર્યા

છે તેમનાં ફળ તો મારે જ ભોગવવા પડશે. તેથી જે કોઈ મને સુખ-દુઃખ આપી રહ્યા છે, અથવા આપવા માટે તત્પર થયા છે, તે તો કેવળ માત્ર બાહ્ય નિમિત્ત છે, એમ હું માનું છું તો પછી તેમના ઉપર મારે શા માટે ક્રોધ કરવો જોઈએ ?

**मदीयमपि चेच्चेतः क्रोधाद्यैर्विप्रलुप्यते ।**
**अज्ञातज्ञाततत्त्वानां को विशेषस्तदा भवेत् ॥२०॥**

હું મુનિ છું, તત્ત્વજ્ઞાની છું, જો ક્રોધાદિથી મારું ચિત્ત બગડી જશે તો પછી અજ્ઞાની અને તત્વજ્ઞાનીમાં વિશેષતા (ભેદ) શું રહેશે ? હું પણ અજ્ઞાની જેવો જ થયો ગણાઈશ. આ પ્રમાણે વિચાર કરીને તેઓ ક્રોધાદિરૂપે પરિણમતા નથી.

**न्यायमार्गे प्रपन्नेऽस्मिन्कर्मपाके पुरःस्थिते ।**
**विवेकी कस्तदात्मानं क्रोधादीनां वशं नयेत् ॥२१॥**

વળી આ જે કર્મોનો ઉદય છે તે ન્યાયમાર્ગે આવેલો છે. તે નજીક-પાસે આવ્યો હોય ત્યારે એવો કોણ વિવેકી પુરુષ પોતાને ક્રોધાદિને વશ થવા દે ? .

**ભાવાર્થ**—જે કોઈ મારું બગાડે છે તે મારા પૂર્વજન્મનાં કર્મના ઉદય અનુસાર કરે છે. એટલે કે કર્મ બાંધેલ છે, તે કર્મો-ઉદય આવે તે તો ન્યાયમાર્ગ છે. માટે કર્મોદય થાય ત્યારે ક્રોધ કરવો તે ઉચિત નથી. ક્રોધ કરવાથી તો ફરી પાછા નવા કર્મોની ઉત્પત્તિ થાય છે અને એમ ને એમ આગળ તેની સંતતિ-પરંપરા ચાલ્યા કરે છે.

## પૂર્વ કર્મ શાંતિથી ભોગવી લેવાનો ઉપદેશ

**सहस्व प्राक्तनासातफलं स्वस्थेन चेतसा ।**
**निष्प्रतीकारमालोक्य भविष्यद्दु:खशङ्कितः ॥२२॥**

હે આત્મા ! તેં પૂર્વજન્મમાં અસાતા કર્મ બાંધ્યું હતું તેનું જ ફળ આ દુર્વચનાદિ છે, તેને હવે ઉપાય રહિત **સમજીને** આગામી ભવિષ્યના દુ:ખની શાંતિ માટે સ્વસ્થ ચિત્તથી પોતાના મનને આત્મામાં જોડીને સહન કર.

**ભાવાર્થ**—જે દુર્વચનાદિ પૂર્વોપાર્જિત અસાતા કર્મનું ફળ છે તેને ભોગવવાથી જ તેમાંથી છુટકારો થાય છે, તેનો બીજો કોઈ ઇલાજ કે ઉપાય નથી. ચિત્તને ક્રોધાદિયુક્ત બનાવવાથી તો ભવિષ્યમાં દુ:ખ જ ઉત્પન્ન થશે. તેથી સમભાવે સહન કરી લેવું એ જ યોગ્ય અને ઉત્તમ ઉપાય છે.

## કર્મ ખપાવવા માટે કરવાના વિચારો

**उद्दीपयन्तो रोषाग्निं बहु विक्रम्य विद्विषः ।**
**मन्ये विलोपयिष्यन्ति क्वचिन्मत्तः शमश्रियम् ॥२३॥**

પૂર્વકૃત કર્મો તો મારા વૈરી છે, તેથી હું એમ માનું છું કે આ બધા શત્રુઓ પોતાના ઉદયરૂપ પરાક્રમથી ક્રોધાદિ ઉત્પન્ન કરનારા નિમિત્તોને એકત્ર કરી–મેળવીને મારા ક્રોધરૂપી અગ્નિને ભડકાવી મારી ઉપશમભાવરૂપી લક્ષ્મીને લૂંટી લેશે.

**ભાવાર્થ**—જેમ શત્રુ ઘરમાં અગ્નિ લગાડી સંપદા લૂટી લે છે, તે જ પ્રમાણે કર્મરૂપી વૈરી ક્રોધાગ્નિ લગાડીને મારી સમભાવરૂપી સંપદાને નષ્ટ કરી નાખશે. એમ વિચાર કરે છે.

अप्यसह्ये समुत्पन्ने महाक्लेशसमुत्करे ।
तुष्यत्यपि च विज्ञानी प्राक्कर्मविलयोद्यतः ॥२४॥

જે વિજ્ઞાની પૂર્વોપાર્જિત કર્મોને નાશ કરવામાં ઉદ્યત (તત્પર) થયો છે તે અસહ્ય મહાન દુઃખોને પ્રાપ્ત થવા છતાં પણ સંતોષ આનંદ માને છે. કારણ કે જે પૂર્વ જન્મમાં કર્મો ઉપાર્જન કર્યા હતા તેમનો ઉદય તો અવશ્ય થવાનો જ છે. હવે તે ઉદયમાં આવી ખરી ગયા તે સારું થયું. આ પ્રમાણે સંતોષ કરી લે છે.

यदि वाक्कण्टकैर्बिद्धो नावलम्बे क्षमामहम् ।
ममाप्याक्रोशकादस्मात्को विशेषस्तदा भवेत् ॥२५॥

દુર્વચન કહેનારા પુરુષોએ મને વચનરૂપી કાંટાઓથી વીંધ્યો (પીડિત કર્યો). તેથી હવે જો હું ક્ષમા ધારણ નહિ કરું તો મારા અને દુર્વચનો કહેનારાઓમાં શો ભેદ રહેશે? જો હું આને દુર્વચનો કહીશ તો હું પણ તેના જેવો જ થઈ જઈશ. તેથી મારે માટે ક્ષમા કરવી એ જ યોગ્ય છે.

विचित्रैर्वधबन्धादिप्रयोगैर्न चिकित्सति ।
यद्यसौ मां तदा क्व स्यात्संचितासातनिष्क्रियः ॥२६॥

જો કોઈ મારો અનેક પ્રકારના વધ બંધનાદિ પ્રયોગોથી ઉપચાર નહિ કરે તો મારા પૂર્વજન્મના સંચિત કરેલા અસાતા કર્મરૂપી રોગોનો નાશ કેવી રીતે થશે?

**ભાવાર્થ**—જે કોઈ મને વધ બંધનાદિથી પીડે છે—દુઃખ આપે છે તે મારા પૂર્વોપાર્જિત કર્મરૂપી રોગોને નષ્ટ કરનાર વૈદ્ય સમાન છે. તેનો તો મારે ઉપકાર જ માનવો જોઈએ. તેના ઉપર ક્રોધ કરવો તે તો કૃતઘ્નતા છે.

यः शमः प्राक्समभ्यस्तो विवेकज्ञानपूर्वकः ।
तस्यैतेऽद्य परीक्षार्थं प्रत्यनीकाः समुत्थिताः ॥२७॥

જે આ દુર્વચન કહેનારા અથવા વધ બંધનાદિ કરનારા શત્રુઓ ઉત્પન્ન થયા છે, તે જાણે મેં જે ભેદજ્ઞાન પૂર્વક સમભાવનો અભ્યાસ કર્યો છે, તેની આજે પરીક્ષા કરવા માટે જ આવ્યા હોય નહિ તેમ જોઈ રહ્યા છે કે આનામાં અત્યારે સમભાવ છે કે નહિ. આમ વિચાર કરીને સમભાવ રાખવો પરંતુ તેમના ઉપર ક્રોધ થવા દેવો નહિ.

यदि प्रशममर्यादां भित्वा रुष्यामि शत्रवे ।
उपयोगः कदाऽस्य स्यात्तदा मे ज्ञानचक्षुषः ॥२८॥

જો હું પ્રશમભાવ–સમભાવની મર્યાદાનું ઉલ્લંઘન કરીને વધ બંધન વિ. કરનાર શત્રુઓ ઉપર ક્રોધ કરીશ તો પછી આ જ્ઞાન-રૂપી નેત્રનો ઉપયોગ હું કયે કાળે કરીશ? તાત્પર્ય એ છે કે આ જે મેં જ્ઞાનાભ્યાસ કર્યો છે તે આવા સમયે ઉપયોગી થાય તે માટે જ કર્યો છે તેથી અત્યારે આ સમયે મારે સમભાવમાં રહેવું એ જ યોગ્ય છે.

अयत्नेनापि सैवेयं संजाता कर्मनिर्जरा ।
चित्रोपायैर्ममानेन यत्कृता भर्त्स्ययातना ॥२९॥

આ શત્રુએ મને અનેક પ્રકારના ઉપાય–પ્રયોગ દ્વારા તિરસ્કાર કરીને જે તીવ્ર યાતના (પીડા) આપી છે તેથી મને ખૂબ ભારે લાભ એ થયો કે પ્રયત્ન કર્યા વગર જ મારા પાપકર્મોની નિર્જરા સહેજે સહેજે થઈ ગઈ. તેનો તો આ મારે ઉપકાર જ માનવો જોઈએ, તેના ઉપર ક્રોધ શા માટે કરવો?

ગ્રંથાન્તરમાં પણ કહ્યું છે કે—

ममापि चेद्द्रोहमुपैति मानसं
परेषु सद्यः प्रतिकूलवर्तिषु ।
अपारसंसारपरायणात्मनां
किमस्ति तेषां मम वा विशेषणम् ॥१॥

જે પ્રતિકૂળ આચરણ કરનારા (ઉપસર્ગ કરનારા શત્રુઓ) છે, તેમના વિષે મારું મન જો તત્કાળ દ્રોહને પ્રાપ્ત થાય તો આ અપાર સંસારમાં તે શત્રુઓમાં અને મારામાં શું ભેદ રહ્યો? હું તે આત્માઓથી ભિન્ન મોક્ષાર્થી કહેવરાવું છું. પછી તો તે અને હું સમાન થયા એટલે કે હું પણ તેમની જેમ સંસારમાં પરિભ્રમણ કર્યા કરીશ.

अपारयन्बोधयितुं पृथग्जना-
नसत्प्रवृत्तेष्वपि नाऽसदाचरेत् ।
अशक्नुवन्पीतविषं चिकित्सितुं
पिबेद्विषं कः स्वयमप्यबालिशः ॥३०॥

અયોગ્ય કાર્યોમાં પ્રવૃત્તિ કરનારા અન્ય પુરુષોને ઉપદેશ આપી રોકવામાં અસમર્થ હોય તેથી શું તે પંડિત પુરુષે પણ અસત્—અયોગ્ય આચરણ કરવા લાગી જવું? નહિ, કદાપિ નહિ. જેમ કોઈ પુરુષે ઝેર–વિષપાન કર્યું હોય અને તેની ચિકિત્સા કરવામાં વૈદ્ય અસમર્થ થાય–ઝેરનું શમન કે વમન ન કરાવી શકે તો શું તે વૈદે પણ વિષપાન કરવું? એવો કોણ વૈદ્ય-પંડિત છે કે જે વિષને પી જશે? જ્ઞાની પંડિત તો કોઇ નહિ પીએ. જો પીએ તો તે અજ્ઞાની–મૂર્ખ છે. એ જ પ્રમાણે મુનિ વિચાર કરે છે

કે કોઈએ પોતાના પરિણામો મલિન કરીને મારું બૂરું-ખરાબ કરવાનું ઈચ્છયું અને હું તેને નિવારણ કરવા કે સમજાવવા શક્તિમાન ન હોઉં તો શું મારે પણ મારા પરિણામો બગાડી તેની જેમ બૂરું કરવું-અયોગ્ય આચરણ કરવું તે ઉચિત ગણાય? કદાપિ નહિ.

न चेदयं मां दुरितैः प्रकम्पये-
दहंयतेयं प्रशमाय नाधितुकम् ।
अतोऽतिलाभोऽयमिति प्रतर्कयन्
विचाररूढा हि भवन्ति निश्चलाः ॥३१॥

જો કોઈ દુષ્ટ પુરુષ મુનિને ખરાબ વચનોથી તિરસ્કાર-ઉપસર્ગ કરે ત્યારે તે એમ વિચારે છે કે જે આ દુર્વચન કહેનાર મને પાપથી ભય ઉત્પન્ન નહિ કરે તો હું શાન્તભાવો માટે વધારે પ્રયત્નશીલ નહિ થાઉં. આ પુરુષે મને તિરસ્કાર કરી સાવધાન કર્યો છે કે પૂર્વકાળે-ગત ભવમાં મેં ક્રોધાદિ પાપો કર્યા હતા-આ ઉપસર્ગ તેનું જ ફળ છે. તેથી તે પાપ મારું ખરી જશે-છૂટી જશે એ જ મને મહાન લાભનું કારણ થશે. આ પ્રમાણે વિચારોમાં આરૂઢ થઈ મુનિ મહારાજ નિશ્ચળ-દૃઢ રહે છે.

परपरितोषनिमित्तं त्यजन्ति केचिद्धनं शरीरं वा।
दुर्वचनबन्धनाद्यैर्वयं रुषन्तो न लज्जामः ॥३२॥

પરને-બીજાને સંતુષ્ટ કરવા માટે અનેક જન પોતાના ધન અથવા શરીરને છોડી દે છે, તો પછી અમને બીજાના દુર્વચનો, વધ-બંધનાદિથી રોષ કરતાં કેમ શરમ આવતી નથી?

**ભાવાર્થ**—અમને ઉપસર્ગ આપવાથી જો કોઇ બીજાને સંતોષ થતો હોય તો સારું જ છે. અમે ક્રોધ નહિ કરીએ તો શું હાનિ

થવાની છે? ઉલટું લાભ જ છે. કારણ કે ક્રોધ કરવાથી તો પાપબંધ થશે.

हन्तुर्हानिर्ममात्मार्थसिद्धिः स्यान्नात्र संशयः ।
हतो यदि न रुष्यामि रोषश्चेद् व्यत्ययस्तदा ॥३३॥

કોઈ મને મારે અને જો હું ક્રોધ કરું તો તેમાં મારનારને તો નુકસાન છે એટલે કે તેને પાપબંધ થયો. પરંતુ મારા આત્માને તો લાભ જ થયો, પાપ નવું બંધાયું નહિ અને પૂર્વે કરેલા પાપોની નિર્જરા થઈ તેમાં કંઇ પણ સંશય નથી. જો કદાચ તેના પ્રત્યે મને રોષ ઉત્પન્ન થાય તો મને બમણી હાનિ થાય. એક તો પાપનો બંધ થાય અને બીજું પૂર્વ કર્મોની નિર્જરા ન થાય. આ પ્રમાણે તે વિચાર કરે.

## ઉપસર્ગ પરિસહ શાંતિથી સહન કરવાનો ઉપદેશ

प्राणात्ययेऽपि सम्पन्ने प्रत्यनीकप्रतिक्रिया ।
मता सद्भिः स्वसिद्ध्यर्थं क्षमैका स्वस्थचेतसाम् ॥३४॥

પ્રાણોનો નાશ થવા છતાં પણ ઉપસર્ગ કરનાર શત્રુ પ્રત્યે સ્વસ્થ ચિત્ત, નિર્મળ મન વાળા પુરુષોએ પોતાની સિદ્ધિ માટે એક માત્ર ક્ષમા જ કરવી જોઈએ એમ સત્પુરુષોએ માન્યું છે.

**ભાવાર્થ**—ઉપસર્ગ કરનાર પ્રાણોનો અતિપાત-નાશ કરે તો પણ મુનિએ ક્ષમા જ કરવી જોઈએ. સત્પુરુષોએ તેને માટે આ જ ઉપાય બતાવ્યો છે. પરંતુ ક્રોધ કરવો તે યોગ્ય નથી.

इयं निकषभूरद्य सम्पन्ना पुण्ययोगतः ।
शमत्वं किं प्रपन्नोऽस्मि न वेत्यद्य परीक्ष्यते ॥३५॥

ક્ષમા એ અત્યારે મારી પરીક્ષાની કસોટી છે. અને પુણ્યયોગથી તે મને પ્રાપ્ત થઈ છે. તે મારી પરીક્ષા કરીને જુએ છે કે હું શાંતભાવને પ્રાપ્ત થયો કે નહિ?

**ભાવાર્થ**—ઉપસર્ગ પડતાં જે ક્ષમા કરે તો જાણવું કે આને શાંતભાવ છે અને ક્ષમા ન કરે તો જાણવું કે શાંતભાવ નથી. આ પ્રમાણે ક્ષમાથી જ પરીક્ષા થાય છે. ક્ષમા તેની કસોટી છે.

स एव प्रशमः श्लाघ्यः स च श्रेयोनिबन्धनम् ।
अदयैर्हन्तुकामैर्यो न पुंसां कश्मलीकृतः ॥२६॥

પુરુષોના તે પ્રશમભાવો જ પ્રશંસનીય છે અને તે જ કલ્યાણનું કારણ છે કે જે ભાવોને ઉપસર્ગ કરી મારવાની ઇચ્છા કરીને નિર્દય પુરુષોએ મલિન બનાવ્યા નથી.

**ભાવાર્થ**—ઉપસર્ગ આવતાં ક્રોધરૂપી મેલથી જે ભાવ કલુષિત ન થાય તે જ પ્રશમ ભાવ પ્રશંસનીય છે.

चिराभ्यस्तेन किं तेन शमेनास्त्रेण वा फलम् ।
व्यर्थीभवति यत्कार्ये समुत्पन्ने शरीरिणाम् ॥२७॥

જીવોનો દીર્ઘકાળ સુધી અભ્યાસ કરેલો સમભાવ અને શસ્ત્ર ચલાવવાનો અભ્યાસ જો અણીને વખતે, કામ પડે ત્યારે વ્યર્થ થઇ જાય તો તે સમભાવ અને શસ્ત્રવિદ્યા શીખવાથી શું લાભ?

**ભાવાર્થ**—ઉપસર્ગ આવી પડે ત્યારે ક્ષમા ન રાખી અને શત્રુ સન્મુખ આવતાં શસ્ત્રવિદ્યાનો ઉપયોગ–પ્રયોગ ન કર્યો તો તેનો કરેલો અભ્યાસ નિષ્ફળ જ ગયો જાણવો.

प्रत्यनीके समुत्पन्ने यद्धैर्यं तद्धि शस्यते ।
स्यात्सर्वोऽपि जनः स्वस्थः सत्यशौचक्षमास्पदः ॥३८॥

સ્વસ્થ-નિર્મળ ચિત્તવાળા બધા પુરુષો પ્રાયે કરી સત્ય, શૌચ ક્ષમાદિ યુક્ત હોય છે, પરંતુ ઉપસર્ગ કરનાર શત્રુ સામે આવી ઊભો હોય ત્યારે ધૈર્ય ધારણ કરવું તે જ ધૈર્યગુણ પ્રશંસવા યોગ્ય છે.

वासीचन्दनतुल्यान्तर्वृत्तिमालम्ब्यकेवलम् ।
आरब्धं सिद्धिमानीतं प्राचीनैर्मुनिसत्तमैः ॥३९॥

પ્રાચીન મોટા મોટા મુનિ મહારાજોએ પ્રયત્ન પૂર્વક પ્રારંભ કરી જે મોક્ષ કાર્યને સાધ્યું છે તે માત્ર કુહાડા અને ચંદન સમાન અંતર્વૃત્તિ (સમભાવરૂપ વૃત્તિ)નું અવલંબન કરીને જ સાધ્યું છે.

**ભાવાર્થ**—કુહાડો ચંદનને કાપે છે પરંતુ ચંદન વૃક્ષ તો તે કુહાડાની ધારને સુગંધિત કરી દે છે એટલે કે પોતાને કાપનારને પણ ચંદન વૃક્ષ સુગંધ પ્રદાન કરી પ્રસન્ન કરે છે, તે જ પ્રમાણે મુનિ મહારાજ કોઇપણ પોતાના ઉપર ઉપસર્ગ કરતો હોય તો પણ તેનું હિત જ ઇચ્છે છે. પરંતુ કદાપિ અહિત ઇચ્છતા નથી. આવી વૃત્તિથી રહેવાથી જ મુક્તિની સિદ્ધિ થાય છે.

कृतैर्वान्यैः स्वयं जातैरुपसर्गैः कलङ्कितम् ।
येषां चेतः कदाचित्तैर्न प्राप्ताः स्वेष्टसम्पदः ॥४०॥

જેમનું મન બીજાએ કરેલા ઉપસર્ગથી અથવા અચેતન પદાર્થોથી સ્વયમેવ આવી પડેલા ઉપસર્ગ કે પરિસહથી દૂષિત થયું તેમને પોતાના ઇષ્ટ કાર્યની સિદ્ધિ કદીપણ થઇ નહિ.

**ભાવાર્થ**—આ પ્રસિદ્ધ વાત છે કે જેઓ ઉપસર્ગ કે પરિસહોથી મુનિમાર્ગથી ચ્યુત થઇ ગયા છે તેમને કદાપિ સિદ્ધિ મળી નથી.

**प्राक्तनाय न रुष्यन्ति कर्मणे निर्विवेकिनः ।**
**तस्मिन्नपि च क्रुध्यन्ति यस्तदेव चिकित्सति ॥४१॥**

વિવેક રહિત અજ્ઞાની પુરુષ પૂર્વ જન્મમાં કરેલા કર્મો (પાપો) માટે તો રોષ-ક્રોધ કરતો નથી અને જે પુરુષ ક્રોધનું નિમિત્ત મેળવી આપી તે પાપકર્મોની નિર્જરા કરાવે છે એટલે કે વૈદ્ય-સમાન ચિકિત્સા કરે છે તેના ઉપર તે ક્રોધ કરે છે. આ વાત કોઇપણ રીતે યુક્ત નથી. કારણ કે પોતાના કર્મોની નિર્જરા કરાવે તે તો વૈદ્યસમાન ઉપકારી છે. તેનો તો ઉપકાર જ માનવો જોઇએ. તેના ઉપર ક્રોધ કરવો તે તો ભારે મોટી ભૂલ અથવા કૃતઘ્નતા છે.

**यः श्वभ्रान्मां समाकृष्य क्षिप्यत्यात्मानमस्तधीः ।**
**वधबन्धनिमित्तेऽपि कस्तस्मै विप्रियं चरेत् ॥४२॥**

જે કોઇ બુદ્ધિહીન પુરુષ વધબંધનાદિ ઉપસર્ગનો નિમિત્ત બની મને તો નરકમાં પડવાથી બચાવે છે એટલે કે પૂર્વકર્મોની નિર્જરા કરવાનું નિમિત્ત થાય છે અને પોતાને નરકમાં નાખે છે, એવા પુરુષનું કોણ ખરાબ કરે? તેને તો ઉપકાર જ માનવો જોઇએ.

**यस्यैव कर्मणो नाशाज्जन्मदाहः प्रशाम्यति ।**
**तच्चेद्मुक्तिसमायातं सिद्धं तर्ह्यद्य वांछितम् ॥४३॥**

જે કર્મનો નાશ થવાથી સંસારનો આતાપ દુઃખ નષ્ટ થાય તે કર્મનો ઉદય તે જ સમયે ભોગવાઇ ગયો તો તે ઇચ્છિત કાર્યની સિદ્ધિ થઇ એમ સમજવું જોઇએ. કારણ કે કર્મની નિર્જરા તો

કરવાની હતી જ તેમાં વળી આ સહેજે ઉપસર્ગ આવી પડવાથી અને તેને સહન કરી લેવા માત્રથી જ જો નિર્જરા થઇ જાય તો તે વાંછિત કાર્યની સિદ્ધિ થઈ એમ કેમ ન કહેવાય ?

अनन्तक्लेशसप्तार्चिः प्रदीप्तेयं भवाटवी ।
तत्रोत्पन्नैर्न किं सह्यस्तदुत्थो व्यसनोत्करः ॥४४॥

આ સંસારરૂપી અટવી છે તે અનંત પ્રકારના કલેશ—દુઃખરૂપી અગ્નિથી બળે છે. તે અટવીમાં ઉત્પન્ન થયેલા જીવો શું સંસારરૂપ વનમાં ઉગેલા દુઃખસમૂહને સહન કરતા નથી ? સહન કરે જ છે, તો પછી હું જો અત્યારે ઉપસર્ગજનિત અલ્પદુઃખને સહન કરી લઇશ તો પછી મારે સંસારના અનંત દુઃખો સહન કરવા પડશે નહિ. એમ વિચાર કરવો જોઇએ.

सम्यग्ज्ञानविवेकशून्यमनसः सिद्धान्तसूत्रद्विषो
निस्त्रिंशाः परलोकनष्टमतयो मोहानलोद्दीपिताः ।
दौर्जन्यादिकलङ्किता यदि नरा न स्युर्जगत्यां तदा
कस्मात्तीव्रतपोभिरुन्नतधियः काङ्क्षन्ति मोक्षश्रियम् ॥४५॥

આ જગતમાં સમ્યગ્જ્ઞાન અને વિવેકથી શૂન્ય ચિત્તવાળા, સિદ્ધાન્તશાસ્ત્રના દ્વેષી, નિર્દય, પરલોકને નહિ માનનારા નાસ્તિક, મોહરૂપી અગ્નિથી બળનાર, દુર્જનતાદિ કલંકિત એવા મનુષ્યો જો ન હોત તો ઉન્નત—સર્વોચ્ચ બુદ્ધિવાળા મુનિગણો તીવ્ર તપસ્યાદિ કરીને મોક્ષરૂપી લક્ષ્મીને શા માટે ઇચ્છત ?

**ભાવાર્થ**—ઉપરોક્ત પ્રકારના દુષ્ટ પુરુષો અનેક છે. તપ કરતી વખતે તેઓ અવશ્ય ઉપસર્ગ કરશે જ. અને તે ઉપસર્ગને જીતીશું તો જ અમને મોક્ષની પ્રાપ્તિ—સિદ્ધિ થશે એમ વિચાર કરીને જ જાણે કે મુનિ મહારાજે મોક્ષને અર્થે તીવ્ર તપસ્યા કરે છે.

वयमिह परमात्मध्यानदत्तावधानाः
परिकलितपदार्थास्त्यक्तसंसारमार्गाः ।
यदि निकषपरीक्षासु क्षमा नो तदानीं
भजति विफलभावं सर्वथैष प्रयासः ॥४६॥

આ જગતમાં અમે પરમાત્માના ધ્યાનમાં ચિત્ત લગાડનાર, પદાર્થના સ્વરૂપને જાણનાર અને સંસારમાર્ગના ત્યાગી છીએ. આવી ઉન્નત સ્થિતિમાં આવીને પણ જો અમે ઉપસર્ગ—પરિસહોની કસોટીની પરીક્ષામાં નિષ્ફળ થઇ જશું એટલે કે અત્યારે જો અમે ઉપશમ ભાવોમાં નહિ રહીએ તો આ મુનિધર્મ—ચારિત્ર અંગીકાર કરવાનો બધો પ્રયત્ન વ્યર્થ થશે, નિષ્ફળ જશે. કારણ કે જ્યારે ઉપસર્ગ પડે અને સમભાવ રહે ત્યારે જ ઉપશમ ભાવની પ્રશંસા થાય છે.

अहो कैश्चित्कर्मानुदयगतमानीय रभसा-
दशेषं निर्धूतं प्रबलतपसा जन्मचकितैः ।
स्वयं यद्यायातं तदिह मुदमालम्ब्य मनसा
न किं सह्यं धीरैरतुलसुखसिद्धेर्व्यवसितैः ॥४७॥

અહો ! જુઓ, અનેક મુનિગણોએ સંસારથી ભયભીત થઇને પ્રબળ (તીવ્ર) તપાદિ વડે ઉદયમાં લાવી લાવીને સમસ્ત કર્મોને શીઘ્ર નષ્ટ કરી દીધા—તે જ કર્મો જો ઉપસર્ગાદિના નિમિત્તો પોતાની સ્થિતિ પૂર્ણ કરીને સ્વયં ઉદયમાં આવ્યા હોય તો અમૂલ્ય મોક્ષ-સુખની સિદ્ધિ માટે ઉદ્યમ કરનારા ધીર પુરુષોએ પોતાની ઇચ્છાથી જ શું ઉપસર્ગાદિ સહન કરવા ન જોઇએ ? કારણ કે જે કર્મોને તીવ્ર તપ વડે નષ્ટ કરવાના છે તે કર્મો પોતે જ સ્થિતિ પૂરી થતાં ઉદયમાં આવ્યા છે. તેથી તેમનું ફળ સહન કરી ભોગવી લેવાથી

સહેજે તેમની નિર્જરા થઇ જાય છે તો આ વાત તો ઘણી ઉત્તમ અને લાભકારી છે. તેથી તે કર્મોના ફળ હર્ષપૂર્વક ભોગવી લેવા જોઇએ. તેથી જ મોક્ષસિદ્ધિનો ઉદ્યમ સફળ થઇ શકે છે.

દોહરો

**ઉપસર્ગાદિક ક્રોધ કે, નિમિત ભયે મુનિરાજ ।**
**ક્ષમા ધરે ક્રોધ ન કરૈં, તિનકે ધ્યાન સમાજ ॥**

**ભાવાર્થ**—જે મુનિરાજને ક્રોધાદિના ઉપસર્ગનું નિમિત્ત આવતાં ક્ષમા ધારણ કરે છે અને ક્રોધ કરતા નથી તેમને જ મોક્ષસિદ્ધિ માટેનું ધ્યાન સાર્થક થાય છે.

## માન કષાયનું વર્ણન

**कुलजातीश्वरत्वादिमदविध्वस्तबुद्धिभिः ।**
**सद्यः संचीयते कर्म नीचैर्गतिनिबन्धनम् ॥४८॥**

કુળ જાતિ, ઐશ્વર્ય, રૂપ, તપ, બળ, વિદ્યા અને ધન આ આઠ ભેદમાં જેમની બુદ્ધિ બગડી ગઇ છે એટલે કે આ આઠેનો જે મદ—અહંકાર કરે છે તેઓ તત્ક્ષણ નીચગતિમાં જવાના કારણભૂત કર્મોનો સંચય કરે છે. એટલે કે કોઇ એમ માને કે માન કરવાથી હું ઊંચો ગણાઇશ પરંતુ આ લોકમાં અભિમાની—અહંકારી પુરુષો ઊંચા તો થતા નથી ઉલટા નીચગતિને પ્રાપ્ત થાય છે.

**मानग्रन्थिर्मनस्युच्चैर्यावदास्ते दृढस्तदा ।**
**तावद्विवेकमाणिक्यं प्राप्तमप्यपसर्पति ॥४९॥**

હે મુનિ! જ્યાં સુધી તારા મનમાં મનની ગાંઠ અતિશય દૃઢ છે ત્યાં સુધી તને પ્રાપ્ત થયેલ તારું વિવેકરૂપી રત્ન પણ ચાલ્યું

જશે. કારણ કે માનકષાયની સામે હેય ઉપાદેયનું જ્ઞાન સ્થિર રહેતું નથી.

**प्रोत्तुङ्गमानशैलाग्रवर्तिभिर्लुप्तबुद्धिभिः ।**
**क्रियते मार्गमुल्लङ्घ्य पूज्यपूजाव्यतिक्रमः ॥५०॥**

જે પુરુષો અતિ ઊંચા માન પર્વતના અગ્રભાગે–શિખરે રહે છે તેઓ બુદ્ધિહીન છે. એવા માની પુરુષો ન્યાય માર્ગ–સમીચીન માર્ગનું ઉલ્લંઘન કરીને પૂજ્ય પુરુષોની પૂજા–પ્રતિષ્ઠા અને આજ્ઞાનો લોપ કરી નાખે છે.

**ભાવાર્થ**—માની પુરુષો પૂજ્ય પુરુષોનું પણ અપમાન કરી નાખે છે તેમાં શંકા નથી.

## માનથી ભેદજ્ઞાનનો નાશ

**लुप्यते मानतः पुंसां विवेकामललोचनम् ।**
**प्रच्यवन्ते ततः शीघ्रं शीलशैलाग्रसंक्रमात् ॥५१॥**

આ માન કષાયને લીધે માણસોનું ભેદજ્ઞાન રૂપી નિર્મળ લોચન (નેત્ર) લોપ થઈ જાય છે. જેથી તરત જ તેઓ શીલરૂપી પર્વતના શિખર ઉપરથી લપસી જાય છે–ડગી જાય છે. કારણ કે જ્યારે વિવેક જ રહ્યો નહિ તો પછી શીલની તો વાત જ શી?

## માનથી વિવેકનો નાશ

**ज्ञानरत्नमपाकृत्य गृह्णात्यज्ञानपन्नगम् ।**
**गुरूनपि जनो मानी विमानयति गर्वतः ॥५२॥**

અહંકારી–માની પુરુષ પોતાના ગુરુને પણ અપમાનિત કરે છે. તે જાણે કે જ્ઞાનરૂપી રત્નને હડસેલી–ફેંકી દઈ અજ્ઞાનરૂપી સર્પને ગ્રહણ કરે છે.

करोत्युद्धतधीर्मानाद्विनयाचारलंघनम् ।
विराध्याराध्यसन्तानं स्वेच्छाचारेण वर्तते ॥५३॥

માનથી ઉદ્ધત બુદ્ધિવાળો પુરુષ ગર્વથી વિનય આચારનું ઉલ્લંઘન કરે છે અને પૂજ્ય ગુરુજનોની પરિપાટી–પરંપરાને છોડીને સ્વચ્છંદપણે પ્રવર્તવા લાગી જાય છે.

मानमालम्ब्य मूढात्मा विधत्ते कर्म निन्दितम् ।
कलङ्कयति चाशेषचरणं चन्द्रनिर्मलम् ॥ ५४ ॥

આ માનનું અવલંબન કરીને મૂઢાત્મા નિંદિત કાર્ય કરે છે અને ચન્દ્રમાસમાન નિર્મળ સમસ્ત સદાચરણોને કલંકિત કરે છે.

## ગુણ વિના માન વ્યર્થ

गुणरिक्तेन किं तेन मानेनार्थः प्रसिद्ध्यति ।
तन्मन्ये मानिना मानं यल्लोकद्वयशुद्धिदम् ॥५५॥

ગુણ રહિત એવા કોરા માનથી કયા અર્થની સિદ્ધિ થવાની છે? ખરી રીતે તો માની પુરુષોનું તે જ માન યોગ્ય કહી શકાય કે જે આ લોક અને પરલોક બન્નેની શુદ્ધિ કરનાર હોય.

**ભાવાર્થ—જો** કે માન કષાય દુર્ગતિનું કારણ છે, તથાપિ માન બે પ્રકારનું છે. એક તો પ્રશસ્ત માન અને બીજું અપ્રશસ્ત માન.

જે માનને વશ થવાથી નીચ કાર્યોને છોડી ઊંચા કાર્યોમાં પ્રવૃત્તિ થાય તે માન પ્રશંસનીય પ્રશસ્ત માન છે. અને જે માનથી નીચ કાર્યોમાં પ્રવૃત્તિ થાય અને જે બીજાને હાનિકારક હોય તે અપ્રશસ્ત માન છે.

કોઈ મોટો વિદ્વાન અને ઉચ્ચ વ્રતધારી હોય અને કોઈ અસદાચારી અને ધનવાન પુરુષ તે વિદ્વાનનો આદર સત્કાર ન કરે અને પોતાના મનમાં ધનના મદથી તેને હલકો માને તો તેની પાસે વિદ્વાનોએ કે વ્રતધારીઓએ કદાપિ ન જવું જોઈએ. કારણ કે તેમની પાસે જવાથી કે હામાં હા કરવાથી ઉચ્ચજ્ઞાન અને ઉચ્ચ સદાચરણ (ધર્મ)નું અપમાન થાય છે. આ વિધાન અથવા ઉદાહરણ ગૃહસ્થો માટે છે. મુનિઓ માટે નથી.

## પ્રશસ્ત અપ્રશસ્ત માન

**अपमानकारं कर्म येन दूरान्निषिध्यते ।**
**स उच्चैश्चेतसां मानः परः स्वपरघातकः ॥५६॥**

જેઓ અપમાન કરાવનાર કાર્યને દૂરથી જ તજી દે છે તેવા ઉચ્ચ આશયવાળાઓને પ્રશસ્ત માન છે. તે સિવાયના બીજા જે કંઈ માન છે તે સ્વ પરના ઘાતક એટલે અપ્રશસ્ત છે.

**क्व मानो नाम संसारे जन्तुव्रजविडम्बके ।**
**यत्र प्राणी नृपो भूत्वा विष्ठामध्ये कृमिर्भवेत् ॥५७॥**

જીવમાત્રની વિડંબના કરનાર આ સંસારમાં માન નામનો પદાર્થ શું પ્રશંસનીય છે, એવા પદાર્થની શી ગણના છે? કારણ કે જેના કારણે આ સંસારમાં રાજા પણ મરીને તત્કાળ વિષ્ટામાં કૃમિ વિ. કીટપણે ઉત્પન્ન થાય છે. પ્રત્યક્ષમાં પણ દેખાય છે. કે જે આજે રાજગાદી ઉપર બિરાજમાન છે, તે જ આવતી કાલે રાજ્ય ભ્રષ્ટ થઈને રંક બની જાય છે.

## માયા કષાયનું વર્ણન

जन्मभूमिरविद्यानामकीर्तेर्वासमन्दिरम् ।
पापपङ्कमहागर्तो निकृतिः कीर्तिता बुधैः ॥५८॥

માયા કષાય અવિદ્યાની ભૂમિ છે, અપયશનું ઘર છે અને પાપરૂપી કાદવનો મોટો જબરજસ્ત ખાડો છે. આ પ્રમાણે વિદ્વાનોએ માયાનું વર્ણન કર્યું છે.

अर्गलेवापवर्गस्य पदवी श्वभ्रवेश्मनः ।
शीलशालवने वह्निर्मायेयमवगम्यताम् ॥५९॥

માયા મોક્ષને અટકાવવામાં અર્ગલા સમાન છે. કારણ કે જ્યાંસુધી આત્મામાં માયાશલ્ય હોય છે ત્યાં સુધી મોક્ષમાર્ગનું આચરણ થઈ શકતું નથી અને નરકરૂપી ઘરમાં પ્રવેશ કરવા માટે દ્વાર સમાન છે. તથા શીલરૂપી શાલિવૃક્ષના વનને બાળવા માટે અગ્નિસમાન છે. કારણ કે માયાવીની પ્રકૃતિ સદા દાહરૂપ રહ્યા કરે છે.

कूटद्रव्यमिवासारं स्वप्नराज्यमिवाफलम् ।
अनुष्ठानं मनुष्याणां मन्ये मायावलम्बिनाम् ॥६०॥

હું માયાવલંબી પુરુષોના અનુષ્ઠાન આચરણને કૂટ દ્રવ્ય (નકલી ધન) સમાન અસાર માનું છું. અથવા સ્વપ્નમાં રાજ્યપ્રાપ્તિ સમાન નિષ્ફળ સમજુ છું. કારણ કે માયાવી પુરુષનું આચરણ સત્યાર્થ—યથાર્થ હોતું નથી પરંતુ નિષ્ફળ હોય છે.

## તપમાં માયાચાર અહિતકારી

लोकद्वयहितं केचित्तपोभिः कर्त्तुमुद्यताः ।
निकृत्या वर्त्तमानास्ते हन्त हीना न लज्जिताः ॥६१॥

જે પુરુષો તપ વડે આ લોક-પરલોક-ઉભય લોકમાં પોતાના હિત સાધનમાં તો ઉદ્યમી થયા છે પરંતુ ખેદની વાત તો એ છે કે તેઓ માયાચાર યુક્ત થઈને રહે છે, તે મહા નીચ અને નિર્લજ્જ છે. તેઓ એમ વિચારતા નથી કે અમે તપસ્વી થઇને પણ જો માયાચારયુક્ત બની રહેશું તો લોકો-જગત અમને શું કહેશે ?

**मुक्तेरविप्लुतैश्चोक्ता गतिर्ऋज्वी जिनेश्वरैः ।**
**तत्र मायाविनां स्थातुं न स्वप्नेऽप्यस्ति योग्यता ॥६२॥**

વીતરાગ સર્વજ્ઞ ભગવાને મુક્તિમાર્ગની ગતિ સરળ-સીધી બતાવી છે તેથી તેમાં માયાવી-વક્ર બુદ્ધિ વાળા માણસોને સ્થિર રહેવાની યોગ્યતા સ્વપ્નમાં પણ આવી શકતી નથી.

## માયા એ શલ્ય છે

**व्रती निःशल्य एव स्यात्सशल्यो व्रतघातकः ।**
**मायाशल्यं मतं साक्षात्सूरिभिर्भूरिभीतिदम् ॥६३॥**

વ્રતી તો નિઃશલ્ય (માયા, મિથ્યા અને નિદાન આ ત્રણ શલ્ય-રહિત) હોય છે. શલ્યસહિત પુરુષ વ્રતનો ઘાતક થાય છે અને આચાર્યોએ માયાને સાક્ષાત્ શલ્ય કહેલ છે. કારણ કે માયા અતિશય ભયપ્રદ હોય છે.

**ભાવાર્થ**—માયાવીને પોતાનો માયાચાર પ્રગટ થવાનો ભય રહ્યા કરે છે. તેથી તે કપટીને વ્રતો સફળ થતા નથી.

**इहाकीर्तिं समादत्ते मृतो यात्येव दुर्गतिम् ।**
**मायाप्रपञ्चदोषेण जनोऽयं जिह्मिताशयः ॥६४॥**

આ માયા પ્રપંચના દોષથી કુટિલ-દુષ્ટ આશયવાળો મનુષ્ય

આ લોકમાં તો અપયશને પ્રાપ્ત થાય છે પરંતુ મૃત્યુ બાદ દુર્ગતિમાં જ જાય છે.

**માયા આલોક પર લોક બન્ને બગાડે છે**

**छाद्यमानमपि प्रायः कुकर्म स्फुटति स्वयम् ।**
**अलं मायाप्रपञ्चेन लोकद्वयविरोधिना ॥६५॥**

કુકર્મો ઢાંકવા છતાં પણ પ્રાયે કરી પોતાની મેળે તે પ્રગટ થઇ જાય છે. તેથી બન્ને લોકને બગાડનાર આ માયા પ્રપંચથી અલં-બસ કર.

**ભાવાર્થ**—માયાચારથી નિંદ્ય કાર્ય કરવામાં આવે અને છુપાવવામાં આવે તો પણ તે પ્રગટ થયા વિના રહેતું નથી. પ્રગટ થતાં તે ઉભયલોકને બગાડે છે, તેથી આ માયાચારથી અલગ જ રહેવું જોઈએ.

**क्व मायाचरणं हीनं क्व सन्मार्गपरिग्रहः ।**
**नापवर्गपथि भ्रातः संचरन्तीह वञ्चकाः ॥६६॥**

માયા વાળુ હીન આચરણ ક્યાં ? અને સમીચીન માર્ગનું ગ્રહણ કરવું ક્યાં ? આમાં ઘણી મોટી વિષમતા છે. માટે હે ભાઈ ! માયાવી ઠગો આ મોક્ષમાર્ગમાં કદાપિ વિચરી શકતા નથી.

**बकवृत्तिं समालम्ब्य वञ्चकैर्वञ्चितं जगत् ।**
**कौटिल्यकुशलैः पापैः प्रसन्नं कश्मलाशयैः ॥६७॥**

કુટિલ આચરણમાં હોશિયાર મલિન મનવાળા પાપી ઠગ બગલા જેવી ધ્યાન ક્રિયાનું અવલંબન લઇને આ જગતને ઠગયા કરે છે.

**ભાવાર્થ**—બગલાની વૃત્તિ–બકધ્યાન લોકમાં પ્રસિદ્ધ છે. બગલો પાણીમાં બધા અંગોને સંકોચીને એક પગે ઊભો રહી ધ્યાનમગ્ન બની જાય છે. માછલાં તેને કમળ પુષ્પવત્ સમજી તેની નજીક આવે છે ત્યારે એકદમ તેમને ચાંચમાં ઉપાડી ખાઈ જાય છે. તેવી જ વૃત્તિ માયાવી પુરુષની હોય છે.

## લોભ કષાયનું વર્ણન

**नयन्ति विफलं जन्म प्रयासैर्मृत्युगोचरैः ।**
**वराकाः प्राणिनोऽजस्रं लोभादप्राप्तवाञ्छिताः ॥६८॥**

પામર પ્રાણી નિરંતર લોભ કષાયને વશ થઈને મનોવાંછિત ફળ ન મળવા છતાં મૃત્યુ ખાળવા અનેક ઉપાયો કરી પોતાના જન્મને વ્યર્થમાં જ નષ્ટ કરી દે છે.

**ભાવાર્થ**—આ પ્રાણી લોભવશ એવા આચરણો કરે છે કે જેથી મરણ પણ કદાચ થઈ જાય તથાપિ તેને મનોવાંછિત કાર્યની સિદ્ધિ થતી નથી અને પોતાના જન્મને વ્યર્થમાં જ ગુમાવી દે છે.

**शाकेनापीच्छया जातु न भर्तुमुदरं क्षमाः ।**
**लोभात्तथापि वाञ्छन्ति नराश्चक्रेश्वरश्रियम् ॥६९॥**

અનેક માણસો એવા પણ છે કે જેઓ પોતાની ઇચ્છા મુજબ શાકથી પણ પેટ ભરી શકવા સમર્થ થતા નથી તથાપિ લોભવશ ચક્રવર્તી જેવી સંપદા–ઐશ્વર્યને ઇચ્છે છે.

**ભાવાર્થ**—લોભ એવી વસ્તુ છે કે જે વસ્તુની પ્રાપ્તિ થવાની યોગ્યતા સ્વપ્નમાં પણ અસંભવ હોય તેની પણ તે ઇચ્છા કરે છે. અને આવી નિષ્ફળ ઇચ્છા કરાવીને તેને દુર્ગતિમાં લઈ જાય છે.

स्वामिगुरुबन्धुवृद्धानबलाबालांश्च जीर्णदीनादीन् ।
व्यापाद्य विगतशङ्को लोभार्तो वित्तमादत्ते ॥७०॥

લોભ કષાયથી પીડાયેલો પુરુષ પોતાના માલિક, ગુરુ, બંધુ, (હિતૈષી), વૃદ્ધ, સ્ત્રી, બાળક તથા ક્ષીણ, દુર્બળ, અનાથ, ગરીબ વિ. ને પણ નિઃશંકપણે મારીને ધનને ગ્રહણ કરે છે એટલે કે લોભ આવું અનર્થ કરાવે છે.

## સર્વ દોષોનું મૂળ લોભ

ये केचित्सिद्धान्ते दोषाः श्वभ्रस्य साधकाः प्रोक्ताः ।
प्रभवन्ति निर्विचारं ते लोभादेव जन्तूनाम् ॥७१॥

નરકમાં લઇ જનારા જે જે દોષો સિદ્ધાન્ત શાસ્ત્રમાં કહ્યા છે, તે બધા જીવોને નિઃશંકપણે લોભથી જ પ્રગટ થાય છે.

**ભાવાર્થ**—'લોભ પાપનું મૂળ છે' આ કહેવત જગત્પ્રસિદ્ધ છે, તે તદ્દન સત્ય છે. કારણ કે જેટલા અયોગ્ય કાર્યો છે તે બધા લોભથી જ થાય છે.

## ચારે કષાયના ત્યાગનો ઉપદેશ

शमाम्बुभिः क्रोधशिखी निवार्यताम्
नियम्यतां मानमुदारमार्दवैः ।
इयं च मायाऽऽर्जवतः प्रतिक्षणं
निरीहतां चाश्रय लोभशान्तये ॥७२॥

હે આત્મા ! શાંતભાવરૂપી જળથી તારી ક્રોધરૂપી અગ્નિનું નિવારણ કર અને ઉદાર માર્દવ એટલે કોમળ પરિણામોવડે માન (માનરૂપી હાથી)ને નિયંત્રિત–વશ કર. માયાને નિરંતર આર્જવ

સરળતા–નિષ્કપટતા વડે દૂર કર. અને લોભની શાંતિવડે નિર્લોભતાનો આશ્રય કર.

**यत्र यत्र प्रसूयन्ते तव क्रोधादयो द्विषः ।**
**तत्तत्प्रागेव मोक्तव्यं वस्तु तत्सूतिशान्तये ॥७३॥**

હે આત્મા ! તારે જે જે પદાર્થોને વિષે ક્રોધાદિ શત્રુઓ ઉત્પન્ન થાય છે તે તે પદાર્થો તારે ક્રોધાદિની શાન્તિ માટે પ્રથમ ત્યાગી દેવા જોઈએ.

**येन नेन निवार्यन्ते क्रोधाद्याः परिपन्थिनः ।**
**स्वीकार्यमप्रमत्तेन तत्तत्कर्म मनीषिणा ॥७४॥**

વળી જે જે કાર્યો કરવાથી ક્રોધાદિ શત્રુઓનું નિવારણ થાય તે તે કાર્યો બુદ્ધિમાન પુરુષોએ આળસરહિત થઈને કરવા જોઈએ.

**गुणाधिकतया मन्ये स योगी गुणिनां गुरुः ।**
**तन्निमित्तेऽपि नाक्षिप्तं क्रोधाद्यैर्यस्य मानसं ॥७५॥**

જે મુનિનું મન ક્રોધાદિ કષાયોનું નિમિત્ત મળવા છતાં પણ ક્રોધાદિથી વિક્ષિપ્ત ન થાય એટલે જેને ક્રોધાદિ ઉત્પન્ન ન થાય તે જ ગુણાધિકતા વડે યોગીજનો અને ગુણીજનોનો ગુરુ છે, એમ હું માનું છું. અહીં ક્રોધાદિ કષાયોના કારણો પ્રાપ્ત થવા છતાં ક્રોધાદિ કષાય ન કરે તેમની જ પ્રશંસા કરવામાં આવી છે.

**यदि क्रोधादयः क्षीणास्तदा किं खिद्यते वृथा ।**
**तपोभिरथ तिष्ठन्ति तपस्तत्राप्यपार्थकम् ॥७६॥**

હે મુનિ ! જો તારા ક્રોધાદિ કષાયો ક્ષીણ થઈ ગયા તો પછી તારે તપ કરી શરીરને દુઃખ આપવાની જરૂર નથી કારણ કે

ક્રોધાદિ કષાયોને જીતવા તે જ તપ છે. અને જો ક્રોધાદિ તારે મોજુદ હોય તો પણ તપ કરવો વ્યર્થ-નિષ્ફળ છે. કારણ કે કષાયી જીવને તપ કરવો તે નિરર્થક જ છે.

**स्वसंवित्तिं समायाति यमिनां तत्त्वमुत्तमम् ।**
**आसमन्ताच्छमं नीते कषायविषमज्वरे ॥७७॥**

સંયમી મુનિઓને કષાયરૂપી વિષમજ્વર સર્વથા શાન્તપણાને પ્રાપ્ત થવાથી ઉત્તમ તત્ત્વ (પરમાત્માનું સ્વરૂપ) સ્વસંવેદનપણાને પ્રાપ્ત થાય છે.

**ભાવાર્થ**—કષાયો શાંત પડવાથી જ આત્મસ્વરૂપનો અનુભવ થાય છે-પ્રાપ્તિ થાય છે.

२०

## વીસમો સર્ગ

# ઇંદ્રિયજયની આવશ્યકતા

अजिताक्षः कषायाग्निं विनेतुं न प्रभुर्भवेत् ।
अतः क्रोधादिकं जेतुमक्षरोधः प्रशस्यते ॥१॥

જેણે ઇન્દ્રિયોને જીતી નથી તે કષાયરૂપી અગ્નિને ઠારવા સમર્થ થઈ શકતો નથી. તેથી ક્રોધાદિને જીતવા માટે ઇન્દ્રિયોના વિષયોનો નિરોધ કરવો તે પ્રશંસનીય કહેવાય છે.

विषयाशाभिभूतस्य विक्रियन्तेऽक्षदन्तिनः ।
पुनस्त एव दृश्यन्ते क्रोधादिगहनं श्रिताः ॥२॥

જે પુરુષો ઇન્દ્રિયોના વિષયોની આશાથી પીડાય છે, તેમને ઇન્દ્રિયરૂપી હાથી વિકાર પણાને (મદોન્મત્ત પણાને) પ્રાપ્ત થાય છે. પછી તે જ પુરુષો ક્રોધાદિ કષાયોનો આશ્રય લેતાં જોવામાં આવે છે.

## ઇંદ્રિયોની ઉન્મત્તતાથી કષાયની વૃદ્ધિ

इदमक्षकुलं धत्ते मदोद्रेकं यथा यथा ।
कषायदहनः पुंसां विसर्प्पति तथा तथा ॥३॥

ઇન્દ્રિયોનો સમૂહ જેમ જેમ મદથી ઉન્મત્ત બનતો જાય છે તેમ તેમ માણસોની કષાયરૂપી અગ્નિ વિસ્તૃત થતી જાય છે.

कषायवैरिव्रजनिर्जयं यमी करोतु पूर्वं यदि संवृतेन्द्रियः ।
किलानयोर्निग्रहलक्षणो विधिर्न हि क्रमेणात्र बुधैर्विधीयते ॥४॥

સંયમી મુનિને જિતેન્દ્રિય બનવા માટે સર્વ પ્રથમ કષાયરૂપી શત્રુઓના સમૂહ ઉપર વિજય મેળવવો જોઇએ, કારણ કે પંડિતોએ આ બન્ને (કષાય અને ઇન્દ્રિયો)નો નિગ્રહ કરવાની વિધિનો અનુક્રમે વિધાન કર્યો નથી કે પહેલા એકને જીતી પછી બીજાને જીતવું.

## ઇંદ્રિય જનિત સુખ દુઃખરૂપ છે

यदक्षविषयोद्भूतं दुःखमेव न तत्सुखम् ।
अनन्तजन्मसन्तानक्लेशसंपादकं यतः ॥५॥

ઇન્દ્રિયોના વિષય સેવનથી જે સુખ થાય છે તે દુઃખ જ છે. કારણ કે આ ઇન્દ્રિયજનિત સુખ અનંત સંસારની પરંપરારૂપ દુઃખોને પ્રાપ્ત કરાવવામાં કારણભૂત છે અને વિદ્વાનોએ દુઃખ તથા દુઃખના કારણને એક જ કહેલ છે.

दुर्दमेन्द्रियमातङ्गान्शीलशाले नियन्त्रय ।
धीर विज्ञानपाशेन विकुर्वन्ते यदृच्छया ॥६॥

હે ધીર વીર પુરુષ ! સ્વચ્છંદપણે વિકારને પ્રાપ્ત થયેલી આ દુર્દમ્ય ઇન્દ્રિયરૂપી શાલીવૃક્ષની સાથે વિજ્ઞાનરૂપી દોરડાંથી ખૂબ

મજબૂતપણે બાંધ. કારણ કે શીલ એટલે બ્રહ્મચર્ય અને વિજ્ઞાન એ જ તેમને વશ કરવાનો એકમાત્ર ઉપાય છે.

हृषीकभीमभोगीन्द्रक्रुद्धदर्पोपशान्तये ।
स्मरन्ति वीरनिर्दिष्टं योगिनः परमाक्षरम् ॥७॥

ઇન્દ્રિયરૂપી ભયાનક સર્પોના ક્રોધની શાંતિ માટે યોગીજનો શ્રી વર્ધમાન તીર્થંકર ભગવાનનાં ઉપદેશેલા પરમાક્ષર (પરમેષ્ઠી-નામ મંત્ર)નું સ્મરણ કરે છે.

**ભાવાર્થ**—પરમ પરમેષ્ઠીનું નામ-સ્મરણ કરવાથી પણ ઇન્દ્રિયરૂપી સર્પોનો ક્રોધ શાન્ત થઈ જાય છે.

निरुध्य बोधपाशेन क्षिप्ता वैराग्यपञ्जरे ।
हृषीकहरयो येन स मुनीनां महेश्वरः ॥८॥

જે મુનિએ ઇન્દ્રિયરૂપી વાનરોને જ્ઞાનરૂપી રસ્સીથી બાંધી વૈરાગ્યરૂપી પાંજરામાં પૂરી દીધા, તે મુનિ જ સર્વ મુનિઓમાં મહેશ્વર (મુનીશ્વર) છે.

हृदि स्फुरति तस्योच्चैर्बोधिरत्नं सुनिर्मलम् ।
शीलशालो न यस्याक्षदन्तिभिः प्रविदारितः ॥९॥

જે મુનિના શીલરૂપી શાળા (ગજશાળા) અથવા વૃક્ષને ઇન્દ્રિય-રૂપી હાથીઓએ વિદાર્યું એટલે કે તોડયું નથી તે મુનિના હૃદયમાં જ અતિ પવિત્ર બોધરૂપી રત્ન ઉત્તમ પ્રકારે સ્ફુરિત (પ્રકાશિત) થાય છે.

दुःखमेवाक्षजं सौख्यमविद्याव्याललालितम् ।
मूर्खास्तत्रैव रज्यन्ते न विद्मः केन हेतुना ॥१०॥

આ જગતમાં ઇન્દ્રિયજનિત સુખ તે દુઃખ જ છે. કારણ કે આ સુખ અવિદ્યારૂપી સર્પથી પોષાયેલું છે. પરંતુ મૂઢ લોકો તો તેમાં જ આનંદ માને છે તેનું શું કારણ છે તે અમે જાણતા નથી.

यथा यथा हृषीकाणि स्ववशं यान्ति देहिनाम् ।
तथा तथा स्फुरत्युच्चैर्हृदि विज्ञानभास्करः ॥११॥

જીવોને ઇન્દ્રિયો જેમ જેમ વશ થતી જાય છે તેમ તેમ તેમના હૃદયમાં વિજ્ઞાનરૂપી સૂર્ય ઉત્તમ પ્રકારે પ્રકાશમાન થતો જાય છે.

विषयेषु यथा चित्तं जन्तोर्मग्नमनाकुलम् ।
तथा यद्यात्मनस्तत्त्वे सद्यः को न शिवीभवेत् ॥१२॥

જેવી રીતે જીવો વિષયસેવનમાં ચિત્ત નિરાકુળ પણે પરોવે છે તેવી રીતે જો આત્મતત્વમાં લીન કરે તો મોક્ષસ્વરૂપ પ્રાપ્ત થયા વગર રહે નહિ.

अतृप्तिजनकं मोहदाववह्नेर्महेन्धनम् ।
असातसन्ततेर्बीजमक्षसौख्यं जगुर्जिनाः ॥१३॥

ઇન્દ્રિયજનિત સુખને જિનેન્દ્રભગવાને તૃપ્તિ પમાડનાર કહ્યું નથી. કારણ કે જેમ જેમ તેનું સેવન કરવામાં આવે છે તેમ તેમ ભોગલાલસા વધતી જાય છે. વળી આ ઇન્દ્રિયજનિત સુખ મોહરૂપી દાવાનળની વૃદ્ધિ કરવા માટે ઇંધન સમાન છે. અને ભવિષ્યમાં દુઃખની પરંપરાનું બીજ (કારણ) છે.

नरकस्यैव सोपानं पाथेयं वा तदध्वनि ।
अपवर्गपुरद्वारकपाटयुगलं दृढम् ॥१४॥

ઇન્દ્રિયોના વિષયોથી ઉત્પન્ન થયેલું સુખ નરકનું સોપાન (સીડી) છે, એટલે કે નરકનું સ્થાન પૃથ્વીની નીચે છે અને તેમાં ઉતરવા માટે સીડી સમાન આ વિષય સુખ જ છે, અને તે નરકના માર્ગે ચાલવા માટે પાથેય (ભાથું) પણ આ જ છે તથા તે જ મોક્ષનગરનું દ્વાર બંધ કરવા માટે દૃઢ-મજબૂત કમાડો છે.

**विघ्नबीजं विपन्मूलमन्यापेक्षं भयास्पदम् ।**
**करणग्राह्यमेतद्धि यदक्षार्थोत्थितं सुखम् ॥१५॥**

વળી વિષયસુખ વિઘ્નોનું બીજ, વિપત્તિનું મૂળ, પરાધીન ભયનું સ્થાન, તથા ઇન્દ્રિયો દ્વારા જ ગ્રહણ કરવા યોગ્ય છે. જો ઇન્દ્રિયો નબળી પડે અથવા બગડી જાય તો પછી તેની પ્રાપ્તિ થતી નથી. આવા પ્રકારનું ઇન્દ્રિયજનિત સુખ છે.

**जगद्वञ्चनचातुर्यं विषयाणां न केवलम् ।**
**नरान्नरकपाताले नेतुमप्यतिकौशलम् ॥१६॥**

વિષયોમાં માત્ર જગતને છેતરવાની જ હોશિયારી નથી પરંતુ મનુષ્યોને નરકની નીચેના ભાગમાં (સાતમી નરકે) પણ લઈ જવાની એનામાં તાકાત અને પ્રવીણતા છે.

**निसर्गचपलैश्चित्रैर्विषयैर्वञ्चितं जगत् ।**
**प्रत्याशा निर्दयेष्वेषु कीदृशी पुण्यकर्मणाम् ॥१७॥**

સ્વભાવથી જ ચંચળ એવા અનેક પ્રકારના વિષયો જો જગતને ઠગતા હોય તો પછી નિર્દયસ્વરૂપી વિષયોમાં પવિત્ર-આચરણની તો આશા જ શી રીતે રાખી શકાય ?

**ભાવાર્થ**—નિર્દય-દુષ્ટ ઠગની જ્યારે માણસને ઓળખાણ થાય છે ત્યારે સજ્જન પુરુષો તેની પાછળ દોડતા નથી કે મોહ

પામતા નથી. એટલે કે વિષયસુખો પુણ્યના ઉદયથી પ્રાપ્ત થયા છે પરંતુ ભવિષ્યમાં તેમની ઇચ્છા કરતા નથી.

**वर्धते गृद्धिरश्रान्तं सन्तोषश्चापसर्पति ।**
**विवेको विलयं याति विषयैर्वञ्चितात्मनाम् ॥१८॥**

જેમનો આત્મા વિષયોથી ઠગાયો છે એટલે કે વિષયોમાં નિમગ્ન થઈ ગયો છે તેમની વિષયેચ્છા તો વધતી જાય છે અને સંતોષ નષ્ટ થઈ જાય છે તથા વિવેક પણ વિલીન થઈ જાય છે.

**विषस्य कालकूटस्य विषयाख्यस्य चान्तरम् ।**
**वदन्ति ज्ञाततत्त्वार्था मेरुसर्षपयोरिव ॥१९॥**

વસ્તુસ્વરૂપને જાણનારા વિદ્વાનોએ કાળકૂટ (હળાહળ) વિષ અને વિષયોને મેરુપર્વત અને સરસવની ઉપમા આપી છે. એટલે કે કાલકૂટ વિષ તો સરસવ સમાન નાનું છે અને વિષય વિષ સુમેરુપર્વત સમાન મોટું છે.

**अनासादितनिर्वेदं विषयैर्व्याकुलीकृतम् ।**
**पतत्येव जगज्जन्मदुर्गे दुःखाग्निदीपिते ॥२०॥**

આ જગત કદીપણ વીતરાગ દશાને પ્રાપ્ત થયેલ નથી તેથી તેને વિષયોએ વ્યાકુળ (દુઃખી) બનાવી દીધો છે અને તેથી આ દુઃખરૂપી અગ્નિથી પ્રજ્વલિત થયેલા આ સંસારરૂપી કેદખાનામાં પડે છે.

**इन्द्रियाणि न गुप्तानि नाभ्यस्तश्चित्तनिर्जयः ।**
**न निर्वेदः कृतो मित्र नात्मा दुःखेन भावितः ॥२१॥**
**एवमेवापवर्गाय प्रवृत्तैर्ध्यानसाधने ।**
**स्वमेव वञ्चितं मूढैर्लोकद्वयपथच्युतैः ॥२२॥**

હે મિત્ર ! અનેક મૂર્ખાઓ એવા છે કે જેમણે ઇન્દ્રિયોને કદી પણ વશ કરી નથી. મનને જિતવાનો કદી પણ પ્રયાસ કર્યો નથી. તેમ જ ક્યારે ય વૈરાગ્યભાવ પ્રાપ્ત કર્યો નથી. અને આત્માને કદી દુઃખી માન્યો નથી અને વૃથા મોક્ષ પ્રાપ્તિ માટે ધ્યાનસાધનામાં પ્રવૃત્ત થયા છે. તેઓએ તો પોતાના આત્માને ઠગ્યો છે અને આલોક તથા પરલોક બન્નેથી તેઓ ભ્રષ્ટ થયેલા છે.

**ભાવાર્થ**—જે ઇન્દ્રિય અને મનને જિત્યા વિના તથા જ્ઞાન-વૈરાગ્યની પ્રાપ્તિ વિના જ મોક્ષ માટે ધ્યાનનો અભ્યાસ કરે છે તે મૂર્ખાઓ પોતાના બન્ને ભવ બગાડે છે.

## અતીંદ્રિય સુખનું વર્ણન

**अध्यात्मजं यदत्यक्षं स्वसंवेद्यमनश्वरम् ।**
**आत्माधीनं निराबाधमनन्तं योगिनां मतम् ॥२३॥**

યોગિજનોનું અધ્યાત્મથી ઉત્પન્ન થયેલ અતીન્દ્રિય સુખ આત્માને (પોતાને) જ આધીન છે એટલે કે સ્વયં ઉત્પન્ન થયેલું છે પરંતુ ઇંદ્રિયો દ્વારા વિષયોથી ઉત્પન્ન થયેલું નથી. વળી તે સુખ આત્મા વડે જ જાણવા યોગ્ય છે એટલે કે સ્વાનુભવગમ્ય છે, અને અવિનાશી છે, એટલે કે ઇન્દ્રિયજનિત સુખ સમાન તે વિનાશી નથી. સ્વાધીન છે તથા બાધારહિત છે—તેમાં કંઈ પણ દોષ કે વિઘ્ન હોતો નથી. વળી તે અનંત એટલે અંતરહિત છે. જે કેટલાક એમ માને છે કે ઇન્દ્રિયો વગરનું સુખ કેવું ? તેમને માટે આ અતીન્દ્રિય સુખનું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે.

**अपास्य करणग्रामं यदात्मन्यात्मना स्वयम् ।**
**सेव्यते योगिभिस्तद्धि सुखमाध्यात्मिकं मतम् ॥२४॥**

જે ઇન્દ્રિયોના વિષયો વિના જ આત્મામાં આત્મા વડે સેવન કરવામાં આવે છે અનુભવાય છે તે જ યોગીશ્વરોએ આરાધાત્મક સુખ કહ્યું છે.

आपातमात्ररम्याणि विषयोत्थानि देहिनाम् ।
विषपाकानि पर्यन्ते विद्धि सौख्यानि सर्वथा ॥२५॥

હે આત્મા ! જીવોના વિષયથી ઉત્પન્ન થતા સુખો કેવા છે? કે જેનું સેવન કરતાં પ્રારંભમાં તો કંઈક રમ્ય–સુંદર લાગે છે પરંતુ વિપાક સમયે તો સર્વથા તે વિષ સમાન જ છે.

हृषीकतस्करानीकं चित्तदुर्गान्तराश्रितम् ।
पुंसां विवेकमाणिक्यं हरत्येवानिवारितम् ॥२६॥

ઇન્દ્રિયરૂપી ચોરોની સેના મનરૂપી દુર્ગ (કિલ્લા)માં છુપાયેલી છે. તે પુરુષોના વિવેકરૂપી રત્નને હરી લે છે-લૂંટી જાય છે અને રોકવા છતાં પણ રોકાતી નથી.

त्वामेव वञ्चितुं मन्ये प्रवृत्ता विषया इमे ।
स्थिरीकुरु तथा चित्तं यथैतैर्न कलङ्क्यते ॥२७॥

હે આત્મા ! ઇન્દ્રિયોના વિષયો તને જ ઠગવા માટે પ્રવૃત્ત થયા છે એમ હું માનું છું. તેથી ચિત્તને એવું સ્થિર બનાવ કે જેથી તે તે વિષયોથી દૂષિત ન થાય.

उदधिरुदकपूरैरिन्धनैश्चित्रभानु-
र्यदि कथमपि दैवात्तृप्तिमासादयेताम् ।
न पुनरिह शरीरी कामभोगैर्विसंख्यै-
श्चिरतरमपि भुक्तैस्तृप्तिमायाति कैश्चित् ॥२८॥

ઉદધિ જળથી નાંહિ કોઈ દી તૃપ્ત થાતો,
કદિ બળતણથી ના અગ્નિ યે તૃપ્ત થાતો,
જો કદી પણ તેઓ દૈવથી તૃપ્ત થાયે,
ન કદિ પણ શરીરી કામથી તૃપ્ત થાયે.

આ જગતમાં સમુદ્ર જળના પ્રવાહોથી (અનેક નદીઓના સંગમથી) પણ તૃપ્ત થતો નથી. અને અગ્નિ ઇંધનથી તૃપ્ત થતી નથી. પરંતુ જો કદાચ દૈવયોગથી તે બન્ને તૃપ્ત થઈ પણ જાય —સંતોષાય તો પણ આ જીવ તો ચિરકાળ પર્યંત અનેક પ્રકારનાં કામભોગાદિ ભોગવવા છતાં કદીપણ સંતોષાવાનો નથી.

यद्यपि दुर्गतिबीजं तृष्णासन्तापपापसंकलितम् ।
तदपि न सुखसंप्राप्यं विषयसुखं वाञ्छितं नृणाम् ॥२९॥

યદ્યપિ વિષયજનિત સુખ દુર્ગતિનું બીજ—કારણ છે અને તૃષ્ણા સંતાપાદિ યુક્ત છે તથાપિ આ સુખ કષ્ટ વિના ઇચ્છાનુસાર માણસોને પ્રાપ્ત થવું મુશ્કેલ છે.

अपि संकल्पिताः कामाः संभवन्ति यथा यथा ।
तथा तथा मनुष्याणां तृष्णा विश्वं विसर्पति ॥३०॥

માણસોને જેમ જેમ ઇચ્છાનુસાર સંકલ્પ કરેલા ભોગોની પ્રાપ્તિ થતી જાય છે તેમ તેમ તેમની તૃષ્ણા ઉત્તરોત્તર વધતી વધતી સમસ્ત લોકપર્યંત વિસ્તારપણાને પ્રાપ્ત થાય છે.

अनिषिध्याक्षसंदोहं यः साक्षान्मोक्तुमिच्छति ।
विदारयति दुर्बुद्धिः शिरसा स महीधरम् ॥३१॥

જે પુરુષ ઇન્દ્રિયોના સમૂહને વશ કર્યા વગર ખરેખર મોક્ષપદ પ્રાપ્ત કરવા અને કર્મ રહિત થવા ઇચ્છે છે તે દુર્બુદ્ધિ પોતાના

માથાની ચોટથી પર્વતને તોડવા ઇચ્છે છે. આમ કરવા જતાં તો તેનું માથું જ ફૂટશે. પર્વતનું તો કંઇપણ થશે નહિ.

इदमिह विषयोत्थं यत्सुखं तद्धि दुःखं
व्यसनविपिनबीजं तीव्रसंतापविद्धम् ।
कटुतरपरिपाकं निन्दितं ज्ञानवृद्धैः
परिहर किमिहान्यैर्धूर्तवाचां प्रवञ्चैः ॥३२॥

**વિષયસુખ ન સાચું, દુઃખને સુખ દેખે,**
**વ્યસન સરવનું બી, તીવ્ર સંતાપ હેતુ,**
**ફળ બહુ કટુ તેના, નિંદતા જ્ઞાન વૃદ્ધો,**
**પરિહર સુખ એવું, માનવા શું પ્રપંચો ?**

હે આત્મા ! આ જગતમાં વિષયજનિત જે સુખ છે તે વાસ્તવમાં–ખરી રીતે તો દુઃખ જ છે. કારણ કે એ કષ્ટોનું–આપદારૂપી વૃક્ષોનું તો બીજ છે અને તીવ્ર સંતાપાદિ વડે વિંધાયેલું છે. તેનો પરિપાક (ફળ) અતિશય કટુ–કડવો છે. અને જ્ઞાનથી વૃદ્ધ એવા અનુભવી વિદ્વાનો દ્વારા તે નિંદનીય છે. તેથી હે ભાઈ ! તું તેને છોડી દે. ધૂર્ત–ઠગ લોકોના પ્રપંચ યુક્ત વાક્યોને માનવાથી શું લાભ ?

तत्तत्कारकपारतन्त्र्यमचिरान्नाशः सतृष्णान्वयै-
स्तैरेभिर्निरुपाधिसंयमभृतो बाधानिदानैः परैः ।
शर्मभ्यः स्पृहयन्ति हन्त विषयानाश्रित्य यद्देहिन-
स्तत्क्रुध्यत्फणिनायकाग्रदशनैः कण्डूविनोदः स्फुटम् ॥३३॥

વિષય જનિત પૂર્વોક્ત સુખને દુઃખ જ કહ્યું છે તે બરાબર છે. કારણ કે તે સુખના ઉત્પાદકો પરાધીન છે. એટલે કે તે

સુખ અન્ય દ્વારા જ ઉત્પન્ન થાય છે અને તત્કાળ નાશવંત પણ છે. તો પણ સંસારી જીવો ઉપાધિ રહિત સંયમના ધારક હોવા છતાં તૃષ્ણાને વશ થઈ તેનાથી પીડાઈ અન્ય ધનાદિ વડે સુખ માટે વિષયોની ઇચ્છા કરે છે તે જાણે કે ક્રોધથી ધમધમતા નાગેન્દ્રના આગલા દાંતો (વિષ દાઢાઓ) વડે પોતાના શરીરને ખંજોળવાનો જાણે વિનોદ-રમત કરે છે.

**ભાવાર્થ**—સાપના ઝેરીલા દાંતોથી ખંજોળવું તે મૃત્યુ અથવા દુઃખનું જ કારણ બને છે.

निःशेषाभिमतेन्द्रियार्थरचनासौन्दर्यसंदानितः
प्रीतिप्रस्तुतलोभलङ्घितमनाः को नाम निर्वेद्यताम् ।
अस्माकं तु नितान्तघोरनरकज्वालाकलापः पुरः
सोढव्यः कथमित्यसौ तु महती चिन्ता मनः कृन्तति ॥३४॥

અહો ! દુઃખની વાત છે કે સમસ્ત મનોવાંછિત ઇન્દ્રિયોના વિષયોની રચનાના સૌન્દર્યથી જેનું મન બંધાઈ ગયું છે. મોહિત થયું છે તથા પ્રેમના ચક્રમાં આવવાથી જેનું મન લોભથી ખંડિત થયું છે એવી સ્થિતિમાં જીવોમાં કોણ એવો પુરુષ છે કે જે વિષયોથી ઉદાસીન બનવા તત્પર થાય ? આ સંસારી જીવો વિષયોથી તો વિરક્ત થતા નથી. તો પછી વિષયોથી ઉત્પન્ન અતિશય તીવ્ર નરકાગ્નિની જ્વાળા સમૂહને ભવિષ્યમાં કેવી રીતે સહન કરશે ? એ જ મહાન ચિંતા અમારા મનને સતાવી રહી છે, દુઃખી કરી રહી છે.

**मीना मृत्युं प्रयाता रसनवशमिता दन्तिनः स्पर्शरुद्धाः**
**बद्धास्ते वारिबन्धे ज्वलनमुपगताः पत्रिणश्चाक्षिदोषात् ।**
**भृङ्गाः गन्धोद्धताशाः प्रलयमुपगता गीतलोलाः कुरङ्गाः**
**कालव्यालेन दष्टास्तदपि तनुभृतामिन्द्रियार्थेषु रागः ॥३५॥**

અરે જુઓ ! રસના ઇંદ્રિયને વશ પડેલ માછલાંઓ જે પોતાના ગળાને છેદાવી મૃત્યુ પામ્યા, હાથીઓ સ્પર્શ ઇન્દ્રિયને વશ થવાથી મોટા ઊંડા ખાડામાં ધકેલાયા, નેત્ર ઈન્દ્રિયોના વિષય લોલુપી પતંગિયાઓ દીપકની જ્વાળામાં બળીને ખાખ થયા અને ભમરાઓ નાસિકા ઇન્દ્રિય (ઘ્રાણેન્દ્રિય) ને વશીભૂત થઈ સુગંધથી મુગ્ધ બની પુષ્પોમાં બીડાઈ નાશ પામ્યા એ જ પ્રમાણે હરણાંઓ પણ સંગીત (રાગ)ના લોલુપી બની કર્ણ ઇંદ્રિયના વિષયથી કાળરૂપ સર્પ દ્વારા માર્યા ગયા. તે પ્રત્યક્ષ નિહાળો ! આમ એકેક ઇન્દ્રિયના વિષયથી ઉપરોક્ત જીવો મૃત્યુ પામતા જોવામાં આવે છે તો પણ સંસારી જીવો પાંચે ઇન્દ્રિયોના વિષયોમાં પ્રીતિ (અનુરાગ)થી વર્તે છે તો તેમનું શું થશે? એ જ મહાન ખેદ અને આશ્ચર્ય છે.

**एकैककरणपरवशमपि मृत्युं याति जन्तुजातमिदम् ।**
**सकलाक्षविषयलोलः कथमिह कुशली जनोऽन्यः स्यात् ॥३६॥**

પૂર્વોકત એક એક ઇન્દ્રિયોને વશ થયેલો જીવોનો સમૂહ જો નાશને, મરણને પ્રાપ્ત થયો તો અન્ય પ્રાણીઓ કે જે સમસ્ત–પાંચે ઇન્દ્રિયોના વિષયોમાં આસકત છે તેમનું તો ભલું–કલ્યાણ કેમ કરીને થઈ શકે? એટલે કે તે કેવી રીતે સુખી થઈ શકે? કદી પણ સુખી થઈ શકતાં નથી.

संवृणोत्यक्षसैन्यं यः कूर्मोऽङ्गानीव संयमी ।
स लोके दोषपङ्काढये चरन्नपि न लिप्यते ॥३७॥

જેવી રીતે કાચબો પોતાના અંગોને સંકોચે છે તેવી જ રીતે જો સંયમી મુનિ ઇંદ્રિયોની સેના સમૂહને સંવરે, સંકોચે અથવા વશ કરે તો તે મુનિ દોષ–પાપરૂપી કાદવથી ભરેલા આ લોકમાં વિચરતો હોવા છતાં પણ દોષોથી લેપાતો નથી.

ભાવાર્થ—જળમાં કમળની જેમ તે અલિપ્ત રહે છે.

अयत्नेनापि जायन्ते तस्यैता दिव्यसिद्धयः ।
विषयैर्न मनो यस्य मनागपि कलङ्कितम् ॥३८॥

જે મુનિનું મન ઇન્દ્રિયોના વિષયોથી કિંચિન્માત્ર પણ કલંકિત થતું નથી–કલુષિત બનતું નથી, તે મુનિને દિવ્ય સિદ્ધિઓ (જે આગળના પ્રકરણમાં કહેવામાં આવશે) તે યત્ન વગર અનાયાસે ઉત્પન્ન થાય છે.

ક્રોધ ક્ષમાતૈં બિડારિ માન મૃદુતાતૈં મારિ ।
માયા ઋજુતાતૈં લોભ તોષતૈં મિટાવના ॥
નિષ્કષાય ભયે ઈન્દ્રી મન વશિ હોય તબૈ ।
ધ્યાન યોગ્ય ભાવ જગે જોગ થિર થાવના ॥
અન્યમતી યહૈ રીતિ જાનૈં નાહિં જાનૈં તાકે ।
સર્વથા એકાન્ત પક્ષ એકરૂપ ભાવના ॥
એક મેં અનેક ભાવ નિત્ય વા અનિત્ય આદિ ।
શુદ્ધ ઔ અશુદ્ધ માનૈં નિજરૂપ પાવના ॥૨૦॥

**ભાવાર્થ**—ક્ષમાથી ક્રોધને વિદારી, મૃદુતાથી માનને મારી, ઋજુતા–સરળતાથી માયાને અને સંતોષથી લોભને દૂર કરી નિષ્કષાય ત્યારે જ થવાય છે કે જ્યારે ઇન્દ્રિયો અને મન વશ થયા હોય. અને ત્યાર પછી જ ધ્યાન યોગ્ય ભાવો યોગ સ્થિર થવાથી જાગે છે. અન્યમતીઓ આ રીતને જાણતા નથી. તેથી તેઓ સર્વથા એકાન્તપક્ષ લઈ એકરૂપે જ ભાવના ભાવે છે. એકમાં અનેક, નિત્યને અનિત્ય અને શુદ્ધમાં અશુદ્ધ માની નિજસ્વરૂપ પ્રાપ્ત કરવા વ્યર્થ પ્રયત્ન કરે છે.

# અમારા પ્રકાશનો

૧ ધર્મમય જીવન
૨ પ્રાતઃસ્મરણ ભા. ૧
૩ પ્રાતઃસ્મરણ ભા. ૨
૪ જૈન સૂત્રો-ઇતિહાસ
૫ સામાયિક સૂત્ર
૬ જૈ.સિ. બોલસંગ્રહ ભા. ૧
૭ પ્રતિક્રમણ સૂત્ર ભા. ૧
૮ પ્રતિક્રમણ સૂત્ર ભા. ૨
૯ સમાનહક વાર્તા
૧૦ વીરવાણી ભાગ ૧
૧૧ જૈ સિ. બોલસંગ્રહ ભા. ૨
૧૨ અહિંસાદર્શન ભા. ૧-૨
૧૩ જૈ. સિ. બોલસંગ્રહ ભા. ૩
૧૪ માર્ગાનુસારીના ૩૫ બોલ
૧૫ જૈનધર્મ અને તેરાપંથ
૧૬ સત્યદર્શન
૧૭ અહિંસાદર્શન ભા. ૩
૧૮ સત્યધર્મ પ્રકાશ
૧૯ આલોયણા ક્ષમાપના
૨૦ સમાધિમરણ
૨૧ વીરવાણી ભા. ૨
૨૨ શ્રમણોપાસક આનંદ
૨૩ સમ્યગ્દર્શન
૨૪ ધર્મમાં શેની જરૂર છે
૨૫ દશ લક્ષણ ધર્મ
૨૬ ભાવના
૨૭ આવશ્યક સૂત્ર
૨૮ સ્થા. મુ. પ્રભાવક પ્રસંગો
૨૯ ગુણાનુરાગકુલક
૩૦ જૈનધર્મ અને એકતા
૩૧ કર્મનું સ્વરૂપ
૩૨ પાંચભાવનું સ્વરૂપ
૩૩ અંતગડસૂત્ર
૩૪ પરમપદ પ્રાપ્તિની ભાવના
૩૫ પ્રાતઃસ્મરણ ભા. ૩
૩૬ જીવનમાં કેળવણીનું સ્થાન
૩૭ ભગવતી આરાધના ભાગ ૧
૩૮ આત્મસિદ્ધિ શાસ્ત્ર
૩૯ ભગવતી આરાધના ભા. ૨
૪૦ જૈ. સિ. બોલસંગ્રહ ભા. ૪
૪૧ મૂળજૈનધર્મ અને હાલનાસંપ્રદાયો
૪૨ ભગવતી આરાધના ભાગ ૩
૪૩ સમાધિમરણઅને અંતિમઆરાધના
૪૪ ઐતિહાસિક સ્થળો
૪૫ ભગવતી આરાધના ભાગ ૪

૪૧ મૂ[illegible] પ્રાતઃસ્મરણ ભા. [illegible] મિથ્યાત્વ
૪૨ જીવનમાં કેળવણીનું સમાધિતંત્ર
૪૩સ ભગવતી આરાધના [illegible]ર્મ કર્તવ્ય
૪૪ આત્મસિદ્ધિ શાસ્ત્ર
૪૫ ભગવતી આરાધના (છપાય છે)
જૈ. સિ. બોલસંગ્રહ
[illegible]ળજૈનધર્મ અને હાલના[illegible]ો
૪૧ સૂત્ર કૃતાંગ સૂત્ર
૪૨ તપ અને યોગ
જ્ઞાનાર્ણવ ભા. ૨